# સ્વપ્નની તા'બીર

:: મૂળ લેખક ::

**હ઼ાફ઼િઝુલ હ઼દીષ હ઼ઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં** رحمۃ اللہ علیہ

:: ગુજરાતી અનુવાદક ::

**ફરઝાના સાજિદ પટેલ-દયાદરા**

પ્રકાશક

## રઝવી કિતાબ ઘર

C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા પિન. ૩૯૨૦૨૦,
તા. જિ. ભરૂચ, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧
**Email : anjuman2006@hotmail.com**

| | | |
|---|---|---|
| પ્રકાશન નં.: | આવૃત્તિ-૧ | પ્રત:૨૦૦૦ |
| ૨૭ રમઝાનુલ મુબારક | હિ.સ. ૧૪૩૦ | સપ્ટેમ્બર-૨૦૦૯ |

Noorani Art-Dayadara, Mo. +9194274 64411



بِسۡمِ اللّٰہِ الرَّحۡمٰنِ الرَّحِیۡمِ

## સર્વ હક્ક઼ પ્રકાશકને સ્વાધિન


| | |
|---|---|
| કિતાબનું નામ | : સ્વપ્નની તા'બીર |
| મૂળ લેખક | : હ઼ાફ઼િઝુલ હ઼દીષ હ઼ઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં رحمۃ اللہ علیہ |
| ગુજરાતી અનુવાદક | : ફરઝાના સાજિદ પટેલ-દયાદરા |
| પેજીસ | : ૧૬૮    કિંમત : રૂા. ૮૦/- |
| કંપોઝિંગ | : સાદિક઼ યાકૂબ પટેલ દયાદરવી |
| પ્રુફ રીડિંગ | : પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી |
| આવૃત્તિ | : પ્રથમ ★ નકલ : ૨૦૦૦ |
| પ્રકાશન વર્ષ | : ૨૭ રમઝાનુલ મુબારક, હિ.સ. ૧૪૩૦ અંગ્રેજી તા. ૧૮ સપ્ટેમ્બર ૨૦૦૯, વાર : જુમ્આ |
| પ્રાપ્તિસ્થાન | : **રઝવી કિતાબ ઘર** C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ પિન.૩૯૨૦૨૦ ફોન : (૦૨૬૪૨) ૨૮૦૦૧૧, ૨૮૦૧૯૨ મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧ |


પ્રકાશક

## રઝવી કિતાબ ઘર


C/o. ફયૂઝાને રઝા મંઝિલ, મુા.પો. દયાદરા, તાલુકા & જિલ્લા : ભરૂચ
પિન.૩૯૨૦૨૦, ફોન : (૦૨૬૪૨) (ઓફિસ) ૨૮૦૦૧૧,
(ઘર) ૨૮૦૧૯૨, ૨૮૦૨૯૨, મો. ૯૪૨૭૪૬૪૪૧૧
**Email : anjuman2006@hotmail.com**

# અનુક્રમણિકા




| | |
|---|---|
| સ્વપ્ન શું છે ? | 07 |
| સ્વપ્નની વાસ્તવિકતા જાણવાનો પ્રયાસ | 08 |
| અલ્લાહના આદેશોની રોશનીમાં સ્વપ્નની હક઼ીક઼ત | 09 |
| કુર્આન અને સ્વપ્ન | 10 |
| સ્વપ્નોના વિશે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદાત | 11 |
| સ્વપ્નોના વિશે બુઝુર્ગોના ઈર્શાદાત | 12 |
| સ્વપ્ન અને મુસ્લિમ ઉલમા | 13 |
| સાચાં સ્વપ્નો કેમ આવે છે ? | 14 |
| હઝરત યૂસુફ علیہ السلام નું સ્વપ્ન | 15 |
| હઝરત યૂસુફ علیہ السلام એ સ્વપ્નની તા'બીર બતાવી | 15 |
| મિસરના શાહનું સ્વપ્ન | 17 |
| હઝરત યૂસુફ علیہ السلام ની યુક્તિ | 17 |
| બુઝુર્ગાને દીનનાં સ્વપ્નો | 19 |
| હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝ رضی اللہ عنہ નું સ્વપ્ન | 19 |
| સ્વપ્નમાં બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો ઉલ્લેખ | 19 |
| અબ્દુલ્લાહ બિન મુબારકનું સ્વપ્ન | 20 |
| હસામુદ્દીન બદાયૂનીનું સ્વપ્ન | 21 |
| મુલ્લા વજહુદ્દીનનું સ્વપ્ન | 21 |
| સ્વપ્નની તા'બીર આધુનિક વિદ્વાનોની નજરોમાં | 23 |
| તા'બીરના માટે જરૂરી વિદ્યા | 26 |
| તા'બીર બતાવવાવાળાને હિદાયતો | 26 |
| નામનો સ્વપ્ન પર પ્રભાવ | 28 |
| સ્વપ્ન જોવાવાળાએ જોઈએ કે... | 29 |
| સ્વપ્નના પ્રકાર | 32 |
| સ્વપ્નની વાસ્તવિકતા | 32 |
| સાચા સ્વપ્નની રીતો | 33 |
| જૂઠાં અને આધાર વગરનાં સ્વપ્ન | 33 |




અનુક્રમણિકા



| | |
|---|---|
| જૂઠા સ્વપ્નની રીતો | 35 |
| ડરામણા તથા ખતરનાક ખ્વાબ | 35 |
| સ્વપ્નનો ફરક દર્જાના આધારથી | 36 |
| એ સ્વપ્ન જેની તા'બીર ઉલટી હોય છે... | 37 |
| ભૂલેલા સ્વપ્નાંઓને યાદ કરવાની રીત | 38 |
| એમનાથી તા'બીર ન પૂછવામાં આવે... | 39 |
| સ્વપ્ન ખૂદ જોવાની કોશિશ થોડીક મનોરંજક ઘટનાઓ | 42 |
| બુઝુર્ગાને દીનનાં કથન | 43 |
| સ્વપ્ન પર સમયનો પ્રભાવ | 49 |
| સ્વપ્નમાં અલ્લાહનો દીદાર | 50 |
| સ્વપ્નની હકીકત અને એના નિયમો | 51 |
| અલ્લાહને સ્વપ્નમાં જોવું | 56 |
| નબીઓ, ફરિશ્તાઓ અને બુઝુર્ગોને જોવા | 57 |
| આસમાન, સૂરજ, ચાંદ, કિયામત, જન્નત અને જહન્નમ તથા દુનિયાની આગ જોવી | 62 |
| વરસાદ, વીજળી, ગર્જના, દરિયો, હોડી, ચક્કીઓ અને સ્નાનાગાર અને હવાનું જોવું | 68 |
| જમીન, પહાડ, જંગલ, ટેકરા, કિલ્લા, દુકાનો, ધમાકા અને ભૂકંપને જોવું | 76 |
| ઝાડ, ફળ, અનાજ, હરિયાળી, લીલોતરી અને બાગ જોવો | 82 |
| દ્રાક્ષ અને દાડમનો બાગ | 83 |
| અખરોટ, બદામ, કશ્મીરી બદામ, અનાજના દાણા વગેરે....જોવું | 84 |
| જવ, ગુંદેલો આટો, ચોખા, ચોળી, ચણા, મસૂર, વટાણા અને ખેતી વગેરે....જોવું | 85 |
| જમીનમાં બીજ વાવવાની તા'બીર, શાકભાજી, ખુશ્બુઓ, ઘાસ અને બાગ વગેરે....જોવું | 86 |
| પુરૂષ અને સ્ત્રીના અંગો અને જાનવરોની નાપાકી જોવી | 89 |
| માણસનો ચહેરો અને દાઢી | 91 |

| | |
|---|---|
| ખિઝાબ, માથા અને દાઢીમાં તેલ લગાડવુ | 91 |
| શાદી, નિકાહ, સ્ત્રીઓની શર્મગાહ, ગર્ભ અને ખેતી જોવી | 104 |
| મૌત અને મુડદુ જોવું | 108 |
| પહેરવાનાં કપડાં અને ઓઢવા પાથરવાનાં કપડાં જોવાં | 110 |
| આભૂષણ, હીરા, સોના, ચાંદી અને રૂપિયા પૈસા જોવું | 114 |
| કાનની બાલી (હેરીંગ) અને હાર | 115 |
| આભૂષણો અને તાજ | 116 |
| અંગૂઠી (વિંટી) અને અંગૂઠીના નગીના | 116 |
| સોના ચાંદીની ચીજો જોવી | 118 |
| લોખંડ, તાંબુ અને સીસાના ટુકડાઓ જોવું | 119 |
| વાસણ અને સામાન સ્વપ્નમાં જોવો | 119 |
| સોય, કાંસકો અને કાતર જોવું | 120 |
| છરી, તીર અને ખંજર જોવું | 124 |
| બખ્તર, ઢાલ, લોખંડની ટોપી અને ઝંડો જોવું | 124 |
| ઘોડા, ખચ્ચર, ગધેડા અને એમના રંગોને જોવા વિશે.. | 124 |
| ઘોડાઓના રંગ તથા ટટ્ટુ, ખચ્ચર અને ગધેડો જોવા વિશે.. | 126 |
| ઊંટ, ગાય, ઘેટું, કાગડો વગેરે જોવું | 129 |
| હલાલ જંગલી જાનવરો અને એમનો ગોશ્ત જોવો | 134 |
| હાથી અને ખતરનાક જંગલી જાનવરોનું જોવું | 135 |
| ચિત્તો, નોળિયો, વરૂ, બિલાડી, વાંદરો, ભૂંડ જોવા | 139 |
| કૂતરો, સાપ, વીંછી અને બીજા કીડા, મકોડાને જોવા | 140 |
| પાણીના જાનવરો અને માછલી વગેરેનું જોવું | 144 |
| ગીધ, બાજ, શાહીન અને શિકારા વગેરેને જોવા | 145 |
| ધંધો, હસ્તકળા અને રમતગમતની ચીજોને જોવી | 149 |
| જુદી જુદી ચીજોને સ્વપ્નમાં જોવી | 152 |
| કુર્આનની સૂરતોને સ્વપ્નમાં પઢવી | 157 |




بِسۡمِ اللّٰهِ الرَّحۡمٰنِ الرَّحِيۡمِ
نَحۡمَدُهٗ وَ نُصَلِّى عَلٰى رَسُوۡلِهِ الۡكَرِيۡمِ

# પ્રકાશના બે બોલ..........



ઘણા સમયથી એક એવી કિતાબની માંગ ચાલતી હતી કે જેમાં અવનવા ખ્વાબો સ્વપ્નોની તાબીર જોવા મળે. માર્કેટમાં લોકોને જાત જાતની અંધશ્રદ્ધા તથા વહેમોમાં નાખી દે એવું સાહિત્ય આ પ્રકારમાં ખૂબ વેચાતુ હોય છે. કારણ કે માનવી ફિકરોનું પોટલુ છે. અને તકલીફોમાં ઘરેયેલો છે, એટલે અજ્ઞાનતામાં વહેમોમાં પડે છે. જાહેરી રીતે જોવા જઈએ તો વર્તમાનકાળના લોકોની રહેણી કરણી, લોકોની કાર્યપધ્ધતિ, વિચારદષ્ટિને જોતાં એવું લાગે છે કે જાણે માનવી આ જ દુનિયાના માટે જીવે છે અને આખેરત પ્રત્યે તે ખૂબ જ સુસ્ત જણાય છે. દુનિયાની જ ફિકર ચિંતામાં એવો અટવાયેલો જણાય છે કે જાણે આખેરતને ભૂલી બેઠો છે. પણ દરેક મુસલમાન યાદ રાખે કે દુનિયાની જિંદગી ગૌણ છે અને આખેરત મુખ્ય છે. દુનિયા તો જેમ તેમ કરીને જતી રહેશે ૬૦–૭૦ વરસ, વધુમાં વધુ ૧૦૦ વરસ સામાન્યતઃ માનવી જીવી જશે પછી કૃબ્ર, કૃયામતના હજારો સાલની જિંદગી છે અને કૃયામત પછી જન્નત જહન્નમમાં જે ફાઈનલ પરિણામ થતાં જશે તે ત્યાં હમેશાં રહેશે. જેથી દુનિયા માટે પણ કોશિશ કરવી, પણ સાથેસાથ આખેરત ઉજ્જવળ અને તેનો ખાસ ખયાલ રાખવો.

આજનો માનવી જાત જાતના વહેમોમાં જીવે છે, આમ કેમ થતુ હશે ! મને આ તકલીફ કેમ પડી ! મારું આ કામ કેમ નથી થતું ! તો વળી ક્યારેક કોઈને ખ્વાબ (સ્વપ્ન) આવે તો વિચારમાં ખોવાય જાય છે કે આવો ખ્વાબ કેમ આવ્યો! વગેરે વિચારવા લાગે છે, છેવટે કોઈ ખોટા બાપુ પાસે જઈને ઓર વહેમો મુસીબતોમાં પડી જાય છે.

તો આ કિતાબમાં વાંચશો કે **બધા ખ્વાબો સાચા નથી હોતા જેથી સર્વ કામો અલ્લાહ ભરોસે છોડી તમે તમારું કામ કર્યે જાવ એ રીતે જીવો એમાં જ લાભ છે.** છતાં વાંચકોના શોખ ખાતર આ કિતાબ ''સ્વપ્નની તાબીર'' એક મહાન બુઝુર્ગ **હાફિઝુલ હદીષ હઝરત અલ્લામા મુહમ્મદ ઈબ્ને સીરીં** رحمۃ اللہ علیہ ની લખેલ રજૂ કરીએ છીએ જેથી વાંચકો તેનો લાભ ઉઠાવી શકે.

**–પટેલ શબ્બીર અલી રઝવી દયાદરવી** તંત્રી : બરકાતે ખ્વાજા (માસિક)

*(તા. ૧૮–૯–૨૦૦૯, જુમ્આ, હિ.સ. ૧૪૩૦, ૨૭ રમઝાનુલ મુબારક)*




## સ્વપ્ન શું છે ?

જ્યારથી આ દુનિયા બની છે જ્યાં જ્યાં પણ માણસો આબાદ છે દુનિયાના દરેક ભાગમાં વસવાટ કરવાવાળા માણસો, દરેક કૌમના માણસો અને લગભગ દરેક વ્યક્તિને ક્યારેકને ક્યારેક સ્વપ્ન જરૂર દેખાય છે. કેટલાકને વધારે તો કેટલાકને ઓછાં જોવા મળે છે.

જેવી રીતે સિનેમાના પર્દા પર આપણે નિર્જીવ ફોટાઓને જુદા જુદા પ્રકારે હરતા ફરતા જોઈએ છીએ અને જે રીતે આપણને એ પર્દા પર જુદા જુદા દ્રશ્ય અને પાત્ર પોતાની અસલી કે નકલી શકલમાં જોવા મળે છે, એવી જ રીતે જ્યારે આપણે સૂઈ જઈએ છીએ તો આપણા દિમાગના પર્દા પર આપણને ક્યારેક દિલને ખુશ કરવાવાળી ક્યારેક દુઃખ દેવાવાળી, ક્યારેક સુખદ, ક્યારેક દર્દનાક તથા ખતરનાક અને ક્યારેક ક્યારેક અજબ શકલ તથા જગાઓ જોવા મળે છે. થોડાક સમય પર તો મુર્દા સગા સંબંધીઓ, દોસ્તો તથા મળવાવાળાઓથી પણ મુલાકાત થઈ જાય છે. સારાંશ કે ઊંઘની હાલતમાં આપણે જે કાંઈ આ પ્રકારની શકલો તથા ઘટનાઓ જોઈએ છીએ એને સ્વપ્ન કહે છે.

સ્વપ્નના વિશે આ દુનિયામાં અને માનવ જાતિમાં બે પ્રકારના દ્રષ્ટિકોણ જોવા મળે છે : એક ગિરોહ કહે છે કે સ્વપ્નો દ્વારા ભાવિમાં આવનારી હાલતો તથા ઘટનાઓની ખબર પડી જાય છે અને અમુક કહે છે કે આ માત્ર વહેમ તથા ભ્રમ છે, માનસિક બીમારીની દલીલ છે.

પરંતુ વાસ્તવમાં આ બંને દ્રષ્ટિકોણ એક હદ સુધી ઠીક જ છે. કેમ કે **ક્યારેક ક્યારેક માનસિક પરેશાની, માનસિક તણાવ, ઊંઘ ન**



**આવવી અને બુરા વિચારોના કારણે પણ સ્વપ્ન જોવા મળે છે જેની સચ્ચાઈ વિચાર વંટોળ, મનોવ્યથા અને વ્યર્થ ભ્રમના સિવાય કાંઈ પણ નથી.**

પરંતુ આ સચ્ચાઈ પણ તેની જગાએ અટલ છે કે ઘણા બધાં સ્વપ્ન સાચાં પણ હોય છે જેના દ્વારા માણસોને ઉપસ્થિત થનારી ઘટનાઓની વાસ્તવિક છબીઓ દેખાડવામાં આવે છે. અર્થાત એમને ભવિષ્યમાં ઉપસ્થિત થનારી ઘટનાઓથી પરિચિત કરવામાં આવે છે.

### ★ સ્વપ્નની વાસ્તવિકતા જાણવાનો પ્રયાસ ★

દુનિયાના બુદ્ધિજીવીઓ અને દરેક કૌમના દાર્શનિકોમાં સ્વપ્નની વાસ્તવિકતા તથા સ્વરૂપ જુદી જ રીતે સમજવા અને સમજાવવાની સફળ કોશિશો કરી છે અને દરેક વ્યક્તિ જેણે એના વિશે શોધ કરવાનો પ્રયાસ કર્યો છે તેણે પોત પોતાની સમજ અને પોત પોતાના વિચારો તથા દ્રષ્ટિકોણોને રજુ કર્યા છે પરંતુ હજુ સુધી આ સમસ્યા પૂરી રીતે હલ નથી થઈ શકી.

વર્તમાન યુગમાં જ્યારે કે કહેવામાં આવે છે કે માનવ અત્યંત તીવ્ર ગતિ પર પહોંચી ગયો છે અને ચાંદ તારાઓના રહસ્યોનો પતો લાગી ગયો છે તેમ છતાં પણ આ વિદ્વાન મનુષ્યની અંદરની આ પરિસ્થિતિ અર્થાત સ્વપ્નની હકીકતને પૂરી રીતે હલ નથી કરી શક્યો કેમ કે દરેક પોતાની નજર જ્યાં સુધી પહોંચે એટલું જોઈ શકે છે.

આધુનિક યુગના વિદ્વાનોએ સ્વપ્નોના વિશે પણ પ્રાચીન અંધ વિશ્વાસ અને ધાર્મિક પરંપરાઓથી હટીને માત્ર વૈજ્ઞાનિક દ્રષ્ટિકોણથી અને વિજ્ઞાનની રીતોથી આ સમસ્યા પર પ્રકાશ પાડયો છે. અને એની છાનબીન કરી છે જેના પરિણામે મનોવૈજ્ઞાનિક ઘણા જ દૂરની કોડીઓ શોધીને લાવ્યા છે તો પણ સ્વપ્નોના વિશે સ્પષ્ટ રૂપથી કોઈ પણ વાત સામે આવી શકી નથી. જો કે એના વિશે જુદા જુદા વિદ્વાનોના ઉપલબ્ધ કરેલ દ્રષ્ટિકોણોથી આધુનિક યુગના માહિરોને સ્વપ્નોની હકીકતના વિશે કાંઈ ન કાંઈ જાણવા અને સમજવાનો અવસર મળ્યો છે તથા ઘણી બધી મદદ પણ મળી છે.

હઝરત અલ્લામા ઈબ્ને સીરીં, હઝરત ઈમામ જાફર સાદિક, ઈબ્ને ખુલઈન, હઝરત દાનિયાલ, ઈબ્રાહીમ કિરમાની, ઈબ્ને હઝમ, ઈસ્માઈલ બિન અશઅત ઈબ્ને ફરહુન મદની, અફલાતુન શૂલર, કાન્ટ અને ફરાઈડ વગેરે સેંકડો વિદ્વાનોએ સ્વપ્નની વિદ્યાના વિશે જે રહસ્યોની શોધ કરી છે તથા તા'બીરના વિશે જે હકીકતોથી પર્દો ઉઠાવ્યો છે અને એના વિશે જે નિયમો તથા કાયદાઓને રજુ કર્યા છે એનાથી એને સમજવામાં ઘણી હદ સુધી મદદ મળી શકે છે તથા મળી પણ છે.

આ વાત પણ હવે અમે દાવાની સાથે કહી શકીએ છીએ કે હવે પહેલાંની જેમ સ્વપ્ન કોઈ રહસ્યમય વિષય નથી રહ્યો પરંતુ હવે એના પર પડેલ પર્દાઓ હટી ગયા છે તથા એને મોટી હદ સુધી સમજી જાણી શકાયાં છે અને સ્વપ્નોની હકીકત હવે પહેલાંની જેમ ઢાંકેલ છુપાયેલ નથી રહી.

## ★ અલ્લાહના આદેશોની રોશનીમાં સ્વપ્નની હક઼ીક઼ત ★

અલ્લાહના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم મેઅરાજની ઘટના પછી સ્વપ્ન જોયું અને એનો અલ્લાહે કુર્આન મજીદમાં આ પ્રકારે ઉલ્લેખ કર્યો છે :–

"અલ્લાહે પોતાના રસૂલ صلی اللہ تعالیٰ علیہ وسلم ના સ્વપ્નને સાચું કરી બતાવ્યું."

અલ્લાહના આ ઈર્શાદથી એ પણ સ્પષ્ટ થાય છે કે સ્વપ્ન એક નેઅમત છે જેના દ્વારા અલ્લાહના આદેશ બંદાઓ પર જાહેર થાય છે. આ ઈલ્મ ઘણો ઉચ્ચ તથા શ્રેષ્ઠ છે કે ખુદાના બંદાઓ ન માત્ર એના પર વિશ્વાસ રાખે છે પરંતુ વાસ્તવિક સ્વરૂપમાં દરેક આદેશનું પાલન પણ કરે છે. આ આદેશ જાગવાની હાલતમાં આપેલ હોય કે સ્વપ્નના દ્વારા. જેમ કે :–

હઝરત ઈબ્રાહીમ علیہ السلام ને સ્વપ્નમાં આ બશારત થઈ કે તેઓ પોતાના પુત્રને ઝબહ કરી રહ્યા છે અને એ બાપ બેટાએ આ આદેશ પર અમલ કરી નાખ્યો. એના વિશે કુર્આન મજીદમાં આ પ્રમાણે આવ્યું :–

"અય ઈબ્રાહીમ ! બેશક ! તેં તારા સ્વપ્નને સાચુ કરી બતાવ્યું અને અમે અમારા નેક બંદાઓને આ રીતે બદલો આપ્યા કરીએ છીએ !"

અલ્લાહના આ આદેશો અને કુર્આને પાકના આ દાખલાઓથી સ્વપ્નના મહત્વ તથા સચ્ચાઈનો સબૂત મળે છે જેનાથી સ્પષ્ટ થાય છે કે



સ્વપ્ન માત્ર ભ્રમ તથા વિચારો પર જ આધારિત નથી હોતાં પરંતુ એનો સંબંધ રહસ્યો, ભેદો અને અલ્લાહના આદેશો સાથે પણ હોય છે ! આ રીતે સ્વપ્નની હાલતમાં પણ જ્યારે એના પર આદેશો તથા અલ્લાહની છુપી વાતોનું રહસ્ય ઉઘડે છે તો તે પૂરી સતર્કતાથી એના પર અમલ કરવા લાગે છે, જેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ સ્વપ્ન જોઈને પોતાના પુત્રને અલ્લાહની રાહમાં ઝબહ કરવાની કોશિશ કરી નાખી હતી.

## ★ કુર્આન અને સ્વપ્ન ★

સ્વપ્નોની વાતો કુર્આનમાં પણ આવી છે અને બીજી આસમાની કિતાબોમાં પણ આવી છે એમાંથી થોડાક સ્વપ્નોને ઐતિહાસિક હૈસિયત અને વિશ્વવ્યાપી ખ્યાતિ પ્રાપ્ય છે એટલા માટે આ સ્વપ્નોને સમજવાના માટે તથા પૈગમ્બરોના સ્વપ્નોની તાબીરના અંદાઝને જાણવાના માટે હઝરત ઈબ્રાહીમ علیہ السلام અને હઝરત યૂસુફ علیہ السلام ના સ્વપ્નો ઘણું મહત્વ રાખે છે.

ઘડપણમાં હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ સંતાનના માટે અલ્લાહથી દુઆઓ માંગી જેથી અલ્લાહે એમને એક પુત્ર અતા કર્યો. જ્યારે હઝરત ઈસ્માઈલ થોડાક મોટા થઈ ગયા તો હઝરત ઈબ્રાહીમ علیہ السلام એ લગાતાર ત્રણ રાત સ્વપ્નોમાં જોયું કે અલ્લાહ એમને હુકમ આપે છે કે પોતાના એક માત્ર પુત્રની કુર્બાની કરો.

આ સ્વપ્ન અને એના પર આપના અમલ કરવાની પૂરી વાતને કુર્આને આ પ્રકારે રજૂ કરી છે :–

"અય મારા રબ ! મને એક નેક પુત્ર દે તો અમે એમને એક નેક પુત્રની બશારત આપી તો જ્યારે એ છોકરો એવી ઉંમરે પહોંચ્યો કે ઈબ્રાહીમની સાથે ચાલવા ફરવા લાગ્યો તો ઈબ્રાહીમે ફર્માવ્યું કે બેટા ! હું સ્વપ્નમાં તમને અલ્લાહના હુકમથી ઝબહ કરી રહ્યો છું, તો તમે વિચારી લો ! તમારો શો વિચાર છે ? એમણે કહ્યું : અબ્બાજાન ! આપને જે હુકમ મળ્યો છે એના પર નિઃસંકોચ અમલ કરો, ઈન્શાઅલ્લાહ ! આપ મને સબ્ર કરવાવાળાઓમાં જોશો."

જ્યારે બંનેવે અલ્લાહના હુકમને માની લીધો અને બાપે બેટાને પડખાભેર સૂવાડયો અને ઈચ્છતા હતા કે ગળુ કાપી નાખે તો એ સમયે એમને અવાજ આપ્યો :–

"અય ઈબ્રાહીમ ! શાબાશી છે તમને, સ્વપ્નને સાચુ કરી બતાવ્યું ! એ સમય પણ જુદો જ હતો અને અમે નેક લોકોને આવો જ બદલો આપ્યા કરીએ છીએ. વાસ્તવમાં આ પરીક્ષા હતી અને અમે મોટો ઝબીહા એમના માટે આપ્યો."

### ★ સ્વપ્નોના વિશે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના ઈર્શાદાત ★

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું :–

"નબુવ્વતની નિશાનીઓમાંથી હવે કોઈ વસ્તુ બાકી નથી રહી પરંતુ મારા પછી નબુવ્વત પૂરી થઈ જશે અને આગળ થવાવાળી ઘટનાઓને ખબર કરવા મુબશ્શરાતના સિવાય કોઈ ન હશે."

સહાબા رضی اللہ عنہم એ પૂછયું : અય અલ્લાહના રસૂલ ! صلی اللہ تعالیٰ علیہ وسلم મુબશ્શરાત શું છે ?

આપે ઈર્શાદ ફર્માવ્યો : "સારાં અથવા સાચાં સ્વપ્નો."

- ❑ સાચુ સ્વપ્ન એક પ્રકારની વહી છે જેથી સ્વપ્ન જોવાવાળો અલ્લાહના હુકમની તરફથી મોઢું ન ફેરવે.
- ❑ બધાથી મોટુ જૂઠ એ છે કે માણસ પોતાની આંખો પર જૂઠ બાંધે અને જૂઠુ સ્વપ્ન બયાન કરે.
- ❑ જ્યારે સ્વપ્નમાં શૈતાન કોઈની સાથે ખેલે તો જોઈએ કે તે એ સ્વપ્નને લોકો સામે બયાન કરતો ન ફરે.
- ❑ મોમિનનું સ્વપ્ન નબુવ્વતનો ૪૬મો હિસ્સો છે.
- ❑ દોસ્ત અને અક્લમંદ માણસના સિવાય બીજા કોઈને સ્વપ્ન બયાન ન કરે.
- ❑ તમારામાં જે વધારે સાચુ બોલે છે તે સ્વપ્ન બયાન કરવામાં પણ વધારે સાચો છે.



- ❑ અધિક સાચું સ્વપ્ન સવારના સમયનું છે.
- ❑ સારું સ્વપ્ન ખુદાના તરફથી છે. જે વ્યક્તિ સાચું સ્વપ્ન જુએ તો માત્ર એને બયાન કરે જેનાથી એ મહોબ્બત કરે છે, દરેક આદમીથી સ્વપ્ન બયાન કરતો ન ફરે. અને જે વ્યકિત બુરુ સ્વપ્ન જુએ તો તે કોઈને ન સંભળાવે એટલા માટે કે આ રીતે તે સ્વપ્ન એને નુકસાન નહીં પહોંચાડે.
- ❑ જે વ્યક્તિ બુરુ સ્વપ્ન જુએ એણે જોઈએ કે જાગી જતાં ત્રણ વાર ડાબી બાજુ થૂંકી દે અને અલ્લાહના પાસે ત્રણવાર શૈતાનથી પનાહ માંગે અને જે કરવટ પર એણે સ્વપ્ન જોયું હતું એને બદલી નાખે.
- ❑ ફર્માવ્યું, જે વ્યક્તિએ મને સ્વપ્નમાં જોયો એણે મને જ જોયો એટલા માટે કે શૈતાન મારી સૂરત બનાવી શકતો નથી.

### ★ સ્વપ્નોના વિશે બુઝુર્ગોના ઈર્શાદાત ★

**✪ અમીરુલ મોમિનીન હઝરત અલી کرم اللہ تعالیٰ وجہہ الکریم એ ફર્માવ્યું :–**

"જો કોઈ મોમિન સ્વપ્ન જુએ કે કોઈ વ્યક્તિ એને સ્વપ્નમાં જુએ તો એની તાબીર જાણવી એના પર વાજિબ છે, જેથી નેક સ્વપ્નથી ખુશી મળે અને બુરા સ્વપ્નથી અમનમાં રહે.

**✪ હઝરત અબ્દુલ્લાહ બિન અબ્બાસ رضی اللہ عنہ એ ફર્માવ્યું :–**

"સ્વપ્ન એક નેઅમત છે. આ નેઅમત દ્વારા નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને નબુવ્વતની શુભ સૂચના અને જિબ્રઈલ علیہ الصلوٰۃ والتسلیم ની ઝિયારત નસીબ થઈ.

**✪ ઈબ્ને ખુલ્દૂન علیہ الرحمۃ والرضوان નું બયાન છે કે :–**

"જ્યારે ઈન્સાની નફસ શારીરિક વ્યસ્તતાઓથી મુક્ત બને છે તો એ રૂહાનિયતની તરફ પલટાય જાય છે. આ અવસર પર સ્વપ્નોમાં જે સ્થિતિ પેદા થાય છે તે સાચું સ્વપ્ન કહેવાય છે.

**✪ હઝરત ઈમામ ગઝાલી علیہ الرحمۃ والرضوان એ ફર્માવ્યું :–**

"જે પણ સ્વપ્ન જોવામાં આવે તે માત્ર કાલ્પનિક અને વ્યર્થ નથી હોતુ, બલ્કે એની અંદર કાંઈ ન કાંઈ વાસ્તવિકતા અવશ્ય હોય છે.

★ **જનાબ હિશ્શામ બિન ઉર્વહ્** رضی اللہ عنہ **એ ફર્માવ્યું :-**

''ખુદાના નેક બંદાઓને દુનિયાની અંદર સ્વપ્નોના દ્વારા બશારત થતી રહે છે.''

✪ **હઝરત શાહ વલીયુલ્લાહ મુહદ્દિષ દહેલ્વી** رحمۃ اللہ علیہ **એ ફર્માવ્યું :-**

''જ્યારે રૂહને પર્દાથી સમય મળે અને પર્દો દૂર થઈ જાય છે તો એમાં એ યોગ્યતા પેદા થઈ જાય છે કે કમાલે ઈલ્મ અને ઈસ્રારે ઈલાહી એના પર ખુલી જાય છે. આ બધુ સ્વપ્નની સૂરતમાં સામે આવે છે અને આ એક પ્રકારની ખુદાઈ તા'લીમ કહેવાય છે.

### ★ સ્વપ્ન અને મુસ્લિમ ઉલમા ★

દુનિયાના દરેક ભાગમાં, દરેક કૌમના બુધ્ધિજીવીઓએ સ્વપ્ન અને એની તાબીરના વિશે પોત પોતાની બુદ્ધિ તથા સમજના અનુસાર વિચાર પ્રગટ કર્યા છે. પણ મુસ્લિમ ઉલમાએ એના વિશે જેટલી મહેનત, સંશોધન અને પ્રયાસ કર્યા છે તે પોતાનું દૃષ્ટાંત પોતે જ છે. મુસ્લિમ ફિલોસોફરોએ આ વિષય પર ઘણા જ લાભદાયક પુસ્તકો લખ્યાં છે.

મુસલમાન ઉલ્મા, વિચારક, દાર્શનિક અને સ્વપ્નની વિદ્યાના માહિરોએ પોતાની કિતાબોમાં સ્વપ્ન અને તાબીરના તત્વચિંતન પર વિસ્તારપૂર્વક પ્રકાશ પાડયો છે અને મજબૂત દલીલો આપી છે. હઝરત ઈમામ બુખારી, ઈમામ મુસ્લિમ, ઈમામ જાફર સાદિક, ઈમામ ગઝાલી, હકીમ સિનાઈ, ઈબ્ને હઝમ, ઈબ્ને ખુલઈન, હઝરત દાનિયાલ અને ઈબ્ને સીરીં رضوان اللہ تعالیٰ علیہم اجمعین જેવા ઉચ્ચ કોટિના ઉલમા અને બુધ્ધિજીવીઓએ સ્વપ્નોના વિશે જે મજબૂત દ્રષ્ટિકોણ રજૂ કર્યા છે એ તમને આ પુસ્તકમાં ઠેક ઠેકાણે જોવા મળશે.



## સાચાં સ્વપ્નો કેમ આવે છે ?

**અલ્લામા ઈબ્ને ખુલદૂન લખે છે કે :-**

❁ આમ ઈન્સાનો અને નબીઓના સ્વપ્નોમાં ફર્કના લીધે પોત પોતાની રૂહાની યોગ્યતા છે. આમ લોકોની રૂહાની યોગ્યતામાં બધાથી વધારે રુકાવટ સ્વયં એની ઉઘાડી ઈન્દ્રિઓ છે.

**નબીઓનાં સ્વપ્નોના વિશે લખે છે :-**

❁ ''આ એ યોગ્યતાનું કામ છે જેમાં ઈન્સાન પુરૂષત્વ છોડીને ફરિશ્તાઓ જેવા ઉચ્ચ દર્જાઓમાં વિલીન થઈ જાય છે.'' કહેવાનો મતલબ એ કે ઈન્સાનમાં જેટલી રૂહાની યોગ્યતા બીજા સમસ્ત ઈન્સાનોથી અધિક ઉચ્ચ હોય છે એટલા માટે એમનાં સ્વપ્ન સો ટકા સાચાં અને આકાશીય હોય છે.

પૈગમ્બરો પર આ હાલત એ સમયે સવાર હોય છે જ્યારે વહીના ઉતરવાનો સમય આવે છે. ઊંઘની જેમ થોડુક જ્ઞાત થાય છે. ઊંઘની અને વહીની આ સમાનતાના કારણે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ સ્વપ્નને નબુવ્વતનો ૪૬મો ભાગ ગણ્યો છે.

❁ **અલ્લામા ઈબ્ને ખુલદૂન લખે છે** : તો ખુદાએ આ વાત ઈન્સાનની પ્રકૃતિમાં નાખી દીધી છે કે તે ઊંઘની અવસ્થામાં ઈન્દ્રિયોનો પર્દો પોતાની જાતથી અલગ કરી દે છે અને એ પર્દાના ઉઠી જવાના પછી તે ઘણુ બધુ એ મેળવી લે છે જે આમ ઈન્સાન મેળવી નથી શકતા. ક્યારેક ક્યારેક એના પર માઅરેફતની એવી પણ ક્ષણ આવે છે કે જ્યારે એને પોતાની ઈચ્છાઓની પૂર્તિનો આભાસ થઈ જાય છે. આ જ કારણ છે કે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એને મુબશ્શરાત કહ્યું છે અને ફર્માવ્યું છે કે નબુવ્વત બાકી ન રહેશે પણ મુબશ્શરાત રહી જશે.

## ★ હઝરત યૂસુફ عليه الصلوة والسلام નું સ્વપ્ન ★

હઝરત યૂસુફ عليه الصلوة والسلام નાના જ હતા કે એક દિવસ સ્વપ્નમાં જોયું કે અગિયાર તારા અને ચાંદ સૂરજ એમને સજદો કરે છે. બાળપણનો સમય અને આશ્ચર્યજનક સ્વપ્ન ! જ્યારે આંખો ખુલી તો પોતાનું આ સ્વપ્ન આપના બાપ હઝરત યાકૂબ عليه الصلوة والسلام ને સંભળાવ્યું. તો આ સ્વપ્ન સાંભળીને આપે પુત્રને નસીહત કરી કે આ સ્વપ્ન પોતાના ભાઈઓને ન સંભળાવશો કેમ કે શક્ય છે કે તેઓ તમને નુકસાન પહોંચાડે. પછી ઈર્શાદ ફર્માવ્યો કે તમારો ખુદા તમને ચૂંટી લેશે અને તમને સ્વપ્નોની તા'બીરની વિદ્યા પણ શીખવાડશે. આખરે એવું જ થયું.

હઝરત યૂસુફ عليه الصلوة والسلام ના સ્વપ્નની તા'બીર હઝરત યાકૂબ عليه الصلوة والسلام એ આ રીતે આપી હતી કે અગિયાર તારાઓથી મતલબ અગિયાર ભાઈ છે અને એમને સજદા કરવાનો મતલબ આ છે કે હઝરત યૂસુફ عليه الصلوة والسلام ના સામે ઝુકશે. અને એના કારણથી હઝરત યાકૂબ عليه الصلوة والسلام એ હઝરત યૂસુફ عليه الصلوة والسلام ને સાવચેત કરી દીધા હતા કે આ સ્વપ્ન પોતાના ભાઈઓને બયાન ન કરશો.

સમય પસાર થતો ગયો અને પછી એ ઘડી આવી ગઈ. આપ મિસરના બાદશાહ બની ગયા. આપના અગિયાર ભાઈઓએ આપની સામે સર ઝુકાવી દીધાં.

આ સ્વપ્નથી એ વાતની ખબર પડે છે કે સ્વપ્નોના દ્વારા પણ ઈન્સાનને હિદાયતનો રસ્તો દેખાડવામાં આવે છે. પૈગમ્બરો અને નેક લોકોના સ્વપ્નોથી સ્વપ્ન જોવાવાળાના ચરિત્ર પર રોશની પડે છે.

## ★ હઝરત યૂસુફ عليه الصلوة والسلام એ સ્વપ્નની તા'બીર બતાવી ★

હઝરત યૂસુફ عليه الصلوة والسلام ને જ્યારે અઝીઝે મિસરના હુકમથી કેદખાનામાં મોકલી દેવામાં આવ્યા તો એ કેદખાનામાં એમની સાથે બીજા બે જવાન કેદી પણ હતા. એમનામાંથી એક બાદશાહનો સાકી અને બીજો રસોઈયાઓનો હેડ હતો. કુર્આનમાં આ ઘટનાનો ઉલ્લેખ છે. એ કેદીઓએ હઝરત યૂસુફ عليه الصلوة والسلام ને પોત પોતાનાં સ્વપ્ન સંભળાવ્યાં અને આપે એ



સ્વપ્નોની તા'બીર સાંભળી, એ તા'બીર બિલકુલ સાચી નીકળી હતી.

બંને કેદીઓએ એક જ રાતમાં સ્વપ્ન જોયું. જ્યારે યૂસુફ સવારે અંદર દાખલ થયા તો એમણે એમને કહ્યું કે આ જગાએ બે માણસો બીજા પણ છે, તેઓ ઉદાસ નજર આવ્યા તો એમનાથી ઉદાસીનું કારણ પૂછયું. એમણે આપને કહ્યું કે અમે એક સ્વપ્ન જોયું છે જેની તા'બીરની કુદરત ખુદાને નથી ? આપે કહ્યું, મને તમારું સ્વપ્ન જણાવો. ત્યારે સાકીએ પોતાનું સ્વપ્ન સંભળાવ્યું. એણે કહ્યું કે મેં સ્વપ્ન જોયું છે કે દ્રાક્ષની વેલ મારા સામે છે અને એ વેલમાં ત્રણ શાખાઓ છે અને એવું જોયું કે એમાં કળીઓ લાગી, ફૂલ આવી ગયાં અને એના બધા ગુચ્છાઓમાં પાકી પાકી દ્રાક્ષ લાગી અને બાદશાહના પ્યાલામાં મેં નિચોવી અને એ પ્યાલો મેં બાદશાહના હાથમાં આપી દીધો.

યૂસુફે એને કહ્યું કે એની તા'બીર એ છે કે તે ત્રણ શાખો ત્રણ દિવસ છે, તો હવેથી ત્રણ દિવસની અંદર બાદશાહ તને સુશોભિત કરશે અને પહેલાંની જેમ જ્યારે તુ એનો સાકી હતો એ જ રીતે પ્યાલો બાદશાહને આપ્યા કરીશ પરંતુ જ્યારે તું સુખી થઈ જાય તો મને યાદ કરજે અને થોડો મારી સાથે મહેરબાનીથી પેશ આવજે અને બાદશાહને મારા વિષે વાત કરજે અને મને આ ઘરથી મુકિત અપાવજે, કેમ કે ઈબરાનિયોના મુલ્કથી મને ચોરીને લાવ્યા છે અને અહીંયા પણ મેં કોઈ એવું કામ નથી કર્યું જેના કારણથી મને કેદખાનામાં નાખવામાં આવે.

જ્યારે રસોઈ ઘરના સરદારે જોયું કે તા'બીર સારી નીકળી તો યૂસુફને કહ્યું કે મેં પણ એક સ્વપ્ન જોયું છે કે મારા માથા પર સફેદ રોટલીઓની ત્રણ ટોપલીઓ છે અને ઉપરની ટોપલીમાં દરેક પ્રકારનું બનાવેલ ખાવા શાહ મિસરના માટે છે અને પક્ષીઓ મારા માથા પર ટોપલીઓમાંથી ખાઈ રહ્યાં છે.

યૂસુફે એને કહ્યું : એની તા'બીર એ છે કે એ ત્રણ ટોપલીઓ ત્રણ દિવસ છે. તો હવેથી ત્રણ દિવસની અંદર બાદશાહ તારું માથુ ઉડાવી દેશે અને તને એક ઝાડની સાથે ટીંગાડી દેશે અને પક્ષીઓ તારો ગોશ્ત ઉખેડી ઉખેડીને ખાશે.

અને ત્રીજા દિવસે જે બાદશાહનો જન્મ દિવસ હતો. એવું થયું કે એણે પોતાના બધા નોકરોની દા'વત કરી અને એણે સરદાર સાકી અને સરદાર રસોયાને પોતાના નોકરોની સાથે યાદ કર્યા અને એણે સરદાર સાકીને પાછા પોતાની સેવા પર નિયુક્ત કરી લીધો અને એ શાહના હાથમાં પ્યાલા દેવા લાગ્યો, પણ એણે સરદાર રસોયાને ફાંસી દેવડાવી, જેવું કે હઝરત યૂસુફ عليه السلام એ સ્વપ્નોની તા'બીર બતાવી હતી.

## ★ મિસરના શાહનું સ્વપ્ન ★

કુર્આનમાં મિસરના બાદશાહના સ્વપ્નનો પણ ઉલ્લેખ કરેલ છે. એ સ્વપ્નની તા'બીર પણ હઝરત યૂસુફ عليه السلام એ જ બતાવી હતી. આ સ્વપ્ન એટલા માટે ઉલ્લેખનીય છે કે એમાં ભવિષ્યમાં આવવાવાળી ઘટનાઓના વિશે બતાવવામાં આવ્યું હતું જે તા'બીરના અનુસાર સાચુ સાબિત થયું હતું.

હઝરત યૂસુફ عليه السلام ની તા'બીરના અનુસાર મિસરના શાહે સ્વપ્ન જોયું હતું કે એના દેશમાં એકદમ તબાહી આવશે પણ હઝરત યૂસુફ عليه السلام એ મિસરના શાહને આ તબાહીથી બચવાની કોશિશો પણ બતાવી આપી હતી જેના પર અમલ કરીને તબાહીથી પૂરી રીતે બચેલો રહ્યો. આ ઘટનાનો કુર્આનમાં આ પ્રમાણે ઉલ્લેખ કરવામાં આવ્યો છે :–

''હઝરત યૂસુફ عليه السلام થી કહ્યું કે તમે ખેતી કરશો, સાત વર્ષ જામીને તો જે કાપશો એને છોડી દો, એના છોડમાં પણ થોડુ જે તમે ખાઓ. પછી આવશે એના પછી સખ્તીનાં સાત વર્ષ તો જે તમે બીજના માટે બચાવીને રાખશો. પછી એક વર્ષ આવશે એના પછી એમાં વરસાદ થશે લોકો પર અને એમાં રસ નિચોડી લેશે.

## ★ હઝરત યૂસુફ عليه السلامની યુક્તિ ★

એના પછી હઝરત યૂસુફે આ તા'બીરનો તોડ પણ બતલાવી દીધો. અર્થાત ફિરઔન (મિસરના બાદશાહ)ને સલાહ આપી કે એક સુઝબુઝવાળી વ્યક્તિની શોધ કરી લે અને મુલ્કનો પ્રબંધક બનાવી દે. ફિરઔન આ કામ કરે જેથી એ વ્યકિતને બધા અધિકાર હોય કે એ મુલ્કમાં જગા જગા



અફસરોને નિયુક્ત કરે અને સસ્તાના સાત વર્ષોમાં આખા દેશમાંથી પેદાવાર જમા કરે અને શહેરમાં જે અનાજ ફિરઔનની મિલ્કતમાં હોય એને પણ જમા કરી લે જેથી દુષ્કાળના સમયે મુલ્ક બર્બાદ ન થઈ જાય.

ફિરઔન(મિસરના શાહ)એ હઝરત યૂસુફની સલાહ અને હિદાયતના અનુસાર દરેક સંભવ સાવધાની વર્તી, અફસર નિયુક્ત કરવાને માટે પણ એની નિગાહ હઝરત યૂસુફ પર જ પડી અને એણે એમને મુખ્તાર નિયુક્ત કરી દીધા. આ પ્રકારે હઝરત યૂસુફની ભલી કોશિશોથી મિસર એક જબરદસ્ત દુષ્કાળની તબાહીથી બચી ગયું.

## બુઝુર્ગાને દીનનાં સ્વપ્નો

ઐતિહાસિક કિતાબો અને અમુક સાહિત્યોમાં બુઝુર્ગાને દીનના થોડાક રૂહાની સ્વપ્નો અને સાચા સ્વપ્નોનો ઉલ્લેખ આવે છે, જેની સત્યતા પર કોઈ પ્રકારનો સંદેહ નથી કરવામાં આવતો. જેમ કે દા.ત. કે નીચેના બુઝુર્ગોનાં સ્વપ્નોનો ઉલ્લેખ કરવામાં આવે છે જેથી સ્વપ્નની વિદ્યાના વિશે આપની જાણકારીમાં વૃદ્ધિ થાય.

### ★ હઝરત ઉમર બિન અબ્દુલઅઝીઝનું સ્વપ્ન ★

ઈબાદત અને રિયાઝત, પરહેઝગારી, તકવા અને દીનદારીમાં હઝરત ઉમર બિન અબ્દુલ અઝીઝ رضی اللہ عنہનો મર્તબો અને દર્જો ઘણો શ્રેષ્ઠ અને ઉચ્ચ છે. એક વાર એમની એક કનીઝે આવીને બયાન કર્યું કે મેં સ્વપ્નમાં જોયું છે કે કિયામત આવી ગઈ છે. જહન્નમના અંગારાઓ સળગી રહ્યા છે, લોકો ખલીફા અબ્દુલમલિક બિન મર્વાનને લાવ્યા અને તેઓ પુલસિરાતથી પસાર થતાં જહન્નમમાં ગબડી પડયા.

### ★ સ્વપ્નમાં બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો ઉલ્લેખ ★

શૈખુલ ઈસ્લામ હઝરત નિઝામુદ્દીન ઔલિયા رحمۃ اللہ علیہ ફર્માવે છે કે ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہ નો એક મુરીદ જેનું નામ રઈસ અહમદ હતું. ઘણો નેક અને પરહેઝગાર હતો. એક વાર એણે સ્વપ્નમાં જોયું કે એક ઘણો મોટો મહેલ છે અને એની ચારે બાજુ લોકો ભીડની શકલમાં ઉભા છે. એણે આગળ જઈને જોયું તો એક નૂરાની સૂરત બુઝુર્ગ જોવામાં આવ્યા જે લોકોનો સંદેશો અંદર લઈ જાય અને પછી અંદરથી જવાબ લાવતા. પૂછવા પર ખબર પડી કે આ અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہછે.



રઈસ અહમદે આગળ વધીને અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ ને કહ્યું : હું નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلمનો દીદાર કરવા ચાહું છું. આપ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمથી મારા અંદર આવવાની અનુમતિ મેળવી લો.

હઝરત અબ્દુલ્લાહ બિન મસઊદ رضی اللہ عنہ અંદર તશરીફ લઈ ગયા અને પછી પાછા આવીને કહ્યું કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ફર્માવે છે કે હજુ તમે મારી ઝિયારતના યોગ્ય નથી થયા અને તમે ખ્વાજા કુત્બુદ્દીન બખ્તિયાર કાકી رحمۃ اللہ علیہને મારા સલામ કહી દો અને કહી દો કે જે તોહફો તમે મને મોકલ્યા કરતા હતા તે ત્રણ રાતોથી મારી પાસે નથી આવતો.

### ★ અબ્દુલ્લાહ બિન મુબારકનું સ્વપ્ન ★

હજના પછી હઝરત અબ્દુલ્લાહ બિન મુબારક رضی اللہ عنہ હરમ કા'બામાં સૂઈ ગયા. સ્વપ્નમાં આપ શું જુએ છે કે આસમાનથી બે ફરિશ્તાઓ ઉતર્યા. એકે બીજાને પૂછયું : આ વર્ષે કેટલા લોકોએ હજ કરી ? બીજા ફરિશ્તાએ જવાબ આપ્યો : "છ લાખ લોકોએ..."

**પહેલાએ પૂછયું** : "એમનામાંથી કેટલા લોકોની હજ કબૂલ થઈ ?

"કોઈની પણ નહીં..."

પછી એક ફરિશ્તાએ કહ્યું : પછી આ વર્ષે કોની હજજ કબૂલ થઈ ?

"દમિશ્કમાં એક મોચી રહે છે જેનુ નામ અલી બિન મોફિક છે, તે હજ કરવા નથી આવ્યો પણ એની હજ કબૂલ થઈ ગઈ છે અને અલ્લાહે એના કારણે આ બધા લોકોની હજ કબૂલ કરી લીધી.

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકની આંખ ખુલી તો એમના દિલમાં આવ્યું કે દમિશ્ક જઈને એ વ્યકિતથી મુલાકાત કરે. તરત જ તેઓ હજના પછી સરનામુ મેળવીને પહોંચી ગયા અને એના દરવાજા પર ખખડાવ્યું, તે બહાર આવ્યો તો આપે પોતાને આવવાનું કારણ જણાવ્યું.

અલીએ જણાવ્યું કે ત્રીસ વર્ષથી હજ કરવાની તમન્ના હતી એટલા માટે ચામડુ સીવી સીવીને મેં રકમ જમા કરી અને આ વર્ષે હજ કરવાનો ઈરાદો કરી લીધો. એવામાં મારી પત્નીએ કહ્યું કે પડોશીને ત્યાંથી શાક

લઈ આવો એટલા માટે હું ગયો અને એમનાથી શાક માંગ્યું. પડોસીએ કહ્યું : "આ ગોશ્ત તમારા માટે હલાલ નથી." મેં પૂછયું : કેમ ? તો એણે જવાબ આપ્યો કે ગરીબીના લીધે અમે સાત દિવસથી ભૂખથી છે, આજે બાળકોની ભૂખ સહન ન કરી શક્યા તો થોડોક મુરદાર ગોશ્ત રાંધી લીધો છે.

પડોશીથી આ વાત સાંભળી હું દંગ રહી ગયો અને મારા હોશ ઉડી ગયા. હું ત્યાંથી ચાલી આવ્યો અને જે રકમ મેં હજના માટે જમા કરી હતી બધી લઈ જઈને એને આપી દીધી અને કહ્યું કે આ રકમ પોતાનાં બાળકો પર ખર્ચ કરી લો.

હઝરત અબ્દુલ્લાહ બિન મુબારકે જ્યારે આ વાત સાંભળી તો ફર્માવ્યું : "વાસ્તવમાં ફરિશ્તાઓએ સાચું જ કહ્યું હતું !"

### ★ હસામુદ્દીન બદાયૂનીનું સ્વપ્ન ★

મૌલાના હિસામુદ્દીન પોતાના સમયના મશ્હૂર બુઝુર્ગ હતા અને શેખ સદરુદ્દીન આરિફના મુરીદોમાં આપનો મર્તબો ઘણો ઊંચો છે. એક દિવસ આપે સ્વપ્નમાં જોયું કે કોઈ જગાએ બેસીને વુઝૂ કરી રહ્યા છે. જ્યારે જાગ્યા તો આપ તે જગા પર તશરીફ લઈ ગયા અને જોયું કે તે જગા વાસ્તવમાં ભીની થયેલ છે. આપે ફર્માવ્યું : "મને મરણ પછી આ જગા પર દફન કરજો." એટલા માટે બદાયૂમાં આપ એ જગા પર દફન થયા.

### ★ મુલ્લા વજહુદ્દીનનું સ્વપ્ન ★

મુલ્લા વજહુદ્દીન ઘણા નેક, પારસા અને દીનદાર વ્યકિત હતા જે ઓચા શરીફની નજીક કોઈ કસબાના રહેવાવાળા હતા. એમણે સ્વપ્નમાં જોયું કે ઘણા બધા લોકોની ભીડમાં એક બુઝુર્ગ ઉપદેશ આપી રહ્યા હતા અને કહી રહ્યા છે કે જેણે દુનિયાનું કામનું આખેરતના કામ પર મહત્વ સમજ્યું એનાં બંને કામ બગડી જાય છે.

જ્યારે મુલ્લા વજહુદ્દીનની આંખ ખુલી તો વિચારમાં પડી ગયા. એમણે લોકોને પૂછયું કે અહીંયા આસપાસ કોઈ વ્યકિત નસીહત કરે છે. લોકોએ



મખ્દૂમ જહાંનિયા જ્યાં ગશ્ત જલાલુદ્દીન હુસૈન બુખારી رحمۃ اللہ علیہનું નામ લીધું જે એ દિવસોમાં ઓચા શરીફમાં વાઅઝ (બયાન) અને નસીહત બયાન ફર્માવતા હતા. મુલ્લા વજહુદ્દીન ઓચા શરીફમાં પહોંચ્યા તો મખ્દૂમ જહાંનિયા رحمۃ اللہ علیہ ની સૂરત જોતાં જ ઓળખી ગયા કે આ જ તે બુઝુર્ગ છે જે સ્વપ્નમાં જોવા મળ્યા હતા. એટલા માટે એમણે પોતાનું માથુ મખ્દૂમ સાહબના કદમો પર રાખી દીધું. મખ્દૂમ સાહબે ફર્માવ્યું :

"દુનિયાના કામનું આખેરતના કામ પર મહત્વ ન સમજવું જોઈએ." આ સાંભળીને વજહુદ્દીન મખ્દૂમ સાહબના મુરીદ થઈ ગયા.

# સ્વપ્નની તા'બીર
## આધુનિક વિદ્વાનોની નજરોમાં

સ્વપ્ન વાસ્તવિકતાથી અલગ અને માત્ર બદહજમીનું કારણ હોય છે. એમના વિચારમાં ઈન્સાન જ્યારે ખાવા હજમ થવાથી પહેલાં સૂઈ જાય છે કે રાત્રે માત્રાથી અધિક ખાઈ લે છે તો હોજરીને હદથી અધિક કામ કરવું પડે છે. રાત્રે ઈન્સાન જ્યારે સૂએ છે તો એની હોજરી કામમાં વ્યસ્ત રહે છે અને એવી રીતે હોજરીમાં હજમ થતી ખાદ્ય સામગ્રીથી જે ગેસો ઉઠે છે એ એના દિલ તથા દિમાગ પર છવાઈને જુદા જુદા પ્રકારનાં સ્વપ્નોનું કારણ બને છે.

પરંતુ સ્વપ્નોની હકીકતને સંદેહની નજરથી તો ઘણી આસાનીથી જોઈ શકાય છે પરંતુ એ સંદેહ કરવાવાળાઓએ પણ કેટલીય વાર આવા સ્વપ્ન જોયાં હશે જે એમને થોડીક ક્ષણોના માટે આ જન્નત અને જહન્નમથી દૂર લઈ ગયાં હશે. સ્વપ્નોને ભલે ને ફિલોસોફરની આંટી ગુટીઓમાં ભલે ગુંચવવામાં આવે અને કેટલીય વિરોધાભાસની નજરોથી કેમ ન જોવામાં આવે તો પણ સ્વપ્નની હકીકતથી ઈન્કાર નથી કરી શકાતો. આપણને જીવનમાં સેંકડો એવા ઉદાહરણ મળી જશે કે કોઈ ન કોઈ આવવાવાળી ઘટનાનું પ્રતિબિંબ આવવાવાળા સ્વપ્નનમાં જોઈ લીધું અને પોતાની જાતને ભવિષ્યનો મુકાબલો કરવાને યોગ્ય બનાવી લીધી.

આના વિશે એક મહિલાનું ઉદાહરણ બેકાર નહીં હોય. આ મહિલા ડોકટરીના વ્યવસાયથી સંબંધિત હતી અને કોઈ કારણ નથી કે અમે એની વાતને શંકાની નજરથી જુએ. એ મહિલાનું કહેવું છે કે જે દિવસો તે ડોકટરીનું શિક્ષણ પ્રાપ્ત કરી રહી હતી અને પરીક્ષા નજીક આવી ગઈ હતી તો એને દરેક સમયે પોતાની નિષ્ફળતાનો ડર લાગેલો રહેતો હતો. એની હમેશાં એ કોશિશ રહેતી હતી કે કોઈ કરિશ્માથી કે જાદૂથી પરીક્ષામાં આવનારા



પ્રશ્નપત્રોના બધા સવાલ બતાવી દે.

પરીક્ષાથી એક દિવસ પહેલાં તેણી સૂઈ રહી હતી કે એણે સ્વપ્નમાં પોતાની જાતને કલાસમાં એકલી જોઈ. એટલામાં એને દરવાજાની તરફથી એક ભારે ભરખમ પડછાયો બ્લેક બોર્ડની તરફ જતો જોવા મળ્યો. પડછાયો બ્લેક બોર્ડની પાસે રોકાઈ ગયો અને ચાક ઉઠાવીને બ્લેક બોર્ડ પર બધા સવાલોના જવાબ હલ કરી નાખ્યા. મહિલાએ સ્વપ્નમાં જ એ બધા જવાબ યાદ કરી લીધા.

સવારે જ્યારે એ જાગી તો એણે પોતાના સાથીઓને રાતની ઘટના બતાવી પરંતુ કોઈને પણ વિશ્વાસ ન થયો. સ્વયં એને પણ આ સ્વપ્નની વાતનો વિશ્વાસ ન હતો કે આ જ સવાલ પરીક્ષામાં આવશે. પરંતુ એની નવાઈનો કોઈ પાર ન રહ્યો જ્યારે પેપરોમાં બધા સવાલ એ જ હાજર હતા જે એણે સ્વપ્નમાં બ્લેકબોર્ડ પર લખેલ જોયા હતા. આ મહિલા પરીક્ષામાં પ્રથમ આવી, એને ગોલ્ડ મેડલ મળ્યો જે અત્યારે પણ એની પાસે છે. એ જ્યારે પણ પોતાના સ્વપ્નના વિશે સંભળાવે છે તો નિશાની રૂપે એ ગોલ્ડ મેડલ પણ દેખાડે છે. એમાં શંકા નથી કે આવી ઘટનાઓ અવાર નવાર પેશ આવે છે પરંતુ એવી ઘટનાઓ પર લોકો વિશ્વાસ નથી કરતા જ્યારે કે એનું અસ્તિત્વ હોય છે.

સ્વપ્નાંઓની તા'બીરના વિદ્વાનોના મતના અનુસાર સ્વપ્નમાં કપડાંઓનું એક વિશેષ મહત્વ છે, જેવું કે કોઈ પોતાને બેહતરીન કપડાંઓમાં જુએ તો એની તા'બીર એ જ હશે કે એ પોતાના દોસ્તોમાં મુખ્ય હૈસિયતનો હશે અને મહોબ્બતના મામલાઓમાં એને સફળતા મળશે. દાગ ધબ્બાવાળાં કપડાં બદનામી અને દુર્ભાગ્યને સ્પષ્ટ કરે છે.

કપડાંઓનો રંગ પણ ઘણી અસર ધરાવે છે. લાલ રંગ દુઃખ, ક્રોધ, પીળો રંગ નિરાશા, દ્વેષ, સફેદ રંગ ખુશી અને સફળતા, લીલો રંગ ઈચ્છાપૂર્તિ, આસ્માની રંગ નિષ્ઠા અને પ્રેમની નિશાની છે.

સ્વપ્ન જોવાવાળાની મનોવૃત્તિની ખબર પાણીથી પણ પડે છે. જો એ સ્વપ્નમાં સાફ સુથરા પાણીને જુએ તો એ સચ્ચાઈ અને નેક નિય્યતીની ખબર આપે છે. દહોળુ પાણી માનસિક તણાવ તથા રસાકસીને સ્પષ્ટ કરે

છે. ઉકળતુ પાણી પ્રકોપ, ક્રોધ અને સહનશક્તિની કમીની ખબર આપે છે.

જો કોઈ સ્વપ્નમાં હેમખેમ દરિયો પાર કરે તો એનો મતલબ એ છે કે એ મુશ્કેલીઓ પર કાબૂ મેળવવામાં સફળ થઈ જશે. ડૂબવું ઓછી હિમ્મતવાળુ અને નિષ્ફળતાની નિશાની છે. જો એ દરિયાની ઉલ્ટી દિશામાં તરે તો એનો એ મતલબ છે કે એને આગળ જીવનમાં કઠિન મુશ્કેલીઓનો સામનો કરવો પડશે. દરેક પ્રકારની તા'બીર જુદી જુદી રીતોથી કરવામાં આવે છે. જેવી રીતે કોઈ પણ વ્યકિત જો સ્વપ્નમાં લાંબા સિલસિલામાં ગુંચવાઈને રહી જાય તો એનો મતલબ સામાન્યતઃ બીમારી કે સગાંઓથી જુદાઈ લેવામાં આવે છે. સ્વપ્નમાં પડવું કે ઊંચાઈથી ઉતરવું સારું નથી.

મિસર, બાબુલ, નેનવા, રૂમ અને ભારત મતલબ એ કે દરેક પ્રાચીન સભ્યતાના અભ્યાસથી ખબર પડે છે કે પ્રાચીન યુગના શાસકો અને ઉચ્ચવર્ગમાં સ્વપ્નથી રુચી જોવા મળે છે. જો મિસરના ફિરઔનો અને બાબુલ નેનવાના સરદારોના દરબારોમાં તા'બીર કરવાવાળા હાજર રહેતા હતા તો ભારતના પ્રાચીન મહારાજા જ્યોતિષઓ અને પંડિતોથી સ્વપ્નની તા'બીર જાણતા હતા તેઓ સ્વપ્નાને વ્યર્થ અને નિરર્થક ન માનતા હતા. એમની નજીક સ્વપ્ન આવવાવાળી ઘટનાઓની નિશાની થતી હતી અને એમના નક્કી વિશ્લેષણથી ભવિષ્યના માટે ભવિષ્યવાણી કરવામાં આવતી હતી. ભારતની પ્રાચીન કિતાબોના અભ્યાસથી ખબર પડે છે કે જ્યારે કોઈ મહારાજા કોઈ સ્વપ્ન જોતો હતો તો એ દરબારી જ્યોતિષિઓ, પંડિતો અને મંત્રીઓ અને દરબારીઓની સામે પોતાનું સ્વપ્ન બયાન કરતો, જેના પછી આ સ્વપ્ન પર ચર્ચા થતી અને આમ સહમતિથી કોઈ પરિણામ કાઢીને એના પ્રમાણે અમલ કરવામાં આવતો. પ્રાચીન યુગમાં સ્વપ્ન મોટા મોટા શાસકો અને તાજદારોના દ્રષ્ટિકોણોને બદલી નાખતાં હતાં અને લોકો પોતાના દૈનિક જીવનને પોતાના સ્વપ્નની તા'બીરના અનુસાર ઢાળવાની કોશિશ કરતા હતા.



## તા'બીરના માટે જરૂરી વિદ્યા

સ્વપ્નની તા'બીરમાં મહારત હાંસલ કરવાના માટે કુર્આન મજીદ અને હદીષોનો અભ્યાસ કરવો ઘણો જ જરૂરી છે એના સિવાય દલીલોની વિદ્યા, લુગત, (શબ્દકોષની વિદ્યા) સર્ફ અને નહ્વ વગેરે વિદ્યાઓનું જાણવું પણ આવશ્યક છે. અતઃ જ્યાં સુધી આ વિદ્યાઓનો ઈલ્મ ન હોય તથા જાહેરી અને આંતરિક ઈલ્મ અને શરીર તથા રૂહની પાકીઝગી ન હોય તો સ્વપ્નોની તા'બીરના માહિર હોવાનો દાવો નથી કરી શકાતો.

### ★ તા'બીર બતાવવાવાળાને હિદાયતો ★

૦૧. એણે જોઈએ કે દિલની લગન અને નેક નિય્યતની સાથે અલ્લાહની ઈબાદત કરે, ઈલ્મ પ્રાપ્ત કરવામાં રોકાયેલ રહે, અધિક વાતો ન કરે, તા'બીર બતાવવાના સમયે સતર્ક રહે, સ્વપ્નની હાલતો શરૂથી છેવટ સુધી ઘણી જ સાવધાની અને ધ્યાનની સાથે સાંભળે અને સ્વપ્ન જોવાવાળાના મર્તબાનો પણ ખયાલ રાખે પછી તા'બીર બતાવવાના નિયમોના અનુસાર સાચી તા'બીર બતાવે. જો કદીક ચિંતન મનનથી કોઈ કામ ન ચાલે તો ચૂપ રહે. આ કામમાં અનુભવ અને અભ્યાસ ઘણો જરૂરી છે.

૦૨. સ્વપ્ન સખ્ત પ્રકારનું હોવાની હાલતમાં અવસરના અનુસાર તા'બીર બતાવો. જૂઠ અને બેહુદાપણાનો ભાગ છોડી દે. જો આખુ સ્વપ્ન જ બેકાર હોય તો ચૂપ રહે. જો સ્વપ્ન જોવાવાળાથી કાંઈક જાણવું જ હોય તો એવા સવાલ કરે જેના જવાબથી એની નારાજગીની ખબર પડી જાય. પછી હાલતના અનુસાર સ્વપ્નની તા'બીર બતાવે અને જો આ રીતથી પણ કાંઈ ખબર ન પડે કે એ ન બતાવે પછી એના નામ, સ્વભાવ, શકલ અને સૂરત અને વાતચીતની સચ્ચાઈ કે બેઈમાનીનો ખયાલ રાખીને તા'બીર બતાવે પણ બુરી તા'બીરનું છુપાવવું બેહતર છે.

૦૩. જાતિ, સ્વભાવ અને ગુણોનું પણ ધ્યાન રાખવું જોઈએ. જાતિથી દરેક પ્રકારના જાનવર અને ઝાડ મુરાદ છે અને એની તા'બીર પુલિંગમાં હોય છે. ગુણ એને કહે છે કે તા'બીર બતાવવાવાળો જાણ કરે કે ઝાડ કયું અને જાનવર કઈ જાતિનું છે. જેમ કે આંબાનું ઝાડ એની તા'બીર અરબી જાતિમાં નથી થઈ શકતી કેમ કે આ ઝાડ અરબમાં નથી થતુ. એવી રીતે હાથીની તા'બીર હિંદુસ્તાનથી થશે. ઘોડાની અરબથી. સ્વભાવથી પણ અસર પડે છે. તબિયતથી મુરાદ પ્રકાર છે જેવું કે ફળવાળા ઝાડની તા'બીર દૌલતમંદી છે, પરંતુ અખરોટ હોય તો દૌલતમંદ તથા કંજૂસ, ખરાબ વાત અને બુરું મુરાદ હશે. જો કોઈને પક્ષી ઉડતુ જોવા મળે તો આ એના નજર દેવાની દલીલ છે. પક્ષીના સ્વભાવને પણ ધ્યાનમાં રાખવું જોઈએ. જેમ કે કૂતરાની તા'બીર વફાદાર પુરૂષ અને કાગડાની તા'બીર અવિ□ાસુ અને વાયદો કરીને પૂરો ન કરવાવાળા મતલબ થશે.

૦૪. તા'બીર બતાવવાવાળાના માટે જરૂરી છે કે પાક સાફ થઈને ઘણી નરમી, નમ્રતા અને શાલીનતાથી સ્વપ્ન સાંભળે. ઉતાવળથી કામ ન લે. ઘણીવાર સુધી એના પર વિચાર કરે. સ્વપ્ન જોવાવાળાનો અકીદો અને ધર્મ પણ જાણે અને એ કામમાં જૂઠ કે સાચની પરખ કરવી પણ જરૂરી છે.

૦૫. જો કોઈને પોતાનું સ્વપ્ન યાદ ન રહે તો તા'બીર બતાવવાવાળાએ જોઈએ કે તા'બીર પૂછવાવાળાને દિમાગ પર જોર નાખવાના માટે કહે કેમ કે ભૂલી જવું મુસીબતની દલીલ છે. એટલા માટે ફરિશ્તા લોહે મેહફૂઝથી ઈન્સાનને સ્વપ્ન દેખાડે છે.

૦૬. તા'બીર બતાવવાવાળાએ જોઈએ કે એ પહેલાં જોવાવાળાનું નામ, હૈસિયત, હોદ્દો અને ધર્મ જાણી લે અને એનું ચરિત્ર અને આચરણ અને અક્કલ તથા સુઝબુઝનું અનુમાન લગાડીને પછી સ્વપ્ન જોવાનો સાચો સમય જાણીને પૂછે કે સ્વપ્ન દિવસે જોયું કે રાતે ? અને સ્વપ્ન જોવાવાળાનું સ્વપ્ન બયાન કરવાનો અંદાજો શું છે ? તા'બીર



બતાવવાવાળાએ જોઈએ કે અરબી મહિનાનો દિવસ અને ફારસી મહીનાની ઋતુ જાણી લીધા પછી સાચી તા'બીર બતાવે.

૦૭. સ્વપ્ન જોવાવાળાનું નામ સારું હોવું સફળતાની નિશાની છે. અહમદ, ઈસ્માઈલ, ફઝલ વગેરે મુબારક નામ છે. સ્વપ્ન જોવાવાળાને નેકી અને રાહત મળશે.

૦૮. બુરું નામ તેની અસર દર્શાવે છે. અર્થાત દુઃખ, ચિંતા અને લડાઈ ઝઘડાની નિશાની છે.

૦૯. જો સ્વપ્ન જોવાવાળો તા'બીરના બયાનના સમયે ઘોડા કે ખચ્ચરની પાસે ઉભેલ હોય તો પછી નેક શુકન ગણાશે પણ સફર લાંબી કરવી પડશે. ખાસ કરીને જ્યારે ઘોડે સવારીના માટે સરસામાન પણ સાથે હોય.

૧૦. જો તા'બીર બયાન કરવાના સમયે કાગડો ત્રણવાર કા કા કરે તો એ શુભ સમાચાર છે, પણ બે વાર કા કા કરે તો ઝઘડા ફસાદની નિશાની છે, પાંચવાર બોલવું પણ સારું નથી, ચાર વાર અવાજ કાઢવો નેક ફાલ છે.

૧૧. ગુલામનું સ્વપ્ન એના આકા પર સારો કે બુરો પ્રભાવ નાખે છે.

## ★ નામનો સ્વપ્ન પર પ્રભાવ ★

જો સ્વપ્ન જોવાવાળાને નામ કે એમના બાપના નામમાં કોઈ પૈગમ્બરનું નામ આવી જાય (જેમ કે ઈસા કે ઈબ્રાહીમ) તો તા'બીર બતાવવાવાળાએ જોઈએ કે એના હિસાબથી તા'બીર બતાવે.

✪ જો બુરુ નામ હોય તો એની તા'બીર જુલ્મ અને ઝઘડા ફસાદ પર આધારિત હશે.

૧૨. તા'બીર બતાવવાવાળો એ હાલતમાં સફળ થઈ શકે છે કે તે ઘણો વધારે ઈલ્મ તથા જ્ઞાન અક્કલ સુઝબુઝ રાખવાવાળો હોય. કહે છે કે ખલીફા મેંહદીએ સ્વપ્ન જોયું કે એના આખા ચહેરા પર કાજલ છવાયેલ છે. દરબારી તા'બીર બતાવવાવાળાઓમાંથી કોઈ પણ આ

સ્વપ્નની તા'બીર ન બતાવી શક્યો પરંતુ હઝરત ઈબ્રાહીમ કિરમાની رحمة الله عليهએ કુર્આન શરીફની થોડીક આયતો પઢીને સંભળાવી જેનો અર્થ આ પ્રમાણે છે :–

''સ્વપ્નથી એ લોકોને જ્યારે પુત્રી થવાની શુભ સૂચના આપવામાં આવે છે તો એમના ચહેરા પર દુઃખની શાહી છવાઈ જાય છે.''

આ તા'બીર સાચી સાબિત થઈ અને ખલીફાને ત્યાં પુત્રી પેદા થઈ. ખલીફાએ હઝરત કિરમાનીને ઈનામથી માલામાલ કર્યા. હકીકત એ છે કે જો કોઈની પાસે એક શેર ઈલ્મ હોય તો એને અક્કલ પણ એક મણ જોઈએ.

એક માણસને સ્વપ્નમાં જોવા મળ્યું કે એને ખસ્સી કરી દીધી છે. એણે તા'બીર પૂછી તો તા'બીર બતાવવાવાળાએ આ પ્રકારના અનુમાન લગાવ્યાં :

૧. તમે જલ્દી મરી જશો.
૨. તમારે તમારા પુત્રની જુદાઈ જોવી પડશે.
૩. તેજી અને તાકાતમાં કમી આવી જશે.
૪. નસલનો સિલસિલો તૂટી જશે અને તમે તમારી પત્નીને તલાક આપી દેશો.

થોડાક દિવસ પછી એ વ્યકિત પોતાની પત્નીને તલાક આપીને પોતાના પુત્રને સાથે લઈને દરિયાની મુસાફરી પર ચાલી નીકળ્યો.

પરંતુ એનું જહાજ ડૂબી ગયું. એ દરમ્યાન માછલીએ એના લિંગ વગેરેને ખાઈ કાઢયાં અને એનો પુત્ર તથા માલ તબાહ અને બર્બાદ થઈ ગયો. આ રીતે એના સ્વપ્નની આખી તા'બીર સાચી સાબિત થઈ.

૧૩. તા'બીર બતાવવાવાળાએ જોઈએ કે એ કબ્રસ્તાનમાં સ્વપ્નની તા'બીર ન બતાવે.

## ★ સ્વપ્ન જોવાવાળાએ જોઈએ કે...... ★

૦૧. આ વાતનો ખયાલ રાખવો દરેક વ્યક્તિના માટે જરૂરી છે કે તે પથારી પર સૂતી વખતે વુઝૂ કરેલ હોય, સૂતા પહેલાં દુઆ માંગે અને પોતાની જાતને એના હવાલે કરીને એની પનાહ અને શરણનો ઈચ્છુક હોય, એનાથી બરકત માંગે, એની પ્રશંસા કરે, એનો શુક્ર અદા કરે, વિનમ્રતાનું પ્રદર્શન કરે, માફી માંગે તૌબા કરે અને સારું સ્વપ્ન જોવાનું સૌભાગ્ય ચાહે તો જમણી કરવટ સૂએ અને એના પર જાગે અને આંખ ખુલતાં જ ખુદાને યાદ કરે.



૦૨. સારું સ્વપ્ન આવે તો અલ્લાહનો શુક્ર બજાવી લાવીને દાન કરે. હદીષ શરીફમાં લખ્યું છે કે આ પ્રકારનું સ્વપ્ન મુસલમાનોને બયાન કરે.

૦૩. બુરું સ્વપ્ન જુએ તો તરત જ શૈતાન મરદૂદથી અલ્લાહની પનાહ ચાહે અને **લા હૌલ**....નો વિર્દ કરે અને સ્વપ્ન કોઈને ન બતાવે જેથી પરેશાની અને કષ્ટથી બચેલ રહે. સૂરએ ઈખ્લાસ પઢે અને ડાબી બાજુ દમ કરે પછી આવી રીતે દુઆ માંગે : ''અય અલ્લાહ ! જો આ સ્વપ્ન સારું છે તો સારું પરિણામ દેખાડ.''

૦૪. સ્વપ્ન જોવાવાળાના માટે જરૂરી છે કે તે તા'બીર બતાવવાવાળાના સામે પોતાનું સ્વપ્ન ઠીક ઠીક સાચો ઓછુ વધતું કર્યા વગર બયાન કરી દે, નહીં તો તા'બીર ઠીક નહીં નીકળે બલ્કે નુકસાન પહોંચાડવાનો ડર રહેશે કેમ કે સ્વપ્ન ખુદા અને બંદાની વચમાં અમાનત છે.

૦૫. સ્વપ્નને પોતાની તરફથી ઘડીને કાંઈનું કાંઈ બયાન ન કરવું જોઈએ કેમ કે આ ઘણો મોટો ગુનોહ છે, એનાથી દરેક હાલતમાં બચવું જરૂરી છે.

૦૬. જો સ્વપ્ન યાદ ન રહે તો તૌબા કરવી જોઈએ, જેથી સ્વપ્ન જોવાવાળો અલ્લાહના અઝાબથી બચેલો રહે.

૦૭. ગેરમુસ્લિમો, અભણ લોકો, બુરું ચાહવાવાળાઓ અને સ્ત્રીઓથી સ્વપ્નની તા'બીર જાણવી યોગ્ય તથા ઉચિત નથી.

૦૮. જે દિવસે વાદળ છવાયેલ હોય અને વરસાદ થઈ રહ્યો હોય કે બરફ પડી રહ્યો હોય તો સ્વપ્નની તા'બીર જાણવી ન જોઈએ.

૦૯. સૂરજ નીકળતી કે ડૂબતી વખતે પણ સ્વપ્નની તા'બીર જાણવી ઠીક સમય નથી.

૧૦. સાચું સ્વપ્ન જોવાના માટે યોગ્ય એ છે કે ખાવા અધિક ન ખાવામાં આવે જેથી ગેસ દિમાગની તરફ ન જઈ શકે પરંતુ ઘણું ઓછું પણ ન

ખાવું જોઈએ કેમ કે એવી સ્થિતિમાં સ્વપ્ન ઘણા ખરાબ અને પરેશાન કરવાવાળાં દેખાય છે.

**૧૧.** જો કોઈ વ્યકિત એ નિય્યતથી સૂઈ જાય કે એને સૂતેલ હાલતમાં સ્વપ્ન નજર આવે અને એને સ્વપ્નમાં બકરી કે અન્ય કોઈ હલાલ જાનવર દેખાય તો એની તા'બીર તબાહી અને બર્બાદી છે અને જો તે કોઈ સ્વાદિષ્ટ અને બેહતરીન ખાવા ખાય કે એના માટે બંધ દરવાજા ખોલી દેવામાં આવે તો એની તા'બીર સારી છે અર્થાત આ એના માટે હિતકારી હશે.

**૧૨.** જ્યારે પણ કોઈ સ્વપ્ન નજર આવે તો એના પછી સૂવું ન જોઈએ નહીં તો તા'બીર બીજી કરવામાં આવશે.

**૧૩.** રાતના સમયે સ્વપ્નની તા'બીર કોઈથી ન જાણવી જોઈએ.

**૧૪.** સ્વપ્ન જોવાવાળાએ જેવી રીતે સ્વપ્ન જોયું હોય સાચુ એ જ બયાન કરે, કોઈ પ્રકારનું જૂઠ એમાં સામેલ ન કરે, ન પોતાના અંદાજથી કોઈ વાત વધારે.

**૧૫.** સ્વપ્ન જોવાવાળો અત્યંત સાચો ઈમાનદાર અને નેક હોય.

**૧૬.** કોઈ બેદીન, જાહિલ, દુશ્મન અને સ્ત્રીથી પોતાનું સ્વપ્ન બયાન ન કરે.

**૧૭.** જો કોઈ ભયાનક સ્વપ્ન જોઈને કોઈ વ્યકિત ભયભીત થઈ જાય તો એણે ત્રણ વાર આયતુલ કુર્સી પઢીને પોતાની ઉપર દમ કરી લેવું જોઈએ.

**૧૮.** જો કોઈ બુરુ સ્વપ્ન જોવામાં આવે તો **અઊઝુબિલ્લાહિ મિનશ્શૈતાનિર્રજીમ** પઢીને કરવટ બદલી લેવી જોઈએ.



# સ્વપ્નના પ્રકાર

સ્વપ્ન ચાહે કેવું પણ હોય એના કેટલાય પ્રકાર હોય છે. અમે સ્વપ્નોને એની હેસિયતથી નીચેના પ્રકારથી અલગ કરી શકીએ છીએ.

**સ્વપ્ન ફિલસૂફીની રીતે બે પ્રકારનાં હોય છે :-**

(૧) ભૌતિક (૨) અભૌતિક

**તા'બીર બતાવવાવાળાના પ્રકારો :-**

૧. હુકમ આપવાવાળો

૨. વાતથી રોકવાવાળો

૩. ભય આપવાવાળો

૪. શુભ સૂચના આપવાવાળો

**હદીષ શરીફમાં સ્વપ્નના ત્રણ પ્રકાર લખેલ છે :-**

૧. જીવનમાં મોમિનોને શુભ સૂચના સંભળાવવાવાળાં સ્વપ્ન.

૨. દુઃખ અને ચિંતામાં સપડાવનાર સ્વપ્ન.

૩. પરેશાન કરવા અને મનનું સુખ, ચેન ખતમ કરવાવાળાં સ્વપ્ન.

## ★ સ્વપ્નની વાસ્તવિકતા ★

હઝરત ઈમામ જાફર સાદિક رحمۃ اللہ علیہ ફર્માવે છે કે સ્વપ્નની હકીકત ત્રણ ચીજો પર આધાર રાખે છે.

૧. **ગુંચવાડાવાળાં સ્વપ્ન** : આ પ્રકારના સ્વપ્ન એ લોકોને નજર આવ્યા કરે છે જે શરાબી તથા તોફાની કે નાબાલિગ બાળકો કે એ લોકો જેઓ મસૂર, રીંગણ વગેરે એસિડ પેદા કરવાવાળી ચીજો ખાય.

૨. **સંદિગ્ધ** : આ પ્રકારની અંદર એ સ્વપ્ન આવે છે જે સંદેહની દ્રષ્ટિથી જોવામાં આવે, જેના વિશે કોઈ સાચી વાત ન કહેવામાં આવતી હોય.

૩. **એહલામ** : આ પ્રકારના ખ્વાબ શૈતાની વસવસાઓ થકી આવે છે. એ ખ્વાબ પણ પરેશાન કરનારા હોય છે.

હઝરત મુહમ્મદ ઈબ્ને સીરીં رضی اللہ عنہ એ સ્વપ્નના બે પ્રકારો જણાવ્યા છે : એક ગુંચવાડાવાળા અને બીજા પરેશાન કરવાવાળા.

હઝરત કિરમાની رحمۃ اللہ علیہના કથનના પ્રમાણે સ્વપ્નના ત્રણ પ્રકારો છે :–

૧. અલ્લાહ તઆલાના તરફથી શુભ સૂચના

૨. શૈતાની વસવસા

૩. પોતાનો ખયાલ

હઝરત મગરિબી رحمۃ اللہ علیہના કથનના પ્રમાણે સ્વપ્નના બે પ્રકાર કહ્યા છે :–

૧. સાચું સ્વપ્ન

૨. જૂઠં સ્વપ્ન

## ★ સાચા સ્વપ્નની રીતો ★

૧. **તબશીર** : આ સ્વપ્નનો ફરિશ્તો જે એનો મુવક્કલ છે. સ્વપ્ન જોવાવાળાને લોહે મેહફૂઝની ખબર આપે છે.

૨. **તહદીદ** : આ સ્વપ્નનો ફરિશ્તો ઈન્સાનને અંદર આવવાવાળી તકલીફથી સચેત કરાવે છે જેથી તે ગુનાહોથી તૌબા કરીને બુરાઈઓથી બચેલો રહે.

૩. **ઈલ્હામ** : અલ્લાહ તઆલા સ્વપ્નના ફરિશ્તાઓને હુકમ આપે છે કે ઈન્સાનને સ્વપ્ન દેખાડે જેથી સદકા આપે, જેહાદ કરે, અલ્લાહ તઆલાની તરફ રુજૂઅ કરે અને ગુનાહોથી તૌબા કરે અને લોકોની સાથે ન્યાયથી વર્તે.

## ★ જૂઠાં અને આધાર વગરનાં સ્વપ્ન ★

૦૧. જો સ્વપ્નમાં કોઈ વ્યક્તિને કોઈ રંગ જોવા મળે કે તે પોતાનું લોહી કઢાવી રહ્યો છે કે પોતાને સુખ વૈભવમાં જુએ તો તા'બીર



બતાવવાવાળાએ જોઈએ કે તે સ્વપ્ન જોવાવાળાના ચેહરાને ધ્યાનથી જુએ અને એનાથી આખી હાલત જાણે, જો એમાં લોહીની અધિક્તા જોવા મળે અને તેઓ ગોશ્ત ખાવાનો કે શરાબ પીવાનો આદી હોય તો એના સ્વપ્નની તા'બીર લોહીની અધિક્તા હશે અને એવા સ્વપ્નોને જૂઠાં અને આધાર વગરનાં સમજવાં જોઈએ.

૦૨. જો કોઈને સ્વપ્નમાં આગ કે ગરમ ઋતુ જોવા મળે અને એના ચહેરા અને શરીરનો રંગ પીળો હોય, શરીર કમજોર છે, તે વધારે વાતો કરે, સ્વભાવમાં ઉત્તેજના હોય તો સ્વપ્ન જૂઠુ છે કેમ કે એવું સ્વપ્ન શારીરિક ખરાબીઓનું કારણ હોય છે. એવા લોકોને ગરમ મસાલા, પ્યાજ, લસણ વગેરે ગરમ ચીજો ખાવાની આદત હોય છે.

૦૩. જો કોઈને સ્વપ્નમાં વરસાદ, બરફ, ઠંડી વસ્તુઓ જોવા મળે અને તે દૂધ, દહીં વગેરે ખાય તો તે કફનું કારણ હોય છે અને એવા સ્વપ્નોની તા'બીર પણ વિશ્વસનીય નથી હોતી.

૦૪. જો કોઈ આદમી સાંપ, વીછી કે કોઈ કાળી ચીજને જોઈને ડરી જાય તો એના સ્વપ્નની તા'બીર પણ સાચી નહીં હશે, કેમ કે આ પણ પેટની ખરાબીની અસર હોય છે અને પ્યાજ, લસણ અને ગોશ્ત ખાવાના કારણે આ પ્રકારનાં સ્વપ્ન જોવા મળે છે.

૦૫. જો સ્વપ્ન જોવાવાળો ચિંતા અને ધ્યાનમાં મગ્ન હોય, એનો ચહેરો થોડોક કાળો હોય અને તે વારંવાર દાઢી કે મોં પર હાથ ફેરવ્યા કરતો હોય તો એ પણ પેટની ખરાબીની નિશાનીઓ છે અને સ્વપ્નની તા'બીર વિશ્વાસનીય નહીં હશે.

૦૬. જો કોઈ વ્યક્તિ સ્વપ્ન જુએ કે વરસાદ, બરફ અને ઠંડીમાં ઉભો છે અને આંખ ખુલવાથી પણ પોતાને શરદીમાં જુએ અર્થાત એના ઉપરથી કપડું ઉતરેલ હોય તો એનું સ્વપ્ન પણ આધાર વિનાનું સમજવું જોઈએ કેમ કે સ્વપ્નનું કારણ શરદી છે.

૦૭. જો કોઈને સ્વપ્નમાં ગરમી, તડકો કે તેજી અનુભવાય અને જાગવાથી પણ પોતાને ગરમ કપડાંઓમાં લપેટાયેલ જુએ તો એના સ્વપ્નની

તા'બીર વિશ્વસનીય હશે નહીં.

૦૮. જો કોઈ સ્વપ્ન જોવાવાળો ડાબી કરવટથી સૂતેલ છે કે ચત્તો સૂતેલ છે અને હાથ છાતીની ઉપર હોય અને સ્વપ્નમાં બબડાટ કરે અને ડરી જાય તો આ સ્વપ્ન પણ વિશ્વાસનીય નહીં હશે.

૦૯. જો રોગીને સ્વપ્નમાં દર્દ કે તકલીફ અનુભવાય તો એનું સ્વપ્ન પણ આધાર વગરનું હશે.

૧૦. જો કોઈ માણસને એવું જણાય કે સ્વપ્નમાં પેશાબ કરી રહેલ છે અને જાગવા પર એનાં કપડાં પેશાબમાં ભીનાં હોય તો એનું સ્વપ્ન આધાર વગરનું હશે. સ્વપ્નમાં પેશાબની અધિકતા હોવી પણ આ હુકમના હેઠળ આવે છે.

૧૧ જો કોઈ ધંધાદારીને સ્વપ્નમાં પોતાનાં ઓજારો જોવા મળે તો એના સ્વપ્નની તા'બીર બયાન કરવાથી પહેલાં એ જાણી લેવું જોઈએ કે તે દિવસના સમયે કામમાં વ્યસ્ત રહ્યો હતો અને રાતે સૂતી વખતે કોઈ વિચારમાં હતો.

### ★ જૂઠા સ્વપ્નની રીતો ★

૧. **હિમ્મત (વિચાર)** : જે જાગવાની હાલતમાં દિલમાં વિચાર આવતા હોય એ જ સ્વપ્ન બનીને જોવા મળે તો એવાં સ્વપ્ન જૂઠાં અને આધાર વગરનાં હોય છે.

૨. **કારણ (ઈલ્લત)** : બીમારીની હાલતમાં સ્વપ્ન આવવું એવા સ્વપ્નને પણ આધાર વગરનાં અને તા'બીર વગરનાં સમજવાં જોઈએ.

૩. **શૈતાની** : આવા ખ્વાબોમાં અસંભવ ચીજો ખ્વાબમાં જોવા મળે છે અથવા ગુસ્લ વાજિબ થવું એ પ્રકારના ખ્વાબ પણ નિરાધાર કે જૂઠા હોય છે.

### ★ ડરામણા તથા ખતરનાક ખ્વાબ ★

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઈર્શાદ ફર્માવ્યો :–



"બુરું સ્વપ્ન શૈતાનની તરફથી હોય છે. એથી સ્વપ્ન જોવાવાળાએ જોઈએ કે જ્યારે એની આંખ ખુલી જાય તો ત્રણ વાર ડાબી બાજુ થૂંકી દે અને શૈતાનથી પનાહ માંગે પછી આ સ્વપ્નની કોઈનાથી વાત ન કરે. આમ કરવાથી સ્વપ્નની તકલીફથી બચેલો રહેશે. આગળ ફર્માવ્યું કે જાગવા પર કરવટ બદલી લે.

હઝરત ઈબ્ને હઝમનું કહેવું છે :–

"ઈન્સાન જાગતામાં જે કામ કરે છે સામાન્ય રીતે સ્વપ્નમાં આ પ્રકારના અનુભવોથી પનારો પડે છે. એથી બુરા ખતરનાક અને ડરામણા સ્વપ્ન ઈન્સાનની આ પ્રકારની પ્રવૃત્તિઓનું કારણ હોય છે જે જાગતાની હાલતમાં એનાથી થતી રહે છે.

તદ્‌ઉપરાંત એવાં સ્વપ્ન તબિયતના બોજનું પણ કારણ હોય છે. ગેસના રોગીને ડર અને ખૌફનાં દ્રશ્ય જ જોવા મળે છે.

### ★ સ્વપ્નનો ફરક દર્જાના આધારથી ★

૦૧. ખાસ રીતે બાદશાહનું સ્વપ્ન સાચુ હોય છે અને નબીઓનું પૂરેપૂરું સાચુ હોય છે.

૦૨. મુફતી, કાઝી, વિદ્વાન અને ફકીરનું સ્વપ્ન પણ આમ માણસોનાં સ્વપ્નોની સરખામણીમાં બેહતર અને સાચુ હોય છે.

૦૩. આઝાદ વ્યકિતનું સ્વપ્ન ગુલામના સ્વપ્નની તુલનામાં વિશ્વસનીય હોય છે.

૦૪. પુરૂષનું સ્વપ્ન સ્ત્રીના સ્વપ્ન પર પ્રમુખતા ધરાવે છે.

૦૫. સ્ત્રી અને ગુલામનું સ્વપ્ન બરાબર હોય છે.

૦૬. નેક આદમીનું સ્વપ્ન બદકારના સ્વપ્નથી વિશ્વાસનીય હોય છે.

૦૭. અમીરનું સ્વપ્ન ગરીબના સ્વપ્ન પર પ્રમુખતા ધરાવે છે. અમીરના સ્વપ્નનું કારણ જલ્દી અને ગરીબના સ્વપ્નનું કારણ મોડેથી જાહેર થાય છે.

૦૮. મોમિનનું સ્વપ્ન કાફિરના સ્વપ્નથી વિશ્વસનીય હોય છે.

૦૯. ભિખારીનું સ્વપ્ન વિશ્વસનીય નથી હોતું કેમ કે એ પરેશાન દિલ હોય છે, એનું સારું સ્વપ્ન મોડેથી અને બુરું જલ્દી અસર કરે છે.

૧૦. બાલિગનું સ્વપ્ન નાબાલિગના સ્વપ્નથી ઊંચો દર્જો ધરાવે છે.

૧૧. નાબાલિગના સ્વપ્નની સારી કે બુરી અસર એનાં માં બાપ પર છોડે છે. બાળકોનું સ્વપ્ન કેટલાક વિદ્વાનોની નજીક સાચુ અને કેટલાકની નજીક જૂઠુ હોય છે.

૧૨. મસ્તનું સ્વપ્ન વિશ્વાસનીય હોય છે.

૧૩. માસિક ધર્મવાળી સ્ત્રીનું સ્વપ્ન સારી તા'બીરવાળું હોય છે.

૧૪. અકલમંદના સ્વપ્નને બેવકૂફના સ્વપ્ન પર પ્રમુખતા મળેલ હોય છે.

૧૫. વૃધ્ધનું સ્વપ્ન બાળકના સ્વપ્ન પર પ્રમુખતા ધરાવે છે.

૧૬. સ્વતંત્ર સ્ત્રીનું સ્વપ્ન લોંડીના સ્વપ્નથી વિશ્વસનીય હોય છે.

## ★ એ સ્વપ્ન જેની તા'બીર ઉલટી હોય છે... ★

હઝરત ઈબ્ને સીરીન رضی اللہ عنہ એ ફર્માવ્યું કે કેટલાક સ્વપ્નની તા'બીર હમેશાં ઉલટી હોય છે. એમાંના કેટલાંક સ્વપ્નનો અહીંયા ઉલ્લેખ કરવામાં આવે છે :–

૦૧. જો સ્વપ્નમાં પ્લેગ જુએ તો તા'બીર લડાઈ ઝઘડો છે.

૦૨. જો સ્વપ્નમાં સિંગી લગાવડાવે તો તા'બીર સ્ટેમ્પ લખવું છે.

૦૩. જો સ્વપ્નમાં દાંતનું દર્દ જુએ તો તા'બીર કબર ખોદવી છે.

૦૪. જો પોતાને કબરમાં જુએ તો કેદ થવાની તા'બીર છે.

૦૫. જો ઘરની તબાહી જુએ તો છોકરીઓનું પેદા થવાની તા'બીર છે.

૦૬. જો છોકરીઓનું પેદા થવાનું જુએ તો ખેતીવાડી તા'બીર છે.

૦૭. જો નેકી કરવાનું જુએ તો કપડાં વણવાની તા'બીર છે.

૦૮. જો કપડાં વણવાનું જુએ તો નેકી કરવાની તા'બીર છે.

૦૯. જો અંજીર ખાતાં જુએ તો તા'બીર બુરાઈ હાંસલ થવી અને લજ્જિત (શર્મિંદા) થવું સામે આવશે.



૧૦. જો પાણીની રેલ આવતી જુએ તો તા'બીર દુશ્મની પેદા થવી થશે.

૧૧. જો સ્વપ્નમાં નવી ચીજો જુએ તો નેક કામ કરવું થશે.

૧૨. જો સ્વપ્નમાં બુરી ચીજ જુએ તો બુરાઈ જ તા'બીર થશે.

૧૩. જો નવા મોજા પહેરેલ સ્વપ્ન જુએ તો દુઃખના શિકાર થવાની તા'બીર થશે.

૧૪. જો જૂના મોજા પહેરે તો તા'બીર ખુશી અને હર્ષવાળી થશે.

૧૫. જો સ્વપ્નમાં ગુલામ ખરીદે તો તા'બીર બદનામીવાળી થશે.

૧૬. જો સ્વપ્નમાં ગુલામ વેચતાં જુએ તો તા'બીર સારી અને સન્માનવાળી થશે.

૧૭. જો સ્વપ્નમાં લોંડી ખરીદતાં જુએ તો તા'બીર સારી નીકળશે અને જો લોંડી વેચતાં જુએ તો તા'બીર બુરાઈની સામે આવશે.

## ★ ભૂલેલા સ્વપ્નાંઓને યાદ કરવાની રીત ★

હઝરત દાનિયાલ علیہ السلام નું કથન છે કે સ્વપ્નનું ભૂલવું મોટા ભાગે ગુનાહો જુદા જુદા કર્મો, કમજોર નિય્યત અને સ્વભાવની ભિન્નતા પર આધારિત છે.

હઝરત જાફર સાદિક رضی اللہ عنہ નું કથન છે કે "જો કોઈ સ્વપ્ન ભૂલી જાય અને તા'બીર બતાવવાવાળો એ સ્વપ્નને જાણે તો તા'બીરવાળાએ જોઈએ કે પહેલાં સ્વપ્ન જોવાવાળાનું નામ જાણે, પછી એના અક્ષરોને અદદના હિસાબથી ગણે અને આ ગણતરીથી ૯ ને ઘટાડતો જાય, જેટલા અદદ બાકી બચે પછી નિમ્ન પર અલ્લાહના હુકમના અનુસાર એનાથી સ્વપ્નનું પરિણામ કાઢે :–

- ❑ જો ૯ બચે તો એનું ભૂલેલું સ્વપ્ન લડાઈ ઝઘડાનું કારણ છે. જેમ કે કુર્આન મજીદમાં અલ્લાહનો ઈર્શાદ છે :– "શહેરમાં ૯ (અદદ) ગિરોહ હતા જે ફસાદ કરતા હતા ન કે સુધાર કામ.
- ❑ જો ૮ બચે તો એનું ભૂલેલ સ્વપ્ન સફર કરવા કે નિકાહ કરવા પર નિર્ભર છે જેમ કે કુર્આન મજીદનો ઈર્શાદ છે :– "આઠ વર્ષ કે દસ

પૂરા કરો તો એ તમારી મરજી છે.

- જો ૭ બચે તો એનું ભૂલેલું સ્વપ્ન જંગલી જાનવર કે કૂતરાઓને જોવા પર નિર્ભર છે. જેવું કે કુર્આન મજીદમાં આવ્યું છે કે "અને કહે છે કે ૭ છે અને આઠમો એમનો કૂતરો છે."
- જો ૬ બચે તો ભૂલેલું સ્વપ્ન નેકી પર દલીલ કરે છે. પરંતુ એ સ્વપ્ન જોવાવાળો પોતે નેક હોય. પરંતુ જો એ દુષ્ટ છે તો એનું સ્વપ્ન ઝઘડા ફસાદનું કારણ હશે. જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદ છે : "તમે જુઓ છો આસમાનોને થાંભલા વગર પેદા કર્યા છે."
- અને જો ૫ બચે તો એનું ભૂલેલું સ્વપ્ન આસમાન અને તારા જોવા પર નિર્ભર છે. જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદે બારી છે : "ચાર દિવસમાં સવાલ કરવાવાળાઓના માટે બરાબર છે."
- જો ૩ બચે તો એનું ભૂલેલું સ્વપ્ન કોઈને કોઈ કામની નસીહત કરવા જેવું છે. જેમ કે કુર્આન મજીદમાં અલ્લાહનો ઈર્શાદ છે : "ત્રણ માણસોની કાનફૂસીમાં ચોથો ખુદા છે."
- જો ૨ અને ૧ બાકી બચે તો એનું ભૂલેલું સ્વપ્ન દીન અને દુનિયાના લાભ પર આધારિત છે. જેમ કે કુર્આન મજીદમાં ઈર્શાદે બારી છે : "એ બંને ગારમાં હતા જ્યારે પોતાના દોસ્તને કહેતા હતા ગમ ન કર."

## ★ એમનાથી તા'બીર ન પૂછવામાં આવે... ★

હઝરત કિરમાની رحمۃ اللہ علیہનું કથન છે કે પોતાનું સ્વપ્ન જાહિલથી બયાન ન કરવું જોઈએ, પરંતુ એટલા માટે નહીં કે જાહિલ સ્વપ્નની જે તા'બીર બતાવે સાચી થઈ જાય છે એ સમજવું ખોટું છે. કેમ કે જાહિલની ખોટી તા'બીરથી સ્વપ્નની તા'બીરનો પ્રભાવ ખતમ નથી થઈ શકતો. જેમ કે કુર્આન મજીદમાં અલ્લાહના એહકામથી જાહેર થાય છે કે, "મિસરના શાહે સ્વપ્ન જોયું અને એની તા'બીર જ્યારે પોતાના દરબારીઓથી પૂછી તો એમણે કહ્યું કે આ ખરાબ સ્વપ્ન છે અને અમે આ સ્વપ્નની તા'બીર નથી જાણતા."



એના પછી હઝરત યૂસુફ علیہ السلام એ આ સ્વપ્નની જે તા'બીર બતાવી એ હકીકત પર આધારિત હતી. છેવટે હઝરત યૂસુફ علیہ السلامની તા'બીરથી પહેલાં મિસરના બાદશાહના સ્વપ્ન પર દરબારીઓનો પ્રભાવ નથી પડતો, જેથી એ સાચું છે કે જાહિલ લોકો સ્વપ્નને ન સમજી શકે છે અને ન તા'બીરની વિદ્યાથી પરિચિત હોય છે એટલા માટે એમનાથી સ્વપ્નની તા'બીર ન પૂછવી જોઈએ, બલ્કે કોઈ વિદ્વાનથી અથવા તો કોઈ જ્ઞાનીથી જાણવી જોઈએ.

એના વિશે અલ્લાહે પણ આ હુકમ ફર્માવ્યો છે કે, "એમને કહી દો કે આલિમ અને જાહિલ બરાબર હોઈ શકતા નથી."

અને હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઈર્શાદ છે કે : "ઈલ્મવાળો અને બેઈલ્મ બરાબર નથી થઈ શક્તા." જેથી આલિમ અને જાહિલમાં ઘણો ફરક છે. આ ફર્કને સામે રાખીને આલિમને જાહિલ પર પ્રમુખતા છે. નહીં તો ઈન્સાનના માટે જે લખવામાં આવ્યું છે એને ન આલિમ મિટાવી શકે છે ન જાહિલ.

હઝરત જાફર સાદિક رضی اللہ عنہ એ ફર્માવ્યું છે કે ચાર પ્રકારના લોકોથી સ્વપ્નની તા'બીર ન જાણવી જોઈએ :–

(૧) જાહિલોથી (૨) સ્ત્રીઓથી (૩) દુશ્મનોથી (૪) બેદીનોથી.

કહે છે કે અબ્બાસી ખાનદાનના એક બાદશાહે રાત્રે સ્વપ્નમાં જોયું કે એનો ચહેરો કાળો થઈ ગયો છે. તે ગભરાઈને જાગ્યો. એણે તા'બીર બયાન કરવાવાળાઓને બોલાવ્યા. જ્યારે મોટા મોટા તા'બીર બયાનવાળા વિદ્વાન હાજર થઈ ગયા તો એણે બીતાં બીતાં પોતાનું સ્વપ્ન બયાન કર્યું, પરંતુ તેઓ એના સ્વપ્નની કોઈ તા'બીર બયાન ન કરી શકયા.

પછી તે વિદ્વાનો પોતાના ઉસ્તાદ હઝરત કિરમાની رضی اللہ عنہને બોલાવી લાવ્યા. આપે બાદશાહનું સ્વપ્ન સાંભળતાં જ ફર્માવ્યું :

"આ સ્વપ્નની તા'બીર એ છે કે આપને ત્યાં છોકરી પેદા થશે." શિષ્યોએ પૂછયું : એના માટે આપની પાસે શું દલીલ છે ? ફર્માવ્યું : કુર્આન શરીફની આ આયત :–

"અને જ્યારે કોઈને છોકરીની બશારત કરવામાં આવે છે તો એનો

ચહેરો કાળો થઈ જાય છે, આ હાલમાં કે એ પ્રકોપ હોય છે.''

એટલા માટે બાદશાહ આપની સુઝબુઝથી એટલો ખુશ થયો કે હઝરત કિરમાની رضی اللہ عنہ ને એક હજાર દિરહમ ઈનામમાં પ્રદાન કર્યા અને જે દિવસે બાદશાહને ત્યાં છોકરી પેદા થઈ હતી તો આપને દસ હજાર દિરહમ પાછા પ્રદાન કર્યા.

આ ઘટનાથી એ વાત સાબિત થાય છે કે કોઈ ઈલ્મવાળા કે તા'બીરનું ઈલ્મ જાણવાવાળાથી સ્વપ્નની તા'બીર જાણવી જોઈએ.



## સ્વપ્ન ખૂદ જોવાની કોશિશ

### થોડીક મનોરંજક ઘટનાઓ

એનાથી અમે ઈન્કાર નથી કરી શકતા કે સ્વપ્ન અસલમાં એક રહસ્યમય ચીજ છે જેને હઝરત અલી رضی اللہ عنہ એ પણ કુદરતનો એક અજીબ તોહફો કહ્યો છે.

ક્યારેક ક્યારેક બાપના સ્વપ્નની તા'બીર બેટાથી અને બેટાના સ્વપ્નની તા'બીર માં બાપના સ્વપ્નથી કરવામાં આવે છે, જેમ કે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ના જમાનામાં કોઈએ સ્વપ્નમાં જોયું કે મક્કાનો સરદાર મુસલમાન થઈ ગયો છે. પરંતુ આ તા'બીર એના છોકરાના પક્ષમાં નીકળી, અર્થાત એ સરદારનો બેટો અબ્બાસ બિન અસદ મુસલમાન થયો.

ક્યારેક ક્યારેક સ્વપ્નની ઘટના માત્ર ઠીક એવી જ બની જાય છે બલ્કે જાગતામાં જે કામોનું ઈન્સાનથી થઈ જવું અસંભવ થાય એ સ્વપ્નમાં સંભવ થઈ જાય છે. આથી યૂરોપમાં એક લેખક પોતાનો લેખ જાગવાની હાલતમાં અત્યંત કોશિશના વગર પણ ન લખી શક્યો તો એણે નિરાશ થઈને લેખ લખવાનું જ છોડી દીધું પરંતુ થોડાક દિવસોના પછી એને સમાચાર પત્રના સંપાદકનો પત્ર મળ્યો જેમાં એના દ્વારા મોકલવામાં આવેલા, લેખનો શુક્ર અદા કરવામાં આવ્યો હતો. સંપાદકના આ પત્રથી લેખકને ઘણી નવાઈ લાગી. એણે ન તો કોઈ લેખ લખ્યો હતો અને ન એણે સંપાદકના નામે મોકલ્યો હતો. તો પણ એણે પોતાનો સંદેહ દૂર કરવાના માટે પોતાનો મોકલેલ લેખ જોયો જેને જોઈને એને ઘણી નવાઈ થઈ, કેમ કે એ લેખ વાસ્તવમાં એના હાથનો લખેલ હતો. જેવું કે એણે આ સ્વપ્નમાં લખેલ હોય અને સ્વપ્નમાં જ એને પોષ્ટના હવાલે કર્યો હોય.

એવી રીતે એક સૈનિક કેપ્ટનની ઘટના છે કે એણે સ્વપ્નમાં પોતાની પ્રેમિકાને જે પ્રકારનાં ફૂલ આપ્યાં હતાં એ જ ફૂલ જાગતામાં એણે પોતાની પથારી પર હાજર જોયાં.

કોઈ મશ્હૂર જર્મન કવિના વિશે મશ્હૂર છે કે એણે સ્વપ્નની હાલતમાં એવી બેહતરીન કવિતા લખી જે દેશમાં ઘણી લોકપ્રિય અને મશ્હૂર થઈ.

એક અંગ્રેજ નવયુવાનનું બયાન છે કે મેં સ્વપ્નમાં પહાડ કે ઊંચા ઝાડની ટોચથી બાજનો જે માળો ઉતાર્યો હતો. જાગવાની હાલતમાં એ માળાને મેં મારા કોચની નીચે જોયો. કેટલાક વિદ્વાનોએ સ્વપ્ન જોવાની રીત પણ લખી છે. સંભવ છે કે સાચી હોય એટલા માટે એને અહીંયા રજૂ કરવામાં આવે છે : લખ્યું છે કે સ્વપ્ન પોતે જોવાના માટે ઋતુ બરાબર હોવી જોઈએ અને સૂવાનો રૂમ ચોખ્ખો અને હવા આવે તેવો હોય, એમાં ન કોઈની પથારી હોય, ન ત્યાં કોઈની આવન જાવન હોય, પલંગ પથારી પણ પાક સાફ હોવી જોઈએ અને સૂવાવાળો પણ પાક સાફ હોવો જોઈએ.

સૂવાવાળો પણ પાક સાફ હોય અને એનો પોશાક પણ પાક સાફ હોવો જોઈએ અને રૂમમાં લેમ્પ કે વીજળીની રોશની ધીમી હોવી જોઈએ અને જે વ્યકિતને જોવી હોય સૂવાવાળો એની કલ્પના કરીને એની તરફ ટકટકી લગાવે. એ સમય સુધી જાગતો રહે જ્યાં સુધી ઉંઘ એના પર ન છવાઈ જાય એ હાલતમાં એ સ્વપ્ન જે તે જોવાનું ઈચ્છે છે જોઈ શકે છે. પરંતુ સ્વપ્ન જોતાં જ એણે જાગી જવું જોઈએ.

## બુઝુર્ગાને દીનનાં કથન

અમુક સ્વપ્નોની તા'બીરના વિશે દીનના બુઝુર્ગોએ વિશેષ પ્રકારથી પોત પોતાની રીતે પ્રકાશ પાડયો છે તથા પોતાનો ઈલ્મ અને કુર્આન તથા હદીષના અભ્યાસના ભરોસે એના વિશે પોત પોતાની રાય રજૂ કરી છે. અહીંયા થોડાક સ્વપ્નોની તા'બીરના સિલસિલામાં બુઝુર્ગાને દીનનાં કથન રજૂ કરવામાં આવી રહ્યા છે :–

**હઝરત દાનિયાલ ફર્માવે છે :–**

- જે વ્યક્તિ સવારથી લઈને બપોર સુધી સ્વપ્નની તા'બીર માલૂમ કરે એની તા'બીર બેહતરી અને એની હાલતોની સારી સ્થિતિ હોવાથી કરવામાં આવશે.



- જે વ્યક્તિ બપોર પછી પોતાનાં સ્વપ્નોની તા'બીર માલૂમ કરે તો એની તા'બીર બદમાશી અને ઝઘડા પર આધારિત હશે. જે દિવસે વાદળ છવાયેલા હોય, વરસાદ થઈ રહ્યો હોય, સૂરજના નીકળવા અને ડૂબવાના સમયે પણ તા'બીર જાણવી મના છે જે નેક ઈન્સાન અલ્લાહ તઆલાને બેમિષ્લ અને બેમિષાલ જુએ તો અલ્લાહ તઆલા એને પોતાના દીદારથી જરૂર નવાજશે અને એની દુનિયા અને દીનની જરૂરતો પણ અવશ્ય પૂરી કરશે.

**હઝરત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ફર્માવે છે :–**

- સૂરજને સ્વપ્નમાં જોવો અત્યંત મુબારક છે. એવું સ્વપ્ન જોવાવાળો ખલીફા હોય કે બાદશાહ હોય કે પોતાની કૌમ કે શહેરનો સરદાર હશે કે બુઝુર્ગીના ઊંચા પદ પર બિરાજમાન હશે.
- જો કોઈ વ્યકિત સ્વપ્નમાં સૂરજને સજદો કરતાં જુએ તો એની તા'બીર એ છે કે સમયનો બાદશાહ એને સન્માન પ્રદાન કરશે કે પોતાનો ખાસ નજીકનો સાથી બનાવશે કે તે પોતાના કારોબારમાં ઉન્નતી કરશે.
- જો કોઈ ગરીબ પુરૂષ સ્વપ્નમાં શીશુ જુએ તો એની તા'બીર કોઈ સ્ત્રીથી શાદી કરવી અને બુઝુર્ગી હાંસલ કરવા પર આધારિત છે.
- જો કોઈ છોકરી સ્વપ્નમાં કાચ જુએ તો એને સારો પતિ મળવાની આશા રાખવી જોઈએ જેનાથી એ આરામ અને સન્માનથી પોતાનું જીવન પસાર કરી શકશે.
- જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં લાકડું ચીરવાનું આડીયું જુએ તો એની તા'બીર એ છે કે ક્યાંક તો એને પુત્ર પેદા થશે કે ભાઈ, બહેન એનો સાઝી અને સાથી.
- જો કોઈ વ્યક્તિ કલગી સ્વપ્નમાં જુએ તો એને સેવક પ્રાપ્ત થાય કે ઘરના સામાનમાં અધિક્તા થાય કે કારોબારમાં નફો પ્રાપ્ત કરે.

**હઝરત ઈબ્ને સીરીન رضی اللہ عنہ નું કથન છે :–**

- જે સ્વપ્ન રાતના પહેલા ભાગમાં જોવામાં આવે એની તા'બીરમાં પાંચ વર્ષની મુદ્દતની જરૂર છે અને જે અડધી રાતમાં જોવા મળે એની તા'બીર

પાંચ મહીના સુધી કરવામાં આવે છે. જો વહેલી સવારે સ્વપ્ન જોવામાં આવે તો એની તા'બીર દસ દિવસમાં સ્પષ્ટ થઈ જાય છે. કહેવાનો મતલબ એ છે કે દિવસના સમયથી રાતના સમય જેટલો નજીક હોય એટલું જ સ્વપ્ન સાચું અને એની તા'બીરની મુદ્દત નજીક હોય છે.

પછી ફર્માવે છે કે સ્વપ્નમાં કેટલીક વાતો અજબ જોવા મળે છે. જેમ કે કોઈ કોઈવાર કોઈ વ્યકિત સારી કે બુરી જે વાત જુએ છે જાગવા પર ઠીક એની સાથે એ ભલાઈ કે બુરાઈ સામે આવી જાય છે. એવી રીતે ઘણા બધા લોકો એવા પણ છે જે પોતાની અજ્ઞાનતાના કારણે કોઈ વાકય કે દોહા સુધી ન વાંચી શકતા હોય પરંતુ એ જ લોકો સ્વપ્નમાં એવા ઈલ્મી વાક્ય કે બેહતરીન કવિતા કહી લે છે જે કવિ અને વિદ્વાન સુધ્ધાં કહી શકતા નથી.

આથી એક વ્યકિતએ આપનાથી પૂછયું કે મેં સ્વપ્નમાં નમાઝની અઝાન કહી એની આપે તા'બીર આપી કે તું હજ્જ અદા કરીશ. એ સમયે બીજો વ્યકિત આવ્યો અને એણે પણ પોતાનું એવું જ સ્વપ્ન બયાન કર્યું, અર્થાત મેં નમાઝની અઝાન કહી. જવાબ આપ્યો કે તારા સ્વપ્નની તા'બીર એ છે કે તમારા પર ચોરીની તોહમત લાગશે.

એના પર એમના શિષ્યોએ પૂછયું કે ઉસ્તાદ ! આ બંને સ્વપ્નો તો સમાન હતા પરંતુ આપે એમની તા'બીર અલગ અલગ બતાવી ! એનું શું કારણ છે ? આપે ફર્માવ્યું : મને પહેલા વ્યકિતની શકલથી એની નેકી ખબર પડી એટલા માટે મેં કુર્આનની આ આયતથી ''અય અલ્લાહ ! તમે લોકોને હજની ઘોષણા કરી દો !'' દલીલ આપીને હજની તા'બીર કરી. અને બીજી વ્યક્તિની શકલ જોઈને મને એ બુરી હોવાની ખબર પડી. તો એટલા માટે કુર્આની આયત ''એક પુકારવાવાળાએ આ પુકાર કર્યો કે અય કાફલાવાળાઓ ! તમે જરૂર ચોર છો''ની દલીલ આપીને ચોરીથી તા'બીર કરી.

દલીલોના અનુસાર હઝરત ઈબ્ને સીરીં رضی اللہ عنہ ફર્માવે છે કે જે વ્યકિત સ્વપ્નમાં હઝરત જિબ્રઈલ علیہ السلام ને ખુશ જુએ તો એની તા'બીર દુશ્મન પર વિજય પ્રાપ્ત કરવાની છે. એનાથી ઉલટુ જે વ્યક્તિ હઝરત જિબ્રઈલ علیہ السلام ને દુ:ખી જુએ તો એની તા'બીર દુ:ખ અને ચિંતા છે.



- જે વ્યક્તિ હઝરત ઈઝરાઈલ علیہ السلام ને આસ્માન પર અને પોતાને જમીન પર જુએ તો તેની તા'બીર બરખાસ્ત થવાની દલીલ છે.
- જે વ્યક્તિ સ્વપ્નમાં ફરિશ્તાઓને અંદરો અંદર જંગ કરતા જુએ એની તા'બીર ગુનાહો અને અલ્લાહના પ્રકોપમાં ગિરફતાર થવાની છે.

**હઝરત ઈમામ ઈબ્રાહીમ કિરમાની ફર્માવે છે :-**

- જો કોઈ વ્યક્તિ એ સ્વપ્ન જુએ કે એના ઘરેથી કોઈ વ્યકિત સિરહાના લઈને કોઈ બીજાના ઘરે ચાલ્યો ગયો છે તો એની તા'બીર એ છે કે કોઈ વ્યક્તિ એના ઘરની સ્ત્રી કે છોકરી કે લોંડીને અપહરણ કરવાનો ઈચ્છુક છે.
- જો કોઈ સ્વપ્નમાં પથ્થર કે ચૂનો સિમેન્ટ વગેરેના દાદર પર પોતાની જાતને ચાલતો જુએ તો એની તા'બીર એ છે કે મહત્વ અને બુઝુર્ગીથી નવાજવામાં આવશે.
- જો કોઈ વ્યક્તિ પોતાની જાતને આસમાન પર જતો જુએ અને ત્યાંથી પાછો ન આવી શકે તો એને પોતાનું મોત નજીક સમજી લેવું જોઈએ. એનાથી ઊલટું જો આસમાનથી પાછા આવી જાય તો કોઈ બીમારીનો શિકાર થવાનો ડર છે, પરંતુ મોતનો ભય નથી.
- જો કોઈ સ્વપ્નમાં બાગ અને હરિયાળી જુએ તો માલદાર અને સુંદર થવાની દલીલ છે. જો કોઈ વ્યકિત પોતાની જાતને વસંતની ઋતુમાં કોઈ એવા હર્યા ભર્યા બાગમાં જુએ જેમાં દરેક પ્રકારનાં ફળ લાગ્યાં હોય, દરેક પ્રકારનાં ફૂલ ખિલ્યાં હોય, પાણી વહી રહ્યું હોય તો એની તા'બીર જન્નત મળવાની દલીલ છે અને જન્નતને પ્રાપ્ત કરી લેવું શહાદતની મોત મરવા પર નિર્ભર કરે છે.
- જો કોઈ વ્યકિત સ્વપ્નમાં હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને કોઈ સ્થાન પર કે કોઈ શહેરમાં જુએ તો એ શહેર કે એ જગાએ નેઅમત વધવાની નિશાની છે.
- જો કોઈ વ્યકિત હઝરત ઈસ્રાફીલ علیہ السلام ને દુ:ખી સૂરતમાં કે ક્રોધની હાલતમાં સૂર ફૂંકતા જુએ તો મોતની અધિકતા અને જાલિમોની હલાકતની નિશાની છે.

✪ જો કોઈ વ્યકિત સ્વપ્નમાં પોતાના દિલને દર્દમંદ જુએ તો એનો માલ વધવાની નિશાની છે. જો સ્વપ્ન જોવાવાળો પોતાના દિલથી લોહી વહેતું જુએ તો એની તા'બીર એ છે કે એ બુરાં કામોથી તૌબા કરીને ખુદાની તરફ રુજૂઅ કરશે અને જો પોતાના દિલ પર કોઈ ઘા લાગતો જુએ તો એની નિશાની ગમ વગરના થવાની હોવાની દલીલ છે.

✪ જો કોઈ વ્યકિત સ્વપ્નમાં ઘડો કે ઘડિયો ખરીદે એની તા'બીર લોંડી ખરીદવા કે નોકર રાખવા જેવી છે. જો કોઈને સ્વપ્નમાં ગધેડાની ખરી જોવા મળે તો એની તા'બીર માલ પ્રાપ્ત કરવાની નિશાની છે.

**હઝરત ઈમામ જાબિર મગરિબી ફર્માવે છે :-**

✪ જો કોઈ વ્યકિત સ્વપ્નમાં એક વર્ષના ઊંટ પર પોતાની જાતને સવાર જુએ તો એની તા'બીર દુઃખી હોવાની નિશાની છે અને જો આ ઊંટની સવારીના કોઈ અંગથી કોઈ પ્રમાણમાં લોહી વહેતું જુએ તો એટલું જ દુનિયામાં માન, સન્માન પ્રાપ્ત થવાની તા'બીર છે અને એ ઊંટની મહાર ખેંચતો પોતાની જાતને જુએ તો કોઈ આજ્ઞાંકિત પુરૂષથી ઝઘડો કરવાની તા'બીર છે.

✪ જો કોઈ સ્વપ્નમાં બદામની મીજ જુએ તો માલ પ્રાપ્ત થવાની દલીલ છે. જો બદામ છાલની સાથે જુએ તો માલ દુઃખ સહન કરવાથી પ્રાપ્ત થશે.

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં બકરીનો ગોશ્ત ખાતાં જુએ તો બીમારીની નિશાની છે, પરંતુ બીમારીથી સારું થઈ જશે.

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં નવો કે જૂનો પર્દો જુએ તો તે સારો નથી, જો કે બાદશાહના માટે નવો કે જૂનો પર્દો જોવો સારો છે.

✪ જો કોઈ સ્વપ્નમાં અબાબીલને પકડતાં જુએ તો દુઃખ અને ચિંતા અને ભયથી છૂટકારો મેળવવાની નિશાની છે.

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં પોતાનો ચેહરો ધૂળ, માટીથી ભરાયેલો જુએ તો કુર્આન મજીદની આ આયતના અનુસાર ... ''કેટલાય ચેહરાઓ આ દિવસે (અર્થાત કયામતના દિવસે) એવા હશે જેના પર ધૂળ પડી હશે''ની દલીલના પ્રમાણે રંજ અને ગમની દલીલ છે.



✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં જુએ કે એનો ખોવાયેલ નોકર કે જાણકાર કે મિત્ર અથવા સંબંધી કે જાણવાવાળો પાછો આવી ગયો તો સમજી લે કે એ ખોવાયેલ વ્યકિત દરેક રીતે બેહતર છે અને જો ખોવાયેલ વ્યકિત પરેશાન જોવા મળે તો સમજી લે કે એને કોઈ પ્રકારની તકલીફ છે અને જો ખોવાયેલ વ્યકિતને કોઈના પર સવાર જુએ તો સમજી લે કે આ માલ અને દૌલત લઈને સફરથી પાછો આવી ગયો છે અને જો ખોવાઈ જવાવાળી વ્યકિતને નગ્ન પગે કે નગ્ન અને બેસહારા જેવો જુએ તો સમજી લે કે સફરમાં લૂંટાઈ ગયો અને ખાલી હાથે પાછો આવશે.

**હઝરત ઈસ્માઈલ બિન અશ્અત ફર્માવે છે :-**

✪ જો કોઈ વ્યકિત સ્વપ્નમાં આસમાનથી (વરસાદની જેમ) આગ વરસતી જુએ તો એની તા'બીર એ છે કે એ દેશમાં ખૂન ખરાબી થશે, મહા મુસીબત ફેલાશે અને શાસન પર મુસીબત આવશે.

✪ જો કોઈ વ્યકિત સ્વપ્નમાં પોતાને ઘરમાં કે કોઈ એવી જગા પેશાબ (જાજરૂ) કરતાં જુએ તો એની તા'બીર છે કે પોતાનો માલ પોતાના બાળ બચ્ચાંઓમાં ખર્ચ કરશે અને એનો બદલો પણ મેળવશે, જેમ કે કુર્આન મજીદમાં છે : ''તમે લોકો જે કાંઈ પણ ખર્ચ કરો છો અલ્લાહ એનો બદલો આપે છે.''

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં આગને પૂજતા જુએ તો એની તા'બીર એ છે કે એ બાદશાહના દરબારની ચોકીદારી કરશે. જો કોઈ આગને અંગારાઓની સૂરતમાં જમા કરતાં જુએ તો હરામ માલ જમા કરવાની નિશાની છે.

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં આસમાનથી વરસાદના જેમ પથ્થર વરસતાં જુએ તો એની તા'બીર અલ્લાહનો અઝાબ આવી જવાની દલીલ છે, એનાથી ઉલટુ જો કોઈ વ્યક્તિ આસમાનથી ઘઉં, અડદ, જવ વરસતાં જુએ તો અલ્લાહની નેઅમત હાંસલ થવાની દલીલ છે.

✪ જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં જુએ કે આસ્માનની આગે ખાવા પીવાની ચીજોને સળગાવી દીધી તો એની તા'બીર એ છે કે અલ્લાહની બારગાહમાં એની ઈબાદત કૃબૂલ થશે.

## સ્વપ્ન પર સમયનો પ્રભાવ

૧. દિવસનું સ્વપ્ન રાતના સ્વપ્ન પર મહાનતા રાખે છે. રાતના પહેલા ભાગનું સ્વપ્ન ભરોસાપાત્ર અને અડધી રાતનું પરેશાન જેથી સવારનું સ્વપ્ન વિશ્વાસનીય હોય છે.

૨. રાતના સ્વપ્નની તા'બીર પાંચ વર્ષ અને અડધી રાતના સ્વપ્નની તા'બીર છ મહિના પછી નીકળે છે પણ સવારના સ્વપ્નનું કારણ દસ દિવસની અંદર જ સામે આવી જાય છે. અને સ્વપ્નનો સમય દિવસના જેટલી નજીક હોય છે એટલી જ સ્વપ્નની તા'બીર જલ્દી નીકળે છે.

૩. સ્વપ્ન સમયની અદબથી પ્રભાવશાળી હોય છે, જેમ કે કોઈને રાતના સમયે સ્વપ્ન નજર આવે કે તે સબીલ પર બેઠો છે. એની તા'બીર એ છે એને નફો અને તરક્કી મળશે પરંતુ જો આ જ સ્વપ્ન દિવસના સમયે આવે તો એની તા'બીર આ છે કે તે પત્નીને તલાક દેશે અને જો દિવસે આ સ્વપ્ન આવ્યું કે મરઘીએ કૂતરાને પકડી લીધો છે તો એની તા'બીર એ છે કે સ્વપ્ન જોવાવાળો બીમારીનો શિકાર રહેશે અને આ જ સ્વપ્ન જો રાત્રે આવે તો એનો કોઈ મૂર્ખની સાથે પાલો પડશે.

૪. સ્વપ્નની તા'બીર સવારથી અડધી રાત સુધી જાણવી માન સન્માનની નિશાની છે અને જો એનું સ્વપ્ન એ સમયે આવે કે સૂરજ નીકળીને ઊંચો થઈ જાય તો એવું સ્વપ્ન વિશ્વાસનીય છે.

૫. ઠંડીની ઋતુમાં સ્વપ્ન આવે તો એની તા'બીર કમજોર હોય છે.

૬. વસંતની ઋતુમાં જે સ્વપ્ન આવે એ બરકતવાળો હોય છે પણ એની તા'બીર લાંબા સમયના પછી નીકળે છે.

૭. ગરમીની ઋતુમાં જે સ્વપ્ન જોવામાં આવે છે તો એની તા'બીર જલ્દી નીકળી આવે છે.

૮. પાનખરની ઋતુમાં જે સ્વપ્ન જોવામાં આવે છે એમની તા'બીર સાચી નથી હોતી.



## સ્વપ્નમાં અલ્લાહનો દીદાર

"જો મોમિન બંદો અલ્લાહ તઆલાને સ્વપ્નમાં મિષ્લ બેમિષ્લ જુએ છે તો એ આ વાતની દલીલ છે કે એને અલ્લાહનો દીદાર નસીબ થશે અને એની બધી મુરાદો પૂરી થશે."

**હઝરત ઈબ્ને સીરીન** رضی اللہ عنہ **ફર્માવે છે :–**

"જો કોઈએ સ્વપ્નમાં એ જોયું કે અલ્લાહ તઆલા એનાથી રાઝની વાત કરી રહ્યો છે તો આ એ વાતની દલીલ છે કે આ માણસ ખુદાના નજીક બુઝુર્ગીવાળો છે. અલ્લાહ તઆલા ફર્માવે છે : "અને અમે એને છુપી વાતની નજીક કર્યો."

હઝરત જાબિર મગરિબી رضی اللہ عنہ ફર્માવે છે કે "જો કોઈ વ્યક્તિને સ્વપ્નમાં અલ્લાહ તઆલા શહેર કે ગામના અંદર નજર આવે તો આ એ વાતની દલીલ છે કે અહિંયાના નેક લોકોને સન્માન અને બુઝુર્ગી અને મર્તબો મળશે અને એ સ્થાનથી જુલ્મ અને અત્યાચાર અન્યાયનો ખાત્મો થઈ જશે.

**હઝરત અબ્દુલ્લાહ ઈબ્ને અબ્બાસ** رضی اللہ عنہما **ફર્માવે છે :–**

જો કોઈ વ્યકિતને અલ્લાહ તઆલા મિષ્લ વ બેમિષ્લની હાલતમાં નજર આવે તો એ ભય, ચિંતા, શંકાથી અલ્લાહની પનાહમાં રહેશે અને જો મુસલમાન છે તો એને આખેરતમાં અલ્લાહનો દીદાર નસીબ થશે.

**હઝરત ઈમામ જાફર** رضی اللہ عنہ **ફર્માવે છે કે :–**

"અલ્લાહ તઆલાને સ્વપ્નમાં જોવાની તાવીલ એ સાત કારણો પર છે જે નીચે છે :–

૧. માફી અને બખ્શિશ

૨. બલા અને મુસીબતથી બચાવ

૩. હિદાયત અને દીનમાં મજબૂતી

૪. જાલિમો પર ફતહ

૫. આખેરતના બાદશાહ ન્યાયપ્રિય હશે

૭. સન્માન અને બુઝુર્ગી અને દુનિયા આખેરતમાં ઊંચા દર્જા.

આ કારણ રહમતની નજરની સૂરતમાં છે. જો ખુદા ન કરે નજર પ્રકોપની અને જલાલની છે તો વાત એનાથી ઉલટી છે.

## ★ સ્વપ્નની હકીકત અને એના નિયમો ★

અલ્લાહ તઆલા મને અને તમને પોતાની આજ્ઞાનું સૌભાગ્ય અતા કરે. સ્વપ્ન નબુવ્વતના ૪૬ અંશોમાંથી એક છે એટલા માટે તા'બીર કરવાવાળાના માટે જરૂરી છે કે એ કુર્આનનો વિદ્વાન હોય, નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોનો હાફિઝ હોય, અરબી ભાષા જાણતો હોય અને શબ્દોની બનાવટના નિયમોની જાણકારી ધરાવતો હોય, લોકોના સ્વભાવ એમની હેસિયતોને સારી રીતે જાણતો હોય, તા'બીરના કાયદાઓથી પરિચિત હોય, પાકીઝા નફ્સ, સદ્વર્તાવવાળો અને સાચી જીભવાળો હોય એ હાલતમાં અલ્લાહ સાચી દિશામાં એનું માર્ગદર્શન કરશે અને એને બુધ્ધિજીવીઓની હાલતોથી પરિચિત કરાવશે.

સ્વપ્નની તા'બીરમાં ક્યારેક જમાનાની હાલતો અને ઉતાર ચઢાવની અલગતાને પોતાની સમક્ષ રાખવી પડે છે. ક્યારેક કુર્આન મજીદ અને ક્યારેક હદીષે રસૂલને સામે રાખીને અને ક્યારેક મહાવરાઓનું ધ્યાન રાખીને તા'બીર કરવી પડે છે. ક્યારેક તા'બીરની દિશા સ્વપ્ન જોનારના બદલે એની જેવી બીજા કોઈ વ્યક્તિ કે એના કોઈ નામવાળાની તરફ કરવું પડે છે. ક્યારેક આ તા'બીર માત્ર નામથી ક્યારેક અર્થોમાં, ક્યારેક એના વિરૂધ્ધથી ક્યારેક એની રુચીથી, ક્યારેક અધિકતાથી, ક્યારેક નુકસાનથી કરવામાં આવે છે. કુર્આનના હવાલાઓથી ઈંડાઓની તા'બીર સ્ત્રીઓ છે, કેમ કે અલ્લાહે ફર્માવ્યું : "હૂરો છુપાયેલ ઈંડાઓ જેવી છે." એવી રીતે પથ્થરની તા'બીર સખ્ત દિલ અને કઠોર દિલ છે. અલ્લાહનો ઈર્શાદ છે : "તમારાં દિલ પથ્થરની જેમ બલ્કે એનાથી અધિક કઠોર થઈ ગયાં." તાજા ગોશ્તની તા'બીર આ ઈર્શાદે ખુદાવંદીની બાબત પર ગીબત છે. "શું તમારામાંથી કોઈ પોતાના મુર્દા ભાઈનો ગોશ્ત ખાવાનું પસંદ કરશે ? એને



તો તમે બુરુ સમજો છો."

એવી રીતે અલ્લાહે ફર્માવ્યું : "અમે એને એટલા ખજાનાઓ આપ્યા હતા કે એમની ચાવીઓ એક શકિતશાળી ગિરોહ ઉઠાવતુ હતું." અહીંયા ચાવીઓથી અર્થ માલ છે કેમ કે ખજાનાઓ સુધી પહોંચ ચાવીઓથી જ હોય છે એટલા માટે ચાવીઓની તા'બીર ખજાનાઓ છે અને હોડીની તા'બીર છૂટકારો હશે, કેમ કે અલ્લાહ તઆલાએ ફર્માવ્યું : "અમે એને અને હોડીવાળાઓને નજાત આપી."

કોઈએ સ્વપ્નમાં જોયું કે બાદશાહ આદતની વિરુધ્ધ કોઈ ઘર, શહેર કે મહોલ્લામાં આવ્યો છે. તો એની તા'બીર એ થશે કે એ વસ્તીવાળાઓને મુસીબત કે બેઈજ્જતીનો સામનો કરવો પડશે, કેમ કે ઈર્શાદે બારી છે : "જ્યારે બાદશાહ કોઈ શહેરમાં દાખલ થાય છે તો એને ખરાબ કરી દે છે." અને પોશાકની તા'બીર સ્ત્રીઓ છે, કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે :

"તે તમારો પોશાક છે અને તમે તેમનો પોશાક છો."

નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ની હદીષોથી તા'બીરનો દાખલો એ છે કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ કાગડાનું નામ ફાસિક (નાફર્માન) રાખ્યું છે. આથી કાગડાની તા'બીર બદકાર અને ગુનેહગાર માણસ છે. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ઉંદરડીને "ફાસિકા" અને એક હદીષમાં "ફાહેશા" કહ્યું છે એટલા માટે ઉંદરડીની તા'બીર ફાસિક અને ગુનેહગાર સ્ત્રી છે.

પાંસળીની તા'બીર સ્ત્રી છે કેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ ફર્માવ્યું કે સ્ત્રી વાંકી પાંસળીથી પેદા કરવામાં આવી છે અને દરવાજાની બારશાખની તા'બીર પણ સ્ત્રી છે. કેમ કે હઝરત ઈબ્રાહીમ علیہ الصلوٰۃ والسلام એ પોતાના બેટા ઈસ્માઈલ علیہ الصلوٰۃ والسلام ને આદેશ આપ્યો હતો કે પોતાના દરવાજાની નીચલી બારશાખને બદલી નાખો. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم થી તા'બીરનાં આવાં ઘણા બધાં ઉદાહરણ હાજર છે.

મુહાવરા અને દાખલાઓથી તા'બીરની હાલત એ છે કે જેમ કે કોઈ વ્યકિત સ્વપ્નમાં પોતાના હાથને લાંબો જુએ છે તો તે લોકોની સાથે એહસાન કરશે કેમ કે અરબવાળાઓના મુહાવરાઓના અનુસાર આમ કહેવું છે કે એનો હાથ તારા હાથથી લાંબો છે એ એને અધિક દાનવીર બતાવવું હોય

છે. એ પ્રકારે અરબ ચુગલી કરવાવાળાને લાકડાંઓ વીણવાવાળો કહે છે. એટલા માટે સ્વપ્નમાં લાકડી વીણવાની તા'બીર ચુગલી કરવી છે.

જે વ્યકિત વાયદો પૂરી નથી કરતી એના વિશે અરબી લોકો કહે છે કે આ પોતાના વાયદામાં બીમાર છે. એટલા માટે બીમારીની તા'બીર કપટ છે અને તેલીની તા'બીર છોકરો છે. કેમ કે છોકરો પોતાના બાપની જેમ હોય એને અરબ તેલી કહે છે અને કોઈ વ્યકિત લોકોને તીર, બંદૂક કે પથ્થરથી મારતો જોવા મળે તો એની તા'બીર એ છે કે તે એમની બડાઈ કરી રહ્યો છે. કેમ કે એવા માણસોના વિશે અરબ કહે છે કે એણે ફૂલોને નિશાન બનાવ્યા અથવા એની બડાઈ કરી.

અને કોઈનું એ જોવું કે તે ઘાસ કે સાબુથી હાથ ધુએ છે. આ વાતને સ્પષ્ટ કરે છે કે તે કોઈ ચીજથી નિરાશ થશે કેમ કે અરબમાં આ કહેવું કે મેં તને પોતાનો હાથ ઉશ્નાન (એક પ્રકારની ઘાસ)થી ધોઈ લીધા છે. આ અર્થોમાં કે તારી ભલાઈથી નિરાશ થઈ ગયો અને ઘેટાની તા'બીર એવી વ્યક્તિ છે જે કૌમમાં સન્માનિત અને આદરણીય હોય, આ પ્રકારના કેટલાય દાખલા છે.

જાહેર નામથી તા'બીરનો દાખલો એ છે કે ફઝલ નામની તા'બીર ફઝીલત, રાશિદની રુશ્દો હિદાયત અને સાલિમની તા'બીર સલામતી થશે. આ પ્રકારના દાખલાઓ પણ અસંખ્ય છે.

નામના અર્થની તા'બીરનો એ દાખલો છે કે નરગિસ અને ગુલાબના વિશે કોઈ સવાલ કરે અથવા જેના તરફ સંબંધિત હોય એને જવાબ આપવામાં આવે તો એના અસ્તિત્વ તથા સ્વસ્થ હોવાને સામે રાખતા મનાઈ અને વિરૂધ્ધતાના કારણે ઉંમરમાં કમી અને નિરાશાથી તા'બીર થશે. આ પ્રકારના ઘણા બધા દાખલા છે.

અને વિરૂધ્ધતાથી તા'બીર એ છે કે રડવા પીટવાની સાથે જો ચીસ પુકાર અને ગરેવાન ફાડવાની સ્થિતિ ન હોય તો એની તા'બીર ખુશી હશે અને ખુશી અને નાચની તા'બીર દુઃખ અને ચિંતા અને વિલાપ છે અને બે લોકોમાં લડાઈ કે કુશ્તીના કારણે સ્વપ્નમાં હારનાર જીતનાર સમજવામાં આવશે અને જો કોઈ માણસ સ્વપ્નમાં પોતાની જાતે પછના લગાડે તો



તા'બીર એ થશે કે એના પર કોઈ શર્ત લાગશે કે જો પોતાના પર શરત લાગતી જુએ તો એની તા'બીરમાં એને પછના લાગશે.

જો સ્વપ્નમાં જોવાવાળો કબરમાં દાખલ કરવામાં આવી રહ્યો છે તો તે કેદ થશે. સ્વપ્નમાં એ જોવું કે એવી જગા કેદ કરવામાં આવી રહ્યો છે જેની શકલ અને ત્યાંના રહેવાવાળાને નથી જાણતો અને ત્યાંથી ન નીકળ્યો તો તા'બીર હશે કે તે કબરમાં દાખલ થશે અને લડાઈની તા'બીર અચાનક હુમલો છે.

જો એ જોયું કે એના પર કોઈ દુશ્મને હુમલો કર્યો છે તો તા'બીર છે કે ત્યાં ભરતી આવશે અને ટીડોની તા'બીર લશ્કર છે. એની સેના અને લશ્કરની તા'બીર ટીડો છે. એના ઘણા બધા દાખલા છે અને ટીડો નજર આવે પણ એનો ગણગણાટ ન હોય તો એના તા'બીર છુપાયેલ માલ પર હોય છે. જો ગણગણાટ હોય તો તા'બીર લડાઈ છે.

વાળની તા'બીર માલ અને શણગાર છે પરંતુ આજ વાળ ચહેરા પર પડી જાય કે ગાલો પર અધિક જોવા મળે તો તા'બીર દુઃખ છે. ક્યારેક ક્યારેક એનાથી પોશાક પણ ગણવામાં આવે છે. જો વાળ લપેટાયેલ જોવા મળે તો એના વિશે બુરા શબ્દો કહેવામાં આવશે અને એનાથી તે પોતાનો બચાવ કરી શકશે નહીં. જેણે સ્વપ્નમાં પોતાના વાળ તથા પાંખો જોઈ તો એ માલ તથા દૌલત પામશે અને જો એ જ વાળ તથા પાંખોથી ઉડવા લાગ્યો તો તાબીર એ થશે કે સફર કરશે.

જો સ્વપ્નમાં હાથ કાપવામાં આવ્યો અને એણે એને ઉઠાવી લીધો અને હાથ એની પાસે રહ્યો તો ભાઈ કે બેટાથી લાભ થશે પરંતુ જો કપાયેલ હાથ ન ઉઠાવ્યો તો ભાઈ કે બેટાની તરફથી મુસીબત આવશે.

જો કોઈ રોગી જુએ કે તે સ્વસ્થ થઈ ગયો છે અને ઘરવાળાઓથી વાતચીત કર્યા પછી ઘરથી નીકળ્યો તો સ્વસ્થ થઈ જશે અને વાતચીત ન કરી તો મરી જશે.

જગાઓના વિશે છે કે જો એમના રંગ જુદા જુદા ન હોય તો એ નાપાક સ્ત્રીઓ છે, જો સફેદ કે કાળો રંગ હોય તો તા'બીર દિવસ અને રાત છે.

જો માછલીઓની સંખ્યા ખબર હોય તો સ્ત્રીઓ છે અને ગણી ન શકાય

તો માલે ગનીમત છે. એવા ઘણા બધા દાખલા છે.

અને લોકોની હાલતો અને હેસિયતોના હિસાબથી સ્વપ્નોની તા'બીર જુદી જુદી હોય છે. જે રીતે કોઈ નેક અને સમજદાર વ્યકિત સ્વપ્નમાં જુએ કે એના હાથ કે ગર્દનમાં પટ્ટો છે તો આ સ્વરૂપ સારું છે અને લડાઈ ઝઘડાથી બચેલ રહેશે અને જો નેક અને સારો માણસ નથી તો તા'બીર છે કે અધિકતાથી ગુનાહ કરશે અને જહન્નમમાં જશે. અલ્લાહ પોતાના કરમથી પોતાની પનાહમાં રાખે.

સ્વપ્નોની તા'બીર જુદા જુદા સમયોમાં પણ જુદી જુદી થઈ જાય છે. જેવી રીતે કોઈએ સ્વપ્નમાં પોતાને હાથી પર સવાર જોયો. જો રાતનું સ્વપ્ન હોય તો તે મોટા લાભના કામનો માલિક થઈ જશે અને જો દિવસનું સ્વપ્ન હોય તો તા'બીર એ છે કે પોતાની પત્નીને તલાક આપી દેશે.

જાણી લેવું જોઈએ કે જે સ્વપ્ન રાતના છેલ્લા ભાગમાં કે બપોરના સૂવાના સમયે જોવામાં આવે એની તા'બીર સાચી હોય છે અને ફળોનું પાકવા અને વેચાવાના સમયમાં સ્વપ્ન પણ સાચી તા'બીરવાળાં હોય છે. કમજોર સ્વપ્ન એ છે કે જે શરદી કે વરસાદની ઋતુમાં જોવા મળે.

તા'બીર બતાવનારના માટે જરૂરી છે કે તે સ્વપ્ન જોનારની વાત સારી રીતે સમજે. સ્વપ્નને નિયમો પર પારખે. જે વાત સાચી હોય વાકય એકબીજાથી જોડાયેલ હોય તો તે અસલની નજીક અને શબ્દોથી વધારે નજીક અર્થોના અનુસાર તા'બીર કાઢે. જો સ્વપ્ન એ પ્રકારે ગુંચવાયેલ અને ગુંચવાડાવાળુ હોય કે કોઈ નિયમ પર પૂરું ન ઉતરે તો વિચારોનું ગુંચવાયેલ હોવાની નિશાની છે. સ્વપ્ન એકદમ નકામુ છે અને જો સ્વપ્ન સંદિગ્ધ હોય તો એના પર સ્વપ્ન જોનારના દિલની હાલતોની જાણ કરે, જેમ કે જો સ્વપ્ન નમાઝના વિશે હોય, સફરના વિશે હોય કે નિકાહના વિશે હોય તો એનાથી એના વિશે સવાલ કરે, પછી દિલના ફેંસલાથી એની તા'બીર બતાવે.

જો કોઈ સ્વપ્નની તા'બીર કોઈ બુરા કામ કે બેહયાઈથી હોય તો એને કોઈને ન બતાવે, સ્વપ્નની અસલ તા'બીરને છુપી રાખે કે સારી રીતથી એની તા'બીર બતાવી દે.

જ્યારે અસલ સ્વપ્નની જાતિ અને પ્રકાર અને પ્રકૃતિની જાણ થઈ



જાય તો તા'બીર બતાવનાર એના પર એની તા'બીર સમજે અને તાવીલમાં એના પર ભરોસો કરે. જાતિના હિસાબથી ઝાડ, જાનવરો અને પક્ષીઓની તા'બીર મુર્દા છે, પછી એના પ્રકાર પર વિચાર કરવામાં આવે અર્થાત ઝાડ છે તો કયું ? જંગલી જાનવર કે જંગલી જાનવરો છે તો કયાં ? પછી એના અનુસાર તા'બીર બતાવે.

ખજૂરના ઝાડની તા'બીર એ છે કે એ ઈજ્જતદાર અરબ હશે, કેમ કે ખજૂરનું ઝાડ અરબમાં થાય છે. અખરોટથી સારાંશ ગૈરઅરબ છે, કેમ કે એ ઝાડનો સંબંધ ગૈરઅરબ દેશોથી છે. એ રીતે જો પક્ષી મોટું હશે તો અરબી માણસ છે. મોર હશે તો ગૈર અરબ છે, એના પછી તા'બીર કરનાર એની તબિયત પર વિચાર કરે એ લેહાઝથી ખજૂરના ઝાડની તા'બીર થશે કે આ ઘણો જ ભલાઈ કરવાવાળો છે અને ખાનદાની માણસ છે. ઝાડ અખરોટનું હોય તો તે પ્રપંચ અને ઝઘડો કરનાર હશે, કેમ કે અખરોટને ખડખડાવીને તોડવી પડે છે ત્યાર પછી એનું બીજ પ્રાપ્ત થાય છે.

જો પક્ષી છે તો એના ઉડવાના દાખલાથી તે આદમી સફર કરનાર હશે. મોરની તા'બીર એ છે કે ગૈર અરબનું માન સન્માનવાળો બાદશાહ હશે જેની જનતા ઘણી વધારે હશે. શાહીન કે બાજની પણ એ જ તા'બીર છે. કાગડાના પ્રકારના અનુસાર અનુમાન લગાવીને તા'બીર બતાવનાર અલ્લાહથી હિદાયત મેળવે છે.

## ★ અલ્લાહને સ્વપ્નમાં જોવું ★

જે વ્યકિતએ અલ્લાહને દયાવાનની અવસ્થામાં જોયો તો એને શુભ સૂચના અને પ્રસન્નતા થશે. તે અલ્લાહને કિયામતના દિવસે પોતાના હાલ પર ધ્યાન આપનાર પામશે અને એનો મતલબ એ પણ છે કે દુનિયામાં એના અમલો કબૂલ અને મંજૂર થશે અને જો એણે અલ્લાહને નજર ભરીને જોયો તો તે દુનિયામાં મકબૂલ થશે અને જન્નતમાં દાખલ કરવામાં આવશે.

જો સ્વપ્ન એ હોય કે અલ્લાહ તઆલાએ એને કોઈ દુનિયાની વસ્તુ આપી છે તો તે બીમાર કે બલાનો શિકાર થશે કે એને કોઈ આજમાઈશમાં નાખવામાં આવશે અને આ બીમારી, બલા કે આજમાઈશના સવાબમાં

એને જન્નતમાં દાખલ કરવામાં આવશે. જો કોઈએ અલ્લાહ તઆલાને કોઈ ખાસ મકાનમાં જોયો તો એ મકાનના રહેવાવાળા ભલાઈ, ખુશી અને સફળતાથી સુશોભિત થશે.

જેને અલ્લાહે સ્વપ્નમાં ધમકાવ્યો કે કોઈ કામથી ના કહ્યું, કોઈ વાયદો કર્યો તો સારાંશ એ છે કે તે વ્યક્તિ ગુનેહગાર છે. એણે ગુનાહોને છોડી દેવા જોઈએ અને જેણે અલ્લાહ તઆલાને પોતાની પથારીમાં જોયો અને એ કે એને મુબારકબાદ આપે છે તો એને ખુશખબરી થાય કે એને ખુદાની તરફથી બુઝુર્ગી અને રહમત મળશે, કેમ કે એવું સ્વપ્ન માત્ર નેક અને પરહેઝગાર લોકો જ જુએ છે.

જો કોઈએ ખુદાની તસ્વીર કે કલ્પના કે એના જેવું કાંઈ જોયું તો જાણશો કે સ્વપ્ન જોનાર જૂઠો, ખુદા પર તોહમત લગાડનાર અને બિદઅતી છે. જેથી તેણે તરત તૌબા કરવી જોઈએ. અને એ રીતે જો કોઈએ અલ્લાહને ખરાબ હાલતમાં જોયો તો એને મૂર્તિ, ફોટો કે કોઈ બીજી હાલતમાં જોયો જે એના જમાલ, કમાલ અને જલાલના યોગ્ય નથી તો તે તૌબા કરે, કેમ કે અલ્લાહ તઆલા આ બધી વાતોથી પાક છે.

**હિકાયત :** બયાન કરવામાં આવ્યું છે કે એક વ્યકિતએ હઝરત જાફર સાદિક رضی اللہ عنہ ની સેવામાં રહીને આ સ્વપ્નની તા'બીર પૂછી કે અલ્લાહે એને લોઢુ આપ્યું છે અને સિરકાનો એક ઘૂંટડો પીવડાવ્યો છે. ઈમામ સાહેબે જણાવ્યું કે લોઢાથી મતલબ કઠોરતા છે. એટલા માટે સંભવ છે કે તારા સંતાનમાંથી કોઈ હઝરત દાઊદ علیہ الصلوٰۃ والسلام નું આ કામ શીખી લે, પરંતુ અલ્લાહની તરફથી સિરકા પીવડાવવાની તા'બીર એ છે કે તું લાંબા સમય સુધી એક બીમારીનો શિકાર રહેશે, એ દરમ્યાન તને ઘણો માલ મળશે અને જો એ બીમારીમાં મરી ગયો તો ખુદા તારાથી રાજી થશે અને તારા આગલા પાછલા બધા ગુનાહ માફ કરી દેશે.

### ★ નબીઓ, ફરિશ્તાઓ અને બુઝુર્ગોને જોવા ★

જેણે સ્વપ્નમાં કોઈ ફરિશ્તાને જોયો એને દુનિયામાં માન સન્માન પ્રાપ્ત થશે અને એના શહેરવાળાઓને સફળતા મળશે. ઉચ્ચ અને શ્રેષ્ઠ ફરિશ્તાઓને જોવા ભલાઈ, શહાદત, અધિક વરસાદ અને સસ્તા ભાવની



નિશાની છે. જો ફરિશ્તાઓને મસ્જિદોમાં જોયા તો અર્થ એ છે કે એ જગાના રહેવાવાળાઓને દીનના મામલામાં કમજોર થવા પર સચેત કરતાં તેઓ એમને દુઆ, નમાઝ, સદકા અને ઈસ્તગફારની નસીહત કરી રહ્યા છે. જો ફરિશ્તાઓને બજારમાં જોયા તો તા'બીર એ છે કે તેઓ માપ તોલમાં કમીથી રોકે છે અને જો કબ્રસ્તાનમાં જોયા તો ફકીહો, આલિમો અને આબિદોમાં વબા ફૂટી પડશે. અને જો કોઈએ સ્વપ્નમાં કોઈ અજ્ઞાત વ્યકિતને જોયો અને એને ફરિશ્તો કહેવામાં આવે છે તો તે વાસ્તવમાં મોટો ફરિશ્તો હશે.

જેણે સ્વપ્નમાં નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની ઝિયારત કરી તો આ નેકીની બશારત છે અને એ વ્યકિતથી નેક અમલો થશે. અને જો સ્વપ્નમાં કોઈ નાપસંદ વાત બની ગઈ તો તે દુનિયામાં તંગીનો શિકાર થશે.

જેણે હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને સૂકી જમીનમાં જોયા તો એની તા'બીર એ છે કે ત્યાં હરિયાળી આવી જશે અને જો કોઈએ નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને એ સમયે સ્વપ્નમાં જોયા જ્યારે તે કોઈ તકલીફ કે રંજનો શિકાર હતો તો ત્યાં આગ અને બર્બાદીનું રાજ હશે. જો કોઈએ હુઝૂર صلی اللہ تعالیٰ علیہ وسلم ને અધૂરી અજબ શકલ બીમાર કે મુર્દા સૂરતમાં જોયા કે આપની હાલતને બદલાયેલ જોઈ તો એ સ્વપ્નમાં કોઈ ભલાઈ નથી અને સ્વપ્ન જોનારના દીનમાં નુકસાનનો સબૂત છે.

જેણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને સારાં કપડાં પહેરેલ જોયા તો એનાથી સારાંશ એ છે કે આપની ઉમ્મતના માટે દીન તથા દુનિયામાં ભલાઈ છે અને જેણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વપ્નમાં ચાલતા જોયા તો એની તા'બીર એ છે કે નબી પોતાની ઉમ્મતને જેહાદનો હુકમ આપી રહ્યા છે અને સ્વપ્ન જોનારના દીનમાં ખરાબી છે.

જેણે નબી કરીમ صلی اللہ تعالیٰ علیہ وسلم ને હજ કરતાં જોયા તો તે પોતે હજ કરશે અને જેણે જોયું કે આપ વાઅઝ ફર્માવી રહ્યા છે તો આપની ઉમ્મત આપની ઈતાઅત કરશે અને જેણે એ જોયું કે આપ અરીસો જોઈ રહ્યા છે તો એની તા'બીર એ છે કે આપ ઉમ્મતને અમાનત અદા કરવાની નસીહત કરી રહ્યા છે.

જેણે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ને કાંઈ ખાતા જોયા તો તા'બીર એ છે કે આપ ઉમ્મતને ઝકાત અદા કરવાની પ્રતિ ધ્યાન અપાવી રહ્યા છે અને જેણે નબી

صلی اللہ تعالیٰ علیہ وسلم ને સ્વપ્નમાં પોતાનાં કપડાંઓમાંથી કોઈ કપડાં કે પોતાની અંગૂઠી કે તલવાર કે આ પ્રકારની કોઈ બીજી વસ્તુ આપી તો એનાથી સારાંશ એ છે કે દેશની બાદશાહત, દીનની સુઝબુઝ કે ઈબાદતનો શોખ જે પણ ચીજ નસીબ થઈ ઉચ્ચ દર્જાની હશે.

બીજા અંબિયાએ કિરામ علیہم السلام ને સ્વપ્નમાં જોવા બિલકુલ ફરિશ્તાઓને જોવાની જેમ છે કે હર્યો ભર્યો માહોલ થશે વરસાદ થશે, ભાવ ઓછા થશે, ખુશી અને બરકત થશે. આ પ્રકારની બીજી સફળતાઓ પ્રાપ્ત થશે. જો કે ફરિશ્તાઓને જોવાની તા'બીરમાં શહાદતની પ્રાપ્તિ પણ સામેલ છે જ્યારે કે અંબિયાએ કિરામને જોવામાં નથી.

અને જો એ જુએ કે પાછલા અંબિયાઓમાંથી કોઈ નબી પોતે છે તો જે તકલીફ એ નબીને પહોંચી હતી એને પણ પહોંચશે પરંતુ દુનિયામાં અને આખેરતમાં સફળતા અને ભલાઈ મેળવશે અને દુઃખોથી છૂટકારો પ્રાપ્ત કરશે. એવી રીતે ઉલમા અને નેક લોકો (બુઝુર્ગો)ને સ્વપ્નમાં જોવામાં ઘણી ભલાઈ છે.

સ્વપ્નમાં કા'બા જોવાની તા'બીર એ છે કે તે મુસલમાનોનો ઈમામ છે અને સ્વપ્ન જોનાર એમાં જેટલું ઓછું વધારે જોશે એટલું ઓછું, વધારે ઈમામમાં પણ જાહેર થશે. કા'બાને મક્કાના સિવાય કોઈ અન્ય શહેરમાં જોયો તો એ શહેરવાળાઓને શાંતિ પ્રાપ્ત થશે.

જેણે કા'બા જોયો, એનો તવાફ કર્યો, થોડાક હજના અરકાન પણ અદા કર્યા તો તા'બીર એ છે કે એના દીનમાં બેહતરી છે. જેણે કા'બાને જોયો તે હમેશાં પ્રભુત્વ, ઊંચાઈ અને સફળતા પ્રાપ્ત કરશે એના માટે કા'બા જ ઉમ્મીદવારોનો કિબ્લો અને અસલ ઉદ્દેશ્ય છે જેણે સ્વપ્નમાં કા'બાથી પીઠ ફેરવી લીધી કે એના ઉપર નમાઝ પઢી લીધી તો જાણે કે એણે ઈસ્લામને પાછળ ધકેલી દીધો.

**હિકાયત :** એક વ્યકિત સઈદ બિન મુસૈયબની સેવામાં ઉપસ્થિત થયો અને કહ્યું કે મેં મને પોતાને સ્વપ્નમાં કા'બાની ઉપર નમાઝ પઢતાં જોયો છે. એમણે ફર્માવ્યું કે ખુદાથી ડર ! મારો ખયાલ તો એ છે કે તું ઈસ્લામથી બહાર થઈ ગયો છે. એણે કહ્યું કે હુઝૂર ! હું આપના હાથ પર



અલ્લાહથી તૌબા કરું છું, કેમ કે હું બે મહીનાઓથી **કદરિયા ફિર્કા**ની વાતો પર અમલ કરી રહ્યો હતો.

જેણે સ્વપ્નમાં પોતાની જાતને કિબ્લાની અંદર સીધો નમાઝ પઢતાં જોયો તો જેવું કે તે અલ્લાહની તરફ સીધા રસ્તા પર ચાલી રહ્યો છે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સુન્નત પર અમલ કરે છે. શરત એ છે કે એના રુકૂઅ તથા સજદા અને નેક નિય્યતીમાં કમી ન થાય. કેમ કે નમાઝ અસલમાં અલ્લાહથી મળવાનું સાધન છે અને દીનનો પાયો છે. જો કોઈએ નમાઝમાં કમી જોઈ તો જેટલી કમી નમાઝમાં જોઈ છે એટલી ઉણપ એના દીનમાં છે.

જે વ્યકિત સ્વપ્નમાં કિબ્લાને નથી ઓળખી શકતો. એનાથી એ સ્પષ્ટ થાય છે કે તે દીનના વિશે નવાઈ અને ગુમરાહીનો શિકાર છે. જો સ્વપ્ન જોનારે નમાઝમાં વધારે પડતું કર્યું છે તો જેવું કે એણે ઈસ્લામના અર્કાનોમાંથી કોઈ રુકનના વિશે આપત્તિ કે શંકા કરી છે, જો કોઈએ સ્વપ્નમાં પૂર્વની તરફ મોં કરીને નમાઝ પઢી તે જ **"કદરિય્યા"** ફિર્કામાં થઈ ગયો, જો પશ્ચિમની તરફ મોં કરીને નમાઝ અદા કરી તો 'જબરિય્યા'' ફિર્કામાં શામેલ થઈ ગયો કેમ કે પૂર્વ ઈસાઈઓનો અને પશ્ચિમ યહૂદીઓનો કિબ્લો છે.

એવી રીતે જો કોઈએ સ્વપ્નમાં પોતાની જાતને યહૂદી, ઈસાઈ કે મજૂસી જોયો તો સારાંશ એ છે કે એમને તકલીફ દેવામાં જલ્દી કરશે તેમ છતાં એ એનાથી મહોબ્બત કરશે. જો કોઈએ જોયું કે તે મૂર્તિની ઉપાસના કરી રહ્યો છે તો તે અલ્લાહ પર તોહમત લગાવશે, જૂઠી વાતો કરશે અને બની શકે છે કે શરાબ પીવી અને બીજા ગુનાહ કરવા લાગશે. જો ચાંદીની મૂર્તિની પૂજા કરે તો ગુનાહની નજીક જશે અને પત્નીની સાથે જૂઠ બોલશે. જો મૂર્તિ સોનાની હોય તો સારાંશ એ છે કે પોતાના કાર્યોમાં એને દુઃખ પહોંચશે જે એને પસંદ ન હશે, જો મૂર્તિ લાકડાની હોય તો સ્વપ્ન જોનાર એના નજીક થઈ જશે જે પોતાના દીનના લેહાજથી ખબીષ હશે. જો મૂર્તિ લોઢાની કે તાંબાની હશે તો તા'બીર એ છે કે એ તલબે દુનિયા છે.

કોઈ વ્યકિત સ્વપ્નમાં આગની પૂજા કરે તો તે પોતાના દીનમાં શૈતાનની દખલ જોશે અને જો આગમાં ભડકો ન હોય તો તે હરામ માલના માટે

કોશિશ કરશે. જો કોઈએ સ્વપ્નમાં કિબ્લાની તરફ લોકોની ઈમામત કરી તો એવો વલી (વાલી) થશે જે લોકોની એક જમાઅતના વિશે ફૈસલો કરવાનો માલિક હશે અને પોતાની વિલાયતના સમયમાં ન્યાય કરશે પરંતુ ઈમામત કરવાના સમયે જો કિબ્લો ઠીક ન હતો તો તે પોતાની વિલાયતના જમાનામાં જુલ્મ કરશે.

★ **અઝાબના વિશે :** જો કોઈએ હજના મહીનામાં સ્વપ્ન અઝાન સાંભળી તો તે હજ કરશે. બીજી તા'બીર એ પણ છે કે તે દીનમાં ઉચ્ચ દર્જો મેળવશે. જો આ અઝાન હજના દિવસોના સિવાય સાંભળી કે દરેક સમયે ગલી કૂચાઓમાં અઝાન સાંભળી તો એનાથી તાત્પર્ય એ છે કે લોકોમાં સારી અને સાચી ખબરો ફેલાશે.

★ **મીનારો :** જો કોઈએ જોયું કે મસ્જિદનો મીનારો પડી ગયો છે તો એની તા'બીર એ છે કે એ જગાના રહેવાવાળા ઘણા બધા ધર્મ અપનાવશે. જો કોઈએ સ્વપ્નમાં અઝાન તો આપી પણ પૂરી ન આપી તો તે નેક અને સારો માણસ છે. જો અઝાન હજના મહીનામાં કહી તો તા'બીર એ છે કે તે હજના માટે જશે પણ હજ નહીં કરી શકશે. જો હજના મહિના સિવાય અઝાન કહી તો તાત્પર્ય એ છે કે તે ચોરી કરશે પણ એ ચોરીથી ફાયદો મેળવી શકશે નહીં અને ચોર મશહૂર થઈ જશે.

જો કોઈને સ્વપ્નમાં છીંક આવી ગઈ અને કોઈએ એના પર **યરહમુકલ્લાહ** કહ્યું તો એને હજ અને ઉમરાની બશારત થાય. જો કોઈએ જોયું કે એણે માથું મૂંડાવી લીધું છે, હજના સમયમાં એવું સ્વપ્ન જુએ તો હજમાં જશે. હજનો સમય નથી તો મતલબ એ છે કે એની બધી પૂંજી ખતમ થઈ જશે.

જો કોઈએ સ્વપ્નમાં પોતાને મિમ્બર પર વાઅઝ કરતાં જોયો તો એને લાયક હોવાની સ્થિતિમાં બુઝુર્ગી મેળવે અને મહાન વ્યકિત હોય, નહીં તો સૂળી પર ચઢી જાય.

**હિકાયત :** બયાન કરવામાં આવ્યું કે એક માણસે ઈમામ મુહમ્મદ બિન સીરીં رحمۃ اللہ علیہની સેવામાં હાજર થઈને કહ્યું કે મેં પોતાની જાતને સ્વપ્નમાં



અઝાન કહેતાં જોઈ. એમણે તા'બીર ફર્માવી કે તારા બંને હાથ કાપી નાખવામાં આવશે. પછી એક બીજી વ્યકિત પહેલાની જ હાજરીમાં આવ્યો અને એણે પણ એ જ સ્વપ્ન બયાન કર્યું કે જેવું કે તે અઝાન કહી રહ્યો છે. ઈમામ મુહમ્મદે ફર્માવ્યું : તુ હજ કરીશ. મજલિસમાં હાજર લોકોએ પૂછયું કે બંનેએ એક જેવુ સ્વપ્ન જોયા છતાં તા'બીરમાં ફરક કેમ ? તો હઝરતે જવાબ આપ્યો કે પહેલા વ્યકિતની નિશાની બુરાઈની નિશાની દેખાતી હતી એટલા માટે મેં અલ્લાહ તબારક વ તઆલાના આ કૌલથી તા'બીર આપી.

''પછી અવાજ આપનારે અવાજ આપ્યો કે હે કાફલાવાળાઓ ! તમે ચોર છો.''

અને બીજા વ્યકિતમાં મને નેકીની નિશાની જોવા મળી તો અલ્લાહના આ કૌલથી તા'બીર આપી ''અને લોકોમાં હજનું એલાન કરો.'' જેથી એ જ થયું જે આપે કહ્યું હતું.

ક્યારેક અઝાન સૂચના અને ખબર કરવાના માટે પણ હોય છે અને સ્વપ્નમાં કુર્આન મજીદ પઢવાનો મતલબ એ છે કે સ્વપ્ન જોનાર ઈલ્મ અને હિકમતનો હામિલ હશે અને કુર્આનની કિરાઅતથી મતલબ એ છે કે એ સાચું કલામ છે.

## ★ આસમાન, સૂરજ, ચાંદ, કિયામત, જન્નત અને જહન્નમ તથા દુનિયાની આગ જોવી ★

જેણે સ્વપ્નમાં જોયું કે તે આસમાન પર ચઢી અને એમાં દાખલ થઈ ગયો તો તા'બીર આ છે કે એને શહાદત નસીબ થશે. અલ્લાહની તરફથી મહાનતા મળશે, પુલસિરાતને સારી રીતે પાર કરશે, દુનિયામાં પણ સન્માન મળશે અને લોકો એનો ઉલ્લેખ સારી રીતે કરશે, અને જો કોઈએ જોયું કે તે આસમાનમાં છે, ચઢવાની કોઈ ખબર નથી તો એને પહેલાં દુનિયામાં સન્માન મળશે, પછી શહીદ થશે.

★ **સૂરજ :** સૂરજની તા'બીર એ છે કે ક્યારેક એની તા'બીર દેશથી કરવામાં આવે છે, ક્યારેક માં, બાપમાંથી કોઈ એકની સાથે. જાણે કોઈએ જોયું કે એણે સૂરજનો જેટલો ભાગ એણે પકડયો છે (શર્ત એ છે કે

તે સાફ હોય અને કિરણો હાજર હોય) એના અનુસાર દેશ એને મળશે. અને સૂરજના નૂર જેવી કોઈ વસ્તુ જોવા મળી અને એના કિરણો સ્વપ્ન જોનાર પર પડતાં જોવા મળ્યાં તો મતલબ એ છે કે એને મોટો દેશ અને મોટો વારસો નસીબ થશે. જો સૂરજમાં ગ્રહણ પરિવર્તન કે ઉણપ જોવા મળ્યું તો આ હાલત એના દેશને કે એના માં બાપમાંથી કોઈ એકને પેશ આવશે પરંતુ એ સ્વપ્નમાં કોઈ એવી વાત પણ જોવા મળે જે દેશમાં કોઈ પરિવર્તન કે બદલાવ પર દલાલત ન કરતી હોય તો પછી આ બદલાવ કે કમી એના મા બાપમાંથી કોઈ એક પર થશે. જો કોઈએ સ્વપ્નમાં સૂરજથી ઝઘડો કર્યો તો તા'બીર એ છે કે એના દેશમાં ઝઘડો થશે કે એના માં બાપમાંથી કોઈની સાથે ઝઘડો થશે.

જો કોઈ જુએ કે સૂરજ એના ઘરે ઉગ્યો છે તો અપરણિત હોવાની સૂરતમાં બાદશાહની તરફથી એને ઘણો આદર સન્માન મળશે. જો કોઈએ જોયું કે સૂરજને બદલવા કે કોઈ બીજી વસ્તુને ઢાંકી દીધી છે તો એનો મતલબ એ થશે કે એ બીમાર થઈ જશે કે એને દેશથી કે માં બાપ સંબંધે કોઈ ચિંતા પેશ આવશે.

**હિકાયત** : કહેવામાં આવ્યું છે કે એક માણસ હઝરત જાફર સાદિક رضی اللہ عنہની સેવામાં હાજર થયો અને કહ્યું કે મેં સ્વપ્નમાં સૂરજને મારા શરીર પર ઉગતાં જોયો છે. આપે તા'બીર બતાવી કે એને બાદશાહની તરફથી મોટું સન્માન અને મોટું પદ મળશે અને દુનિયામાં પણ સન્માન મેળવશે. એક બીજી વ્યક્તિએ કહ્યું કે મેં સ્વપ્નમાં સૂરજને મારા પગોની તરફ ઉગતાં જોયો છે. આપે ફર્માવ્યું કે જ્યાં જ્યાં તારા પગ જશે બાદશાહની તરફથી તને ખાવા કમાવાને માટે અનાજ, ફળ અને જમીનની પેદાઈશ પ્રાપ્ત થશે તો તું એનાથી લાભ મેળવીશ.

**★ ચાંદ તથા તારા :** ચાંદની તા'બીર ક્યારેક મંત્રી થાય છે, ક્યારેક પત્ની અને ક્યારેક સુંદર દીકરો. જેણે સ્વપ્નમાં પોતાની જાતને ચાંદનો માલિક જોયો તો તે મંત્રી બનશે. જો ચાંદને ગ્રહણ લાગેલ જોયો કે એમાં લાલાશ કે અંધકાર જોવા મળ્યો તો સારાંશ એ છે કે જેનાથી ચાંદનો સંબંધ હશે એમાં એ જ પરિવર્તન કે નુકસાન હશે. જો કોઈએ સ્વપ્નમાં



તારા જોયા તો તે કોઈ મંત્રીથી કે કૌમના સજ્જન લોકોની તરફથી સન્માન મેળવશે.

જેણે ચાંદને પોતાના ખોળામાં જોયો અને હાથમાં ઉઠાવી લીધો તો એની તા'બીર એ છે કે એને ત્યાં દીકરો પેદા થશે જેનાથી એને લાભ થશે. જો ચાંદ ઘરમાં કે પથારી પર જોવા મળે તો સ્વપ્નમાં જેટલો સુંદર ચાંદ જોયો છે એટલી જ સુંદર પત્ની મળશે અથવા એના ઘરે દીકરો થશે અથવા કોઈ નવી વાત ઉપસ્થિત થશે.

તારાઓની તા'બીર સજ્જન મનુષ્યોથી કરવામાં આવે છે. જો કોઈએ તારાઓમાં કોઈ વિશેષ ગુણ કે પરિવર્તન પામ્યું તો એ જ વાત એ શહેરના સજ્જનોમાં પેદા થશે.

જેણે સ્વપ્નમાં તારાઓને હાથમાં પકડી લીધા એને ત્યાં નેક દીકરો ભલી હેસિયતની હાલતમાં હોવા છતાં કંગાલ થઈ જશે અને જો મોહતાજે આ સ્વપ્ન જોયું છે તો એને શહાદત નસીબ થશે. જો કોઈએ એક તારો જોયો તો તે અશુભ હાલતનો શિકાર થઈ જશે, કેમ કે તે સપાટ મેદાન નજર આવે છે અને જેણે જોયું કે આસમાન તારાઓને ઘુમાવી રહ્યું છે તો તે સફર કરશે.

**થોડીક હિકાયત** : કહેવામાં છે કે એક સ્ત્રી હઝરત મુહમ્મદ બિન સીરીં رحمۃ اللہ علیہ ની સેવામાં ઉપસ્થિત થઈ તો આપ બપોરનું ખાવા ખાઈ રહ્યા હતા. સ્ત્રીએ કહ્યું : મેં એક સ્વપ્ન જોયું છે. હઝરતે કહ્યું : બયાન કર ! તેણીએ વિનંતી કરી, પહેલાં આપ ખાવા ખાઈ લો તો હું પછી જણાવું. જ્યારે આપ ખાવા ખાઈ ચૂક્યા તો તેણીને કહ્યું કે હવે બતાવ તેં સ્વપ્નમાં શું જોયું છે ?

સ્ત્રીએ કહ્યું : મેં જોયું કે ચાંદ સુરૈયા (તારા)માં દાખલ થઈ ગયો છે અને પાછળથી મને અવાજ આવ્યો કે અય સ્ત્રી ! મુહમ્મદ બિન સીરીંની પાસે જઈને પોતાનું સ્વપ્ન બતાવજે. એમણે સ્ત્રીને કહ્યું : જરા ફરીથી તો બતાવ ! સ્ત્રીએ બીજીવાર બયાન કર્યું. આપનો ચહેરો પીળો પડી ગયો અને પેટ પકડીને ઉભા થઈ ગયા. આપનાં બહેને પૂછયું : આપને શું થઈ ગયું છે કે આપ પીળા પડી ગયા છો ? આપે કહ્યું કે એવું કેમ ન થાય ! આ

સ્ત્રીના સ્વપ્નનો મતલબ એ છે કે હું સાતમા દિવસે દફન કરી દેવામાં આવીશ. આથી આપનો ઈન્તેકાલ થઈ ગયો અને સાતમા દિવસે આપને દફન કરી દેવામાં આવ્યા.

કહેવાય છે કે એક વ્યકિતએ હઝરત જાફર સાદિક رحمۃ اللہ علیہ ના સામે હાજર થઈને કહ્યું કે મેં સ્વપ્નમાં ચાંદને ગળે લગાવી લીધો છે. એના પર ઈમામ જાફર رضی اللہ عنہ એ એને પૂછયું : તારી શાદી તો નથી થઈ ? એણે કહ્યું : ના ! ફર્માવ્યું, તારી શાદી આપણા જમાનાની બધાથી સુંદર સ્ત્રી સાથે થશે એના પછી તે વ્યકિત થોડાક સમયના માટે જોવા ન મળ્યો. જ્યારે બીજીવાર આવ્યો તો કહેવા લાગ્યો કે હઝરત ! મેં મદીના તયબહ્‌ની એવી સ્ત્રીથી શાદી કરી હતી જેનાથી સુંદર સ્ત્રી કોઈ બીજી ન હતી, પરંતુ કાલે મેં સ્વપ્નમાં જોયું કે હું ચાંદને ઉઠાવી રહ્યો છું. આપે ફર્માવ્યું કે તારી પત્ની ગર્ભવતી છે એનાથી તારો એક પુત્ર પેદા થશે તે પોતાના યુગનો સૌથી સુંદર હશે. એણે કહ્યું : આપે ઠીક ફર્માવ્યું, ખુદાની કસમ ! તેણી ગર્ભવતી છે. આથી ઈમામ સાહેબની તા'બીરના અનુસાર એવી ઘટના ઉપસ્થિત થઈ. અલ્લાહ એમના પર પોતાની રહમત મોકલે.

જ્યારે ઈમામ શાફઈ رضی اللہ عنہ માંના પેટમાં હતા તો એમની માં એ સ્વપ્નમાં મુશતરી તારાને પોતાના શરીરથી નીકળતાં જોયો. તે મિસરમાં ઉતર્યો પછી ત્યાંથી ઝડપી ગતિએ દોડયો અને એનામાંથી મોટી મોટી ચિંગારીઓ ઉડીને દરેક શહેરમાં પડી. પછીથી એમનાં માં એ એમનાથી આ સ્વપ્ન બયાન કર્યું તો એમની બતાવેલ તા'બીરના મુજબ કોઈ શહેર કે ગામ એવું ન બચશે જ્યાં આપના ઈલ્મ અને મઝહબનો પ્રચાર ન થયો હોય અને તા'બીરના મુજબ આપને ઉચું સ્થાન મળ્યું. અલ્લાહ બધા પર રહમત ઉતારે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે કિયામત આવી ગઈ છે તો જે જગાને એણે જોઈ ત્યાં ન્યાયનું ચલણ હશે. અને જો ત્યાંના રહેવાવાળા અત્યાચારી હશે તો અલ્લાહ તઆલા એમને સજા આપશે, મઝલૂમ હશે તો એમની મદદ કરશે, કેમ કે કિયામતનો દિવસ ન્યાયનો દિવસ છે અને જેણે એ જોયું કે તે અલ્લાહની સામે ઉભો છે તો એનો મામલો ઘણો કઠોર છે અને આ



સ્વપ્ન બિલ્કુલ સાચું છે. કિયામતની ભયાનકતાઓમાંથી કોઈ વાત જોનારનો પણ એ જ હાલ છે.

જો કોઈએ પોતાને જન્નતમાં દાખલ થતાં જોયો છે તો અવશ્ય જન્નતમાં જશે અને સ્વપ્ન એના પાછલા નેક કામોની કબૂલિયતની શુભ સૂચના છે. જો કોઈએ સ્વપ્નમાં જન્નતનાં ફળ ખાધાં કે એને કોઈએ જન્નતના ફળ આપ્યાં તો જન્નતનાં ફળની તા'બીર સારી વાતો છે, નેકી અને ભલાઈની એ વાતો જે આ ફળોના અનુસાર હોય પરંતુ જો એને એ જન્નતનાં ફળ મળ્યાં પરંતુ ખાધાં નહીં કે ખાવાનો મોકો મળ્યો નહીં તો તા'બીર એ છે કે એના દીનમાં તો ભલાઈ છે પણ એના માટે ભલાઈવાળી નથી. ક્યારેક એની તા'બીર એવા ઈલ્મથી પણ દેવામાં છે જેનાથી લાભ પ્રાપ્ત થઈ શકે.

જેણે સ્વપ્નમાં જન્નતનાં ઝરણાઓનાં પાણી પીધાં કે જન્નતના કપડાં પહેર્યાં તો એનાથી સારાંશ એ છે કે તે આશાના અનુકૂળ દુનિયા અને આખેરતમાં પોતાનો મકસદ અવશ્ય હાંસલ કરી લેશે. જો જન્નતના બાગ, ઝરણાં અને હૂરો સ્વપ્નમાં જોવામાં આવી તો તા'બીર એ છે કે સ્વપ્નમાં જોવામાં આવેલ નેઅમતો અનુસાર પોતાનો તકવો અને નેકીના હવાલાથી દુનિયા અને આખેરતમાં નેઅમતો મેળવશે.

અને જેણે જોયું કે તે જહન્નમમાં દાખલ થયો છે તો એની તા'બીર એ છે કે એનાથી ઘણી ભૂલો થશે અને તે સ્વપ્ન તા'બીરમાં પણ જન્નત જોવાની વિપરિત જહન્નમનું જોવું વિનાશ જ સ્પષ્ટ કરે છે આથી એવું સ્વપ્ન જોનારે તૌબા કરવી, નફસની સાથે જેહાદ કરવી અને નેક કામ કરવામાં જલ્દી કરવી જોઈએ. અને જો સ્વપ્ન જોનારને જહન્નમથી કોઈ તકલીફ ન પહોંચે તો જેટલો ભાગ જોયો છે દુનિયામાં એટલું જ દુ:ખ વેઠશે.

દુનિયાની આગની તા'બીર જુદી જુદી હાલતોમાં જુદી જુદી હોય છે જેમ કે જો આ શહેર મહોલ્લાઓ કે ઘરમાં આગ લાગેલ જોવા મળે જ્યાંની જમીન પડતર છે અને આગમાં લપેટ પણ છે, ભડકાઓ પણ છે જે ચીજ પર તે પડે છે એને ખાઈ જાય અને આગમાં ભયાનક અવાજ પણ છે તો આગ અને લપેટના અનુમાનના અનુસાર એ જગા પર જુલ્મ થશે અને જો જમીન પડતર નથી તો ત્યાં પ્લેગ, શીતળા, વરસાદ કે મોતનું બજાર ગરમ

થશે. જો આગમાં લપેટ અને આગ ન હોય, અવાજ પણ ન હોય અને જે ચીજો પર પડે એમનામાંથી થોડાકને સળગાવી દે, થોડીકને છોડી દે તો તા'બીર છે કે વાત વાતમાં એની કોઈનાથી સખત લડાઈ થશે પણ કોઈ નુકસાન ન થશે. જો આગ જોઈ કે જો એમાં ધુમાડા પણ હોય તો ઝઘડાથી આસાનીથી પતી થવાની નિશાની છે. જો સ્વપ્ન એવું છે કે આગ કોઈ જગાએથી આસમાનની તરફ ઉઠી છે તો સમજો કે ત્યાં રહેનારાઓએ અલ્લાહથી જંગ શરૂ કરી દીધી છે. એ લોકો મુસીબતનો શિકાર થઈ રહ્યા છે અને અલ્લાહ પર તોહમત લગાડી છે.

જો સ્વપ્ન જોનાર પોતે કે કોઈ બીજો સળગતી આગને તાપી રહ્યો છે તો એનાથી સારાંશ એ છે કે કોઈ એવા કામને તરક્કી દેશે જેનાથી એને લાભ થશે અને એની અછત દૂર થઈ જશે. કેમ કે ઠંડક એ ફિકર અને અછતની અને ગરમી એ માલ દૌલતની નિશાની છે.

જો કોઈએ જોયું કે તે આગ પર ગોશ્ત શેકી રહ્યો છે તો તા'બીર એ હશે કે તે પોતાની જીભના કારણે લોકોની જે ગીબતનું નિશાન બની ગયો હતો એનાથી બચી જશે અને જો એને એ શેકેલ ગોશ્તમાંથી કાંઈક ખાઈ લીધું તો એને રોજી ઓછી અને દુઃખ અધિક મળશે. એટલા માટે કે શેકવાની તા'બીર દુઃખ તકલીફનો બોજ છે. અને જો એ આગ પર હાંડલી રાંધે તો એને કોઈ બાબતમાં ઘરવાળાઓથી લાભ પ્રાપ્ત થશે એટલા માટે કે હાંડલીઓની તા'બીર ઘરના સ્વામીથી થાય છે અને જો હાંડલીઓમાં ખાવા ન હોય તો તે પોતાની કોઈ વાતથી ઘરના સ્વામીને ગુસ્સો દેવડાવીને કોઈ અયોગ્ય વાત પર ઉશ્કેરશે.

અને જો એ આગથી એ કપડાં કે શરીરનો કોઈ ભાગ સળગતો જોયો તો એનો અર્થ એ છે કે એ કપડાં કે અંગ પર કોઈ મુસીબત આવશે અને જો તે આગ જે એનાં કપડાંઓ કે શરીરનો કોઈ ભાગ સળગાવી રહી છે એમાં લપેટ અને ભડકો પણ હોય તો એને બાદશાહની તરફથી નુકસાન પહોંચશે પરંતુ જો આગમાં લપેટ ન હોય તો કોઢની બીમારીની નિશાની છે.

જો કોઈએ સ્વપ્નમાં એ આગને ખાધી જેમાં લપેટ નથી તો તે યતીમનો માલ ખાઈ રહ્યો છે જો એમાં લપેટ પણ છે તો લોકો એની વિરૂધ્ધ અંદરો



અંદર વાતો કરશે અને એને તકલીફ પહોંચશે. જો કોઈએ જોયું કે એને આગની લપેટે દઝાડી દીધો છે તો તે લોકોની વાતોનો નિશાન બનશે અને એ એની ગીબત કરશે અને આગથી દઝાવવાનો અર્થ એ છે કે જેટલો દાગ નજર આવે એટલી બુરી વાતો એને સાંભળવી પડશે. અને ચિંગારીઓની તા'બીર બુરી જીભ છે. જો સ્વપ્નમાં ચિંગારીઓ એના પર આવી રહી છે તો તે બુરી અને અણગમતી વાતો સાંભળશે અને જો ચિંગારીઓ વધારે પડશે તો એને કઠણાઈનો સામનો કરવાનો હશે. અને હાથમાં આગનો ભડકો જોવાથી સારાંશ એ છે કે એને બાદશાહથી તકલીફ પહોંચશે. જો બજાર કે દુકાન પર આગ પડતી જુએ તો તા'બીર એ છે કે વેપારના માલની ખપત અધિક થશે પણ કિંમત હરામ થશે.

જો કોઈએ ઘરમાં તે જ રોશનીનો દીવો જોયો તો એ ઘરની ઘણી સારી હાલત હોવા પર દલીલ કરે છે. જો રોશની કમજોર છે તો એની જરૂરિયાતથી ઘરની હાલત બેહતર હશે, જો દીવો ઓલવાઈ જાય અને સ્વપ્નમાં એને ઓલવાવાનું કારણ ખબર ન હોય તો તા'બીર એની એ છે કે એની હાલત બદલાશે અને એનાથી રોશની કે હિદાયત પ્રાપ્ત કરશે કેમ કે રોશનીની તા'બીર ઈલ્મ અને હિકમત છે જેનાથી લોકો લાભ મેળવે છે. જો કોઈએ જોયું કે રાખ ભેગી કરી રહ્યો છે, જો કોઈ આગને જમા કરી રહ્યો છે અને તે સળગતી નથી તો એનાથી તાત્પર્ય એવું ઈલ્મ છે જે લાભકારક ન હોય.

## ★ વરસાદ, વીજળી, ગર્જના, દરિયો, હોડી, ચક્કીઓ અને સ્નાનાગાર અને હવાનું જોવું ★

વરસાદની તા'બીર ફરિયાદ કરનારની મદદે પહોંચવું અને રહમત કરવી છે પણ વરસાદ કોઈ વિશેષ ઘર કે મહોલ્લામાં પડતો જોવા મળે અને બાકી સ્થાનો પર ન હોય તો જ્યાં વરસાદ પડી રહ્યો છે ત્યાંના રહેનારા ભૂખ, બીમારીઓ, દુઃખ અને દુનિયાના નુકસાનોનો શિકાર થશે અને ઉણપ એનાથી તાત્પર્ય કઠણાઈયો છે જે ત્યાંના લોકો વેઠશે. જો આસમાનથી ઘી, મધ, ઝૈતૂન કે દૂધ વગેરેનો વરસાદ નજર આવે તો માનો ત્યાંના રહેનારાઓ પર માલ, દૌલત અને ભલાઈ અને રોજી આસમાનથી ઉતરશે એ પ્રકારે દરેક સારા વરસાદની તા'બીર સારી હશે.

**હિકાયત** : બયાન કરવામાં આવ્યું છે કે એક વ્યકિત હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની સેવામાં હાજર થયો અને એમનાથી પોતાનું સ્વપ્ન સંભળાવ્યું કે વાદળ આવ્યું છે અને આસમાનથી મધ અને ઘી વરસવા લાગ્યું છે અને લોકો એને લૂટી રહ્યા છે, કોઈને વધારે મળી રહ્યું છે કોઈને ઓછું. હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ તાબીર આપી કે વાદળથી. સારાંશ ઈસ્લામ છે અને ઘી તથા મધની તા'બીર ઈસ્લામની મીઠાશ છે એ પ્રકારે દરેક સારી ચીજના વરસાદને જોવું ભલાઈઓ મળવી છે.

એક માણસે ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ની સેવામાં હાજર થઈને કહ્યું કે મેં સ્વપ્નમાં પોતાની જાતને એક દિવસ અને રાત પલળતાં જોયી છે. આપે એની તા'બીર એ બતાવી કે ઘણું સારું સ્વપ્ન જોયું છે, તારા પર રહમતનો વરસાદ છે અને તારા માટે શાંતિ અને રોજીની વૃધ્ધિની ખુશખબરી છે. એવી રીતે એમનાથી એ વ્યકિતના વિશે પૂછવામાં આવ્યું જેણે સ્વપ્નમાં ખાસ પોતાના માથા પર વરસાદ પડતો જોયો, તો આપે તા'બીર કહી કે તે વ્યક્તિ ગુનેહગાર છે એના ગુનાહ વધારે થઈ ગયા છે અને એની ભૂલોએ એને ઘેરી લીધો છે. શું એણે અલ્લાહ તઆનો આ ઈર્શાદ નથી સાંભળ્યો : "અમે એમના પર વરસાદ વરસાવ્યો તો જે લોકોને ડરાવવામાં આવ્યા છે એમના પર બુરો વરસાદ થયો."

હવાની સાથે ગર્જના થવાની તા'બીર જાલિમ અને તાકાતવર બાદશાહ છે અને વીજળી મુસાફરના માટે ડરની અને મુસાફર ન હોય તેના માટે લાલચની નિશાની છે. કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : "અલ્લાહ એ છે જે તમને ડર અને ઉમ્મીદના માટે વીજળી દેખાડે છે." એ પણ તા'બીર છે કે જો વરસાદ હોય અને ગર્જના ન હોય તો મુસાફિર અને ગૈરમુસાફિર બંનેના માટે ડરની નિશાની છે અને ગર્જનાની સાથે વરસાદની તા'બીર તંદુરસ્તી છે.

સ્વપ્નમાં ઘનક જોવા મળે અને લીલું હોય તો દુષ્કાળથી બચવાની નિશાની છે, પીળુ હોય તો બીમારી અને લાલ હોય તો લડાઈ અને મારકાપની નિશાની છે. એ પણ કહેવામાં આવ્યું છે કે ઈન્દ્રધનુષને સ્વપ્નમાં જોનારની શાદી થશે. પુર એ દુશ્મનોની ભીડની દલીલ છે અને નાળીઓમાંથી પાણીનું



વહેવું હરિયાળીની નિશાની છે.

વાદળની તા'બીર સુઝબુઝ અને ઈલ્મ રહમત છે. એમાં આંધી અંધકારયમ અને ખતરનાક હોય તો અઝાબ છે નહીં તો દીન ઈસ્લામની નિશાની છે. જો કોઈ જુએ કે વાદળનો માલિક બની ગયો છે કે એને ભેગુ કરી રહ્યો છે કે એમાં ચાલી રહ્યો છે કે એની ઉપર સવાર છે તો અમે જે ચીજોની ઉપર વાત કરી છે એને એનામાંથી મહત્વપૂર્ણ ચીજ પ્રાપ્ત થશે.

**હિકાયત** : બયાન કરવામાં આવ્યું છે કે હઝરત જાફર સાદિક رضی اللہ عنہ થી પૂછવામાં આવ્યું કે કોઈ માણસ સ્વપ્ન જુએ કે વાદળને ખાઈ રહ્યો છે કે એની સામે ઘણુ બધુ વાદળ હાજર છે તો એની તાબીર શું છે ? આપે ફર્માવ્યું કે સ્વપ્ન સારું છે. તે વ્યકિત ઈલ્મ પ્રાપ્ત કરશે, ખ્યાતિ અને સન્માન મેળવશે, ગર્વ પ્રશંસાથી સન્માનિત થશે, ઉચ્ચ દર્જો અને ઈજ્જત એટલી મેળવશે કે એટલી કોઈ બીજાએ નથી મેળવી.

ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ થી એક માણસના વિશે પૂછવામાં આવ્યું કે એણે વાદળને પોતાની ઉપર પડછાયો કરતાં જોયું છે તો આપે ફર્માવ્યું કે જો એ માણસ બીમાર છે તંદુરસ્તી મેળવશે. કરજના બોજનો શિકાર છે તો તે અદા થશે. ફકીર છે તો ખુદા એને માલદાર કરી દેશે. મઝલૂમ છે તો એની મદદ થશે, એટલા માટે કે વાદળ અને જે કાંઈ એમાં છે બધું રહમત છે. અને જંગોના ઝમાનામાં વાદળ નબી પર પડછાયો કર્યા કરતુ હતું.

કરા અને બરફ અને ઝાકળની તા'બીર દુઃખ, ચિંતા અને અઝાબ છે જેથી બરફ પડનાર વિસ્તારમાં સ્વપ્નમાં કોઈને થોડો બરફ જોવા મળે તો એનાથી સારાંશ એ છે કે ત્યાંના રહેવાસીઓને હરિયાળી નસીબ થશે. એ પ્રમાણે કરાની તા'બીર પણ દુઃખ અને ચિંતા છે પરંતુ સ્વપ્નમાં પાણીને વાસણથી ખોબામાં લઈ લીધું અને તે જામી ગયું તો આ વાત એ ચીજની નિશાની છે કે જમા કરવામાં આવેલ માલ એની પાસે જમા અને બાકી રહેશે અને સ્વપ્નમાં કરા જોવાથી કોઈ પણ પ્રકારની ભલાઈ મતલબ નથી.

કૂવાથી તાત્પર્ય ઈન્સાનની જમા પૂંજી છે જેણે સ્વપ્નમાં કૂવો ખોદવાનો ઈરાદો કર્યો પણ ખોદી ન શકયો તે ખાવા કમાવાને માટે કોશિશ કરશે પણ રોજી ઓછી મેળવશે, જેણે જોયું કે એણે પોતાના ઘરમાં કૂવો ખોદ્યો અને

પાણી એમાં જોશ મારીને ઉપર આવી ગયું તો એના માલમાં વૃધ્ધિ થશે અને અલ્લાહ તઆલા એને મહેનત અને પરિશ્રમના વગર પાક માલ પ્રદાન કરશે. જો કોઈએ સ્વપ્નમાં પાણીને ઘરેથી અને એના કૂવાથી બહાર નીકળતાં જોયું તો એનો વધારે પડતો માલ બર્બાદ થઈ જશે, થોડો બાકી રહેશે. જેણે જોયું કે ઝરણામાંથી પાણી નીકળીને ખેતીને આપી રહ્યો છે તો તાત્પર્ય છે કે તે અલ્લાહની રાહમાં માલ ખર્ચ કરશે. અને જો કોઈ જુએ કે તે ઝરણામાંથી પાણી કાઢીને વહાવતો જાય છે તો તાત્પર્ય એ છે કે તે રકમ એવા કામમાં લાવશે જેનાથી ન એને લાભ થશે ન નુકસાન. જો ઝરણામાંથી પાણી કાઢીને લોકોને આપી રહ્યો છે કે પીવડાવી રહ્યો છે તો તા'બીર છે કે તે અત્યંત સારી હાલતમાં જીવન પસાર કરશે અને પોતાના માલમાંથી યતીમો અને ગરીબોની દેખભાળ કરશે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે ઝરણામાંથી પાણી કાઢીને ઝાડોના મૂળોમાં નાખી રહ્યો છે તો તે યતીમોનું લાલન પાલન કરશે અને જો કોઈએ જોયું કે તે પાણી કાઢી રહ્યો છે અને એનાથી કોઈ ગંદી કે નાપાક ચીજ નીકળી છે તો તા'બીર એ છે કે તે પોતાના માલમાં હરામની મિલાવટ કરી રહ્યો છે.

જેણે સ્વપ્નમાં જોયું કે એની ડોલ તૂટી ગઈ છે તો તાત્પર્ય એ છે કે એનો લોકોની સાથે નેકી કરવાનો સિલસિલો ખતમ થઈ જશે અને ક્યારેક કૂવાની તા'બીર ધોકો અને ફરેબ, દુઃખ તથા ચિંતા થાય છે અને જો કોઈ કૂવામાં પડી ગયો કે એમાં દાખલ થઈ ગયો હોય તો હઝરત યૂસુફ عليه الصلوة والسلام ની જેમ સફળ અને કામયાબ થશે.

નહેરનું નાનું કે મોટુ હોવાનો મતલબ એની તા'બીર માણસથી કરવામાં આવે છે. જે માણસ સ્વપ્નમાં નહેરમાં દાખલ થયો અને જેટલું દુઃખ અને ભય એને અનુભવાય એટલું જ દુનિયામાં થશે, જો કોઈને નહેર દોહરાયેલી લાગી પણ એણે એમાંથી જે પાણી પીધું તે સાફ હતું તો એને ભલાઈ નસીબ થશે અને એનું જીવન શ્રેષ્ઠ પસાર થશે અને જો નહેર પણ દોહરાયેલી છે અને એમાંથી પાણી પણ દોહરાયેલું પીધું તો એણે જેટલું પાણી પીધું એટલી બીમારી અને દુઃખ તથા ચિંતાનો શિકાર થશે.



જેણે સ્વપ્નમાં જોયું કે તે નહેરથી પાણી પી રહ્યો છે તો નહેર જેટલી નાની કે મોટી હશે એ હિસાબથી એને કોઈ માણસથી માલ મળશે અને જે સ્વપ્નની હાલતમાં નહેર કે દરિયા કે ઝરણામાં રહ્યો કે બીજી કોઈ ગભરાહટ કે ડર અથવા અપમાન અનુભવાયો નહીં તો એની તા'બીર એ છે કે એના બધાં દુઃખ દર્દ દૂર થઈ જશે અને એને ખુશી અને તંદુરસ્તી પ્રાપ્ત થશે અને જો એવું સ્વપ્ન જોનાર દુઃખદ કે તંગીની અવસ્થામાં હશે તો તે દુઃખ અને તંગીથી છૂટકારો મેળવશે. જો બીમાર હશે તો અલ્લાહ તઆલા એને તંદુરસ્તી આપશે, કરજનો બોજ હશે તો ખુદા એની અદાયગીનો રસ્તો કાઢશે. જો એને કોઈ પ્રકારે ભય હોય તો ભયથી અને કેદમાં હોય તો કેદથી અલ્લાહ એને છૂટકારો આપશે. કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે :

''પોતાનો પગ જમીન પર માર, આ ઠંડુ ઝરણું નાહવા અને પીવાના માટે છે, અમે એને એનાં ઘરવાળાં અને એની જેવાં બીજાં બખ્શ્યાં આ અમારો કરમ હતો અને અકલમંદોના માટે નસીહત.''

અને જો કોઈએ એ જોયું કે નહેરને પાર કરીને બીજા કિનારે જઈ પહોંચ્યો તો એનાં દુઃખ, દર્દ ખતમ થઈ જશે. અને જો નહેરમાં કીચડ, માટી કે નિરંતર લહેરો હોય તો તા'બીર એ છે કે એની પાસે આવન જાવન કરનાર અને ઉઠવા બેસવાવાળો દરેક વ્યક્તિ એનાથી સંબંધ અલગ કરી લેશે અથવા કોઈ બીજા વ્યકિતથી સંબંધ સુધારશે અથવા એકલો રહી જશે.

★ **દરિયો :** ખતરનાક મોજાંઓ અને દહોરાયેલા પાણી વગર દરિયાને જોવાની તા'બીર મોટો દેશ હોય છે અને જો કોઈએ સ્વપ્નમાં દરિયાનું પાણી પીધું જે દહોળુ અને ઉત્સાહિત ન હતું તો તા'બીર એ છે કે જેટલુ પાણી પીધું છે એટલો દેશ એને મળશે અને તે દુનિયામાં સારી જિંદગી પસાર કરશે અને જો દરિયામાં જોશ, અંધારું અને દહોળાપણુ હતું તો જોનારને એટલો જ ભય અને દુઃખ મળશે. અને જેણે સ્વપ્નમાં જોયું કે તે દરિયામાં ડૂબી ગયો છે તો જો પાણી સાફ હતું તો દેશની બાબતોમાં વ્યસ્ત રહેશે અને જો દહોળુ હતું તો એને એવી સખ્તી નસીબ થશે જે ખતરનાક સાબિત થશે. અને જેણે સ્વપ્નમાં પોતાની જાતને દરિયા ઉપર ચાલતો જોયો તો મતલબ એ છે કે તે દુનિયામાં બાદશાહો અને દુનિયાવાળાઓ પર

છવાયેલ રહેશે અને ઉન્નતિ મેળવશે.

★ **હોડી :** ખાસ રીતે એની તા'બીર નજાત થાય છે અને કદી કદી બાદશાહ સુધી પહોંચનું સાધન બની જાય છે. અને એની તા'બીર દુઃખ દર્દથી પણ કરવામાં આવે છે પણ એનું પરિણામ છૂટકારો હોય છે. જો કોઈ પોતાની જાતને દરિયામાં તરતી હોડીમાં બેઠેલ જુએ તો તે હોડીમાં દાખલ હોવા અને એના નાના મોટા હોવા કે વધારે હોવાના કારણથી રાજ્યના મામલાઓમાં દખલ અંદાજ થશે પરંતુ પરિણામ સ્વરૂપે એનાથી છૂટકારો મેળવી લેશે.

જો કોઈએ એ જોયું કે તે હોડીમાં સવાર હતો કે હોડીમાં પાણી આવી ગયું છે તો આ એ વાતની નિશાની છે કે રંજો ગમ કે બીમારીનો શિકાર થશે કે જેલમાં કેદ થશે, પરંતુ છેવટે આ મુસીબતોથી છૂટકારો મેળવશે. જો કોઈએ જોયું કે તે હોડીથી નીકળી આવ્યો છે તો ઉદ્દેશ્ય એ હશે કે જલ્દીથી જ એને છૂટકારો મળી જશે. જો કોઈ સ્વપ્નમાં હોડીને સૂકી જમીન પર જુએ તો તા'બીર એ છે કે તે દુઃખ દર્દનો શિકાર થશે પણ એમનાથી છૂટકારો પણ મેળવી લેશે અને જો કોઈએ હોડીને કિબ્લાની તરફ જતાં જોઈ તો તાત્પર્ય એ છે કે તે જલ્દી જ બધી કઠણાઈઓથી છૂટકારો મેળવશે.

★ **નદી :** નાની સાફ નદી એ ખાસ હોય કે આમ જેમાં માણસ ડૂબી ન શકતો હોય, નહેરની જેમ તા'બીરમાં સારું જીવન અને ખુશખબરીની નિશાની છે અને જો કોઈએ એ જોયું કે પાણી ઘરોમાં વહી રહ્યું છે તો એ પાકીઝા જીવન પસાર કરવાની નિશાની છે. શરત એ છે કે પાણી મીઠું હોય અને જમીનથી ન નીકળી રહ્યું હોય. અને જો કોઈએ સ્વપ્નમાં એ જોયું કે ઘર દીવાલ કે કોઈ એવી જગાએથી ઝરણાં ફૂટી રહ્યાં છે જ્યાં ખાસ રીતે ઝરણાં નથી નીકળતાં અને ન એવી જગાઓ પર ફૂટવા યોગ્ય છે તો એની તા'બીર એ છે કે ઝરણાની તાકાત અને કમજોરીના હિસાબથી એ સ્થાનના રહેનારાઓને દુઃખ અને મુસીબતનો સામનો થશે, કેમ કે ઝરણાનું પાણી જેટલું વધારે હશે મુસીબત એટલી જ મોટી હશે. એટલે સુધી કે એ જગાના રહેનારાઓ પર ભય અને આતંક છવાયેલ હશે.

અને જો પાણી દહોળુ હશે તો સ્થિતિ કઠિન થશે અને જો કોઈએ



સ્વપ્નમાં ઝરણાથી પાણી પીધું તો જેટલું પાણી પીધું હશે એટલો જ રંજ થશે અને જેણે પાણીથી ગુસ્લ કર્યું તો એ રંજના માટે બેહતર છે અને મામલો ઠીક થઈ જવા પર દલીલ કરે છે. જો સ્વપ્ન જોનાર દુઃખી હશે તો અલ્લાહ એને દુઃખથી બચાવી લેશે, ભયભીત હશે તો એનાથી બચેલ રહેશે, કર્જદાર હશે તો અલ્લાહ એને અદા કરાવી દેશે. જો ગુનેહગાર હશે તો અલ્લાહ ગુનાહ માફ કરી દેશે, બીમાર હશે તો એને તંદુરસ્ત કરશે અને આ તા'બીર હઝરત ઐયૂબ عليه السلام ના જીવનથી લેવામાં આવી છે.

જેણે પોતાના વાસણમાં પાણી જોયું અને એ પાકીના માટે બેઠો છે કે સફરમાં કે કોઈ અજ્ઞાત સ્થાન પર છે તો એના વાસણમાં હાજર પાણી એની ઉંમર છે અર્થાત જો એણે બધું પાણી પી લીધુ તો માનો એની ઉંમર પૂરી થવા આવી. જો થોડુંક પાણી બચી ગયું તો એ બચેલ પાણીના અનુસાર એની ઉંમરનો હજુ થોડો સમય શેષ છે. બચેલ વાસણમાં પાણી હોવાની અને રસામાં પલાળી ખાવામાં આવતી રોટલી (સરીદ)ની તા'બીર સરખી છે.

જેણે સ્વપ્નમાં સાફ અને મીઠુ પાણી પીધું પરંતુ એને એ ખબર નથી કે કેટલું પાણી પીધુ પાકીની હાલ કે સફરની હાલતમાં કે કોઈ અજ્ઞાન સ્થાન પર હોવાના વિશે પણ કોઈ ખબર નથી તો સારાંશ એ છે કે સારી અને ગુનાહોથી પાક જિંદગી પસાર કરશે. જો પાણી છે દહોળુ છે તો જેટલુ છે એટલો જ બીમાર થશે. જો કોઈએ પાણીને કાચના ગ્લાસમાં પીવડાવ્યું તો ગ્લાસની તા'બીર સ્ત્રી છે. જો પાણી નથી પીધુ તો પાણીથી સારાંશ દીકરો થશે. જો જોયું કે તે બાગ કે ખેતરને પાણી આપી રહ્યો છે તો સારાંશ એ છે કે એ પોતાની પત્નીથી ભરપૂર સંભોગ કરશે.

જો સ્વપ્નમાં કોઈએ જોયું કે બાગમાં ફળ કે પાંદડાં નીકળી આવ્યાં તો એની તા'બીર એ છે કે એને ત્યાં દીકરો પેદા થશે અને જો કોઈએ જોયું કે કોઈ બીજો માણસ એના બાગ કે ખેતરને પાણી આપી રહ્યો છે તો આ સ્વપ્નમાં ભલાઈ નથી અને જેણે સ્વપ્નમાં કોઈ એવી ચીજથી ગુસ્લ કર્યું જેનાથી વુઝૂ કે ગુસ્લ જાઈઝ નથી જેવું કે દૂધ, શરાબ, તેલ કે કોઈ બીજું પ્રવાહી તો એની તા'બીર એ થશે કે તે દીન દુનિયાના જે કામ કરવા ઈચ્છે

છે એમાં સફળ નહીં થશે. એ પ્રકારે જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એણે પાણીથી વુઝૂ કર્યું પણ વુઝૂ પૂરું ન થયું તો એનાં કામ પણ પૂરાં ન થશે જો કે એમનામાંથી સુવિધા અવશ્ય થઈ જશે. એ પ્રકારે કોઈ જુએ કે નમાઝ પઢી રહ્યો છે પરંતુ નમાઝ પૂરી નથી કરી તો પણ એનાં કામ પૂરાં ન થશે. હા ! જો સ્વપ્ન જોનારાએ વુઝૂ કે ગુસ્લ પૂરું કર્યું તો એ એના ગુનાહ અને ભૂલનું પ્રાયશ્ચિત છે.

★ **માટી અને કીચડ :** સ્વપ્નમાં કોઈ જેટલી માટી અથવા કીચડ જોશે એના અનુસાર દુઃખ અને ચિંતા, ભય તથા પરેશાની એને ઉપસ્થિત થશે. ગરમ પાણીની પણ આ જ તા'બીર હશે. જો કોઈએ સ્વપ્નમાં ગરમ પાણી માંગ્યું તો સારાંશ એ છે કે તે બાદશાહની તરફથી દુઃખ મેળવશે અને જેટલુ ગરમ પાણી હશે દુઃખ અને પરેશાની એટલી જ અધિક હશે. અને કેટલીય વાર આ સ્વપ્ન જોનાર ભય તથા ગભરાહટના રોગનો શિકાર થશે.

★ **ઈંટ :** સ્વપ્નમાં સૂકી ઈંટ જોવી સ્પષ્ટ છે કે માટી નથી હોતી એ જમા થનાર માલની નિશાની છે. જો કોઈએ સ્વપ્નમાં ઈંટનો થોડોક ભાગ જોયો તો એને જમા માલ મળશે અને જો કોઈએ જોયું કે ઈંટ દીવાલથી નીકળી ગઈ છે તો એનાથી સારાંશ એ છે કે એ ઘરનો કોઈ પુરૂષ કે સ્ત્રી ગુમ થઈ જશે.

★ **સ્નાનાગાર :** સ્નાનગૃહની લાયકાત અર્થાત બનાવટ ગરમીના હિસાબથી તા'બીર દુઃખ છે અને આ દુઃખ તથા પરેશાનીની નિશાની સ્ત્રીઓ હશે પરંતુ આ દુઃખ જલ્દી જ પૂર્ણ થઈ જશે કેમ કે સ્નાનગૃહમાં અધિક સમય નથી લગાડતા. જો કોઈએ જોયું કે તે સ્નાનગૃહમાં પેશાબ કરી રહ્યો છે કે ચૂનાથી વાળ સાફ કરી રહ્યો છે તો આ ઘણું જ સારું છે, જો તે કષ્ટમાં છે, ભયભીત છે, દુઃખી છે કે બીમાર છે તો એ બધી મુસીબતો એનાથી દૂર થઈ જશે. જો એમાંથી કોઈ મુસીબતનો શિકાર ન હશે તો એની સ્થિતિ ઠીક થઈ જશે અને એનાથી માલનું નુકસાન ઓછું થઈ જશે.

જો સ્વપ્નમાં તા'બીરના લેહાજથી બે જુદી જુદી બાબતો જમા થઈ જાય તો એમાંથી જે બાબતો શકિતશાળી જોવા મળે એના પ્રમાણે તા'બીર



બતાવવામાં આવે અને કમજોર પાસાને છોડી દેશો. સ્નાનગૃહની તા'બીર દૂઃખ અને ચિંતા છે અને ચૂનાની તા'બીર દુઃખ અને ચિંતાનું પૂરું થવું છે. સ્વપ્નમાં ચૂનો અને સ્નાનગૃહ બંને જુએ તો ચૂનાના લેહાજથી તા'બીર બતાવવી અધિક શ્રેષ્ઠ છે.

★ **ઘંટી :** સ્વપ્નમાં ઘંટીને ચાલતી જોવી એની રોજીની દલીલ છે, અર્થાત દુનિયામાં પરેશાની હશે પણ હલાલ રોજી મેળવશે જેણે સ્વપ્નમાં જોયું કે પાસે ઘંટી છે અને એનાથી આટો પીસાઈ રહ્યો છે તો એનાથી સારાંશ એ છે કે તે કોઈ બીજાની મહેનતથી રોજી મેળવશે. કદી કદી ઘંટીની તા'બીર લડાઈથી પણ થાય છે. પરંતુ આ એ સમયે જ્યારે કે સ્વપ્નમાં એ તરફ નિર્દેશ કરવાવાળી કોઈ વાત હોય.

જો ઠંડી હવા તથા રોશની હોય તો તા'બીર ખુશખબર અને બરકત છે. અલ્લાહનો ઈર્શાદ છે : ''અને એ જ છે જે હવાઓને પોતાની રહમતથી પહેલાં બશારત બનાવીને મોકલે છે.'' અને જો હવાઓ કાળી આંધિઓની જેમ આવે તો આ દુઃખ અને ચિંતા તથા પરેશાનીની દલીલ છે, કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : ''અને અમે આદની કૌમ પર ભલાઈથી વાંજ હવા મોકલી.''

## ★ જમીન, પહાડ, જંગલ, ટેકરા, કિલ્લા, દુકાનો, ધમાકા અને ભૂકંપને જોવું ★

જમીનની જુદી જુદી તા'બીરો છે. જો નજરોને એની સીમાઓ જોવા મળે તો એની તા'બીર સ્ત્રી હશે, જો જમીન એટલી અધિક હોય કે એની સીમાઓ નજર ન આવતી હોય તો એનાથી સારાંશ દુનિયા છે. અને જો સીમા અધિક હોવાની સાથે લીલોતરી અને પેદાવાર પણ હોય, પણ એ સ્પષ્ટ ન હોય કે પેદાવાર શું છે તો એનાથી સારાંશ ઈસ્લામ છે. જંગલોની તા'બીર પણ એવી રીતે બતાવવામાં આવે છે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે જમીન એના માટે પથરાઈ ગઈ છે તો એની જિંદગી સુરક્ષા અને દેખભાળમાં પસાર થશે. જો જોયું કે જમીન એના માટે લપેટી દેવામાં આવી છે તો ક્યાંક તો એની ઉમર પૂરી થઈ જશે અથવા

ઠીક રહેશે. પરંતુ જો તે હુકૂમતના યોગ્ય હોય તો આ સ્વપ્નની તા'બીર એ છે કે એને હુકૂમત મળશે. જો સ્વપ્ન જોનાર એવું અનુભવે કે જમીને એનાથી વાત કરી છે તો તે એ રીતે ભલાઈ અને સારી દુનિયા મેળવશે કે લોકો એને નવાઈથી જોશે. આ પ્રકારે ન બોલવાવાળી કોઈ ચીજ જો સ્વપ્નમાં વાત કરતી નજર આવશે તો એની તા'બીર એ છે કે સ્વપ્ન જોનારને એવી વસ્તુ મળશે જેને જોઈને લોકોને નવાઈ થશે.

જો કોઈએ જોયું કે તે કોઈ ખાડા વિના જમીનમાં ધસી ગયો તો તા'બીર એ છે કે તે દુનિયાની ચાહતમાં મરી જશે. જો ખાડામાં પડીને ગાયબ થાય તો કોઈ પરેશાનીનો શિકાર થશે કે કોઈ ગુનોહ કરશે. જો કોઈએ જોયું કે જમીન એને ઘુમાવી રહી છે તો એની વાતો ગુંચવાઈ જશે અને તે રોજીની તલાશમાં જગા જગા ફરશે.

જેણે જોયું કે તે જંગલમાં છે અને ઠીક ઠીક સીધો ચાલી રહ્યો છે તો એનાથી સારાંશ એ છે કે તે હિદાયત પર છે અને ઈસ્લામનો નિષ્ઠાવાન છે. જો કોઈએ જોયું કે તે વેરાનમાં સીધો રસ્તો નથી ચાલી રહ્યો તો માનો એની નજીક ઈસ્લામ સંકળાયેલ છે. જો કોઈ વિરાનામાં ખાઈ પી રહ્યો છે તો તા'બીર એ છે કે દીન અને દુનિયાની ને'મતોથી સુશોભિત કરવામાં આવશે.

★ **માટી અને રેતી :** જમીનની ધૂળ માટીની જેમ બીજા તત્વોની તા'બીર માલ તથા દૌલત છે. કોઈએ જોયું કે એ માટી કે રેતી ખાઈ રહ્યો છે કે ધૂળ માટી એના પર પડી રહી છે તો એને ઘણો બધો માલ મળશે. અને એવી રીતે કોઈએ જોયું કે તે માટી કે રેતીમાં ચાલી રહ્યો છે કે એને ઉઠાવી રહ્યો છે તો એને સખત મહેનત કરવી પડશે પરંતુ પરિણામ સ્વરૂપે ઘણો બધો માલ અને દૌલત મેળવશે. જો કોઈએ આસમાન અને જમીનના વચ્ચે ધૂળ જોઈ તો આ મામલાના ગુંચવાડા અને આંટીઘુંટીવાળા હોવાની નિશાની છે. ધુમ્મસની પણ એ જ તા'બીર છે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે જમીનને ખોદીને માટી ખાઈ રહ્યો છે તો મતલબ એ છે કે ધોકો, ચાલબાજી અને બનાવટથી માલ પ્રાપ્ત કરી રહ્યો છે કેમ કે જમીનની તા'બીર ઈસ્લામનો વિરોધી ધર્મ છે. ખતરનાક જંગલો અને ભયાનક વેરાનોની પણ એ જ તા'બીર છે. જો સ્વપ્નમાં એમની સીમાઓ



ખબર હોય તો એની તા'બીર બુરી સ્ત્રી છે જેમાં ભલાઈ નથી.

**હિકાયત :** કહેવામાં આવ્યું છે કે રબીઅ બિન ઉમૈયા બિન ખલફ હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની સેવામાં આવ્યો અને કહ્યું : અય ખલીફા ! મેં કાલે સ્વપ્નમાં જોયું કે હું હરિયાળી જગા પર હતો પછી વેરાન જમીન પર પહોંચી ગયો જ્યાં કોઈ પાક નથી અને એ પણ જોયું કે આપના બંને હાથ ભેગા થઈ ગયા અને હારની જેમ ગર્દનમાં લટકી ગયા છે.'' આ સાંભળીને હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ એ ફર્માવ્યું કે જો તેં પોતાનું સ્વપ્ન સાચુ સાચુ બયાન કર્યું છે તો એની તા'બીર એ છે કે તું ઈસ્લામને દુઃખ પહોંચાડીશ અને કુફ્રને અપનાવીશ અને મારા મામલાઓ ઠીક રહેશે અને મારા બંને હાથ દુનિયાની ગંદકીથી પાક રહેશે.'' હિકાયત સંભળાવનારે કહ્યું કે હઝરત અબૂબક્ર સિદ્દીક رضی اللہ عنہ ની ખિલાફતના જમાનામાં રબીઆ મદીનાથી રૂમ જઈ પહોંચ્યો અને કૈસરની પાસે જઈને ઈસાઈ થઈ ગયો અને એ જ હાલતમાં મરણ પામ્યો.

★ **પહાડ અને ટેકરાઓ :** પહાડ અને ટેકરાઓની તા'બીર માણસોથી કરવામાં આવે છે. જેટલા મોટા પહાડ અને ટેકરા કે મેદાનો હશે એનાથી ઈન્સાનોનું મહત્વ માનવામાં આવશે. કદી પહાડો અને ટેકરાઓની તા'બીર સ્વપ્ન જોનારના દર્જાઓની ઊંચાઈથી પણ થાય છે. કોઈએ જોયું કે તે પહાડ કે ટેકરા પર ચઢયો છે તો એને ઊંચો મકામ મળશે. અલબત્ત ચટ્ટાનથી એવા માણસો મતલબ છે જે સખત જાલિમ, પત્થર દિલ અને દુષ્ટ હોય. અને ખાસ કરી ફેંકવામાં આવતી નાની કાંકરીઓની તા'બીર એ છે કે કોઈના વિશે એની પાછળ વાતો થશે અને એને આરોપ તથા ટીકાનું નિશાન બનાવવામાં આવશે. અને જો કોઈએ જોયું કે તે પહાડ પર ઊભો છે તો તે પોતાની જેવા કોઈ માણસ પર મોટાઈ મેળવશે.

જો સ્વપ્નમાં પહાડ પર કબજો કરી લીધો છે તો સારાંશ એ છે કે તે માણસ કાબૂ મેળવી લેશે. પહાડને પાડી નાખવાની તા'બીર એ છે કે સ્વપ્ન જોનાર કોઈને હલાક બર્બાદ કરી દેશે. પહાડમાં છિદ્ર પાડવાનો સારાંશ એ છે કે તે કોઈના સાથે દગાબાજી અને બદમાશી કરી રહ્યો છે અને જો સ્વપ્નમાં

પહાડ પર ચઢી રહ્યો છે તો તા'બીર એ છે કે માન, સન્માન મેળવશે અને ઊંચુ પદ હશે. અને જો કોઈએ જોયું કે તે સીધા પહાડ પર ચઢતો જઈ રહ્યો છે તો તે દુનિયાની જે ચીજોની પ્રાપ્તિની ઈચ્છા રાખે છે એમાં સમય અને મહેનતનો સામનો કરશે. ઊંચાઈ પર ચઢવું સારું છે જેથી સીધો ચડશે તો તકલીફ અવશ્ય ઉઠાવશે. જો કોઈએ સ્વપ્ન જોયું કે તે ધીરે ધીરે સાવધાનીથી પહાડ પર ચઢી રહ્યો હતો તે સન્માન મેળવશે અને આ રીતનું સ્વપ્ન ઘણુ સારું છે. સ્વપ્નમાં દરેક પ્રકારની ઊંચાઈનો મતલબ ઈન્સાનની દીન અને દુનિયા તથા માન પ્રતિષ્ઠા ઊંચું થવું છે.

પહાડો, ગુફાઓ અને ઝાડો પર ચઢવાથી સારાંશ એ છે કે એને શરણ મળી જશે અને રક્ષણ મેળવશે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે મોટા મોટા પત્થરો, મેદાનોને ઊંચકી રહ્યો છે તો તા'બીર એ છે કે તે મુશ્કિલ મામલાઓને હલ કરશે અને એવા લોકોનું વજન ઉઠાવવામાં સખ્તીનો (કઠણાઈનો) સામનો કરશે.

★ **બજારોમાં ચબૂતરાઓ** : જે ચબૂતરાઓ પર માલ મૂકીને વેચવામાં આવે છે એની તા'બીર માલ અને એનો વેપાર છે અને જેના પર માત્ર લોકો બેસતા હોય એને સ્વપ્નમાં જોનાર લાંબી ચોળી વાતોમાં વ્યસ્ત થઈ જશે. ઘર જોવાની કેટલીય તા'બીરો છે. જો ઘરની બુનિયાદ એની અસલ, એમાં રહેનારી અને એની ખબર અંતર ન હોય તો એની તા'બીર આખેરતનું ઘર છે અર્થાત સ્વપ્ન જોનારનું અને એના અમલોનું તંત્ર કે ફેલાવો અને સુંદરતા કે કુરૂપતા એ ઘરની જેમ હશે. એનાથી ઊલટું સ્વપ્નમાં ઘર ખબર હશે તો એનાથી સારાંશ દુનિયા જશે કે ખોલવી અને ટૂંકી હોવી કે આકર્ષક કે ખરાબ હોવામાં એની પરિસ્થિતિ દુનિયામાં એ ઘરની જેમ હશે જેને તે ઓળખે છે. અને તે ઘર સ્વયં એનું છે તો એની તા'બીર એ છે કે એની દુનિયા એના ઘરની સુંદરતા અને વ્યાપકતાના અનુસાર હશે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એના ઘરના પાયામાં વધારે મજબૂતી છે તો દુનિયામાં હિસાબથી ઉન્નતિ મેળવશે. જો કોઈએ જોયું કે એનું ઘર પડી ગયું છે કે ખરાબ થઈ ગયું છે તો એનાથી સારાંશ એ છે કે એના બુરા કામોના કારણથી એની દુનિયા ખરાબ થશે. જો કોઈએ જોયું કે તેણે પોતાનું



ઘર વેચી દીધું તો એની તા'બીર થશે કે તે મરી જશે. જે સ્વપ્નમાં પોતાનું કે બીજાનું ઘર બનાવે તે દુનિયાની તરફ ઝુકશે અને એને ઘરના અનુસાર દુનિયા મળશે. જો તે ઘર કોઈ અજ્ઞાત સ્થાન પર બનેલ છે તો તા'બીર એ છે કે એનાથી નેક કામ પણ થશે અને એની આખેરત સારી થશે.

કોઈએ જોયું કે એને કોઈ અજ્ઞાત ઘરને પાડી દીધું છે તો તા'બીર એ છે કે એના બુરાં કામો ગુનાહ અને સંગીન હાલતો ખતમ થઈ જશે અને જો કોઈએ જાણીતા, ઓળખીતા મકાનને પાડયું તો ખરાબ કામ અને ફુઝૂલ ખર્ચાઓથી એની દુનિયા તબાહ થશે. જો જોયું કે પોતાના ઘરનો થોડોક ભાગ પાડી નાખ્યો છે કે થોડોક ભાગ ઓછો થઈ ગયો છે તો મતલબ એ છે કે એની દુનિયામાં કમી થશે.

★ **મહેલ** : જો કોઈએ સ્વપ્નમાં શહેરમાં હાજર શાનદાર અને વિશાળ મહેલને જોયો જેની બારીઓ અને રોશનદાન છે અને તે મહેલ પર ચઢી ગયો છે તો તા'બીર એ છે કે તે દુનિયામાં ઊંચાઈ અને ખુશનસીબી પ્રાપ્ત કરશે. દીવાલને સ્વપ્નમાં જોવી પણ માણસની હાલત અને ઉણપ એની દુનિયાને સ્પષ્ટ કરે છે. જો દીવાલ ગબડી પડે તો તા'બીર થશે કે સ્વપ્ન જોનારની હાલત ખરાબ થશે કે તે મરી જશે.

★ **ચૂના તથા છોનું મકાન** : જો ખબર ન હોય કે મકાન ચૂનાનું છે કે નથી તો એની તા'બીર કબ્ર છે. જો જુએ કે તે ચૂનો તથા છોવાળા કે નવા અજ્ઞાત મકાનમાં બંધ છે તો એ એની કબરની દલીલ છે. જો મકાન ન હોય બલ્કે કાચુ હોય અને ખબર પણ ન હોય તો એની તા'બીર સ્ત્રી છે. જો જુએ કે તે એવા મકાનમાં દાખલ થઈને એના છાપરા પર ગયો છે તો એનાથી સારાંશ એ છે કે એવી સ્ત્રીથી એની શાદી થશે જેનાથી એને ભલાઈ અને લાભ મળશે. જો મકાન ખબર હોય અને તે સ્વયં એનો સ્વામી નજર આવે તો એને પત્ની મળશે. કદી કદી મકાન જોવાની તા'બીર એનું સંસારિક જીવન પણ હોય છે. જો કોઈ પોતાના ઘરમાં ઝાડૂ દઈ રહ્યો છે તો તા'બીર એ છે કે તે મોહતાજ અને ફકીર થઈ જશે. જો કોઈ બીજાના ઘરમાં ઝાડૂ દઈ રહ્યો છે તો એના ઘરથી એને ઘણો માલ, દૌલત મળશે અને જેણે સ્વપ્નમાં જોયું કે તે કબર ખોદી રહ્યો છે તો એની તા'બીર એ છે કે તે પોતાનું

ઘર બનાવશે.

★ **શહેર અને દાદર** : કોઈએ જોયું કે શહેર કે દાદર (પગથિયાં) એનો થોડો ભાગ પડી ગયો છે તો તા'બીર એ છે કે રહેનારા બેદીન થઈ જશે અને એ પણ શક્ય છે કે બદબખ્તીના કારણે દુનિયા પણ તબાહ કરી બેસે.

પગથિયાં દાદરની જેમ છે, જેણે સ્વપ્નમાં જોયું કે તે પગથિયાં પર ચઢી રહ્યો છે તો એની તા'બીર એ છે કે તે દીને ઈસ્લામમાં આખેરતની કામયાબી અને સફળતા મેળવશે. જો કાચી ઈંટોનાં પગથિયાં ચઢયો તો તે દુનિયામાં સદકો દઈને અને માલ તથા દૌલત ખર્ચ કરીને ઉન્નતિ પામશે. જો દાદર લાકડા કે પાકી ઈંટોનું હોય તો દુનિયામાં એની ઉન્નતિ ધીરે ધીરે થશે પરંતુ એ ત્યારે શક્ય છે જ્યારે સ્વપ્નમાં બીજી પણ કોઈ વાત આ તરફ નિર્દેશ કરે.

★ **ઘરનો દરવાજો** : ઘરના દરવાજાથી મુરાદ ઘરનો એ મુખ્ય માણસ છે જે બધાની નજરોનું કેન્દ્ર હોય. જે સ્થિતિ સ્વપ્નમાં એ દરવાજાની સાથે હોય, જેમ કે તે તૂટી જાય ઉખડી જાય સળગી જાય કે બીજુ કોઈ સારી કે બુરી વાત હોય એ જ એ ઘરના સરદારને પેશ આવશે. મકાનના દરવાજાની તા'બીર સ્ત્રીથી કરવામાં આવે છે. એવી રીતે દરવાજાની ઉપરની ચોખટથી પુરૂષ અને નીચેની દેહલીજથી મુરાદ એની પત્ની છે. કોઈએ સ્વપ્નમાં જોયું કે એનું ઘર સળગી ગયું છે તો એને બાદશાહથી કોઈ તકલીફ પહોંચશે અથવા પ્લેગની આફતનો શિકાર થશે. કોઈ જુએ કે દરવાજો ઉખડી ગયો કે પડી ગયો છે તો તા'બીર એ છે કે ઘરવાળો મરણ પામશે. જો દરવાજો કે બારશાખ ઉખડી ગઈ તો ઘરની માલકિન મૃત્યુ પામશે. જો ઘરનો દરવાજો ઉખડી ગયો કે કોઈ વ્યકિત એના પર ચઢી ગયો અને બેસી ગયો તો ઘરનો માલિક તે ઘર વેચી દેશે અને એની પત્ની કોઈ બીજા પુરૂષથી શાદી કરી લેશે. જો ઘરનો દરવાજો ગબડી પડયો તો પહેલાં તે બીમાર થશે પછી સ્વસ્થ થઈ જશે.

દરવાજાઓના સામાનની તા'બીર એ વ્યક્તિનાં સંતાન છે કોઈ જુએ કે દરવાજાનાં લાકડાં ગબડી પડયાં છે તો એની બે છોકરીઓ હોવાની



સ્થિતિમાં બંને મરી જશે. જો બેથી અધિક દોરીઓ હશે તો એમની શાદી થઈ જશે અને તે એની પાસે નહીં રહેશે. જો કોઈ સ્વપ્નમાં જુએ કે એણે ઘરનો દરવાજો બંધ કરી દીધો તો તે પત્નીને તલાક આપી દેશે. જો કોઈએ દરવાજાનું તાળુ ખોલી નાખ્યું અને મકાન ખબર છે તો તે શાદી કરશે, મકાન ન ખબર હોવાની સ્થિતિમાં તા'બીર એ છે કે એની દુઆ કબૂલ થશે.

★ **ખીલો તથા ખીલી** : એની તા'બીર એવો માણસ છે જેના કારણથી લોકો પોતાના મામલાઓ સુધારી લે છે. કાચા કે પાકા પુલની પણ એ જ તા'બીર છે. ભૂકંપની તા'બીર એ છે કે દુનિયામાં કોઈ ખાસ ઘટના ઘટશે. જો સ્વપ્નમાં જોયું કે પહાડ ધરતીકંપમાં આવી ગયા તો આ સ્વપ્ન આલિમોના હક્કમાં બુરા છે. જો જુએ કે સ્વયં એની જાત ધરતીકંપના નિશાનામાં છે તો એમાં કોઈ પણ રીતે ભલાઈ નથી. જો નજર આવે કે આ ઘરમાં ધરતીકંપ આવી ગયું છે તો તા'બીર એ છે કે એના ઘરમાં ઝિના થશે જો સ્વપ્ન જોનારના ઘરનો થોડોક ભાગ પડી ગયો છે તો એ ભાગને જેનાથી સંબંધિત કરવામાં આવી શકે એનું મોત થશે.

## ★ ઝાડ, ફળ, અનાજ, હરિયાળી, લીલોતરી અને બાગ જોવો ★

બધા ઝાડોની તા'બીર પુરૂષોથી થાય છે અને જે પ્રકારે ઝાડની પ્રકૃતિ એનો લાભ, સુગંધ વગેરેની અસલિયત હોય એ પ્રકારે પુરૂષની હાલતોની તા'બીર કરવામાં આવશે. જો કોઈને સ્વપ્નમાં ઝાડનું ફળ કે પાન મળ્યું તો એને ઘણો માલ અને દૌલત અને રોજી એ માણસથી મળશે જેની વિશેષતા એ ઝાડથી સંબંધિત હશે. લાકડુ જો સખત હોય સળગવાવાળુ હોય, સૂકું હોય કે લીલું, મોટું હોય કે નાનું એની તા'બીર દીનમાં કપટ અને કપટીની છે. જો નાનાં તણખલાં હોય તો સારાંશ આ છે કે ચુગલી કરવું જાહેર થઈ જશે.

લાઠીની તા'બીર શરીફ અને ભરોસાપાત્ર ઈન્સાન થાય છે જેનું અનુકરણ કરવામાં આવતું હોય. કાંટાદાર ઝાડથી સારાંશ એવા લોકો છે જે સ્વપ્ન જોનારને બુરાઈ કે મુશ્કિલમાં નાખવાના જવાબદાર થશે. કાંટા

આમ પણ દુઃખ દેનાર ચીજ છે, જો સ્વપ્નમાં લાગી જાય તો સ્વપ્ન જોનારને વાણી વર્તનથી દરેક રીતે દુઃખ મળશે. કદી કાંટા જોવાની તા'બીર એ હોય છે કે કોઈ મુસીબતનો સામનો થશે કે તકલીફ પહોંચશે કે તે કોઈ ભયાનક વાતનો શિકાર થશે.

### ★ દ્રાક્ષ અને દાડમનો બાગ ★

એને જોવાની તા'બીર સ્ત્રી છે. કોઈએ એ બાગ જોયો કે ઝાડ લગાડયું અને તે પડછાયાવાળું કે લાંબુ થઈ ગયું તો સ્વપ્ન જોનારને એ ઝાડના અનુસાર સન્માન મળશે અને કદી એની તા'બીર જવાન થઈ જનાર બાળકથી કરવામાં આવે છે. જો માત્ર એક ઝાડ જુએ તો એની તા'બીર એક હજાર દિરહમ છે.

જો સ્વપ્નમાં મીઠી દાડમ જુએ તો તે જમા કરેલ માલ છે. સ્વપ્નમાં એમાંથી થોડુંક કે આખુ ખાઈ લીધું તો તા'બીર એ છે કે એને ઘણો બધો માલ મળશે. દાડમ દરેક ચીજની જમાની (એકત્ર થવાની) નિશાની છે. સ્વપ્નમાં ખાટી દાડમ જોવાની તા'બીર એ છે કે જો એને સ્વપ્ન જોનારે ખાઈ લીધી તો તે દુઃખ અને ચિંતાનો શિકાર થશે. સફરજનની તા'બીર એની હાથકળા અને સાહસ છે. જો બાદશાહે સફરજન ખાધું તો એની જનતા સારાંશ છે. વેપારીએ ખાધું તો વેપાર અને કારીગરે ખાધું તો એની કારીગરી સારાંશ છે. જો કોઈએ જોયું કે એને સફરજન મળ્યું કે એણે ખાધું કે એના રાજ્યમાં આવ્યો તો તે વ્યકિત સફરજનની તરોતાજગી અને સ્વાદ અને એની માત્રાના લિહાજથી પોતાના સાહસના કારણે દુનિયા પ્રાપ્ત કરશે.

જો મોસંબી અધિક હોય તો એને સ્વપ્નમાં જોવાથી સારાંશ સારી તથા હલાલ કમાઈ છે. જો એક કે બે અથવા ત્રણ હોય તો તા'બીર નેક સંતાન છે અને મોસંબીમાં પીળાપણું જોવામાં કોઈ નુકસાન નથી. પીળા મેવાજેમ કે સફરજન, જાફરાન, જામફળ અને પીળા આલુને સ્વપ્નમાં જોનાર રોગનો શિકાર થઈ જશે, પરંતુ જો ફળો લીલાં હોય તો એમને જોવાથી સારાંશ એવી રોજી છે જે લાભ ન પહોંચાડે.

તડબૂચની તા'બીર રોજી છે. જો કોઈએ સ્વપ્નમાં પીળુ તડબૂચ ખાધું



હોય તો તે બીમાર થઈ જશે. સ્વપ્નમાં કેળાં જોવાની તા'બીર એ છે કે એને માલ મળશે અને જો તે દીનદાર છે તો એના દીનમાં વૃધ્ધિ થશે. એની પીળાશ, કડવાપણું કે એનું કમોસમી હોવું નુકસાનકારક નથી. કેળાને સ્વપ્નમાં જોવું હકીકતમાં ઘણું સારું હોય છે. સફેદ કે લાલ દ્રાક્ષને સ્વપ્નમાં જોવાનો મતલબ એ છે કે તે દુનિયાના બે બાઝુ છે જો ઋતુમાં નજર આવી જાય તો એનું જોવું સારું છે અને ઋતુ વિના જોવા મળે તો સારાંશ બીમારી છે. જો સ્વપ્નમાં એ દ્રાક્ષ ખાય તો દાણાઓની સંખ્યાના મુજબ કોરડા એના શરીર પર પડશે અથવા શરીર પર એટલા દાણા નીકળશે. જો દ્રાક્ષનો રંગ કાળો હોય તો લાભ નહીં થશે, કેમ કે હઝરત નૂહ عليه السلام એ પોતાના પુત્રને ગુસ્સાની અવસ્થામાં બદદુઆ આપી હતી તો એમના હાથમાં જે દ્રાક્ષ હતી તે કાળી થઈ ગઈ હતી, આથી એમાં કોઈ ભલાઈ નથી.

જો કોઈ સ્વપ્નમાં જુએ કે તે દ્રાક્ષ કે ઝૈતૂન નીચોડી રહ્યો છે તો તે બાદશાહની સેવા કરશે અને પાકીઝા ઝૈતૂન અને એવી રીતની ચીજોને નીચોડવી એ જ પ્રમાણે એનો થોડોક ભાગ મેળવવો ભલાઈ, તરોતાઝગી અને માલ તથા દૌલતની દલીલ છે. અને લાલ કે કાળી ખારેક જોવાની તા'બીર પણ દૌલત, ભલાઈ, રોજી અને લાભ છે. અંજીરને જોવાની તા'બીર દુઃખ અને શર્મિંદગી છે. કેમ કે અમારા પૂર્વજ હઝરત આદમ عليه السلام જ્યારે જન્નતથી નીકળ્યા તો એ જ ઝાડની નીચે બેઠા હતા.

★ **અખરોટ** : જો આખું છે તો સારાંશ જીદ તથા લડાઈ છે અને અખરોટ જોનાર ઘણી કોશિશ તથા પરેશાની પછી રોજી મેળવશે.

★ **બદામ** : અને પિસ્તાં લીલાં હોય કે સૂકાં એની તા'બીર છુપો માલ છે.

★ **કશ્મીરી બદામ** : કશ્મીરી બદામની તા'બીર સારો માલ છે અને જે પણ ઝાડ ફળદાર ન હોય જેમ કે આસો પાલવ વગેરે અને એ પ્રકારનાં ઝાડ એનાથી સારાંશ ઓછો લાભ આપનાર વ્યકિત છે અને દરેક ખુશ્બૂવાળા ઝાડથી સારાંશ શરીફ અને પ્રશંસનીય માણસ છે. એ પ્રકારે દરેક ગંધવાળા ઝાડની તા'બીર બુરા સ્વભાવવાળા માણસથી છે.

★ **અનાજના દાણા** : તાજુ અનાજ સૂકાથી બેહતર છે. જો

કોઈએ જોયું કે તે તાજુ અનાજ ખાઈ રહ્યો છે તો તે દીનમાં બેહતરી અને હલાલ રોજી મેળવશે પરંતુ અમારા બાપ હઝરત આદમના કિસ્સાના કારણ સૂકા કે પાકેલ ઘઉં ખાવામાં કોઈ ભલાઈ નથી.

★ **જવ** : જો જવને સ્વપ્નમાં જુએ, તાજા હોય કે પાકેલ હોય કે શેકેલ હોય દરેક રીતે ઘઉંથી શ્રેષ્ઠ છે. એને જોવાની તા'બીર ભલાઈ અને પાક રોજી છે. ચાહે ખાય કે જુએ આટો ઘઉંનો હોય કે જવનો હોય એની તા'બીર જમા થયેલો અને અધિક માલ છે અને અનાજનો આટો જોવો રોટલીથી શ્રેષ્ઠ છે. કેમ કે રોટલીથી સારાંશ સંતોષજનક માલ છે. જે સાફ રોટલી ખાય તે સારું જીવન પસાર કરશે.

★ **ગુંદેલો આટો** : ગુંદેલો આટો જોનારની નસલ (વંશવેલો) અધિક થશે અને જો એની પાસે ફળદાર ઝાડ હશે તો ફળ અધિક થશે અને જો કોઈએ જોયું કે આટો ગુંદી રહ્યો છે તો એની નસલ એના બાગનાં ફળો અને ખેતીવાડી બધી ચીજોમાં વૃધ્ધિ થશે. એની તા'બીર રોજી પણ છે પણ મહેનત અને તકલીફથી મળશે.

★ **ચોખા** : ચોખાની તા'બીર એવા માલથી છે જેને મેળવવાના માટે સ્વપ્ન જોનાર દુઃખ, દર્દ ઉઠાવશે.

★ **તલ** : તલથી સારાંશ એવો માલ છે જેમાં દરેક સમયે વૃધ્ધિ થતી રહેશે.

★ **ચોળી** : એનાથી સારાંશ લાંબી પરેશાની તથા દુઃખ છે અને જીવન સખત પરિશ્રમમાં પસાર થાય છે.

★ **ચણા, મસૂર, વટાણા** : આ બધાની તા'બીર નાપાક માલથી છે. સ્વપ્નમાં આ ચીજોને જોનાર પરેશાન રહેશે.

★ **ખેતી** : એને સ્વપ્નમાં જોવી મનુષ્યની દીન તથા દુનિયામાં ભલાઈની નિશાની છે અને જો કોઈએ જોયું કે તે ખેતરમાં ચાલી રહ્યો છે તો ખેતીની શાકભાજી અને ભલાઈના લેહાજથી સ્વપ્ન જોનારની ભલાઈ થશે અને કયારેક ખેતરથી સારાંશ તે લોકો પણ હોય છે જેઓ કોઈ ગમીના અવસર પર ભેગા થાય. જો કોઈએ જોયું કે ખેતર કાપવામાં આવ્યું તો એ



લોકોની હત્યાની પ્રતિ સંકેત છે.

★ **જમીનમાં બીજ વાવવાની તા'બીર** : જો સ્વપ્નમાં જુએ કે જમીનમાં બીજ વાવી રહ્યો છે તો એની તા'બીર સારાં સારાં કામો કરવાં છે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે બીજ ઉગી નીકળ્યા તો એના બધા કામો અલ્લાહને ત્યાં કબૂલ થશે અને એ કામોના કારણથી તે મશહૂર થશે અને સન્માન તથા પ્રતિષ્ઠા મેળવશે. જો જમીન પૂરી રીતે નજર આવી જાય તો એની તા'બીર સંતાન તથા નસલ પણ થાય છે.

★ **શાકભાજી** : જેમ કે ખીરુ, કાકડી, સળગવો, નારિયેળ વગેરેની તા'બીર તે સાધારણ રોજી છે જે દુઃખ તથા ચિંતા અને ભયથી મળશે. કદી એવું પણ થાય છે કે દુઃખ અને ચિંતા તો મળે પણ રોજીમાં મોડું થાય અને પછી દુઃખનો સિલસિલો પણ લાંબો થઈ જાય એ પ્રકારે ભાજી કે પ્યાજ વગેરેની તા'બીર છે અને દરેક પ્રકારના શાકથી સારાંશ ભય, દુઃખ અને તંગીથી જીવન પસાર કરવું છે.

★ **ખુશ્બુઓ** : દરેક પ્રકારની ખુશ્બુઓ અને ગુલાબ, નરગિસ અને દરેક પ્રકારની સુંઘવામાં આવતી ચીજોને જો સ્વપ્નમાં છોડો તથા ઝાડોથી અલગ જુએ તો તા'બીર એ છે કે દુનિયા એને નહીં મળશે. જો ફૂલ ઝાડમાં લાગેલાં હોય તો એનાથી સારાંશ નેક દીકરો છે જેની નેકી ફૂલોની ખુશ્બુના મુજબ હશે અને એને મેળવી લેનારના માટે સારું છે. અને જ્યાં છોડ નથી ઉગતા જેમ કે ઘર કે મસ્જિદ તો તા'બીર એ છે કે કોઈ માણસ એના ઘરમાં જમાઈ કે ભાગીદારની રીતથી દાખલ થશે.

★ **ઘાસ** : ઘાસને સ્વપ્નમાં જોનારને સોનાના રૂપમાં તરત માલ મળશે. હઝરત મુહમ્મદ બિન સીરીન رضی اللہ عنہ સૂકી ઘાસને ખરું સોનું કહ્યા કરતા હતા. એકવાર કોઈ માણસે ઈમામ મુહમ્મદ બિન સીરીંના માટે સૂકી ઘાસથી લડાયેલ ઊંટ મોકલ્યું તો તેઓ એને ઘણીવાર સુધી જોતા રહ્યા, પછી ફર્માવ્યું : "કાશ ! આ તોહફો મને સ્વપ્નમાં મળતો".

★ **બાગ** : બાગ જોવાની તા'બીર પત્ની છે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે બાગમાં ફળ ખાઈ રહ્યો છે તો તે માલદાર સ્ત્રીથી માલ મેળવશે.

અને જો જુએ કે બાગમાં ટહેલી રહ્યો છે તો સુંદર પત્ની મેળવી લેવાથી એની સ્થિતિ સારી થઈ જશે અને જીવન સંતોષજનક પસાર થશે. જો કોઈએ જોયું કે એ બાગના દરવાજાનો કોઈ ભાગ તૂટી ગયો છે તો તે પોતાની પત્નીને તલાક દેશે. અજ્ઞાન બાગોની તા'બીર જન્નત છે. જો કોઈ કોઈક એવા બાગમાં દાખલ થાય અથવા ફરે તો એની તા'બીર જન્નત છે અને બાગની તા'બીર દીને ઈસ્લામ છે.

જો કોઈ જુએ કે તે બાગમાં છે અથવા એની સૈર કરી રહ્યો છે તો તે અલ્લાહની તરફથી હિદાયત મેળવશે અને એને ઈસ્લામમાં ભલાઈ પ્રદાન થશે. અને બાગમાં મનોરંજન કરવાની તા'બીર એ છે કે એને મોટાઈ પ્રાપ્ત થશે.

## ★ શરબત અને દૂધ જોવું ★

દૂધના વિશે જો ખબર ન હોય તો એની તા'બીર ઈસ્લામનો તરીકો અને નબી ﷺ ની સુન્નત છે. અર્થાત જો કોઈએ સ્વપ્નમાં દૂધ પીધું અથવા તે એવા દૂધનો માલિક થઈ ગયો તે ભલાઈ મેળવશે અને એનો દીન સારો રહેશે અને જો દૂધના પ્રકારની ખબર પડી જાય તો એને હલાલ રોજી મળશે જેનાથી એને લાભ થશે પરંતુ જો દૂધ ખાટુ અને લસ્સીની જેમ થયું જેમ કે એનાથી ચિકાશ કાઢવામાં આવ્યો હોય તો એની તા'બીર એ છે કે એને ઘણું દુઃખ પહોંચશે.

પનીરની તા'બીર સોના ચાંદી અને ભલાઈ છે. અને લીલું પનીર સૂકા પનીરથી બેહતર હોય છે. ગાય, ભેંસ અને ઊંટણી બધાનું દૂધ ભલાઈ જ ભલાઈ છે. બકરી અને ઘેટાનું દૂધ ગાયથી ઓછા દર્જામાં છે. જંગલી ઊંટણીના દૂધથી સારાંશ દીનમાં, દક્ષતા છે અને જો કોઈએ ખચ્ચરનું દૂધ પીધું તો એને ભય, તંગદસ્તી અને ગભરાહટ થશે. ઘરેલૂ ગધેડીના દૂધની તા'બીર સખત બીમારી છે જે બાદમાં પૂરી થઈ જશે. હરણી અને બધા હલાલ જાનવરોના દૂધથી ભલાઈ દક્ષતા અને જાઈઝ કમાઈ મતલબ છે અને ઘોડીનું દૂધ પીવાની તા'બીર એ છે કે પીનાર નેક નામી મેળવશે અને સિંહણનું દૂધ પીનાર દુશ્મન પર સફળતા મેળવશે.



કૂતરીનું દૂધ સ્વપ્નમાં પીનારને દુશ્મનથી સખત ડર લાગશે અને જલ્દી નુકસાન પહોંચશે. અને ચિત્તણીનું દૂધ પીનાર ભયભીત થશે અને એનો દુશ્મન જાહેર થશે. શિયાળવીનું દૂધ ભલાઈ, ખુશી અને માન સન્માનની નિશાની છે અને સોસમાર (ઘો)નું દૂધ બીમારી અને લડાઈની નિશાની છે. સુવ્વરનું દૂધ પીનારની અક્કલ ખતમ થઈ જશે. દૂધ ચાહે છાતીથી પીએ કે છાતીથી પીવડાવવામાં આવે તા'બીર એ છે કે પીનાર કેદ અથવા તંગદસ્તીમાં પડશે કેમ કે દૂધ પીવાની મુદ્દત બે વર્ષ પર ખતમ થઈ જાય છે. જો કોઈ સ્ત્રીએ સ્વપ્નમાં જોયું કે એનું દૂધ ઉતરી આવ્યું છે, છાતીઓથી વહેવા લાગ્યું છે તો એની તા'બીર ભલાઈ અને બરકત, માલ અને દૌલત અને વધારે રોજી છે પણ દૂધ પીવાની તા'બીર એની વિરૂધ્ધ છે.

શરાબની તા'બીર હરામ માલ છે પરંતુ જો સ્વપ્નમાં દુશ્મનની સાથે લડાઈ થાય અને પ્યાલાના વિશે ઝઘડો કરનાર માણસથી જીદ થાય તો એ ફિત્નો છે. દ્રાક્ષ કે ખજૂરનો શીરો સ્વપ્નમાં જોવાની તા'બીર મકરૂહ માલ છે જેમાં કોઈ શંકા હોય અને દુઃખ વેઠયા પછી પણ એટલું જ મળતું હોય જેટલુ એને આગે અડકયું.

★ **નશા** : સ્વપ્નમાં શરાબના વિના નશો જણાવવો એ વાતની નિશાની છે કે એમાં કોઈ ભલાઈ નથી, કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : ''અને તમે લોકોને જોશો જાણે કે તેઓ નશાની હાલતમાં હોય, છતાં પણ તેઓ નશામાં નહીં હોય પણ અલ્લાહનો અઝાબ સખત છે.''

અને જેણે સ્વપ્નમાં જોયું કે તે શરાબ કે શીરા કોઈની સાથે પી રહ્યો છે અને બંનેની વચ્ચે દસ્તરખ્વાન પાથરેલું છે તો એની તા'બીર એ છે કે તે રોજી પ્રાપ્ત કરવાની કોશિશમાં કોઈથી લડશે, કેમ કે દસ્તરખ્વાનની તા'બીર ખાવા કમાવવાથી છે અને જો કોઈએ જોયું કે તે શરાબ બનાવી રહ્યો છે તો એની તા'બીર એ છે કે તે બાદશાહની સેવા કરશે અને તે મોટા મોટા કામ કરશે અને જો કોઈ હર્યાભર્યા ચમનમાં શરાબની નહેર જુએ અને શરાબ પીએ અથવા એ ચમનમાં દાખલ થાય તો તે જન્નતમાં દાખલ થશે અને જો એવું ન થયું તો તે દુનિયામાં કોઈ ફિત્નાનો શિકાર થશે.

★ **મધ** : મધને સ્વપ્નમાં જોવાની તા'બીર માલ અને પાક રોજી

મળવું છે અને બીમારીઓથી શિફા પણ. અને ફળોથી બનાવેલ શરબતોની તા'બીર એ ફૂલોના હિસાબથી થાય છે જેનાથી શરબત બનાવવામાં આવ્યાં.

### ★ પુરૂષ અને સ્ત્રીના અંગો અને જાનવરોની નાપાકી જોવી ★

★ **જાણીતો ઓળખીતો માણસ :** જો કોઈ સ્વપ્નમાં જુએ કે એનો કોઈ જાણીતો ઓળખીતો માણસ એને કોઈ ચીજ આપી રહ્યો છે કે કોઈ વાત કરી રહ્યો છે તો એની તા'બીર અથવા તો સ્વયં એ જ વ્યક્તિ છે અથવા એના જેવું કોઈ અન્ય અથવા એના જેવા નામવાળુ.

★ **અજાણ્યો માણસ :** જો સ્વપ્નમાં કોઈ અજ્ઞાત વ્યકિતને જોયી તો જો તે માણસ યુવાન છે તો જાણો સ્વપ્ન જોનારનો દુશ્મન છે, જો ઘરડો છે તો એનાથી સારાંશ એની ખુશનસીબી અને નેક બખ્તી અને તે કોશિશ છે જે તે કરી રહ્યો છે. જો કોઈએ જોયું કે કોઈ ઘરડો એને કાંઈ આપી રહ્યો છે કે એનાથી વાત કરી રહ્યો છે તો એની તા'બીર એની નેકબખ્તી, કોશિશ અને હિસ્સો છે અને આ એ ઘરડાની સ્થિતિ, એની સુંદરતા કે બદસૂરતી, કમાલ કે નુકસાન, તાકાત કે કમજોરીના હિસાબથી થશે.

★ **ઘરડી સ્ત્રી :** જો કોઈએ અજાણી ઘરડી સ્ત્રી જોઈ તો એ સ્ત્રીની સુંદરતા કે બુરાઈના હિસાબથી સ્વપ્ન જોનારનું વર્ષ પસાર થશે. જો કોઈએ એવી છોકરી જોઈ જેને તે નથી જાણતો અને તે એનાથી વાત કરી રહી છે કે કાંઈ આપી રહી છે કે તે સ્વયં એ છોકરીને ગળે લગાડી રહ્યો છે કે પ્યાર કરી રહ્યો છે કે એની સાથે જીવન પસાર કરી રહ્યો છે, કોઈ ચીજ જોયા વિના એની સાથે સંભોગ કરી રહ્યો છે તો આ બધાની તા'બીર એ માણસનું વર્ષ છે જે એ છોકરીની હાલતની જેમ હશે અર્થાત તે સુંદર અને સુડોળ છે તો સ્વપ્ન જોનારને એ વર્ષે ભલાઈ અને રોજી સારી મળશે અને જો એના વિરૂધ્ધ હશે તો જે પ્રમાણે એને પામશે એ રીતે એનું વર્ષ પસાર થશે.

★ **પેદા થનાર છોકરી :** તા'બીરના લેહાજથી એ છોકરા કરતાં બેહતર છે જેને તેણીને ખ્વાબમાં જોઈ તેને પ્રસન્નતા તથા સુખ મળશે. સ્વપ્નમાં



છોકરો જોવાની તા'બીર ચિંતા, દુઃખ અને સખત પરિશ્રમ છે. જેણે એ છોકરાને જોયો અથવા જેના ત્યાં આ છોકરો પેદા થયો એ ચિંતા અને દુઃખ એના માટે છે.

★ **અજાણ્યો હિજડો :** હિજડાને સ્વપ્નમાં જોવાથી સારાંશ ફરિશ્તા عَلَيْهِمُ السَّلَام ને જોવા છે.

★ **માથુ :** જે માણસે પોતાના માથાને સ્વપ્નમાં જોયું એણે પોતાના માલદાર અને પોતાના સરદારને જોયો જેના દ્વારા એને લોકોમાં ખ્યાતિ મળશે. માલદાર એનો બાપ હોય કે ભાઈ, માલિક હોય કે પતિ કે બાદશાહ હોય. માથામાં જે ઘટના જોશે તે ઘટના એ માલદારમાં પેદા થશે અને માથાની તા'બીર ઈન્સાનની જમા પૂંજી પણ હોય છે આથી જો કોઈએ જોયું કે એનું માથું ગર્દન માર્યા વિના જ અલગ થઈ ગયું છે તો એનો માલિક એનાથી અલગ થઈ જશે અને એનો કારોબાર તબાહ તથા બર્બાદ થઈ જશે.

### ★ માથાના વાળ ★

આ સ્વપ્ન જોનાર ખાસ કરીને માલિકના હેઠળ હોય છે. કદી એની તા'બીર જુદી જુદી રીતોથી પણ કરવામાં આવે છે. જો કોઈએ જોયું કે એણે પોતાનું માથુ મૂંડાવી દીધું છે અને તે હજનો સમય કે અશહરે હરમ, ઝીકઅદા, ઝિલહજ્જ, મુહર્રમ કે રજબના દિવસ ન હતા તો એની તા'બીર એ છે કે એનું કે એના માલિકનો માલ બર્બાદ થઈ જશે કે તેને પોતાના કામથી હટાવી દેવામાં આવશે. જો એણે આ સ્વપ્ન અશહરે હજ્જ (ઝિલહજ્જની ઝિકઅદા, શવ્વાલ)માં જોયું તો એના માટે સારું છે, શકય છે તે હજ પણ કરે.

જો કોઈએ એ જોયું કે એના માથાના વાળ વધી ગયા છે તો જો તે હથિયાર બાંધનાર છે તો એની તાકાત, હુસ્ન અને રૂપ વધશે અને ધાક વધશે. જો તે હાશ્મી છે તો લોકો એના ગુલામ બની જશે. જો વેપારી છે તો કારોબારમાં ઉન્નતિ થશે, ખેડૂત છે તો ખેતી અને એની પેદાઈશમાં લાભ થશે અને જો હાશ્મી નથી તો એના વાળોનું લાબા અને ગાઢ હોવાના મુજબ

એના દુઃખ અને ચિંતામાં વૃધ્ધિ થશે. જો જોયું કે માથાના વાળ વધીને ચહેરા સુધી પહોંચી ગયા છે અને પહેલાં કાળા હતા હવે સફેદ છે તો તા'બીર એ છે કે લોકોમાં એની ઈજ્જત, રૂઆબ અને માન વધશે અને જો વાળ પહેલાં સફેદ હતા, હવે કાળા નજર આવ્યા તો એની હાલત બદલાઈ જશે.

**★ માણસનો ચહેરો અને દાઢી ★**

એની તા'બીર એનો હોદ્દો અને શકલ તથા સૂરતથી થાય છે. જો કોઈએ જોયું કે એની દાઢી વધી ગઈ છે તો એની શાન અને હોદ્દામાં વૃધ્ધિ થશે. જો દાઢીને એટલી લાંબી જોઈ જેટલી આદત પ્રમાણે લાંબી નથી હોતી તો એટલી ચિંતા, દુઃખ અને મુસીબતનું નિશાન બનશે. જો પોતાની દાઢી મૂંડાવેલ જોઈ તો લોકોમાં એની ઈજ્જત ઘટી જશે. જો દાઢી ગબડી પડી કે ઉખાડવામાં આવી તો પણ એ તા'બીર છે જેથી મૂંડાવેલ હોવી એનાથી ઓછા દર્જા પર છે. જો કોઈ જુએ કે એના માથા અને દાઢીના વાળ મૂંડી નાખવામાં આવ્યા છે અને સાથે જ જવાબમાં કોઈ એવી વાત નજર આવે જે ભલાઈ અને બેહતરીની નિશાની હોય તો એના મુસીબતઝદા હોવાની સૂરતમાં અલ્લાહ એ મુસીબતને દૂર ફર્માવી દેશે. જો તે કરજદાર થયો તો એનું કરજ અદા થવાનો રસ્તો નીકળશે, બીમાર છે તો અલ્લાહ શિફા આપશે પરંતુ જો સ્વપ્નમાં ભલાઈની કોઈ નિશાની નજર નથી આવતી તો પછી આ સ્વપ્નમાં કોઈ ભલાઈ નથી.

**★ ખિઝાબ, માથા અને દાઢીમાં તેલ લગાડવું ★**

આ અસલમાં પર્દા અને હિફાઝતની નિશાની છે. માથામાં ખિઝાબ લગાડવાની તા'બીર એ થશે કે એણે જે હાલતને છુપી રાખવાનો ઈરાદો કર્યો છે એને અલ્લાહ છુપાવશે અને જો ખિઝાબવાળો પર જમા નથી તો અલ્લાહ એને છુપું નહીં રાખશે.

માથા દાઢીમાં તેલ લગાડવાનું સ્વપ્ન જોનાર જો જાણીતી અને ચોક્કસ જગાથી ન વધેતો આ સુંદરતા અને રૂપ સજાવટની નિશાની છે. અને જો વધી જાય તો ચહેરા પર કે કપડાં પર વહેવા લાગે તો એને દુઃખ પહોંચશે અને જો બદન પર લગાડવાનું તેલ ખુશ્બુદાર છે તો સજાવટની સાથે કોઈ



સારી વાત હશે.

**ખુશ્બુઓ** : ધુણી દેવાવાળી ચીજોને સ્વપ્નમાં જોવી સારી પ્રશંસા છે, પરંતુ એમાં ભય અને ખતરો છે, કેમ કે ધુમાની તા'બીર બાદશાહની તરફથી ભય પણ છે.

**★ વાળ ઉગવા** : જો ચહેરા પર કે હથેળીઓમાં કે એવી જગા જ્યાં ખાસ રીતે વાળ નથી ઉગતા. કોઈએ વાળ જોયા તો એના પર કરજ થઈ જશે અને તે સખત તકલીફ અને ગરીબીનો શિકાર થશે. જો મૂંછ, બગલમાં અને ડૂંટીની નીચેના વાળ જુએ અને તે ઓછા છે તો એની સુન્નતે રસૂલથી અને દીનથી મહોબ્બતની દલીલ છે. કદી કદી ડૂંટી નીચેના વાળોની તા'બીર એવી હુકૂમત હોય છે જેમાં દીન ન હોય. આખા શરીરના વાળ જોવા માણસનો માલ છે. જો એની પાસે વેપારનો માલ કે ખેતી છે તો જે નુકસાન અને અધિક્તા એ વાળોમાં નજર આવશે એ જ ખેતી અને વેપારમાં જોવામાં આવશે.

જો જોયું કે એના વાળ ચમકી રહ્યા છે તો માલદાર હોવાની હાલતમાં ફકીર અને ગરીબાઈમાં માલદાર થઈ જશે. પરેશાન હશે તો છૂટકારો મેળવશે, બીમાર થયો તો સારો થશે, કરજદાર હશે તો કરજ અદા થવાનો રસ્તો થઈ જશે.

**★ પેશાબ** : જેણે સ્વપ્નમાં જોયું કે એણે પેશાબ કર્યો છે જો તે બેચેન અને પરેશાન હશે તો એનાથી છૂટકારો મેળવશે, જો કરજદાર છે તો એનું કરજ દૂર થઈ જશે, જો માલદાર છે તો જેટલો ઓછો કે વધારે પેશાબ જોયો છે એટલો જ માલ ઓછો કે વધારે થઈ જશે.

**★ માણસનું માથુ** : માણસના માથાની તા'બીર માણસનો માલ અને ખજાનો છે, એવી રીતે તમામ "ભેજુ" જમા કરેલ માલ છે. જો કોઈ સ્વપ્નમાં જુએ કે તે 'ભેચવો' ખાઈ રહ્યો છે તો તે પોતાનો પાક માલ ખાઈ રહ્યો છે અને જો એના સિવાય કોઈ ઈન્સાન કે જાનવરનું ભેજુ ખાધુ તો સમજો કે બીજાની કમાઈ ખાઈ રહ્યો છે.

**★ લોકોનો ગોશ્ત** : જો પકાવેલ કે શેકેલ લોકોનો ગોશ્ત જોયો

તો તે માલ છે. જો ગોશ્ત કાચો હોય તો એ વ્યકિતની એ ગીબત છે જેનો ગોશ્ત એણે ખાધો. અલ્લાહનો ઈર્શાદ છે :–

''શું તમારામાંથી કોઈને પોતાના મુરદાર ભાઈનો ગોશ્ત ખાવો પસંદ છે, બલ્કે તમે એને બુરું સમજશો.''

★ **કાન અને સાંભળવાની શક્તિ :** કાનની તા'બીર પત્ની કે પુત્રીથી થાય છે. જો સ્વપ્નમાં કોઈએ જોયું કે કાન કપાઈ ગયો છે તો તે પત્નીને તલાક દઈ દેશે કે તે મરી જશે અથવા તે પુત્રીની શાદી કરી દેશે. કાનનું વધી જવું કે એમાં જણસો કે મોતી હોવાની તા'બીર એ છે કે એની પત્ની અને પુત્રી ખુશહાલ રહેશે. ઈન્સાનની સાંભળવાની શક્તિના વિશે સ્વપ્ન જોનારની તા'બીર એના દીનથી કરવામાં આવે છે, અર્થાત તે સ્વપ્નમાં પોતાની સાંભળવાની શક્તિને ઓછી કે વધારે કે ગુમ જોશે તો આ જ હાલત એના દીનની હશે.

★ **માણસનો અવાજ અને આંખ :** માણસના અવાજની તા'બીર લોકોમાં ખ્યાતિ, યાદ અને ગર્વ છે. અર્થાત અવાજની ઊંચાઈ સારાપણુ, રાગ અને મીઠાશ વગેરે નજીક કે દૂર સાંભળવાના હિસાબથી એની ખ્યાતિ કે ચર્ચા થશે. આંખની તા'બીર માણસનો દીન અને એની હિદાયતથી કરવામાં આવે છે. આ જ તા'બીર સાંભળવાની શકિતથી પણ છે. જેણે આંખ કે પોતાની રોશનીમાં વધ કે ઘટ જોઈ જેમ કે અંધ થવું, આંખ દુઃખવી, રોશની કમજોર થવી, એના મુજબ એનો દીન થશે. અને જેણે જોયું કે એણે સૂરમો લગાડયો છે તો એના દીનમાં ભલાઈ થશે અને જો સુંદરતાના માટે સૂરમો લગાડવાનો ઈરાદો કર્યો તો એના કોઈ કામથી, એની દીનદારીની ફેલાવો થશે અને કદીક આંખની તા'બીર માલ, છોકરા, ભાઈ કે અમીરથી કરવામાં આવે છે. જે ઘટના કે ઓછું, વધુ આંખમાં નજર આવશે એ જ એમનામાં થશે.

આંખની પલકો અને ભંવોની તા'બીર દીનની હિફાઝત અને એના લિહાજથી સારા ગુણ અને ચારિત્ર્ય છે. જો કોઈએ પોતાની પલકોમાં વધઘટ અથવા સુંદરતા જોઈ તો એ જ હાલ એના દીન અને ચારિત્ર્યનો હશે.



★ **નાક, કાનપટી, ગાલ અને જડબા :** નાકને સ્વપ્નમાં જોવું માણસના મર્તબા અને એના માટે ગૌરવની વાત છે. એ પ્રકારે પેશાનીની તા'બીર પણ એના સન્માન તથા માનની દલીલ છે. નાક અને પેશાનીમાં જે સારાપણુ કે બુરાઈ નજર આવશે એ જ એની ઈજ્જત અને ગર્વમાં થશે, જેમ કે આનાથી પહેલાં બતાવવામાં આવી ગયું છે.

કાનપટીઓ, ગાલો અને જડબાઓની તા'બીર રોજી કમાવાની રીતો છે. એમાં જે કાંઈ નજર આવશે એ જ બધુ એના વ્યવસાયમાં હશે જે એના માટે લોકોમાં નિર્ધારિત છે.

★ **હોટ :** ઈન્સાનના મદદગાર હોટ જ છે અને ઉપરનો હોટ નીચેના હોટથી બેહતર છે.

★ **માણસની જીભ :** માણસની જીભ કદી એની તર્જુમાન અને સંદેશવાહક છે. અને કદી એની તા'બીર માણસની દલીલથી કરવામાં આવે છે. જેણે સ્વપ્નમાં જોયું કે એની જીભ કપાયેલ છે અથવા નાની અથવા ખરાબ છે તો જો એ માણસને કોઈ બીજા માણસથી લડાઈ ઝઘડો છે તો એનાથી કહેવું, સાંભળવું, જીદ ખતમ થઈ જશે. પરંતુ જો કોઈથી ઝઘડો નથી તો દીનના વિશે એની ક્ષમતામાં વૃધ્ધિ થશે. જો જુએ કે જીભ વધી ગઈ છે તો સારાંશ એ છે કે લડાઈ ઝઘડામાં એની દલીલ મજબૂત હશે અને એને પોતાના મુકાબિલ પર સફળતા પ્રાપ્ત થશે અને જો એનો કોઈથી ઝઘડો નથી તો તા'બીર એ છે કે તે ગંદી, અશ્લીલ અને બેકાર વાતો કરવાવાળો છે. સ્ત્રીની જીભ કપાવી દરેક રીતે બેહતર છે.

★ **દાંતોનું બયાન :** સ્વપ્નમાં દાંત નજર આવવા ઈન્સાનના ઘરવાળા અને એની પથારી છે. સામેના દાંતોની તા'બીર ઔલાદ અને ભાઈ બહેન છે. જો કોઈ જુએ કે એના દાંત હલી ગયા છે તો એના ઘરના થોડાક લોકો બીમાર થઈ જશે. જો જુએ કે દાંત એના હાથમાં પડયા અથવા એણે એને પોતાના કપડાં કે ખિસ્સામાં મૂકી દીધા છે તો આ એ વાતની નિશાની છે કે એને પોતાના પુત્ર, ભાઈ, બહેનથી લાભ થશે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એણે દાંત ખાઈ લીધા છે તો એના સગા સંબંધીઓમાંથી થોડાકના શરીરમાં કોઈ બીમારી થઈ જશે. અને જોયું કે એના દાંત અધિક

લાંબા કે અધિક સફેદ કે સુંદર થઈ ગયા છે તો તે પોતાના સગા સંબંધીઓમાં કોઈ એવી વાત જોશે જેનાથી ખુશ થશે. કોચલાની તા'બીર ઘરનો સરદાર છે જેના પર બધાનો ભરોસો હોય.

દાઢથી મુરાદ માણસના કાકા, ફોઈ અને એ પ્રકારનાં અન્ય સગાં છે. દાઢોમાં જે કાંઈ જોવા મળે તે જ તેનાં સગામાં મૌજૂદ હશે. હાસ્યના દાંતથી સારાંશ મામા અને માસી, ઉપરની દાઢોની તા'બીર પુરૂષ અને નીચેની દાઢોની તા'બીર સ્ત્રીઓ છે. જો કોઈએ જોયું કે એની કોઈ દાઢ પડી ગઈ છે અને એણે એને ન ઉઠાવી ન ગણી તો જે સંબંધીઓનો ઉલ્લેખ થયો છે એમનામાંથી કોઈ મરી જશે અને જો કોઈએ જોયું કે એના બધા દાંત પડી ગયા છે તો એના બધાં સંબંધીઓ મરી જશે. એની ઉંમર એ બધાથી વધારે થશે. હિકાયત છે કે અમીરુલ મો'મિનીન મન્સૂરે આ જ સ્વપ્ન જોયું કે એમના બધા દાંત પડી ગયા છે. સવાર થઈ તો એમણે થોડાક સેવકોને કહ્યું તો સ્વપ્નની તા'બીર બતાવનાર થોડાક લોકોને બોલાવી લાવ્યા. એક વ્યકિતને એની સામે રજુ કરવામાં આવ્યો તો એણે બતાવ્યું કે અમીરુલ મોમિનીન ! આપના બધા સંબંધીઓ મરી જશે. એના પર મન્સૂરે કહ્યું કે અલ્લાહ તારા મોંને બંધ કરી દે અને તારી તા'બીરને ખોટી કરી દે ! અહીંયાથી દૂર થઈ જા !

પછી એણે હુકમ કર્યો કે કોઈ બીજાને બોલાવો. આથી એક બીજો વિદ્વાન આવ્યો જે બાદશાહોના ત્યાં આવવા જવાના આદાબ જાણતો હતો. એણે સ્વપ્ન સાંભળીને તા'બીર આપી કે આપ બધાથી લાંબી ઉંમર મેળવશો અને ખાનદાનમાં બધાના પછી આપનો ઈન્તેકાલ થશે. અમીરુલ મો'મિનીને હસીને કહ્યું કે વાત એક જ છે પણ તેં પહેલાની સરખામણીમાં સુંદર શબ્દોમાં તા'બીર બતાવી છે, પછી એને દસ હજાર દિરહમ ઈનામ આપ્યા.

★ **ગર્દન અને માથું** : સ્વપ્નમાં લાંબી ગર્દન જોવાનો મતલબ અમાનત અને દીનદારી અને એની સહનશકિત છે અને ગર્દનના નાના કે કમજોર હોવાનું સારાંશ એ છે કે આ વજનને ઉઠાવવાને યોગ્ય નથી અને દિમાગ ભરોસાપાત્ર હોવાની નિશાની છે. અને બંને હાથો અને બંને બાવડાંઓની તા'બીર જુદી જુદી હોય છે. કદી એ કોઈ બીજા પર અને કદી સ્વયં જોનારની જાત અને એની હાલત પર દલીલો કરે છે અને આ બધી



તા'બીરો સ્વપ્નમાં હાજર દલીલોના આધાર પર આપવામાં આવે છે. જેમ કે જો કોઈએ જોયું કે એનો હાથ કપાઈ ગયો છે અને એણે એને ઉઠાવ્યો નથી તો તા'બીર એ છે કે એનો ભાઈ કે કોઈ દોસ્ત મરી જશે કે જો કોઈ ભાગીદાર છે તો એનાથી અલગ થઈ જશે. પરંતુ જો એણે પોતાનો કપાયેલ હાથ ઉઠાવી લીધો તો તે ભાઈ પુત્ર કે દોસ્તથી લાભ મેળવશે.

જો કોઈએ જોયું કે એનો હાથ કપાયેલ છે પણ કપાવામાં એને લોહી જોવામાં નથી આવ્યું કે એનો હાથ એની ગર્દનથી બાંધી દેવામાં આવ્યો છે તો તે ગુનાહો અને હરામ કામોથી બચેલ રહેશે. અને જેણે જોયું કે બાદશાહે એનો હાથ કાપ્યો છે તો તા'બીર એ છે કે તે ખુદા તઆલાની જૂઠી કસમ ખાશે. જેને સ્વપ્નમાં પોતાનો હાથ લાંબો નજર આવ્યો એની આવક અને ખર્ચ અધિક થશે અને દાનવીરતામાં વૃધ્ધિ થશે. અને જેણે જોયું કે એના હાથમાં પકડવાની શક્તિ અધિક છે તો એની શક્તિ હજુ વધશે.

★ **આંગળીઓ અને નખો** : આંગળીઓ સ્વપ્નમાં જોવાની તા'બીર ભાઈ કે બહેનના બાળકો છે. આંગળીઓથી સારાંશ પાંચ નમાઝો પણ છે. જો સ્વપ્નની હાલતમાં આંગળીઓમાં ઓછું કે વધારે નજર આવે તો આ વધઘટ બહેન ભાઈની ઔલાદમાં કે એની નમાઝમાં થશે પરંતુ આ એ સ્થિતિમાં છે જયારે સ્વપ્નમાં એવી વાતો હોય જે એની તરફ આકર્ષિત કરે.

નખોની તા'બીર માણસની કુદરત અને એની હાલત છે કેમ કે તે નખોથી જ પોતાના શરીરને ખંજવાળે છે.

★ **હૃદય, છાતી, પાંસળી અને પીઠ** : હૃદયની તા'બીર સ્વપ્ન જોનારની બર્બાદી અને સહનશક્તિ છે. સ્વપ્નમાં હૃદયને તંગ કે વધારે જોનારના ઈલ્મ અને સહનશક્તિમાં આ જ સ્થિતિ પેદા થશે. છાતીઓની તા'બીર એની પુત્રીઓથી કરવામાં આવશે. પેટની તા'બીર ઈન્સાનનો માલ અને પુત્ર છે. જો કોઈએ સ્વપ્નમાં પોતાના પેટને નાનું જોયું તો એનો માલ અધિક થશે અને પેટ આંતરડાઓ અને પેટની બીજી તમામ ચીજોથી સારાંશ જમા કરેલ માલ છે. જો કોઈએ જોયું કે તે આંતરડાઓ, જિગર, ગુર્દા કે પેટમાં હાજર એવી બીજી ચીજોને ખાઈ રહ્યો છે અથવા એણે જોયું કે એણે

સ્વયં અથવા કોઈ બીજાએ એમાંથી કાંઈ ઉઠાવી લીધું છે તો એને જમા કરેલ માલ મળશે.

જે ચીજો ઈન્સાનના શરીરમાં પેદા થાય છે અને અહીંથી એમને રોજી મળે છે, જેમ કે જૂ વગેરે એમની તા'બીર માણસના ઘરવાળા છે. જો કોઈ જુએ કે એના શરીરથી થોડાક અંગ જૂ અને કીડા વગેરે ગબડી રહી છે અથવા એ કે એના શરીર કે કપડાંમાં કીડા અધિક થઈ ગયા છે તો એને ઘણો બધો માલ અને ગુલામ પ્રાપ્ત થશે.

પાંસળીઓથી મુરાદ માણસોની સ્ત્રીઓ છે. જો પાંસળીઓમાં કોઈ નવી વાત જોવા મળશે તો એ જ વાત એની સ્ત્રીઓમાં પેદા થશે. પીઠ ઈન્સાનના સન્માન અને એની સજ્જનતાની દલીલ છે. કદીક પીઠની તા'બીર પુત્ર હોય છે કેમ કે તે એનાથી પેદા થાય છે.

★ **ખભા :–** એની તા'બીર ઈન્સાનની પત્ની થાય છે જે નવી વાત ખભામાં હશે એ જ એની પત્નીમાં હશે.

★ **પુરૂષનું લિંગ :** એની તા'બીર સ્વયં એનાથી કરવામાં આવે છે. જો જુએ કે એનું લિંગ કપાયેલ છે તો એનું લિંગ ખતમ થઈ જશે અર્થાત તે સ્વયં કે એનો પુત્ર મરી જશે. જો કોઈએ એને વધેલ કે ખરાબ જોયું તો એ બંનેમાં એ જ વાત પેદા થશે. જો કોઈને પોતાના બે કે અધિક અંગ નજર આવે તો એ સંખ્યાના મુજબ એની ઓલાદ થશે.

સ્ત્રીઓ (સ્ત્રી લિંગ)ને જોવાની તા'બીર ઈન્સાનની પુત્રીઓ થાય છે. જે વાત એમનામાં જોવા મળશે તો એની પુત્રીઓની હશે. ડા'બો અંડકોશ જેનાથી પુત્ર પેદા થાય છે જો કોઈએ જોયું કે આ કાપેલ કે ખેંચી લેવામાં આવેલ કે પડી ગયું છે તો તા'બીર એ છે કે એના ઘરમાં છોકરા પેદા નહીં થશે. બંને જાંગોની તા'બીર ઈન્સાનનો પરિવાર અને સગાઈ છે. જો કોઈએ એ જોયું કે એની જાંગ એનાથી અલગ થઈ ગઈ છે તો મુરાદ એ છે કે એની બિરાદારી એને છોડી આપશે.

★ **ઘુટણો, પીંડીઓ અને પગો :** આ બધાની તા'બીર માલ અને રોજગારથી કરવામાં આવે છે જેના પર માણસ ભરોસો કરે છે એમાં



એની વૃધ્ધિ તથા કમાઈ છે. પગોની આંગળીઓની તા'બીર માણસના માલની સજાવટ છે. પટ્ટાઓ (રગો)ની તા'બીર એનાથી કરવામાં આવશે જેનાથી એ વ્યકિતનો હાલ અને મામલો જોડાયેલ હોય. ચામડીથી સારાંશ વારસો છે જે એની મોતના પછી વહેંચવામાં આવશે. ડૂંટી અને ઘુટણની વચ્ચેનો ભાગ (સતર) જો કોઈએ જોયું કે ભાગ ખુલી ગયો છે અને કપડું એના પર હાજર છે તો જેટલો ભાગ ખુલ્લો છે એના મુજબ એના દોષ લોકો પર ખુલી જશે. જેણે જોયું કે એણે પોતાનાં કપડાં ઉતારી દીધાં છે એનાથી મુરાદ એ છે કે તે જે ચીજો ચાહે છે અથવા જે હાલતમાં છે એનાથી અલગ થઈ જશે. જેણે પોતાને નગ્ન જોયો પરંતુ સતર લોકો પર જાહેર નથી થયું તે જો દીનનો તાલિબ છે તો ઈબાદત અને ઈતાઅતમાં ઘણુ મહત્વપૂર્ણ સ્થાન મેળવશે અને દુનિયાનો તાલિબ છે તો એમાં ખાસ સ્થાન પ્રાપ્ત કરી લેશે. જો એનું સતર પણ લોકો જુએ છે તો એમાં કોઈ ભલાઈ નથી.

જો કોઈએ જોયું કે તે બજારમાં કે મસ્જિદમાં કે બીજે કયાંક નગ્ન થઈ ગયો છે અને એનું સતર લોકોએ નથી જોયું અને ન કોઈએ એને તાણું આપ્યુ છે તો એની પરેશાનીઓ હલ થઈ જશે. એને બીમારીથી છૂટકારો નસીબ થશે, ગુનાહોના પ્રભાવથી પાક થઈ જશે. જો મકરુહ હોવાની સૂરત છે તો એને કરજથી છૂટકારો મળી જશે.

જો કોઈએ જોયું કે એની ગર્દન મારવામાં આવી અથવા એનું માથું અલગ થઈ ગયું છે તો કેદમાં છે તો આઝાદ થશે, બીમાર છે તો તંદુરસ્ત થઈ જશે, કર્જદાર છે તો કરજ અદા કરવાના લાયક થશે અને એ પણ સંભવ થશે કે તે હજનો ફર્ઝ અદા કરે, જો મુસીબતનો શિકાર છે તો એનાથી છૂટકારો મેળવશે. જો કોઈથી ભયભીત છે તો એને અમન મળશે. અને જો કોઈએ જોયું કે કોઈ જમાઅતના મામલાઓમાં સુલઝાવવાના માટે ન્યાયાધીશ બનેલ છે તો તે મામલાઓ સુધારી લેશે પરંતુ જો સ્વપ્નમાં ન્યાયાધીશ બનવાના કારણથી એના શરીરથી લોહી નીકળ્યું તો એ સ્વપ્નમાં કોઈ ભલાઈ નથી. કદી એના સ્વપ્નની તા'બીર એ પણ હોય છે કે સ્વપ્ન જોનારની પાસે જે માલ છે એના હરામ હલાલ હોવામાં શક છે અને જેણે

જોયું કે એણે કોઈ માણસને ઝબહ કરી દીધો છે તો તે એ માણસ પર જુલ્મ કરશે. એવી રીતે જો જોયું કે એણે કોઈ હરામ જાનવરને ઝબહ કર્યું છે તો તે એ જાનવર પર જુલમ કરશે અને જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એણે કોઈને કત્લ કરી નાખ્યો છે તો તા'બીર એ છે કે કતલ થનાર કાતિલ છે તે ભલાઈ પ્રાપ્ત કરશે.

જો જોયું કે તે કોઈની સાથે કુશ્તી લડી રહ્યો છે તો તા'બીર એ છે કે હારનારનો હાલ બેહતર થશે અથવા તે પોતાના મુકાબિલથી અધિક જમીનનો માલિક બનશે. જો સ્વપ્નમાં કોઈને ગાળ દઈ રહ્યો છે તો ગાળ ખાનારનો હાલ બેહતર હશે. રિવાયત છે કે હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈર رضی اللہ عنہ એ સ્વપ્ન જોયું કે તે અબ્દુલ મલિક બિન મર્વાનથી કુશ્તી લડી રહ્યા છે અને એમણે અબ્દુલ મલિકને હરાવીનેનીચે ગબડાવી દીધો છે અને ખીલાઓ વડે એને જમીનમાં ખોસી દીધો છે.

સવારે હઝરત અબ્દુલ્લાહે ઈમામ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે માણસ મોકલ્યો અને કહ્યું કે તે જીતનાર અને હારનારનું નામ ન બતાવે. જ્યારે એ માણસે એમને સ્વપ્ન બયાન કર્યું કે તો ઈમામે તરત ફર્માવ્યું કે આ સ્વપ્ન તારું નથી અને આવું સ્વપ્ન અબ્દુલ માલિક બિન મર્વાન અથવા હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈરના સિવાય કોઈ નથી જોઈ શકતું. કાસિદે આ વાતને માનવાથી ઈન્કાર કરી દીધી કે હે ઈમામ ! આ મારું જ સ્વપ્ન છે. ઈબ્ને સીરીં رضی اللہ عنہ ને કહ્યું કે જ્યાં સુધી તું મારી વાત નહીં માનીશ, હું તા'બીર નહીં બતાવીશ.

એ માણસ હઝરત અબ્દુલ્લાહ બિન જુબૈરની પાસે પાછો આવ્યો અને ઈબ્ને સીરીંની વાત બતાવી. હઝરત અબ્દુલ્લાહે ફર્માવ્યું : તું એમની પાસે જા અને સાચી વાત બતાવ. તે વ્યક્તિ બીજીવાર ઈમામ સાહેબની સેવામાં આવ્યો અને કહ્યું કે આ સ્વપ્નું વાસ્તવમાં અબ્દુલ્લાહ ઈબ્ને જુબૈરે જોયું અને એમણે અબ્દુલ મલિકને હરાવ્યો છે. ઈમામ ઈબ્ને સીરીને એની તા'બીર બતાવી કે અબ્દુલ મલિક બિન મર્વાન જુબૈર પર ભારે પડી જશે અને એમને કતલ કરી દેશે અને એમણે જમીનમાં ચાર ખીલા ખોસ્યા છે એટલા માટે અબ્દુલ મલિક બિન મર્વાન અબ્દુલ્લાહ બિન જુબૈર પર ભારે પડી જશે



અને એમને કત્લ કરી દેશે. અબ્દુલ મલિકના સંતાનને એમના બાપની તરફથી ખિલાફત મળશે. છેવટે ઈમામ ઈબ્ને સીરીંની તા'બીરના મુજબ સ્થિતિ ઉપસ્થિત થઈ.

★ **દુલ્હા** : જો કોઈએ જોયું કે તે દુલ્હો બનેલ છે અને એણે પત્નીને ઓળખી લીધી છે કે એનાથી તે સંબંધિત થઈ ચૂકી હોય તો એની શાદી થશે કે તે માન સન્માન મેળવશે કે કોઈ જરૂરી ચીજનો માલિક બનશે. જો એણે સ્ત્રીને નથી જોઈ અને એનાથી એની મંગની પણ નથી થઈ તો તા'બીર એ છે કે તે ક્યાં તો મરી જશે કે કતલ થશે કે શહીદ થઈને ખુદાથી જઈ મળશે. જો કોઈએ જોયું કે એણે પત્નીને તલાક દઈ દીધી છે તો તેને પોતાના પદથી હટાવી દેવામાં આવશે.

★ **લોહી** : જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એના શરીરથી લોહી વહી રહ્યું છે પણ ઘા કોઈ નથી અથવા પોતાના શરીરમાં ઝરણાની સૂરતમાં લોહી કે પાક નીકળતાં જોયું તો જો તે લોહી કે પાક એના શરીરની સાથે લાગી ગયું તો જેટલું લોહી કે પાક જોયું એટલું જ હરામ માલ પ્રાપ્ત કરશે. અને શરીર કે કપડાંઓને કોઈ ચીજોને નથી લાગ્યું તો લોહી કે પાકની માત્રાના મુજબ એનું પદ ઓછું થઈ જશે. જો કોઈએ જોયું કે એના શરીરમાં રસી કે ઘા, ફોલ્લીઓ, ફોલ્લાઓ કે દાણા વગેરે છે તો તા'બીર એ છે કે તેઓ જ્યાંથી હશે એ અવધિના હિસાબથી એને માલ મળશે. શરીરના જાડાપણું કે વરમ કે કોઈ કારણથી મોટું થવાની તા'બીર માલ મળવો છે.

★ **કોઢ** : કોઢ જોવાની તા'બીર એ છે કે એને વરમ અને બીમારીથી અધિક અને બેહતર માલ મળશે. સફેદ દાગને સ્વપ્નમાં જોવાથી મુરાદ માલ અને પોશાક પ્રાપ્ત થવું છે.

★ **પાગલપણું** : પાગલપણાની તા'બીર માલ છે પરંતુ આ માલ એવા સ્થાનો પર ખર્ચ થશે જ્યાં ખર્ચ ન થવો જોઈએ. નશો જો શરાબનો હોય તો બાદશાહથી માલ મળશે પરંતુ શરાબના વિના નશાને જોવામાં કોઈ ભલાઈ નથી.

★ **શરીરમાં નુકસાન કે કમી** : શરીરની અંદર સ્વપ્નમાં

કોઈ કમજોર કે દુબળાપણાને જોવું કોઈ રીતે સારું નથી. તાકાતની તા'બીર એ છે કે દીન અને એની હાલતમાં તાકાત નસીબ થશે. જો કોઈએ જોયું કે તે ભારે બોજ ઉઠાવી રહ્યો છે તો એને ચિંતા થશે અને ઈન્સાનો અને જાનવરોના પેટથી નીકળનાર દરેક ચીજ છાણ, જાજરૂ વગેરેને સ્વપ્નમાં જોવું હરામ માલની દલીલ છે અને જે જે ચીજમાં બદબૂ હશે એની હુર્મત તથા ગુનોહ ઓછો થશે. હરામ જાનવર જેનો ગોશ્ત નથી ખાવામાં આવતો એની નાપાકીને જોશે તો એની તા'બીર હરામ માલ છે. જો કોઈએ જોયું કે એના શરીર પર કે કપડાંઓને જાજરૂ લાગી ગયું છે અથવા તે એનો માલિક બની ગયો છે અને એની રક્ષા કરતો રહ્યો તો એને હરામ માલ મળશે. જો કોઈ જુએ કે એનું જાજરૂ નીકળી ગયું છે તો જેટલું જાજરૂ નીકળ્યું એટલો જ માલ બર્બાદ થશે અથવા એનાથી કોઈ નુકસાનવાળુ કામ થશે.

જો જાજરૂ કીચડ, વરસાદ કે રેલની જેમ નીકળ્યું તો એમાં બિલ્કુલ ભલાઈ નથી. પરંતુ એ પણ થઈ શકે છે કે એને હાકિમના તરફથી કોઈ ભય હોય. જો કોઈએ જોયું કે આદતની વિરૂધ્ધ એના શરીરથી લોહી, કીડા જૂ, પરુ કે એવા પ્રકારની કોઈ ચીજ બહાર નીકળી તો એના માલ કે ખાનદાન વગેરેમાં એટલું નુકસાન થશે કે કમી થશે જેટલું એણે સ્વપ્નમાં જોયું છે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એના અવાજની સાથે હવા નીકળી છે તો તા'બીર એ છે કે તે કોઈ એવી વાત કરશે જેને સાંભળીને લોકો હસશે. જો કોઈના જાજરૂવાળી જગાથી લોહી નીકળ્યું અને એના શરીરથી લાગી ગયું તો એને એટલો જ માલ મળશે. જે સ્વપ્નમાં થૂકયો તે કોઈ વાત કરશે જેની નિસ્બત એના બદલે કોઈ બીજી તરફ હશે.

★ **ખાંસી** : સ્વપ્નમાં ખાંસવાની તા'બીર એ છે કે તે કોઈના વિરૂધ્ધ ફરિયાદ કરશે. જો જોયું કે એના નાકથી માદ્દો નીકળી રહ્યો છે તો તા'બીર એ છે કે તે ગુસ્સામાં ઊલ્ટી સીધી વાતો કરશે.

★ **ઊલટી કે ધાત** : જો સ્વપ્નમાં જોયું કે ઊલટી કે પેશાબના પછી સફેદ ગાઢ પાણી (ધાત) નીકળ્યું તો એની તા'બીર તૌબા અને અલ્લાહની તરફ પલટવું છે. જો ઊલટી બદબૂ, બેસ્વાદ કે બદરંગ ન હોય તો તે અલ્લાહની સામે તૌબા કરશે અને ગુનાહોથી સ્વયં જ દૂર થઈ જશે



અને ઊલટી ખરાબ જણાય તો એને કોઈ દુઃખનો સામનો થશે.

★ **સીંગી (ખરાબ લોહી ચૂંસાવવું) લગાડવી** : જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એણે કોઈ અજ્ઞાત વ્યકિતથી સીંગી લગાડવી તો તા'બીર આ છે કે તો એના વિરૂધ્ધ કોઈ શરત લખવામાં આવશે કે એની પાસે કોઈ અમાનત રાખવામાં આવશે. જો જાણકાર વ્યકિતથી લગાડી તો એનો થોડોક માલ નીકળી જશે અને જો સીંગી ગર્દનમાં લાગી તો અમાનતમાં થોડોક નુકસાન થઈ જશે.

★ **નકસીર** : નકસીરની તા'બીર સ્વપ્ન જોનારની શરીરની તંદુરસ્તી છે. કદી એની તા'બીર માલ, માન, સન્માન અને જમાપૂંજીમાં ઉણપથી કરવામાં આવે છે. નસ્તર મરાવવાની તા'બીર એ છે કે માલ સ્વપ્ન જોનારના હાથથી નીકળીને બાદશાહની પાસે ચાલ્યો જશે. જો લોહી થાળીમાં ભેગુ કર્યું તો બીમાર થઈ જશે અને પોતાનો માલ કોઈ સ્ત્રી પર ખર્ચ કરશે. એવા સ્વપ્નની એ તા'બીર પણ આપવામાં આવી છે કે તે માલ સ્વયં પોતાની જાત પર ખર્ચ કરશે. લોહી, જાજરૂ વગેરે શરીરથી નીકળવાવાળી ચીજોમાં લથપથ હોવાથી અર્થ હરામ માલ છે.

## ★ થોડીક હિકાયતો ★

કહેવામાં આવ્યું છે કે એક વ્યકિતએ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે હાજર થઈને કહ્યું કે મેં સ્વપ્નમાં જોયું છે કે મારું માથુ મૂંડાવી દીધું છે (કે એણ કહ્યું, કાપી નાખ્યું છે) તો ઈમામ સાહબે કહ્યું કે ક્યાં તો તારો ગુલામ આઝાદ થઈને તારાથી અલગ થઈ જશે અથવા એનું કે તારું મોત આવી જશે. એ જ થયું. પાંચ છ દિવસના પછી એ આદમી મરી ગયો.

⍟ એક વ્યકિત ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ની પાસે આવ્યો. એણે સ્વપ્ન બયાન કર્યું કે એક સ્ત્રીએ મારી દાઢી કે માથાને કાપી નાખ્યું છે. એના પર આપે ફર્માવ્યું કે આ સ્વપ્ન સારું નથી. સ્ત્રીની તા'બીર સાલ અને માથાની તા'બીર માણસનો માલ. આ બધી ચીજો તારાથી જશે, પણ કેમ કે તારા સ્વપ્નમાં સ્ત્રીએ એવું કર્યું છે એટલા માટે એ ચીજોનો બદલો તને મળી જશે. થોડાક જ દિવસોમાં એ માણસને તા'બીરના મુજબ ઘટના ઉપસ્થિત થઈ ગઈ.

⊛ કહે છે કે બગદાદમાં એક જમાઅત અંદરોઅંદરની વાતચીતમાં સ્વપ્નોનો ઉલ્લેખ કરી રહી હતી એમનામાંથી એક બોલ્યો : "હું તમને એક અજીબ ઘટના સંભળાવું છું. સ્વપ્નમાં એક સીંગી લગાડનારાએ (ખરાબ લોહી ચૂંસનારે) મારી મૂછો અને દાઢી મૂંડી દીધી છે. મેં જાગ્યા પછી ઈમામ જાફર સાદિક رضی اللہ عنہ ને પોતાનું સ્વપ્ન સંભળાવ્યું તો આપે તા'બીર બતાવી કે તું એવી મુસીબતમાં ગિરફતાર થઈશ જેનાથી તારી ઈજ્જત અને આબરૂ ખતમ થઈને રહી જશે અને તને ઘણું દુઃખ થશે. હું ત્યાંથી દુઃખી થઈને આવ્યો અને ચાર દિવસ સુધી ઘરથી ન નીકળ્યો. પાંચમા દિવસે મસ્જિદના દરવાજાની પાસે આવ્યો તો એક દોસ્ત મને દેખાયો જેને જેલમાંથી કાઢીને એનો પોશાક ઉતારી દેવામાં આવ્યો હતો જેથી કોરડાઓ લગાડવામાં આવે.

એણે મને જોયો તો મારું નામ લઈને અવાજ આપ્યો. મેં જવાબ આપ્યો તો તે બોલ્યો : ખુદાની કસમ ! તેં મને મુસીબતમાં નાખ્યો છે. તું ન હોત તો હું જેલમાં ન જતો. મેં જે માલ ચોરી કરીને તને આપ્યો હતો અને તું એને પોતાના ઘરે લઈ ગયો હતો, તે એના માલિકને આપીને મને આ મુસીબતથી બચાવ. મેં કહ્યું : (હું મર્દૂદ શૈતાનથી બચવાના માટે ખુદાની પનાહ ચાહુ છું) અઊઝુબિલ્લાહિ મિનશ્શૈતાનિર્રજીમ. ખુદાની કસમ ! તેં મને કોઈ માલ ન આપ્યો હતો. સિપાઈઓએ એની વાત સાંભળીને મને ગિરફતાર કરી લીધો અને એની સાથે મને પણ જેલમાં નાખી દીધો. તેઓ મારાથી કપડાં અને માલ માંગવા લાગ્યા. એના પછી મને બસ એટલું યાદ છે કે મને કેદખાનાથી કાઢીને ત્રણ સજાઓ મારા ઉપર લાગુ કરી અને હું ચોરના સાથીની હેસિયતથી આખા બગદાદમાં બદનામ થઈ ગયો. ત્યાં સુધી કે ખલીફાના ત્યાં પુત્ર પેદા થયો અને એ ખુશીમાં કેદીઓને છોડી દેવાનો આદેશ આપવામાં આવ્યો. હું પણ છૂટી ગયો. જો એવું ન થતું તો હું જીવનભર જેલમાં રહેતો. આથી સ્વપ્નની એનાથી અધિક સાચી તા'બીર મેં કદી નથી જોઈ.

⊛ એક વ્યક્તિ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવ્યો અને જણાવ્યું કે મેં એક મહિલાને નિકાહનો સંદેશ આપ્યો, પછી મેં એને સ્વપ્નમાં



જોઈ કે એનો રંગ કાળો અને કદ નાનું છે. એમણે કહ્યું કે જઈને એનાથી શાદી કરી લે. કેમ કે કાળા રંગનો અર્થ એ છે કે એની પાસે માલ અને દૌલત અને શાન તથા શૌકત ઘણુ વધારે છે અને નાનું કદ હોવાથી અર્થ એ છે કે એની ઉંમર ઓછી થશે. તા'બીર સાંભળીને એ વ્યકિતએ આ મહિલાથી શાદી કરી લીધી. થોડાક દિવસ પછી તે મરી ગઈ અને તે માણસ એની બધી દૌલતનો માલિક થઈ ગયો. આથી ઈમામ સાહબની તા'બીર સાચી નીકળી.

⊛ એક વ્યક્તિ મુહમ્મદ બિન સીરીંની પાસે આવ્યો અને જણાવ્યું કે સ્વપ્નમાં મારા પુત્રએ મને કાળી દોરીથી બાંધી દીધો છે. આપે એને જણાવ્યું કે તારો પુત્ર બરકતવાળો છે અને તારા પર જે ઢગલો બધું કરજ છે તે બધું ઉતારી દેશે અને તને મહેનત અને મજબૂરીથી બચાવી લેશે. તારા પર માલ ખર્ચ કરશે અને તારી જરૂરતો પૂરી કરશે. કેમ કે સિપાઈની તા'બીર માલ અને દૌલત છે. એના પર એ માણસ કહ્યું કે ખુદાની કસમ ! આપે બિલકુલ સાચું ફર્માવ્યું.

## ★ શાદી, નિકાહ, સ્ત્રીઓની શર્મગાહ, ગર્ભ અને ખેતી જોવી ★

શાદીની તા'બીર કે મંગેતરના તરફથી ગર્વ, માન, સન્માન અને દુનિયાવી પદ પ્રાપ્ત કરવું છે. જો કોઈએ સ્વપ્નમાં મૃત સ્ત્રીથી શાદી કરી તો તે એવી બાબતોમાં જેમાં સફળતાની આશા જ ન રહી હોય, સફળતા પ્રાપ્ત કરશે. જો કોઈએ જોયું કે એણે ન કોઈ સ્ત્રીથી સંભોગ કર્યો ન કોઈ સ્ત્રીને જોઈ પણ એનું વિર્ય નીકળ્યું તો તે કોઈની હત્યાનો ઝરિયો બનશે.

જો કોઈ જુએ કે એણે કોઈ પ્રસિદ્ધ અને ઓળખીતી વ્યકિતને સલામ કરી તો તા'બીર એ છે કે તે એનાથી પોતાની કે પુત્રની કે કોઈ બીજાની શાદીની વાત કરશે. જો સલામનો જવાબ આપવામાં આવ્યો તો વાત સ્વીકાર થશે, નહીં તો નહીં. એની તા'બીર એ પણ છે કે સલામમાં પહેલ કરનાર બીજાની પત્નીથી શાદી કરશે પરંતુ સલામ જો એણે કરી જે પ્રસિદ્ધ નથી તો સ્વપ્ન જોનાર વિદેશમાં શાદી કરશે.

જેણે જોયું કે એની પત્નીથી કોઈ બીજો શાદી કરી રહ્યો છે તો અર્થ એ છે કે એ સ્ત્રીના ઘરવાળાંઓને ક્યાંથી ભલાઈ અને દૌલત પ્રાપ્ત થશે.

જો જુએ કે મા, બહેન કે કોઈ એવા સંબંધીથી નિકાહ કરી રહ્યો છે જેનાથી નિકાહ જાઈઝ નથી અને આ નિકાહ ઝીકઅ્દા, ઝિલહજ્જ, મોહર્રમ કે રજબમાં હોય તો તે મક્કા કે મદીનાની ઝિયારત કરશે. જો આ મહીનાઓમાં નથી તો સગાંઓની સાથે સારો વર્તાવ કરશે અને એમનાથી નેકી કરશે. અને જો સ્વપનમાં કોઈ માણસથી નિકાહ કરી રહ્યો હોય અને તે માણસ અપરિચિત પણ જવાન હોય તો સ્વપ્ન જોનાર પોતાના દુશ્મન પર વિજય પ્રાપ્ત કરશે અને જો એને ઓળખે છે અને એ બંનેમાં દુશ્મની નથી તો તે એ માણસથી કે એનાથી મળતા આવતા કે સરખા નામની કોઈ વ્યક્તિથી ફાયદો પ્રાપ્ત કરશે. જો તે વ્યકિત અજ્ઞાત હોય તો સ્વપ્ન જોનારની દુનિયા પ્રાપ્ત કરવાની ઈચ્છા મજબૂત હશે અથવા તે પ્રસન્નતા અને મનોરંજન મેળવશે. જો કોઈએ કોઈ સ્ત્રીને લિંગનો માલિક જોઈ તો જો તે સ્ત્રી ગર્ભવતી છે તો પુત્ર જન્મશે તે ઉચ્ચ મર્તબો અને ઘરવાળાઓનો સરદાર થશે. જો એ સ્ત્રીના ખોળામાં પુત્ર હાજર હોય અને તે સ્વયં હાજર ન હોય તો પણ તે હાજર છોકરો સારો મર્તબો અને પદનો માલિક હશે પણ એના પછી એને ત્યાં કદી ઔલાદ નહીં થશે કે થશે તો છોકરો બાલિગ થવાથી પહેલાં મરી જશે. એવી રીતે જો સ્ત્રી સ્વપ્નમાં જુએ કે એને પુરૂષોની જેમ દાઢી છે તો કદી સ્વપ્નની તા'બીર ઘરવાળાઓની તરફ થાય છે કે એ સ્ત્રીની ખ્યાતિના કારણે પતિ પણ ખ્યાતિ અને સન્માન મેળવશે.

જો કોઈ માણસે જોયું કે એનું લિંગ સ્ત્રીની શર્મગાહની જેમ છે તો ખૂબ માલ દૌલત મળશે. જો જુએ કે એની શર્મગાહમાં સંભોગ કરવામાં આવી રહ્યો છે અને કરનાર ઓળખીતું છે તો એની જરૂરત બીજાને અપમાનિત કરવાથી પૂરી થઈ જશે. પરંતુ જો સંભોગ કરનાર અજાણ અને અજ્ઞાત છે તો માત્ર બેઈજ્જતી બદનામી મેળવશે. પરંતુ જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એની સાથે વ્યભિચાર કરવામાં આવી રહ્યો છે તો જો કરનાર ઓળખીતું છે તો સ્વપ્ન જોનાર મિલ્કતથી ઘણો માલ મેળવશે. પરંતુ જો સંભોગ કરનાર



ખબર ન હોય તો લાંબા આયુષ્યની નિશાની છે. જો સ્વપ્નમાં કોઈ જાનવરથી સોહબત કરી છે તો એને એ માણસથી માલ મળશે જેનાથી તે જાનવર સંબંધિત હશે. જો જોયું કે એનું લિંગ જાનવરો જેવું છે તો નસલ અધિક થશે. જો સ્વપ્નમાં કોઈ જાણીતા, ઓળખીતા જાનવરથી સંભોગ કરતા જોવામાં આવે તો તા'બીર એ છે કે એની ભલાઈ કોઈ ગૈર હક્કદારને મળશે અથવા એને જેનાથી તે જાનવર સંબંધિત હશે અને સ્વપ્ન જોનાર એનો કોઈ બદલો નહીં મેળવે, પરંતુ જો જાનવર અજ્ઞાત હોય તો એને દુશ્મનના સામનામાં સફળતા થશે અને તે દુશ્મનને બેઈજ્જત કરશે. જો પક્ષીઓ કે કોઈ જંગલી જાનવરથી સોહબત કરી રહ્યો છે તો પણ આ તા'બીર હશે.

જો સ્વપ્નમાં પોતાની પત્નીને માસિક આવતું જોયું તો એના કામ બંધ થઈ જશે. જો જોયું કે સ્વંય એને માસિક આવી રહ્યું છે તો તે હરામ કામ કરશે. જો જુએ કે તે નાપાક છે તો એના મામલા વેર વિખેર થઈ જશે અને જો સ્વપ્નમાં વિર્ય બહાર નીકળ્યું અને ગુસ્લ વાજિબ થયું તો એની કોઈ તા'બીર નથી, કેમ કે એહતેલામ મર્દૂદ શૈતાનનો વસવસો છે.

**હિકાયત :** એક માણસ હઝરત મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવ્યો અને કહ્યું કે મેં જે સુખદ સ્વપ્ન જોયું, એને બયાન કરવાથી શરમ આવે છે. ઈમામે ફર્માવ્યું કે તું એને કાગળ પર લખી દે. એણે લખ્યું કે હઝરત ! હું ત્રણ મહીનાથી ઘરે ન હતો અને જ્યાં ત્યાં મેં સ્વપ્ન જોયું. માનો કે હું ત્યાંથી સવાર થઈને મારા ઘરે ગયો અને જોયું કે મારી પત્ની સૂઈ રહી છે અને એની શર્મગાહ પર ત્યાં બે ઘેટાઓ શીંગો લડાવી રહ્યા છે અને એકે બીજાને ઘાયલ કરી દીધો છે. મેં જ્યારથી આ સ્વપ્ન જોયું છે મારી પત્નીને છોડી દીધી છે. જો કે ખુદાની કસમ ! હું એનાથી ઘણો જ પ્યાર કરું છું. એણે આ વાક્ય લખીને કાગળ ઈમામ સાહેબને પેશ કર્યો. ઈમામે એને વાંચીને માથુ ઉઠાવ્યું અને ફર્માવ્યું કે પોતાની પત્નીને ન છોડ કેમ કે તે એક પાક દામન સ્ત્રી છે.

આ સ્વપ્નની તા'બીર એ ઘટના પર આધારિત છે કે જ્યારે તારી પત્નીએ સાંભળ્યું કે તું આવી રહ્યો છે અને પહોંચનાર છે અને એને શર્મગાહના વાળ સાફ કરવા માટે ચીજ ન મળી અને કોઈ રસ્તો ન નજર

આવ્યો કે એ વાળોને કેવી રીતે સાફ કરે તો એણે વાળ કાતરથી કાપી નાખ્યા અને કાતરે એના અંગ પર ઘા કરી દીધા. જો આ વાતની ખબર કરવા ચાહે તો અત્યારે જઈને જોઈ લે. મારી વાતને સાચી જોઈશ.

આથી તે વ્યકિત એ સમયે પોતાની પત્નીની પાસે ગયો અને એને નજીક બોલાવીને એનાથી સંભોગ કરવાનું ઇચ્છયું તો સ્ત્રી ઉશ્કેરાવા લાગી અને કહ્યું : ખુદાની કસમ ! તને એ સમય સુધી નજીક ન આવવા દઈશ જ્યાં સુધી આખી વાત ન જણાવે કે સાત મહીનાથી મને કેમ છોડી રાખી હતી. એણે સ્વપ્નનો બનાવ સંભળાવ્યો અને ઈમામ મુહમ્મદ બિન સીરીંની તા'બીરના વિશે જણાવ્યું : તે કહેવા લાગી : 'ખુદાની કસમ ! ઈમામે બધુ સાચું કહ્યું. પછી મર્દનો હાથ એ જગા પર રાખ્યો તો એણે જોયું કે હઝરત શેખના ફર્માનના મુજબ ઘા છે અને એના પર રૂ લાગેલ છે. પછી તે વ્યકિત ઈમામની સેવામાં હાજર થઈ અને આખી વાત જણાવી તો ઈમામે અલ્લાહનો શુક્ર અદા કર્યો અને એની પ્રશંસા કરી.

ગર્ભની તા'બીર દુનિયાની ભલાઈ અને માલની અધિક્તા છે, કદીક એ તાબીર પણ થાય છે કે કોઈ ઈન્સાનનો ભય થશે, કેમ કે અરબીમાં કહેવત છે કે ફલાણાના ભયે જમીન પર વજન નાખી દીધું છે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તેને ત્યાં છોકરી પેદા થઈ છે તો એને ઘણી જલ્દી ભલાઈ મળશે. જો જોયું કે પુત્ર પેદા થયો છે તો રંજ તથા ચિંતા અને મુસીબત જોશે. જો જોયું કે લોંડી ખરીદી રહ્યો છે તો એને ભલાઈ અને ખુશહાલી પ્રાપ્ત થશે. જો સ્વપ્નમાં ગુલામ ખરીદી રહ્યો છે અથવા એની પત્નીને પુત્ર પેદા થયો છે તો દુઃખ અને ચિંતા અને મુસીબત મળશે. અને જો જોયું કે છોકરી પેદા થઈ છે તો તા'બીર એ જ છે જે પહેલાં જણાવાઈ ગઈ છે. એ પણ કહેવામાં આવે છે કે જો સ્ત્રી સ્વપ્નમાં જુએ કે એમાં પુત્ર પેદા થયો છે તો તા'બીર આ છે કે છોકરી પેદા થશે. જો જોયું કે એની લોંડી પેદા થઈ છે અને સ્વપ્ન જોનારી ગર્ભવતી છે તો છોકરો થશે. જો કોઈએ જોયું કે તે દૂધ પી રહ્યો છે કે એને દૂધ પીવડાવવામાં આવી રહ્યું છે તો તે જેલ જશે અને દરવાજો એના પર બંધ થશે.



## ★ મૌત અને મુડદુ જોવું ★

સ્વપ્નમાં મોતનું નજર આવવું જો એનાથી રડવું, ચીસો પાડવું હોય કે મુડદાને તખ્તા કે જનાઝા પર રાખીને લોકોના ખભાઓ પર ઉઠાવવામાં આવ્યો હોય પણ દફન ન કરવામાં આવ્યો હોય તો સ્વપ્ન જોનારના દીનમાં ભલાઈ નથી બલ્કે એના પર શૈતાન અને દુનિયાનો પ્રભાવ થશે અને એની માન મર્યાદાને લોકો એટલું જ માનશે જેટલા લોકો જનાઝામાં નજર આવ્યા, સારાંશ તે લોકો પર છાયો રહેશે અને એમની ગર્દનો પર સવાર રહેશે.

જો કોઈ સ્વપ્નમાં જુએ કે તે મરી ગયો પણ દફનની કોઈ સૂરત કે મૌતનો કોઈ નકશો જેમ કે રડવું, પીટવું, ચીસો પડવી, ગુસ્લ અને કફન, તખ્તો જનાઝો કાંઈ નજર નથી આવ્યું તો તા'બીર એ છે કે એના ઘરનો કોઈ ભાગ કે દીવાલ કે કોઈ લાકડી તૂટી જશે. એ તા'બીર પણ થાય છે કે દીન કમજોર થઈ જશે અને આંખોની રોશની ચાલી જશે.

એ કોઈ મરણ વગર પોતાને કબરમાં જુએ તો તે કેદ થઈ જશે અથવા પોતાની કોઈ બાબતમાં સખત તંગીનો શિકાર થઈ જશે. અને જો કોઈ જુએ કે એણે કબર ખોદી છે તો તે એ મહોલ્લા કે શહેરમાં એક ઘર બનાવશે. જો સ્વપ્નમાં કોઈ મુડદાને જોયું અને એનાથી કાંઈ પૂછયું, એણે જવાબ પણ આપ્યો તો જે કાંઈ જવાબ આપ્યો એ જ તા'બીર થશે, એમાં ઘટવધની સંભાવના નથી. અર્થાત જો મુડદાએ કહ્યું : એ સારી હાલતમાં છે. તો તા'બીર એ છે કે આખેરતમાં એની સારી રીતે પસાર થઈ રહી છે. મુડદુ પોતાની કે કોઈ બીજાની હાલત બતાવે તે સાચુ હોય છે, કેમ કે મુડદૂ સચ્ચાઈના ઘરમાં દાખલ થાય છે અને અસત્ય ઘર (દુનિયા)થી જઈ ચૂક્યો અને એનાથી બેપરવા છે એટલા માટે જૂઠી ખબર નથી આપતો.

એ પ્રકારે જો મુડદૂ સારી હાલતમાં નજર આવે કે સફેદ કે લીલા કપડાં પહેર્યા હોય કે હસી રહ્યો છે અથવા ખુશીની કોઈ ખબર આપી રહ્યો હોય તો તા'બીર એ છે કે એની હાલત આખેરતમાં ઠીક છે. જો મુડદૂ ધૂળ માટીથી ભરાયેલ હોય કે કહોવાયેલ કપડાંઓમાં હોય કે પોતે કહોવાયેલ હોય કે ગુસ્સામાં નજર આવે તો આ તમામ હાલતો આખેરતમાં એની બુરી હાલતની નિશાની છે. અને જો કોઈએ સ્વપ્નમાં મુડદાને બીમાર જોયો તો માનો કે તે

ગુનાહોમાં ગિરવી રાખેલ છે. જો જોયું કે મુડદુ બે વાર મરી ગયું છે અને એના પર રડનાર ન ચીસો પાડે છે, ન ગમ કરે છે તો સ્વપ્ન જોનારનો કોઈ સગો શાદી કરશે અને એને ખુશી થશે. જો મુડદા પર રડવાની સાથે ચીસો પાડવી પણ જોઈ તો તા'બીર એ છે કે એના સંતાન કે ખાનદાનમાંથી કોઈ વ્યકિત મરી જશે. જો કોઈ જુએ કે એણે કોઈ જાણીતા મુડદાની કબરને ખોદી છે તો તે દુનિયા અને દીનના મામલામાં મુડદાની પેરવી કરશે.

જો અજ્ઞાત મુડદાની કબર ખોદી છે તો તા'બીર એ છે કે તે પોતાની કોશિશમાં સફળ નહીં થઈ શકશે.

**હિકાયત** : ઈમામ અબૂ હનીફા رضی اللہ عنہ એ ફર્માવ્યું કે એમણે બાળ પણમાં એક સ્વપ્ન જોયું જેમાં પોતાની જાતને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ના રોઝા મુબારક પર હાજર જોયો અને મુબારક કબર ખોદી. એમણે એ સ્વપ્ન પોતાના ઉસ્તાદને સંભળાવ્યું, જેમની પાસે આપ પઢતા હતા. એમણે ફર્માવ્યું : બેટા ! જો તેં આ સ્વપ્ન જોયું છે તો નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની પાક હદીષની પરખ કરશે અને એમની શરીઅતની સેવા કરશે. આથી એમના ઉસ્તાદની તા'બીરના મુજબ ઘટનાઓ સામે આવી અને ઈમામ સાહેબની મહાનતા અને ઈલ્મ બધાની સામે સ્પષ્ટ થઈ ગયું.

સ્વપ્નમાં મુડદાથી કાંઈ લેવું આપવું બુરું છે. જો કોઈ જુએ કે મુડદાએ એને દુનિયાની ચીજોમાંથી કાંઈ આપ્યું તો એને એવી જગાથી જ્યાં એની સોચ પણ ન જાય ભલાઈ અને રોજી મળશે. જો સ્વપ્નમાં કોઈ જીવંત વ્યકિતએ કોઈ મુર્દાને જીવંત માણસના કપડાં આપ્યાં અને એણે તે પહેરી લીધાં તો તા'બીર એ છે કે તે જીવંત મરીને એ મુડદાથી મળી જશે. જો કોઈ જુએ કે એણે જનાઝાની સૂરતમાં નહીં મુડદાને આમ જ ઉઠાવ્યો છે તો જાણે તે હરામ માલ ઉઠાવી રહ્યો છે. અને એની તા'બીર એ પણ થઈ શકે છે કે તે કોઈ બેદીન પર ખર્ચ કરી રહ્યો છે. અને જો એણે જનાઝાની સૂરતમાં મુડદુ ઉઠાવ્યું છે તો તે બાદશાહનું અનુસરણ કરશે કે એની થોડીક જવાબદારીઓ સંભાળી લેશે.

અને જો કોઈ સ્વપ્નમાં જુએ કે મુડદુ એને ગળે લગાડી રહ્યું છે કે એનાથી મળી રહ્યો છે કે એને કતલ કરી રહ્યો છે તો સ્વપ્ન જોનાર લાંબી



ઉંમર મેળવશે. જો જુએ કે મુડદુ એની સાથે કોઈ અજ્ઞાત ઘરમાં દાખલ થયું છે તો તે મરીને એ મુડદાથી જઈને મળશે અને જો કોઈ બીમારે સ્વપ્ન જોયું કે મુડદુ એના મકાનમાં દાખલ થઈ ગયું છે તો તા'બીર એ છે કે એની બીમારી લાંબી થઈ જશે અને એ થઈ શકે છે કે તે મરી જાય. જો જુએ કે મુડદુ પોતાના શરીરનાં અંગોમાં દર્દની શિકાયત કરી રહ્યું છે તો જાણો કે તે અંગ જે ચીજની તરફ સંબંધિત છે એના વિશે મુડદાથી કબરમાં સવાલ કરવામાં આવી રહ્યો છે. જો સ્વપ્નમાં મુડદુ એનાથી રોટલી કે વિંટી લે તો તા'બીર એ છે કે સ્વપ્ન જોનારના ત્યાં છોકરો છે તો મરી જશે, માલ છે તો તે બરબાદ થઈ જશે.

## પહેરવાનાં કપડાં અને ઓઢવા પાથરવાનાં કપડાં જોવાં

કપડાંની તા'બીર એનો પ્રકાર અને હેસિયતના હિસાબથી કરવામાં આવે છે. જો અબરેશમ, રેશન કે ડીબા જુએ તો તા'બીર એ છે કે એને માન, સન્માન પણ મળશે અને હરામ માલ પણ મળશે.

★ **ઊન** : જેણે સ્વપ્નમાં જોયું કે એણે ઊનનો પોશાક પહેરી રાખ્યો છે, એને ઘણો બધો માલ અને સારો માહોલ મળશે. બધી જાતના વાળ કે ઊંટના વાળ અને રૂને સ્વપ્નમાં જોવું ઊનને જોવાથી ઓછું છે. કિતાન (અલસીનું રેશમ) રૂથી ઓછું છે અને ચાદરને જોવી દીન તથા દુનિયામાં ઉન્નતિની નિશાની છે.

★ **ખમીસ** : ખમીસ નાનું કે મોટું જેવું હશે એની તા'બીર એના મુજબ થશે, એનો દીન અને દુનિયા પણ એવી જ હશે. જો કોઈએ સ્વપ્નમાં જૂનું કાપડ જોયું અને સ્વપ્નમાં કોઈ એવી વાત પણ થઈ જે બુરાઈની દલીલ હતી તો સ્વપ્નમાં જોનાર જલ્દી મરી જશે.

★ **મેલુ કપડું** : મેલુ કપડું સ્વપ્નમાં જોવું એ વાતની દલીલ છે કે સ્વપ્ન જોનારની દીન અને દુનિયામાં ભલાઈ નથી. માથામાં, વાળોમાં યા શરીરમાં મેલ નજર આવવાની તા'બીર દુઃખ અને ચિંતા છે.

★ **સફેદ અને ચમકદાર કપડાં :** જો કોઈને સ્વપ્નમાં સફેદ અને ચમકદાર કપડાં જોવા મળે તો એનાથી સારાંશ એ છે કે જોનારની સ્થિતિ સારી છે. કપડાંની જોડ મેલાં અને ફાટેલ જૂનાં કપડાંમાં જોડ હોય તો કપડાં પહેરનાર ગરીબ અને મોહતાજ થઈ જશે.

★ **થીંગડાં લગાડેલ કપડાં :** સ્વપ્નમાં કોઈ કાપડનાં એક બીજામાં થીંગડાં લાગેલ નજર આવે તો સખત ગરીબી અને જરૂરતમંદી હશે. જો કોઈ જુએ કે તે ભરત કરેલાં સફેદ કપડાં પહેર્યાં છે તો જાણો દુનિયાવી અને આખેરતની બાબતોનો અંજામ પામી ચૂકયો છે અને અમુક ભરોસાપાત્ર વિદ્વાન એની તા'બીર જાહોજલાલ અને સારા ઝિક્રથી કરે છે.

★ **પાઘડી :** જો કોઈ સ્વપ્નમાં પાઘડી જુએ તો એની તા'બીર મુતવલ્લી બનવું છે. અમામાના જેટલા આંટા હશે એ મર્તબાનો મુતવલ્લી થશે. જો પાઘડી, રેશમ કે અબરેશમની હોય તો એના મુતવલ્લી હોવામાં એના દીન તથા દુનિયાના કામ ખરાબ થશે અને એ પ્રમાણે જે માલ મળશે તે જાઈઝ નહીં થશે. જો પાઘડી રૂ કે ઊનની હોય તો દીન દુનિયાની વ્યવસ્થાના માટે બેહતર થશે અને પાઘડીના રંગની તા'બીર કપડાંના રંગની તા'બીરના મુજબ થશે. એનું થોડુંક બયાન થઈ ચૂકયું છે. બાકી આગળ કોઈ મોકા પર આવશે.

**ટોપી**ની તા'બીર રઈસ અને માલદાર છે તે માલ હોય, ભાઈ હોય કે પુત્ર અથવા બાદશાહ. જે વ્યક્તિએ સ્વપ્નમાં પોતાની ટોપીમાં કોઈ સુંદરતા કે કદરૂપતા જોઈ તો એના રઈસનો તે જ હાલ થશે. જો ટોપી ફાટેલી હોય કે એમાં કાણાં હોય તો એનો આર્થિક બુરો હાલ થશે અને આ દુઃખ અને પરેશાનીની નિશાની છે, શેરવાનીની તા'બીર ખુશીની પ્રાપ્તિ છે અને જો કોઈએ સ્વપ્નમાં અસ્તરવાળો જભ્ભો કે લિહાફ કે પાયજામો, પથારી કે ચંપલ જોયા છે તો એ બધાંની તા'બીર પુરૂષની પત્ની છે.

જો કોઈએ જોયું કે એમનામાંથી કોઈ ચીજ સળગી ગઈ કે એનાથી છિનવાઈ ગઈ કે એના પર છવાઈ ગઈ તો તા'બીર એ છે કે એની પત્ની તલાક કે મોતની સૂરતમાં એનાથી અલગ થઈ જશે.

જેણે જોયું કે એમનામાંથી કોઈ ચીજ એનાથી રોકી લેવામાં આવી કે



ચોરી કરી લીધી છે તો સારાંશ એ છે કે તે પત્નીને તલાક આપવાના ઈરાદામાં સફળ નહીં થશે. ક્યારેક પથારી કે પાયજામાને સ્વપ્નમાં જોવાની તા'બીર લોંડી હોય છે, જે કોઈ એમનામાં જોવા મળશે તે જ લોંડીમાં નજર આવશે.

★ **ચંપલ અને મોજા :** જો જુએ કે એના ચંપલ ફાટી ગયા છે અને કાંઈ બાકી ન બચ્યું તો એની પત્ની મરી જશે. ક્યારેક ચંપલની તા'બીર સાથીદાર કે ભાઈ પણ થાય છે. જો કોઈએ જોયું કે એનો એક ચંપલ ફાટી ગયો છે કે ચીરાઈ અને તે બીજા એક જ ચંપલથી ચાલી રહ્યો છે તો એનો સાથી કે ભાઈ કે બહેન એનાથી અલગ થઈ જશે.

શોક્સ, મોજા, કે ચામડાના મોજાની તા'બીર માલની સુરક્ષા છે. જો એ સાચી કે સારી હાલતમાં નજર આવે અને એમાં ખૂશ્બૂ હોય તો જોનાર ઝકાત આપશે અને એનો માલ આફતોથી બચેલ રહેશે. આ માલ પાક થઈ જશે અને એનો હાલ સારો થશે. જો ચામડાના મોજા ફાટેલ નજર આવે કે એમાં કોઈ ચીજ ખરાબ થઈ ગઈ હોય તો સ્વપ્ન જોનાર પોતાના માલમાંથી ઝકાત અને સદકો આપશે નહીં. અલ્લાહ એ ગુનાહથી બચાવી રાખે.

મોજા જોનારની કમાણી સુરક્ષિત રહેશે. જો મોજા સાચી હાલતમાં છે તો એને હલાલ રોજી મળતી રહેશે. કદી મોજાઓની તા'બીર દુઃખ અને ચિંતાથી કરવામાં આવે છે. જો કોઈ જુએ કે એણે ફાટેલ કપડાં પહેરી રાખ્યાં છે અને એને સીવી રહ્યો છે તો મતલબ એ છે કે એની કમાણી અને આવકની બાબત ઠીક થઈ જશે. કપડાંઓને સ્વપ્નમાં જોવાની તા'બીર માણસના હાલથી હોય છે જેમ કે બયાન કરવામાં આવી ગયું જો સ્વપ્ન જોનાર અવજ્ઞાકારી અને ગુનેહગાર છે, સારાં કામ કરવા અને તૌબા કરવાથી એની આર્થિક પરેશાનીઓ દૂર થઈ જશે અને જેણે જોયું કે તે પોતાની પત્ની કે કોઈ બીજાનાં કપડાં કે બુરખો સીવી રહ્યો છે અથવા એમાં જોડ લગાડી રહ્યો છે તો સારાંશ એ છે કે તે પત્નીથી ઝઘડો કરશે અને એ સ્ત્રીને તે વાત ખબર થઈ જશે જે સ્વપ્ન જોનારના સગાંઓને ખબર છે.

દુપટ્ટો (સ્ત્રીનો) ઈજાર બંધ અને બુરખાની તા'બીર એનો પતિ છે જે વાત એનામાં જોશે તે જ એના પતિમાં જોવા મળશે. જો ગભરાહટ અને

બુરાઈ, ભલાઈ કે સારાપણું એમાં જોયું એ જ એના લેહાજથી એના પતિમાં હશે.

★ **કાંતવાનો ચરખો** : એને જોવું પુરૂષના માટે સફર કરવાની દલીલ છે. જો કોઈએ જોયું કે તે વાળ કે ઊંટનું ઊન વગેરેને જે પુરૂષોને વહેંચવાની ચીજો છે એમાંથી કાંઈક વહેંચાઈ રહ્યું છે તો તે એક એવી સફર કરશે જેમાં હલાલ માલ અને ભલાઈ પ્રાપ્ત થશે. જો સ્વપ્નમાં સ્ત્રીઓના કાંતવાની કોઈ ચીજ જેમ કે રૂ કાંતતાં જોયું તો એની તા'બીર એ છે કે તે સફર કરશે. એનાથી માલ મેળવશે. પણ આ માલ લોકોની નજરમાં સારો નહીં હશે. જો આ જ સ્વપ્ન સ્ત્રી જુએ અને એનો કોઈ સગો ગુમ હશે તો પાછો આવી જશે. જો સ્ત્રીએ સ્વપ્નમાં કાંટવાનો ચર્ખો જોયો તો ગર્ભવતી હોવાની હાલતમાં એને છોકરો થશે અથવા પછી એની બહેન પેદા થશે. અને જો એ ચર્ખામાં જુએ કે એના પર પુરૂષનાં કપડાં પડયાં છે તો આ સારું સ્વપ્ન છે. જો તે કપડાં સૈનિકનાં હશે તો તા'બીરનો સંબંધ એના પતિ કે એના રખેવાળ અને રક્ષકથી થશે. જો કોઈ વ્યકિતએ જોયું કે એણે સ્ત્રીઓનાં કપડાં પહેરી રાખ્યાં છે તો એનાથી પહેલાં તો સખત ભય તથા બેકસીનો શિકાર થશે, પછીથી અલ્લાહના હુકમથી આ અવસ્થા પૂરી થઈ જશે.

★ **રંગેલાં કપડાં** : એની તા'બીર રંગોના હિસાબથી જુદી જુદી હોય છે. જો કોઈ જુએ કે તે પોતાના શરીર પર જુદા જુદા રંગોનાં કપડાં પહેરેલ છે તો આ એ વાતની નિશાની છે કે તે નાપસંદ વાત સાંભળશે જેનાથી એને ભય લાગશે અને તે લોકોમાં નામ મેળવશે. સ્વપ્નમાં સફેદ કપડાંઓનું દેખાવુ ઘણું જ સારું છે. અને પીળા રંગના કપડાંઓને જોવું બીમારી અને ચિંતાની દલીલ છે, જેથી શેરવાનીમાં હોય તો કોઈ નુકસાન નથી. લીલા કપડાંઓનું સ્વપ્નમાં દેખાવું મુડદાઓ અને જીવતાઓ બધાના માટે સારું છે. કેમ કે આ જન્નતીઓનો પોશાક છે.

જો તેણે લાલ રંગનાં કપડાં પહેર્યાં હોય તો એની પ્રસિદ્ધિની નિશાની છે. કાળા કપડાં દક્ષતા તથા યોગ્યતા, શક્તિશાળી, માલ, અનાજની નિશાની છે અને સ્વપ્નમાં દરેક પ્રકારની કાળાશ જોવી પ્રશંસનીય છે, સિવાય કાળી



દ્રાક્ષના કે એમાં ભલાઈ નથી.

★ **પાથરવાની વસ્તુઓ** : એવા સ્વપ્નમાં જેના માટે ફર્શ પાથરવામાં આવે. એની દુનિયા સારી થશે જેટલી ફર્શ ખુલી જાળી પાતળી કે સારી હશે એ પ્રકારે એની દુનિયા હશે, જો ફર્શ વિશાળ છે તો દુનિયા એના હિસાબથી બેહતર હશે. ફર્શ નાનું અને ટૂકું હશે તો દુનિયા પણ એવી જ હશે. ફર્શનું જાળું કે પાતળું હોવું કે જૂનું હોવું નાની ઉંમરની દલીલ છે. જેણે સ્વપ્નમાં પાથરવાની કોઈ ચીજ જાડી, વ્યાપક અને નવી જોઈ તો એની ઉંમર લાંબી, રોજી ભરપુર અને બેહતર જીવન હશે.

જો પાથરવાની ચીજ જાડી કે નાની હોય તો ઉંમર લાંબી મેળવશે પણ હાથ હમેશાં તંગ રહેશે. અને જો ફર્શ ઘણું અધિક પાતળું હોય તો તે દુનિયામાં વિશાળતા મેળવશે પરંતુ ઉંમર ઓછી મેળવશે. જો જુએ કે પાથરવાની ચીજ ઘણી નાની, પાતળી અને જૂની છે તો એમાં કદાપિ ભલાઈ નથી, એવી રીતે જો પાથરણુ લપેટાયેલ જુએ તો પણ કોઈ ભલાઈ નથી.

★ **રૂમાલ, તકીયા અને પર્દા** : રૂમાલ, તકીયા અને ગાઉન તકીયા જો કોઈ સ્વપ્નમાં જુએ તો એની તા'બીર સેવકો, ગુલામો અને લોંડીઓ મળવી છે. એમાં જે વાત અનુભવાશે એ જ વાત સેવકોમાં હશે. પર્દાને સ્વપ્નમાં જોવી ચિંતા, મહેનત અને દુઃખની પ્રાપ્તિ છે. પર્દા ચાહે નવા હોય કે એમાંથી અમુક જૂના હોય કે બધાને બધા ખરાબ અને રદ્દી હોય એ બધાનું સ્વપ્નમાં કોઈ પણ રીતે સારું નથી.

## આભુષણ, હીરા, સોના, ચાંદી અને રૂપિયા પૈસા જોવું

હીરા જવેરાતને સ્વપ્નમાં જોવાની તા'બીર એમની જાતિ અને એની અનુરૂપતાના હિસાબથી થાય છે. પરંતુ જો જવેરાતની સંખ્યા ખબર થઈ જાય તો એની તા'બીર સ્ત્રીઓ, સંતાન અને સેવક છે અને જો સંખ્યા અધિક છે પણ ખબર નથી કે કેટલા છે તો સારાંશ કુર્આન, ઈલ્મ, તસ્બીહ અને અલ્લાહનો ઝિક્ર છે. અર્થાત જો કોઈ જુએ કે એને મોતી મળ્યું છે તો તે સ્ત્રી,

લોંડી કે ગુલામ મેળવશે. જો જુએ કે યાકૂત, જમરૂદ કે એવા પ્રકારની કોઈ વસ્તુ મળી છે તો તા'બીર એ છે કે જો એની પત્ની ગર્ભવતી છે તો પુત્રી થશે.

જો કોઈએ જોયું કે એણે મોતીઓનો હાર પહેરી રાખયો છે તો તે અલ્લાહની કિતાબનો હાફિઝ થશે, ઘણો પરહેઝગાર થશે. પરિવાર, સ્ત્રીઓ અને લોકોમાં એની ઘણી શાન હશે. જો હાર ત્રણ કે ચાર છોકરીઓના હોય તો અધિક શકિતશાળી અને બેહતર હશે. જો કોઈ જુએ કે તે હાર નથી ઉઠાવી શકતો અને એને પહેરવાથી પણ વિવશ છે તો એને એટલું અધિક ઈલ્મ પ્રાપ્ત થશે જેના પર અમલ કરવું એના માટે શક્ય નહીં હોય.

## ★ કાનની બાલી (હેરીંગ) અને હાર ★

જો કોઈએ જોયું કે એણે બાલી પહેરી રાખી છે તો કુર્આનનો હાફિઝ થશે અને એવું ઈલ્મ શીખશે જેનાથી લોકોમાં એનું સન્માન ઘણુ અધિક થશે. સ્ત્રીને જો સ્વપ્નમાં બાલી દેખાય તો એનાથી એનો પતિ કે સંતાન સારાંશ છે. જો કોઈ જુએ કે એના મોંથી મોતી ઝરી રહ્યાં છે તો એની જાતથી નેકી અને ઈલ્મનું પ્રદર્શન થશે અને કુર્આનનું દર્સ અને તસ્બીહમાં નામ પેદા કરશે. જો કોઈ સ્વપ્નમાં પોતાની જાતને મોતી ખાતું કે મોંમાં મોતી રાખતાં જુએ તો એની તા'બીર એ છે કે તે અલ્લાહના કલામને સીનામાં છુપાવશે અને લોકોથી છુપાવીને રાખશે, કદી મોતી ખાવાની તા'બીર ઈલ્મ શીખવું અને એનાથી લાભ ઉઠાવવાથી પણ કરવામાં આવે છે.

જો કોઈ જુએ કે તે રસ્તાઓ, સડકો અને બજારોમાં કચરા પૂંજાની જગા પર મોતી વિખેરી રહ્યો છે તો એની તા'બીર એ થશે કે તે ઈલ્મ અને હિકમત તો અવશ્ય પ્રાપ્ત કરશે પણ અયોગ્ય લોકોને શીખવશે.

સ્વપ્નમાં સોનું કે ચાંદીનો જડેલ હાર જોવો એ વાતની નિશાની છે કે કોઈ અમાનત એની પાસે રાખવામાં આવશે. જો જવેરાત ઉચ્ચ કોટીનાં હોય અને એની સંખ્યા ખબર ન હોય તો એની તા'બીર બેહતર માલથી છે, જેનાથી સ્વપ્ન જોનારને લાભ થશે. સ્વપ્નમાં કોડીઓ જોવાની તા'બીર માલ છે. જો મહત્વની ન હોય તો કદી એની તા'બીર કલામ કે ઈલ્મ પણ થાય છે. કોડીઓ થોડી હોય તો સારાંશ સ્ત્રીઓ અને સેવક છે.



## ★ આભૂષણો અને તાજ ★

આદમીઓને પહેરવાવાળી જણસ જુએ તો સારાંશ શૃંગાર અને સુંદરતા છે અને લોકોનું સન્માન એટલું જ મળશે જેટલી જણસનું મહત્વ અને વિશેષતા હશે. જો કમરપટ્ટો જડેલ હોય તો જોનાર માલ અને સન્માન મેળવશે જેનાથી તે લોકોમાં ગર્વ કરી શકશે. એની તા'બીર એ પણ થાય છે કે તે અડધી ઉંમરનો હોય તો કોઈ શહેરનો હાકિમ છે.

જો સ્વપ્ન જોનારની જણસમાં હીરા જવાહેરાત પણ છે તો તા'બીર એ છે કે એને એટલો માલ મળશે જેનાથી તે ઘરવાળાઓનો સરદાર બની જશે અને સ્વપ્નમાં કમરપટ્ટાઓને અધિકતાથી જોવાની તા'બીર અત્યંત સારી અને સુંદર થાય છે. જો કોઈએ જોયું કે એનો કમરપટ્ટો કપાઈ ગયો કે તૂટી ગયો કે ઝૂંટવાઈ ગયો કે ઝૂંટવી લીધો છે કે તે કોઈ દુર્ઘટનાનો શિકાર થઈ ગયો છે તો એ તમામ વાતો એ વ્યકિતને ઉપસ્થિત આવશે જેનાથી તે કમરપટ્ટાથી સંબંધિત છે.

સ્વપ્નમાં કોઈ પુરૂષનું તાજને જોવું દુનિયામાં પ્રભાવ, સન્માન અને ઊંચાઈની નિશાની છે, આખેરતમાં નહીં. અને જેણે જોયું કે એના માથા પર સોના કે ચાંદી કે જવાહેરાતનો તાજ છે તો એને મોટો માલ અને સન્માન મળશે, પરંતુ તે પોતાના દીનને ખોઈ બેસશે. જો સ્ત્રીને સ્વપ્નમાં તાજ જોવા મળે તો એની તા'બીર એનો પતિ હશે. જો કુંવારી કે અપરણિત છે તો એની શાદી કોઈ એવા ગૈર અરબ કે અરબી પુરૂષથી થશે જે ઘણો ઉચ્ચ મર્તબાવાળો, માન સન્માનવાળો હશે. જો કોઈ પોતાની ગર્દનમાં હાર જુએ તો એનાથી સારાંશ એ છે કે એને કોઈ અમાનત સોંપવામાં આવશે.

## ★ અંગૂઠી (વિંટી) અને અંગૂઠીના નગીના ★

પુરૂષ અંગૂઠી જુએ તો તા'બીર એનો દેશ અને માલ છે જેનાથી તે લોકોમાં નેક નામી, માન અને સન્માન પ્રાપ્ત કરશે, જે કાંઈ અંગૂઠીમાં નજર આવે તે સ્વયં એમાં જોવા મળશે. જો જુએ કે એવી અંગૂઠી આપવામાં આવી છે તો જે ચીજોનો ઉલ્લેખ કરવામાં આવી ગયો છે તે એનો માલિક બનશે કે એને પ્રાપ્ત કરી લેશે. કદી અંગૂઠીની તા'બીર સ્ત્રી, પુત્ર, જાનવર

વગેરે પણ થાય છે, એ સ્વપ્ન જોનારના મર્તબાના મુજબ થાય છે.

જો બાદશાહ છે તો જે દેશનો ઈચ્છુક છે તે એને મળશે. જો વેપારી છે તો વેપારમાં એની શ્રેષ્ઠતાના મુજબ એની હાલતો સારી થશે. એ પ્રકારે જે વ્યકિત પોતાની રોજીના મુજબ ચીજોને મેળવશે અને જેણે જોયું કે એની અંગૂઠી એના હાથથી ઝૂંટવી લીધી તો જે ચીજનો તે માલિક હશે તે એનાથી ઝૂંટવાઈ જશે. જો કોઈએ જોયું કે અંગૂઠી ખોવાઈ ગઈ છે કે ચોરી લેવામાં આવી છે એની માલિકીની ચીજોમાં કોઈ અપ્રિય સ્થિતિ પેદા થશે કે લોકોના મામલાઓના વિશે કોઈ નાપસંદ વાત થશે.

અંગૂઠીમાં નગીનો બાકી રહે તો તે જે ચીજોનો માલિક છે તે એની મિલ્કતથી નીકળી જશે પરંતુ એની વિશેષતાને લોકો યાદ કરતા રહેશે. થોડાક વિદ્વાનોએ અંગૂઠીના નગીનાની તા'બીર સ્વપ્ન જોનારના પુત્રથી આપી છે જેના કારણે એને માન સન્માન પ્રાપ્ત થશે.

જો અંગૂઠી સોનાની હોય તો તા'બીર એ છે કે એની મિલ્કતની ચીજો અને પોશાક હરામની કમાઈથી બનેલ છે. જો સ્વપ્નમાં લોઢાની અંગૂઠી જુએ તો સારાંશ એ છે કે જે ચીજોનો તે માલિક છે તે બાદશાહની તરફથી છે. જો અંગૂઠી પીળી છે કે સીસાની છે તો જાણો એની મિલ્કતની ચીજો તુચ્છ છે. જો પુરૂષે જોયું કે તે હાર કે બાલીના સિવાય સ્ત્રીઓની કોઈ બીજી જણસ પહેરેલ છે તો એમાં કોઈ ભલાઈ નથી. જો જોયું કે એની પાસે બે કંગન છે તો એનો હાથો તંગ થશે અને કોઈ અપ્રિય વાત સામે આવશે. જો જુએ કે એક કે બે પાયલ પહેર્યા છે તો કઠોરતા, ભય, કેદ એ પ્રકારની તકલીફોનો શિકાર થશે.

કડુ જોવાની તા'બીર એ છે કે સ્વપ્ન જોનાર એના ભાઈઓ કે દોસ્તોની તરફથી અપ્રિય વાતનો સામનો થશે. ચાંદીનુ કડુ જોવું બધાથી આસાન છે અને એની રોજી વધશે. સ્ત્રીઓની જણસો એમના માટે બેહતરી, સુંદરતા, સજાવટ અને ઉત્તમ અવસ્થાની નિશાની છે. જો સ્ત્રીઓની જણસ સોના, ચાંદી કે જવેરાતની હોય પણ એક કે બે પાયલો કે બે કંગન ન હોય તો એની તા'બીર સ્વપ્ન જોનારીનો પતિ, ભાઈ કે બાપ છે. એ જ તા'બીર તાજની છે, બલ્કે એ તો હુકૂમતની નિશાની છે.



★ **દીનાર (અશરફીઓ)** : જો સંખ્યા અને પ્રકારની ખબર ન હોય અને ચારથી અધિક હોય તો સારી નિશાની નથી. જેને સ્વપ્નમાં અશરફીઓ જોવા મળે તો જોનાર કે જેની ઈજ્જત પર આ કીચડ ઉછાળતી કે શરમ અપાવે છે એના પર ટીકાની નિશાની છે. જો પ્રકાર અને સંખ્યાની ખબર છે તો તા'બીર આસાન છે. એકથી ચાર સુધી દીનાર દેખાય તો તા'બીર સંખ્યાના મુજબ પુત્રો છે. જો એવી અશરફી જોઈ જેના પર કોઈ નકશ નથી તો એને ત્યાં પુત્ર થશે.

## ★ સોના ચાંદીની ચીજો જોવી ★

સોનાના ટુકડાઓ અને વાસણોને સ્વપ્નમાં જોનાર પર હાકિમ નારાજ થઈ જશે કે એનો અમુક માલ નષ્ટ થઈ જશે. ચાંદીના સિક્કાઓની તા'બીર સ્વપ્ન જોનારાઓની તબિયતના મુજબ થશે. જો કોઈ સ્વપ્નમાં એને જુએ કે મેળવી લે તો સ્વભાવના મુજબ કોઈને તો વાસ્તવમાં જાગતામાં એ જ મળશે, કોઈને ઝઘડાના પરિણામે સારી રોજી મળશે અને કદી ચોરીના સિક્કાઓની તા'બીર સારી વાતથી પણ કરવામાં આવે છે.

ચાંદીના કાળા (ખોટા) સિક્કાઓ જોવા, ધોખો, જૂઠ અને લડાઈની નિશાની છે પણ આ સિક્કા કોઈ થેલામાં કે ખિસ્સામાં હોય કે એ જુએ કે કોઈએ એને આપ્યા છે તો એને રાજની વાત ખબર પડશે અને તે શકિત પ્રમાણે એની રક્ષા કરશે. જો જુએ કે એણે કાળા સિક્કાઓ કોઈ બીજાને આપ્યા છે તો મતલબ એ છે કે એને રાઝની વાત બતાવવામાં આવી છે. ચાંદીનો એક સિક્કો જોવા મળે તો એની તા'બીર નાનો પુત્ર છે, જો સ્વપ્નમાં એક સિક્કો નષ્ટ હોય તો એનું નાનું બાળક મરી જશે.

એક પૈસો કે કેટલાયે પૈસા કોઈએ સ્વપ્નમાં જોયા કે એને પૈસા મળ્યા છે તો એના વિરૂધ્ધ બુરી વાત કરવામાં આવશે અથવા તે કેદ થશે. પૈસાની તા'બીર બુરી રોજીથી પણ થાય છે જે બુરા પૈસાઓ દ્વારા પ્રાપ્ત હોય. ચાંદીના ટૂકડાઓને સ્વપ્નમાં જોવા ભલાઈ પર દલીલ કરે છે. અને સોનાના ટૂકડાઓથી બેહતર છે કેમ કે એની તા'બીર સ્ત્રીઓ છે. જો કોઈએ એવી ચાંદી મેળવી જેના પર કામ ન કરવામાં આવ્યું હોય તો એને સુંદર સ્વતંત્ર સ્ત્રી કે કોઈ લોંડી મળશે, જેણે ખાણથી ચાંદી જોઈ એને એ જગાથી સ્ત્રી

મળશે જ્યાં તે ન હતી.

### ★ લોખંડ, તાંબુ અને સીસાના ટુકડાઓ ★

આ ચીજોની તા'બીર દુનિયાની ચીજોના લાલચના પરિણામે ભલાઈ અને લાભ છે જો એ ટુકડાઓ પર કામ ન કરવામાં આવ્યું હોય. જો કોઈ જુએ કે તે સોના, ચાંદી, લોઢા કે જસતના સિક્કા બનાવી રહ્યો છે તો તા'બીર એ છે કે લોકોની જીભ પર ચઢી જશે અને તે એની ઘણી વધારે ગીબત કરશે. અલ્લાહ તઆલા આપણને બધી મુસીબતો અને પરેશાનીઓથી બચાવે, દરેક તકલીફ, શકથી છૂટકારો દે.

### ★ વાસણ અને સામાન સ્વપ્નમાં જોવો ★

વાસણોને સ્વપ્નમાં જોવાની તા'બીર સેવક અને લોંડી થાય છે પરંતુ ચૂલો, હાંડલી, દસ્તરખ્વાન, દીવો અને ફાનસ (લેમ્પ)ની તા'બીર એ છે કે ઘરનો સરદાર (પુરૂષ કે સ્ત્રી) દુઃખ અને ચિંતાનો શિકાર થશે. જે વાસણ કે સામાનનું નામ પુલિંગ હોય જેમ કે દીવો અને ચૂલો વગેરે (દસ્તરખ્વાન નહીં) એની તા'બીર ઘરનું મોટું હોવું છે અને જેનું નામ સ્ત્રી લિંગ હોય જેમ કે હાંડલી, ટોપલી, પ્યાલી કે જે ચીજો તાંબા અને જસતની બનાવટમાં આવે છે. જેમ કે થાળી, લોટો એમની તા'બીર ગુલામ અને સેવક છે.

### ★ આઈનો ★

આઈનાની તા'બીર સ્ત્રી છે. કોઈ સ્વપ્નમાં અરીસાને જુએ તો એની પત્ની ગર્ભવતી છે. બાપની શકલ સૂરતનો પુત્ર જન્મશે. જો ગર્ભવતી નથી અને એનો કોઈ પુત્ર પણ નથી તો સ્વપ્ન જોનાર પોતાના કામ અને પદથી હટાવી દેવામાં આવશે અને એની જગા કોઈ બીજો માણસ નજર આવશે. જો ગર્ભવતી સ્ત્રી આ સ્વપ્ન જુએ તો એને ત્યાં પોતાના જેવી પુત્રી પેદા થશે. જો ગર્ભવતી નથી તો એનો પતિ એના પર બીજી પત્ની લાવશે અને તે પોતાની સૌકને ઘરમાં જોશે. જો આ સ્વપ્ન છોકરો જુએ તો એના જેવો એનો ભાઈ જન્મ લેશે અને જો સ્વપ્ન જોનારી છોકરી છે તો તે એની નાની બહેન પેદા થશે.



### ★ સોય, કાંસકો અને કાતર ★

સોય સ્વપ્નમાં જોનારની તા'બીર પુરૂષની આજ્ઞાપાલક પત્ની છે. જો સોયનું કાણું જુએ અને એમાં દોરો નાખે પણ સાંધે નહીં તો પણ તા'બીર સ્ત્રી જ છે કે તે એની આજ્ઞાનું પાલન કરશે. જો જુએ કે તે સોયની સાથે લોકોના કપડાંઓ સીવી રહ્યો છે તો સમજો કે લોકોને નસીહત કરી રહ્યો છે. અને એ તા'બીર પણ આપવામાં આવી છે કે એના માલની માંગ કરવામાં આવી રહી છે. જો કોઈ સ્વપ્નમાં સોયથી પોતાના કે બીજાઓનાં કપડાંઓ સીવી રહ્યો છે તો તા'બીર એ છે કે એની હાલતો ઠીક થઈ જશે. જો પોતાની પત્નીના કપડાં સીવ્યાં તો આ સ્વપ્ન સારું નથી. જો સોય તૂટી જાય તો મોહતાજ થઈ જશે અને એનો હાલ ખરાબ થશે.

કાંસકાની તા'બીર ખુશી અને હર્ષ છે. જો કોઈ જુએ કે પોતાના માથા કે દાઢીમાં કાંસકો કરી રહ્યો છે તો એની પરેશાનીઓ જલ્દી દૂર થઈ જશે અને એ પણ તા'બીર આપવામાં આવે છે કે કાંસકાનું જોવું ભલાઈની નિશાની છે. અર્થાત એને ઈલ્મ પ્રાપ્ત થશે અને હાકિમ, મુફ્તી, ઉપદેશક કે હકીમની જેમ લોકોને એના ઈલ્મ અને વાતથી લાભ થશે.

કાતરની તા'બીર એ છે કે એક માણસ કોઈ બીજા માણસથી મળશે. જો જુએ કે એના હાથમાં આસમાનથી ઉતરેલ કાતર છે તો તેની ઉંમર પૂરી થઈ જશે. જો એનાથી વાળ કે ઊન કાપે તો તે ઘણો બધો માલ ભેગો કરશે કાચથી સારાંશ ઘરનો ઘણો બધો સામાન છે. જેમ કે ખુરશીઓ અને મેજ વગેરે એનાથી લોંડી અને ગુલામ પણ અર્થ છે.

**હિકાયત :** એક માણસ હઝરત ઈમામ મુહમ્મદ બિન સિરીં رضی اللہ عنہ ની સેવામાં આવીને બોલ્યો : "હઝરત ! મેં સ્વપ્નમાં મારા હાથમાં કાચનો પાણીથી ભરેલ પ્યાલો જોયો અને તે અચાનક મારા હાથોમાંથી પડી ગયો. (અથવા એણે કહ્યું : તૂટી ગયો) અને ખુદાની કુદરતથી મારા હાથો પર મૌજૂદ છે." ઈમામે એને પૂછ્યું : શું તારી પત્ની ગર્ભથી છે ? એણે કહ્યું : હા ! તો આપે ફર્માવ્યું કે તેને છોકરી પેદા થતાં જ મરી જશે અને પુત્ર અલ્લાહના હુકમથી જીવતો રહેશે. પછીથી એ જ થયું જે ઈમામ સાહેબે જણાવ્યું હતું.

## ★ હથિયાર જોવું ★

દરેક પ્રકારના હથિયારોને સ્વપ્નમાં જોવું ઈજ્જત, રૂઆબ અને મહાનતાની નિશાની છે. જો હથિયાર જોનારને પોતાની સુઝબુઝ અને ખ્યાતિના હિસાબથી પ્રાપ્ત થશે તો માન સન્માન મેળવશે. જો જુએ કે એનું હથિયાર કોઈએ એનાથી ઝૂંટવી લીધું છે કે એની સાથે જબરદસ્તી કરવામાં આવી છે કે એને ફેંકી દેવામાં આવ્યું છે કે કોઈને આપી દીધું કે ચોરી કરી લેવામાં આવ્યું કે તૂટી ગયું છે કે માંગવા પર કોઈને આપ્યું છે તો એની માન, મર્યાદાને નુકસાન પહોંચશે.

જો કોઈ જુએ કે એની પાસે તલવાર, કમાન, ભાલો કે લાકડી છે અને તે એનાથી કોઈની સાથે લડી રહ્યો છે તો એને સન્માન મળશે અને જો કોઈએ એ ચીજોની મદદથી એની સાથે જંગ કરી તો એ કૌમોની વચમાં લડાઈ છે, જો જુએ કે એણે કોઈ વ્યકિતને તલવારથી મારી નાખ્યો છે તો સારાંશ એ છે કે એ વ્યક્તિના વિરોધ જીભ ખોલશે.

જો એણે કોઈને તીરથી માર્યું તો એની પ્રભાવશાળી વાતો (કલામ) અંકો તથા કિતાબોમાં છપાશે. જો કોઈએ સ્વપ્ન જોનારને ભાલાથી માર્યો અને ઘાયલ કરી દીધો તો સ્વપ્ન જોનારની બેહતરી થશે અને એને મદદ મળશે. લાકડી કે કોઈ મૂંડાયેલ ચીજથી મારવાની તા'બીર એ છે કે માર ખાનાર કોઈ દુઃખ દેનારી મુસીબતનો શિકાર થઈ જશે. એ પ્રકારે જો જુએ કે એને ઘા લગાડનાર વ્યકિત એને એટલું નુકસાન પહોંચાડશે અને અપમાન કરશે જેટલો એને ઘા લાગ્યો છે. જો કોઈએ સ્વપ્નમા જોયું કે એણે માથુ, ગોશ્ત, હાથ પગ કે બીજા કોઈ શરીરના ભાગને શરીરથી અલગ કરી દીધો તો તા'બીર એ છે કે જેનું અંગ કપાયેલ છે અને જેણે કાપ્યું છે બંનેમાં જીભથી ઝઘડો થશે.

જો કોઈએ જોયું કે એને નગ્ન તલવાર આપવામાં આવી છે અને એણે એને માથાથી ઊંચો કર્યો પણ કોઈને મારવાનો ઈરાદો ન હતો તો તે ઘણા પ્રભાવ અને શાનનો માલિક થશે અથવા એને હસીન અને જમીલ છોકરી મળશે. પણ સ્વપ્નમાં તલવારને જોવાના બારામાં કિરમાનીનો ખયાલ એ છે કે એનો પુત્ર કે ભાઈ પેદા થશે. જો જુએ કે એના હાથમાં તલવાર



આપવામાં આવી છે અને મ્યાનમાં તૂટી ગઈ છે તો તા'બીર એ છે કે બાળક માંના પેટમાં મરી જશે. જો મ્યાન તૂટી જાય અને તલવાર ન તૂટે તો બાળક ઠીક રહેશે અને માં મરી જશે. જો કોઈ જુએ કે તલવારની મૂઠ તૂટી ગઈ છે તો એનો બાપ, કાકા કે એ મર્તબાનો કોઈ બુઝુર્ગ મરી જશે અને જે ભલાઈ કે બુરાઈ તલવારની મૂઠમાં નજર આવશે એ જ એ બુઝુર્ગોમાં જાહેર થશે.

જેણે જોયું કે તલવારનો હાથો તૂટી ગયો છે કે તલવાર પડી ગઈ છે એની માં, દાદી, માસી કે એ મર્તબાની કોઈ મહિલા મરી જશે અને હઝરત જાફર સાદિક رضی اللہ عنہ ફર્માવે છે કે જો કોઈએ સ્વપ્નમાં હાથમાં નગ્ન તલવાર મારી અને લોહી વહેડાવ્યું અને બંનેમાંથી કોઈ લોહીમાં લથપથ ન થયો તો એની તા'બીર પણ એ જ છે કે તે લોકોના વિરૂધ્ધ જીભ ખોલશે. જો એણે તલવાર મારી અને લોહી વહ્યું તો તે એના કારણથી ગુનેહગાર થશે અથવા અલ્લાહ તઆલા એને મહાન અજર આપશે કેમ કે લોહી વહે અને કોઈના શરીરથી ન લાગે તો તેની તા'બીર ગુનોહ છે. જો જુએ કે માર ખાનારાને પણ લાગી ગયું તો માર ખાનાર મારનારના વિરૂધ્ધ જીભ ચલાવશે અથવા એને હરામ માલ આપશે.

જેણે જોયું કે તલવાર લટકાવવાનો પટ્ટો એના ગળામાં છે તો જેટલી તલવાર જમીનની તરફ ઝુકેલ હશે એના મુજબ એને હુકૂમત મળશે પણ તે હુકૂમતની જવાબદારીને નિભાવવામાં કમજોર સાબિત થશે. જો જોયું કે પટ્ટો નાનો છે એટલા માટે તલવાર પણ નાની છે તો તા'બીર એ છે કે તે આ હુકૂમતથી અલગ થઈ જશે અને એને પસંદ નહીં કરશે. જો લટકાવવાનો પટ્ટો કપાયેલ જુએ તો અર્થ એ છે કે એની હુકૂમત ઝુંટવાઈ જશે.

જો તલવારને કાટવાળી જોઈ તો જે તા'બીર કરનાર તલવારની તા'બીર કલામથી કરે છે એની નજીક એની વાતોનું મહત્વ ખતમ થઈ જશે. જે લોકો તલવારની તા'બીર છોકરાથી આપે છે એમની નજીક તા'બીર એ છે કે એની હુકૂમત ઓછા લાભવાળી હશે. જો તલવારની ધાર ખતમ થઈ ગઈ કે કાપવાથી બુટ્ટી થઈ ગઈ તો કોઈ નફો કે પ્રભાવ એની તરફ નહીં માનવામાં આવશે.

જો ભાલાની સાથે બીજાં હથિયારો પણ હોય તો સ્વપ્ન જોનારને માન,

સન્માન મળશે અને એની ગેરહાજરીમાં પણ એનો હુકમ ચાલશે. જો માત્ર અણીદાર ભાલો નજર આવે તો એનો પુત્ર કે ભાઈ પેદા થશે. જો ભાલો અણીના વગર હોય અને ખબર હોય તો સ્વપ્ન જોનારને છોકરીઓ પેદા થશે અને ભાલામાં જે વિશેષતા કે ખરાબી જોવા મળશે તે ભાલાવાળામાં નજર આવશે.

**હિકાયત :** અબૂ અમ્માર તિય્યાન رحمۃ اللہ علیہ એ અમને જણાવ્યું કે એમણે ઈમામ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની સેવામાં હાજર થઈને અરજ કરી કે મને સ્વપ્નમાં મારા હાથમાં ભાલો નજર આવ્યો. ઈમામે પૂછયું : શું ભાલા પર અણી પણ નજર આવી ? કહેવામાં આવ્યું : 'ના'. એમણે કહ્યું : તારે ત્યાં પુત્રી પેદા થશે. જો સ્વપ્નમાં અણી પણ જોતો તો તારે ત્યાં છોકરો પેદા થતો. ઈમામ થોડીવાર ચૂપ રહ્યા પછી ફરી બોલ્યા કે તારી બાર છોકરીઓ થશે.

મુહમ્મદ બિન યહ્યા કહે છે કે મેં આ સ્વપ્નના વિશે અબુલ વલીદ رضی اللہ عنہ ને જણાવ્યું તો તેઓ હસવા લાગ્યા અને ફર્માવ્યું કે હું એ બાર છોકરીઓમાંથી એક છોકરો છું. મારી અગિયાર માસીઓ છે. અબૂ અમ્માર તિય્યાન મારા દાદા છે. અલ્લાહ એમના પર અને અમારા બધા પર દયા કરે.

### ★ કમાન ★

જો કોઈ કમાનને સ્વપ્નમાં દોરીથી ન ઉતારેલ જુએ તો એને માન, સન્માન મળશે કે એનો છોકરો કે ભાઈ પેદા થશે. જો તે ગિલાફમાં લપેટાયેલ દેખાય તો સમજો કે એની પત્નીના પેટમાં છોકરો છે. જો જુએ કે એની કમાન તૂટી ગઈ છે તો એની મહાનતામાં કમી થશે કે એ પુત્ર કે ભાઈને કોઈ નુકસાનનો સામનો કરવો પડશે. અને જેણે એ જોયું કે પોતાની કમાનને ખેંચી રહ્યો છે અને એનાથી તીર ચલાવી રહ્યો છે તો તીર મારવા અને લાગવાના અંદાજના મુજબ એના માન, સન્માનમાં કમી થશે. આ સ્વપ્નમાં જો કમાનની દોરી ન તૂટી હોય તો એક તા'બીર એ પણ કરવામાં આવે છે કે તે સફર કરશે અને ત્યાં જ રહી જશે અને આ સફર કદી પૂર્ણ નહીં થાય.

જો કોઈએ જોયું કે માટીના ગોળા મારી રહ્યો છે તો સમજો કે તે કોઈ



વ્યકિત પર વ્યંગ કરી રહ્યો છે જે દીનમાં સારી વાત નથી અને વળી સ્વપ્નમાં તીર ચલાવવાને સાચી વાતની નિશાની સમજવામાં આવે છે અને જેટલું આ તીર ચુભશે એટલી જ સાચી વાતની અસત્ય પર અસર થશે અને જો કોઈ જુએ કે તે કમાનને છોલી રહ્યો છે તો તા'બીર એ છે કે એને હુકૂમત મળશે અથવા ભાઈ અથવા છોકરો પેદા થશે.

જો જોયું કે તે કમાનને ખેંચવાની નિષ્ફળ કોશિશ કરી રહ્યો છે તો બાદશાહ, ભાઈ કે પુત્ર જેનાથી પણ કમાનનો સંબંધ હશે એના માટે મુશ્કેલી અને પરેશાની પેદા થઈ જશે.

### ★ છરી, તીર અને ખંજર ★

એમના સિવાય લોઢાના શસ્ત્ર તા'બીરના લેહાજથી હથિયાર જ સમજવામાં આવશે અને જો હથિયાર જેમ કે ભાલો એક હોય તો એનો સંબંધ ભાઈ કે પુત્રથી કરવામાં આવશે. એ પ્રમાણે દાંતરડુ, પાવડો અને ત્રિકમ વગેરે તા'બીરમાં પોતાના જેવી બીજી ચીજોની જેમ હશે.

### ★ બખ્તર, ઢાલ, લોખંડની ટોપી અને ઝંડો ★

આ બધી ચીજોની તા'બીર દુશ્મનથી હિફાઝત બચાવ, ગલબો હુકૂમત અમનની અધિક્તા દુનિયામાં તાકાત અને દરજાઓની બુલંદીથી કરવામાં આવે છે.

### ★ ઢાલ, કોરડા ★

ઢાલની સાથે જો કોઈ કોરડા પણ નજર આવે તો તા'બીર હિફાઝત અને બચાવ છે. જો માત્ર ઢાલ દેખાય તો માનો સ્વપ્ન જોનાર યોગ્ય વ્યક્તિ છે, પોતાના ભાઈઓની હિફાઝત કરે છે, એમને બુરાઈઓથી બચાવે છે. કોરડો જોવાની તા'બીર એ છે કે તે થોડાક સરખા માલ કે સદકાની દેખભાળ કરનારો હશે અથવા એવી રીતે કોઈ બીજી ચીજની દેખભાળ કરવાના માટે નિયુકત કરવામાં આવશે.

### ★ ઘોડા, ખચ્ચર, ગધેડા અને એમના રંગોને જોવા ★

ઘોડાની તા'બીર માણસના મર્તબા, સન્માન અને માન મર્યાદાથી

કરવામાં આવે છે. જો કોઈએ એમાં વધારો જોયો તો એ જ વધારો ઉપર બયાન કરવામાં આવેલ વિશેષતાઓમાંથી થશે અને જો કોઈ વ્યકિત સ્વપ્નમાં કોઈ સ્વસ્થ અને સારા ઘોડા પર સવાર થયો અને ઘોડો ધીરે ધીરે ચાલી રહ્યો છે તો તા'બીર એ છે કે એને માન, સન્માન અને રૂઆબ મળશે. એ પ્રકારે કોઈ એ જુએ કે એની પાસે ઘોડો છે કે એણે ઘોડો લીધો છે કે એને બાંધ્યો છે તો ઉપર કહેવામાં આવેલ વિશેષતાઓ એને મળશે અને નબી ﷺ ફર્માવ્યું કે ઘોડાને બાંધીને રાખો, કેમ કે એમની પીઠ તમારા માટે ઈજ્જત છે અને પેટ તમારા માટે ખજાનાઓ. જો કોઈએ ઘોડામાં જે લગામ કે રકાબમાં એવી રીતે કે કોઈ બીજી ચીજમાં કમી જોઈ તો એ સ્વપ્નના મુજબ એની શાન અને મહાનતામાં કમી થશે. જો ઘોડાની પૂછડી મોટી અને લાંબી નજર આવે તો એની લંબાઈના લેહાજથી એના માનનારા અધિક થશે.

જો ઘોડો પૂછડી કપાયેલ હોય કે એના વાળ ઉખડેલ હોય તો સ્વપ્ન જોનારને માનનારાઓમાં કમી થશે. ઘોડાનું દરેક અંગ પોતાના મર્તબાના લિહાજથી એની શાન અને શૌકતનું નિશાન છે. જેણે જોયું કે ઘોડો એનાથી લડી રહ્યો છે તો તા'બીર એ છે કે તે કોઈ ગુનાહને કરી ચૂકશે અથવા ઘોડાને હણહણવાની જગા (દીવાર) છત કે ઈબાદતખાનામાં એવી કોઈ જગામાં શકિત અને હેસિયતના મુજબ કોઈ ખતરનાક કામ કરશે. કેમ કે લોકોમાં એનું સન્માન અને માન ઘોડાના હણહણવાના હિસાબથી થશે. એક તા'બીર એ પણ છે કે એનાથી ગુનોહ કે બુરું કામ મતલબ છે જેનાથી ભય અને ખતરાની શંકા હોય.

અને જો કોઈએ સ્વપ્નમાં જોયું કે ઘોડો એને જમીન અને આસમાનની વચ્ચે લઈને ઉડતો ફરી રહ્યો છે કે સ્વપ્નમાં ઘોડાની બે પાંખ નજર આવે તો તા'બીર એ છે કે સ્વપ્ન જોનાર દુનિયા અને આખેરતમાં ઈજ્જત અને બુઝુર્ગી મેળવશે. કદી આ સ્વપ્નની તા'બીર એ પણ થાય છે કે તે સફર કરશે પરંતુ જો જુએ કે ઘોડાઓ શહેરમાં કે ઘરોમાં દોડતા ફરે છે તો રેલ અને વરસાદ અને સખ્તીની નિશાની છે. જો ઘોડાઓ પર જીન પણ છે તો એ કોઈ ખુશી કે ગમના માટે ભેગા થાય છે.



### ★ ઘોડાઓના રંગ ★

જો કોઈ વ્યક્તિ સ્વપ્નમાં કાબરચિતરો કે સફેદ રંગનો ઘોડો જુએ તો તા'બીર એ છે કે જે આ કામથી સંબંધિત છે તે એમાં વ્યસ્ત રહેશે. કાળો મુશ્કી (કથ્થાઈ પડતા) રંગનો ઘોડો નજર આવે તો એને માલ અને ખુશી પ્રાપ્ત થશે અને જો ચામઠાંના ધબ્બા હોય તો સ્વપ્નને જોનારના માટે દીનમાં મજબૂતી અને બેહતરી થશે. જો ઘઉંવર્ણી રંગનો ઘોડો દેખાય તો જોનાર નાપસંદ અને મકરુહ જગા પર પહોંચશે. જો ઘોડાનો રંગ લાલ હોય તો પરિણામના એતબારથી બધા રંગોથી બેહતર છે. જે ઘોડાઓનો અત્યાર સુધી ઉલ્લેખ કરવામાં આવ્યો એમના હાથ પગ સફેદ હોય તો ઉપરની તા'બીરો હશે અને જો કોઈ જુએ કે કોઈ વ્યકિતએ એને ઘોડા પર પોતાની પાછળ બેસાડી લીધો છે તો એ માણસ દ્વારા એને પોતાનો ઉદ્દેશ્ય પ્રાપ્ત થશે.

ઘોડાની તા'બીર સ્ત્રી છે જો જોયું કે ઘોડીનો માલિક બન્યો છે, એનો માલિક બનીને એના પર સવાર થયો છે તો એને શરીફ બરકતવાળી સ્ત્રી નસીબ થશે. જો ઘોડી કાળા રંગની હોય તો રૂઆબવાળી સ્ત્રી મેળવશે. જો કાળાશ પડતી ઘોડી જોઈ તો સુંદર સ્ત્રી મળશે. જો લીલી ઘોડી હોય તો ગાવા વગાડવાવાળી સ્ત્રી પ્રાપ્ત થશે. 'મહર'થી સારાંશ એનું બાળક છે અને જો નવી વાત ઘોડીમાં જુએ જેમ કે મરી જવું, ચોરી થઈ જવી કે કોઈ અન્ય નુકસાનનું થવુ તો એ જ ઘટના એની પત્નીની સાથે ઘટે.

જો સ્વપ્નમાં ઘોડીનો ગોશ્ત ખાધો તો તેને સંપત્તિ, સન્માન, નેકનામી અને હલાલ રોજી મળશે. જો કોઈ અજ્ઞાત ઘોડાને જોયો અને એનો માલિક નથી બન્યો તો સમજો તે ઉચ્ચ સ્થાન અને શરાફતનો માલિક થશે. જો જોયું કે એ અજ્ઞાત ઘોડો એના ઘર કે વિસ્તારમાં દાખલ થયો તો તા'બીર એ છે કે એ જગા કોઈ મહાન વ્યકિત સન્માનિત, સભ્ય, શકિતશાળી અને વીર પુરૂષ આવશે. જો જોયું કે ઘોડો એના ઘર કે વિસ્તારથી નીકળ્યો છે તો એવો પુરૂષ ત્યાંથી નીકળી જશે.

### ★ ટટ્ટુ, ખચ્ચર અને ગધેડો ★

હલકી કક્ષાના ઘોડાની તા'બીર ઈન્સાનની કિસ્મત અને ભાગ્યથી કરવામાં આવે છે. જો ટટ્ટુને પોતાનું આજ્ઞાપાલક અને કહ્યું માનનાર જોયું

તો સમજો એનું ભાગ્ય એના મુજબ છે. જો એનાથી ઊલટુ નજર આવ્યું તો એનો સાથ નહીં આપે. જો અરબી ઘોડાઓ પર સવારીનો આદતવાળી વ્યક્તિ પોતાની જાતને ટટ્ટુ પર સવાર જુએ તો એનું સ્થાન ઘટી જશે અને ખુશી થશે. જો તે હમેશાંથી ટટ્ટુઓની સવારીનો ટેવવાળો છે તો લોકો એનો ઉલ્લેખ સારા શબ્દોમાં કરશે અને ભાગ્ય સારું રહેશે. મામૂલી ઘોડાઓ અને એના રંગોની તા'બીર ઘોડાઓ અને ઘોડીઓની જેમ છે જેથી એનાથી સારાંશ અરબ સ્ત્રીઓ નથી, ગૈર અરબ સ્ત્રીઓ હશે.

ખચ્ચરથી સારાંશ એવો ઈન્સાન છે જ કોઈ લેહાજથી શરીફ ન હોય જેમ કે ગુલામ, ગોવાળ અને હરામી. પરંતુ તે ઈન્સાન શકિતશાળી અને કઠોર હશે. જો કોઈ પુરૂષે જોયું કે તે ખચ્ચર પર સવાર છે અને એના દુશ્મનમાં એ વિશેષતાઓ હશે તો એના મુકાબલામાં સફળતા પ્રાપ્ત થશે અને તે એને પોતાનો બનાવી લેશે.જો આ જ સ્વપ્ન કોઈ સ્ત્રી જુએ તો તા'બીર એ છે કે આ વિશેષતાના માલિક પુરૂષથી એની શાદી થશે. કદી ખચ્ચરની તા'બીર સફર પણ થાય છે.

ખચ્ચર જો માદા હોય અને સ્વપ્ન જોનાર એના પર સવાર હોય અથવા એનો માલિક હોય અને એના પર જીન, લગામ વગેરે પૂરો સામાન હોય તો એની તા'બીર વાંઝ છે અને ખચ્ચરોના રંગોની જેમ કે ક્યારેક માદા ખચ્ચર જોવાની તા'બીર ઈન્સાનનું માન, સન્માન અને મહત્વ અને પદથી કરવામાં આવે છે અને ખચ્ચરનો ગોશ્ત અને ચામડું એનાથી જોડાયેલ માલની નિશાની છે. ખચ્ચરનું દૂધ પીતા જોયું એના માટે બુરું છે, જેટલું દૂધ પીધું એના મુજબ ભલાઈ કે સખ્તી નસીબ થશે. અને આ માદા ખચ્ચર જેની સાથે સંબંધિત હશે એના આધાર પર આ ભલાઈ અને સખ્તી થશે.

ગધેડાની તા'બીર માણસનું ભાગ્યશાળી હોવું અને ભલાઈથી કરવામાં આવે છે અને એ તા'બીરના લેહાજથી અરબી ઘોડાથી બેહતર છે, જેણે એમાં કોઈ ઘટ કે વધ જોઈ એ જ એના ભાગ્યમાં હશે. માદા અને નરની તા'બીર એક જ રીતે હોય છે પરંતુ ભલાઈ અને સારા ભાગ્યમાં માદા નરથી બેહતર છે. જો જોયું કે ગધેડા પર સવાર છે અને ગધેડુ પૂરી રીતે એનું આજ્ઞાપાલક છે તો સમજો કે એનું ભાગ્ય ભલાઈના માટે જાગૃત થઈ



ગયું છે અને એનો માલ અને રોજી મળવા લાગશે.

જો ગધેડુ કાળા રંગનું હોય તો જોનારને માલ અને સરદારી મળશે અને ગધેડાના બધા રંગોની તા'બીર ઘોડાઓના મુજબ છે. ગધેડા અને ઘોડા પર સવાર હોવા, બાંધવા, પકડવા અને એનો માલિક બનવા અને ઘેરવામાં તા'બીરના લેહાજથી કોઈ ફર્ક નથી, કોઈ પ્રકારની ઉણપવાળુ ગધેડું વગર ઉણપવાળા ગધેડાથી શ્રેષ્ઠ હોય છે અને એને જોવામાં અધિક ભલાઈ છે.

જો કોઈ સ્વપ્નમાં ગધેડા પર સવાર થઈને જતાં ગબડી પડયો છે તો એની વર્તમાન સ્થિતિ એવી ન રહેશે એમાં ઉણપ આવશે. બની શકે છે તે મરી પણ જાય, જો જુએ કે ગધેડાથી એ રીતે ઉતરી રહ્યો છે જેમ કે ખાસ રીતે લોકો ઉતરે છે તો નુકસાનની કોઈ વાત નથી. જો દિલમાં એ ખયાલ આવ્યો કે હવે તે એ ગધેડાની તરફ નહીં જશે તો એનાથી ઉતરવાની પહેલાવાળી હાલત પર નહીં હશે. જો જોયું કે ગધેડો ખરીદી રહ્યો છે અને પોતાના હાથો વડે રોકડ કિંમત રૂપિયાઓ અને અશરફીઓના રૂપમાં આપી રહ્યો છે અને રકમને પોતાના હાથો વડે ઉલટાવી સુલટાવીને જોયું છે તો આ સારું સ્વપ્ન છે અથવા તે સારી વાતો કરશે.

જો રોકડ કિંમત અદા કરવાના સમયે રૂપિયા નથી પાછા આપ્યા અને એને હાથોથી ઊલટ પલટ પણ નથી કર્યા તો આ ભલાઈ મેળવશે અને એ ને'મતનો શુક્ર અદા કરશે કેમ કે કિંમત અસલમાં ને'મતનો શુક્ર થાય છે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એના ગધેડાની આંખો કમજોર છે કે તે કાણું છે તો એની તા'બીર એ છે કે એની રોજીની વાત શકમાં પડી જશે. જો સ્વપ્નમાં ગધેડું કમજોર કે બેબસ નજર આવે તો જોનારને પોતાના એક મામલામાં સાચું માર્ગદર્શન મળશે.

જો જોયું કે ગધેડુ, ખચ્ચર બની ગયું છે તો સફર દરમિયાન એનું ભાગ્ય અને રોજી કોઈ અન્ય વ્યકિતના હાથમાં ચાલી જશે, જો ગધેડો ઘોડી બની ગયો કે બોજ ઉઠાવવાના યોગ્ય ન રહ્યો કે એના ચઢવા અને કદમ ઉઠાવવામાં કમજોરી નજર આવી તો સ્વપ્ન જોનારનું ભાગ્ય સારું ન રહેશે અને દુનિયામાં એનું સન્માન ઘટી જશે.

જો સ્વપ્નમાં ગધેડાનો ગોશ્ત ખાય કે એના ગોશ્તનો માલિક બની જાય કે તે ખાવાના ઈરાદાથી ગધેડાને ઝબહ કરે તો એની તા'બીર એ છે કે એને હરામ માલ મળશે. જેણે જોયું કે ગધેડીનું દૂધ પીધું છે તો તા'બીર એ છે કે સખ્ત બીમાર થશે જેમાં બચવાથી નિરાશા થશે.

### ★ ઊંટ, ગાય, ઘેટું, કાગડો વગેરે જોવું ★

ઊંટને જોવાની તા'બીર કદી સફરથી કદી દુઃખથી અને કદી કોઈ ગૈર અરબ કે અરબ મોટા માણસથી કરવામાં આવે છે. જો ઊંટ લાલ રંગનું અને શકિતશાળી હોય તો પણ એ જ તા'બીર છે. જો અપરણિત માણસ સ્વપ્નમાં ઊંટણી જુએ તો એની તા'બીર સ્ત્રી છે. જો પરણિત માણસ જુએ તો સફર, દેશ, જમીન કે ઘરથી એની તા'બીર થશે. જો કોઈ જુએ કે તે ઊંટ પર સવાર છે અને ઊંટ લઈને એને ચલાવી રહ્યો છે તો આ સફર કરવાની નિશાની છે. જો તે જુએ કે તે ઊંટ બની ગયો છે તો એને બીમારી, દુઃખ અને ચિંતાનો સામનો કરવાનો થશે, પછી એનાથી છૂટકારો મેળવી લેશે.

જેણે જોયું કે ઊંટથી લડી ઝઘડી રહ્યો છે તો જાણો તે કોઈ દુશ્મનથી લડશે. જો લાલ રંગનો બખ્તી ઊંટ હોય તો તે દુશ્મન ગૈરઅરબ હશે. જો સ્વપ્નમાં કોઈ જુએ કે તે ઘણા બધા ઊંટોનો માલિક છે કે એમને હાંકી રહ્યો છે, તો મતલબ એ છે કે તે કોઈ કૌમ પર હુકૂમત કરશે. જો જોયું કે કોઈ અજ્ઞાત ઊંટ કોઈ જમીન કે મહોલ્લા કે ગામમાં આવ્યું છે તો ત્યાં કોઈ દુશ્મન આવશે કે ત્યાં કોઈ રેલ, મુસીબત કે બીમારીનો હુમલો થશે. જો ઊંટ સારું હોય તો દુશ્મન કે બીમારી કે મુસીબતનો અંજામ બેહતરી ભલાઈ અને બરકતવાળો હશે, પરંતુ જો ઊંટ બુરું હોય તો એ મામલાઓથી વિરૂધ્ધ હાલતો પેશ આવશે.

### ★ ઊંટનો ગોશ્ત ★

ઊંટનો ગોશ્ત જોવાની તા'બીર એ માલ છે જેની તરફ એનો સંબંધ છે. એ પણ છે કે જો સ્વપ્નમાં કોઈએ થોડોક ગોશ્ત ખાધો, રોગનો શિકાર થઈ જશે. જો ઊંટનું દૂધ દોહે તો એને કોઈ સ્ત્રીથી માલ પ્રાપ્ત થશે. જો દૂધને બદલે લોહી કે પીપ નીકળશે તો તા'બીર હરામ માલ છે. જો જોયું કે ઊંટણીનું



દૂધ એણે પોતે નથી દોહ્યું પરંતુ પીધું છે તો એને કોઈ મોટા માણસથી માલ મળશે જેનાથી એને માન, સન્માન મળશે.

'ફજીલુન નાકા' ઊંટના એ બચ્ચાને કહે છે : જેણે દૂધ છોડી દીધું હોય. જો કોઈ સ્વપ્નમાં જુએ કે ઊંટણી એની પાસે ન રહી કે ચોરી થઈ ગઈ તો એની પત્ની એનાથી અલગ થઈ જશે.

### ★ બળદ અને ગાય ★

શિંગડાવાળા બળદોની તા'બીર બાદશાહના ગવર્નર કે એવા વ્યકિતથી જે નફો અને તાકાતનો માલિક હોય કરવામાં આવે છે. જો શિંગડા ન હોય તો એની તા'બીર તુચ્છ, અપમાનિત, બેઈજ્જત નાના કદનો એવો માણસ છે જેની નેઅમત એનાથી છિનવાઈ ગઈ હોય.

ગાયની તા'બીર કદી વર્ષથી અને કદી સ્ત્રીથી થાય છે. જો કોઈએ જોયું કે તે બળદનો માલિક છે કે એના પર સવાર છે તો સ્વપ્ન જોનારાથી એના સારા સંબંધ થશે કે બાદશાહના કોઈ પદાધિકારીને પોતાના પ્રભાવમાં રાખશે અને એની પનાહના કારણે ઘણો બધો માલ મેળવશે. જો બળદ ઘરમાં ઘુસી ગયો અને એના પર કાબૂ મેળવી લેવામાં આવ્યો તો તા'બીર એ છે કે જે માલ એને મળશે એને મેહફૂઝ રાખી શકશે અને આ બળદ એની ભલાઈ અને બેહતરીમાં પ્રગતિનું કારણ હશે. જો કોઈ ઘણા બધા બળદોનો માલિક બની ગયો છે તો તા'બીર એ છે કે ઘણો બધો માલ એના હાથ આવી જશે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે બળદે એને શિંગડુ માર્યું છે તો તેને પોતાના પદથી હટાવી દેવામાં આવશે અને શિંગડાં મારવાના અમલના મુજબ એને નુકસાન પહોંચશે. જો જુએ કે એના બળદનું શિંગડું તૂટી ગયું છે તો તે પોતાનામાં કોઈ અપ્રિય વાતનો સામનો કરશે અને હટાવી દેવાની નજીક પહોંચી જશે. બળદોના શિંગડાં સન્માન, માલ અને ભલાઈ પર દલાલત કરે છે. જો કોઈ અપરણિત સ્ત્રી જુએ કે તે બળદ પર સવાર છે તો એની એ હાલતમાં શાદી થઈ જશે. જો પરણિત છે તો એનો પતિ એની વચમાં થઈ જશે અને તે એના પર સવાર થઈ જશે અને શિંગડાંવાળા બળદનો ગોશ્ત માલ

અને વારસો છે.

જો સ્વપ્નમાં જુએ કે એણે બળદને ઝબહ કરીને એનો ગોશ્ત વહેંચી દીધો છે તો તે મરી જશે. જો બળદ કાર્યરત નથી તો માણસ એ જગા પર મરી જશે અને એનો ગોશ્ત વહેંચાશે. જો એણે જોયું કે એણે બળદ કે કોઈ વાછરડું કામ કરવાની ઉંમર સુધી પહોંચવાથી પહેલાં જબહ કરી દીધું છે તો માનો તે કોઈ માણસને પછાડીને એના પર છવાઈ જશે અને આ માણસ એ વ્યકિતની જેમ નથી જેણે ઝબહ કર્યું અને ગોશ્ત ન ખાધો. ઘણા બધા બળદ જો અજ્ઞાત હોય અને એમનો કોઈ રક્ષક ન હોય અને તે કોઈ ઘરમાં ઘુસી આવે તો તા'બીર એ છે કે ત્યાં બીમારીઓ ફૂટી પડશે. ખાસ રીતે જો બળદોના રંગ જુદા જુદા હોય અર્થાત કાળા, પીળા વગેરે.

બળદની જેમ ગાયની તા'બીર વર્ષ પણ છે અને સ્ત્રી પણ છે. કાળી ગાયની તા'બીર હરિયાળી ભર્યું વર્ષ છે અને ઘણી બધી કાળી ગાયો જમા હોય તો તે જેટલી જાડી હશે એટલા જ હર્યાભર્યા વર્ષો થશે. જો ગાય દુબળી હોય તો દુષ્કાળની નિશાની છે, જો જાડી ગાય જુએ અને એનો માલિક થઈ જાય કે તે એ લોકોની હોય જ્યાં તે રહે છે તો એની તા'બીર એ છે કે હર્યુંભર્યું વર્ષ આવશે. ગાયનો ગોશ્ત અને ચામડાંની તા'બીર એ વર્ષોના માલથી દેવામાં આવશે અને ગાયના ગોશ્ત વગેરેની તા'બીર એ માલ છે જે તે કમાશે.

તમામ ચાર પગવાળાં જાનવરનું છાણ ઘણો બધો માલ હોય છે પણ માલથી હરામ કે હલાલ હોવાનો સંબંધ છાણની ગંધથી છે. એ પ્રમાણે ગંદકી અને પેટથી નીકળનાર દરેક ચીજ છે. જો ગંદકી ઘણી અધિક હોય કે એમાં ગુમ થઈ જાય તો આ એવા ખબીસ માલની નિશાની છે જેમાં કોઈ બેહતરી નથી અને આ વાત પહેલાં પણ બતાવવામાં આવી ગઈ છે. ગાયનું ઘી અને દૂધ એના માલિકના માટે અને એના માટે જેને તે પ્રાપ્ય હોય માલ, ફલવું, ફૂલવું અને માન છે.

જો કોઈ ફકીરે સ્વપ્ન જોયું કે તે ગાયનું દૂધ કાઢી રહ્યો છે અને પી રહ્યો છે તો તે ધનવાન થઈ જશે અને જો માલદાર આ સ્વપ્ન જુએ તો તે માલદાર થશે. ગુલામે જોયું તો તે આઝાદ થઈને પોતાની માલિકાથી શાદી કરશે. જો સ્વપ્નમાં ગાયને ગર્ભવતી જોઈ તો એના માટે આખું વર્ષ બરકતનું હશે



અને એ થઈને રહેશે.

ઘેટું જોવાની તા'બીર મોટો પરિચિત, શરીફ, અમીર પોતાની રક્ષા કરનાર અને બહાદુર માણસ છે. જો કોઈને સ્વપ્નમાં ઘેટું મળી ગયું કે તે એનો માલિક થઈ ગયો તો એને માન અને દૌલત મળશે અને કોઈ મોટા માણસને પોતાની હેઠળ કરશે. જો કોઈએ સ્વપ્નમાં ઘેટાને ઝબહ કર્યું પણ ગોશ્તના માટે નહીં અથવા એની હત્યા કરી તો એને મજબૂત અને શકિતશાળી વ્યક્તિના મુકાબલામાં સફળતા મળશે.

જેણે સ્વપ્નમાં જોયું કે ઘેટાનું ચામડું ખેંચ્યું છે તો તે એ સન્માનિત અને શકિતશાળી માણસનો માલ લઈ લેશે અને એનામાં જુદાઈ થઈ જશે. અને એણે ઘેટાનો ગોશ્ત ખાધો તો જેવું કે તે એ માણસનો માલ ખાશે જેણે જોયું કે તે ઘેટા પર સવાર છે અને એને પોતાની મરજીથી આમ તેમ લઈને ફરે છે તો તે ભલાઈ મેળવશે. જો જોયું કે એણે ઘેટાને પીઠ પર ઊંચકી રાખ્યું છે તો જેવું કે તે કોઈ વ્યકિતનો ખર્ચ સહન કરી રહ્યો છે અને જો ઘેટુ સ્વપ્ન જોનાર પર સવાર થઈ ગયું તો તા'બીર એ છે કે એનો વિરોધી એના પર સવાર થઈ જશે અને એને હરાવી દેશે.

જો જુએ કે એણે ઘેટાને નીચે ગબડાવી દીધું છે તો સ્વપ્ન જોનાર મોટા માણસ પર છવાઈ જશે અને હવે તેની તાકાત અને શાન, શૌકત ખતમ થઈ જશે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે ઘેટાના આખા ટોળાનો માલિક બની ગયો છે કે ઘેટાંઓને ચોરી રહ્યો છે તો શરીફ અને મોટા લોકો પર એની અસર થઈ જશે. જો કોઈ જુએ કે કુર્બાનીના માટે ઘેટાને ઝબહ કરી રહ્યો છે તો તા'બીર એ છે કે ગુલામ છે તો આઝાદ થશે, કેદી છે તો આઝાદ થશે, બીમાર છે તો સ્વસ્થ થશે, કર્જદાર છે તો કર્જથી છૂટકારો મેળવશે અને ફકીર છે તો માલદાર થઈ જશે.

બકરીની તા'બીર સજ્જન, ઉત્તમ અને ભાગ્યશાળી સ્ત્રી છે. જો કોઈ સ્વપ્નમાં બકરી જોઈ લે કે એનો માલિક બની જાય તો તે એ પ્રકારની સ્ત્રી મેળવી લેશે. જો જોયું કે એનો ગોશ્ત ખાવાના માટે એને ઝબહ કરી છે તો એને એનાથી ભલાઈ મળશે. સડેલ બકરીને ખાવાની નિય્યતથી ઝબહ નથી

કરી તો કોઈ સ્ત્રીથી નિકાહ કરશે. જો સ્વપ્નમાં બકરી ઘરેથી ચાલી ગઈ, ખોવાઈ ગઈ કે ચોરી લેવામાં આવી તો કોઈ એવી વાત જે એને બુરી લાગે એની પત્નીના બારામાં થશે.

બકરીની ચરબી પણ ગોશ્ત, ચામડુ, દૂધ અને લીંડીના સમાન છે. બધું જ એમને મેળવનારાના માટે ગનીમતના માલની હેસિયતથી રાખે છે. બકરીનું બચ્ચું જો કોઈએ સ્વપ્નમાં બખ્શ્યુ તો એને ત્યાં છોકરો પેદા થશે. જો જુએ કે તે બકરીનું બચ્ચું ઝબહ કરી રહ્યો છે પરંતુ ગોશ્તના માટે નથી તો એનો પુત્ર કે એના ખાનદાનનું કોઈ માણસ મરી જશે. જો કોઈ જુએ કે તે બકરીના બચ્ચાનો ગોશ્ત ખાઈ રહ્યો છે તો એ બચ્ચાના કારણથી માલ મળશે. જો જોયું કે તે બકરીનો રાંધેલ ગોશ્ત ખાઈ રહ્યો છે તો તા'બીર એ છે કે સારી રોજી અને સારી હાલતનું સ્વાગત કરશે. જો જોયું કે કાચો ગોશ્ત ખાઈ રહ્યો છે કે એનાથી કોઈ માણસને મારી રહ્યો છે તો સારાંશ એ છે કે તે કોઈ ઈન્સાનની ગીબત કરી રહ્યો છે.

જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે શેકેલ ગોશ્ત ખાઈ રહ્યો છે તો એને એવી રોજી મળશે જેમાં દુઃખ અને ચિંતા ત્યાં સુધી કે નિરાશા થશે. જો કોઈ જુએ કે એના ઘરમાં કે વિસ્તારમાં એવી બકરી આવી ગઈ કે જેનું ચામડું ઉતરેલ છે તો તા'બીર એ છે કે એ જગા કોઈ માણસ મરી જશે. જો બકરીના થોડાક અંગોની ચામડી ગુમ હોય તો જે વ્યકિતની તરફ આ અંગનું સંકેત હશે તે મરી જશે. જો સ્વપ્નમાં બકરીનો પગ કે કોઈ બીજુ અંગ ખાઈ લીધું તો એના ઘરવાળાઓમાંથી કોઈ મરી જશે અને જો બકરીનું પડખુ અથવા પાંસળી ખાધી તો એ જગા એક સ્ત્રી મરી જશે. આ બધી તા'બીરો એ સંજોગોમાં છે જ્યારે કે ગોશ્ત તાજો હોય. જો કોઈ જુએ કે તે બકરી ચોરી રહ્યો છે તો તે લોકો પર હુકૂમત કરશે.

નર ઘેટાની તા'બીર (વિના શિંગડાના) ઘેટાની જેમ છે અર્થાત સન્માન મેળવશે. ભાગ્યશાળી થશે અને ઘેટાના વિશે જે વાતોનો ઉલ્લેખ હજુ સુધી થઈ ચૂકયો છે, ઘેટું જો નર હોય તો એ જ તાબીર અહીંયા પણ થશે. માદા ઘેટાની તા'બીર બકરીની જેમ છે પણ એનું સન્માન બકરીથી ઓછું છે. એ પણ કહેવામાં આવ્યું છે કે બકરી (શીંગડા વિનાની) ગાયની જેમ છે પણ



તંદુરસ્તી અને ભલાઈમાં ગાયથી ઓછું છે.

વાળની તા'બીર ઊનની જેમ છે. એ પ્રકારે ઘેટાનું પેશાબ છાણ એનું દૂધ બકરીના દૂધની જેમ છે પરંતુ ઈજ્જતમાં એનાથી ઓછી છે. સ્વપ્નમાં બકરીનો ગોશ્ત થોડો કે વધારે ખાનાર બીમાર થશે. કસાઈ જો અજ્ઞાત નજર આવે તો એની તા'બીર મોતનો ફરિશ્તો છે. જો કોઈ જુએ કે કસાઈથી થોડોક ગોશ્ત ખરીદીને એણે પોતાના ઘરે પહોંચાડી દીધો છે તો તે અંગ જેનાથી સંબંધિત હશે એમાં તકલીફ થશે. જો તેણે ગોશ્તની કિંમત અદા કરી દીધી તો એ મુસીબતનો સવાબ મેળવશે પરંતુ કિંમત અદા ન કરવાની સૂરતમાં એને આ મુસીબતના કારણે દુઃખ મળશે અને એનો એને કોઈ સવાબ નહીં મળશે.

જો કોઈએ સ્વપ્નમાં પોતાની જાતને બકરી બનેલ જોયો તો એના માટે ભલાઈ અને બરકત છે અને બકરીની આંતરિક ચીજો જિગર, ચરબી, તલી, દિલ, ગુર્દા વગેરે બધા એવા માલ છે જેને સ્વપ્નમાં જોનાર કાઢી લેશે. જો જોયું કે તે એ ચીજોને ખાઈ રહ્યો છે કે માત્ર એનો માલિક બની ગયો છે. આ ચીજો શેકેલી હોય કે રાંધેલી કે તળેલી તો પણ એની તા'બીર માલ છે. આ ચીજો બકરીના સિવાય કોઈ જંગલી જાનવરની હોય તો એ જ તા'બીર છે અને મનુષ્યના અંગ બધાથી શ્રેષ્ઠ છે. બકરી કે કોઈ બીજા જાનવરનું માથુ ખાવું મોટી ઉંમરની નિશાની છે. એના સિવાય માલમાં ઓર અધિક્તા તથા ભલાઈ અને બરકત પણ થશે અને માણસનું માથુ બધાથી શ્રેષ્ઠ છે.

### ★ હલાલ જંગલી જાનવરો અને એમનો ગોશ્ત જોવો ★

સમસ્ત જંગલી જાનવરોની તા'બીર બેદીન લોકો છે. જે મુસલમાનોની જમાઅતને છોડીને પોતાની ઈચ્છાઓના ગુલામ બની ચૂકયા છે. આ તા'બીર એ સંજોગોમાં થશે જ્યારે સ્વપ્નમાં એના શિકારનો ઈરાદો ન હોય. જેણે જોયું કે સ્વપ્નમાં જંગલી ગાય, બળદ કે ઊંટ પર સવાર છે કે એમનો માલિક એમના પર કબજો ધરાવે છે કે એમનો શિકાર કે ઈરાદાના વગર ઘરમાં લઈ આવ્યો છે તો તે કોઈ બેદીનને પોતાના ઘરમાં દાખલ કરશે. એના પર કાબૂ મેળવી લેશે. જો જુએ કે કોઈ જંગલી જાનવરથી ઝઘડી રહ્યો છે તો જાણો કે કોઈ બેદીન ઈન્સાનથી ઝઘડશે અને જાતિ અને પ્રકારની ભિન્નતાની

સાથે સ્વપ્નમાં વિજય પામનાર અથવા હારનાર તા'બીરમાં પણ એવો જ થશે.

જો ઝઘડો એક જ જાતિમાં હોય તો સ્વપ્નમાં જીતનાર તા'બીરમાં હારી જશે. જેમ કે અબ્દુલ્લાહ બિન જુબૈર અને અબ્દુલ મલિકનો કિસ્સો બયાન કરવામાં આવી ચૂક્યો છે. જો સ્વપ્નમાં એ જાનવરોમાંથી કોઈ એક નર કે માદાના શિકારનો ઈરાદો કર્યો તો તે માલે ગનીમત મેળવશે. પરંતુ માદા જંગલી જાનવરના શિકારનો ઈરાદો હોય તો તા'બીર સ્ત્રી, પુરૂષ અને લોંડીઓ છે. જેમ કે જો જુએ કે હરણીનો શિકાર કરી રહ્યો છે તો એને સુંદર લોંડી હાંસલ થશે કે સુંદર સ્ત્રીઓથી શાદી કરશે. જો હરણીને ઝબહ કરી રહ્યો છે તો કુંવારીનું કુંવારાપણુ તોડશે. જો ઝબહની જગા છોડીને અન્ય ઠેકાણેથી ઝબહ કરે જેમ કે પીઠના પાછળથી તો સ્ત્રીઓને છોડીને પુરૂષોથી બુરું કામ કરશે.

### ★ જંગલી ગાય ★

એની તા'બીર પણ હસીન અને સુંદર સ્ત્રી છે. જો જોયું કે હરણ અને જંગલી ગાયને શિકારના ઈરાદાના વગર કતલ કરી દીધી છે તો કોઈ સ્ત્રીથી ઘણો બધો માલ મેળવશે. સસલાથી સારાંશ એવી સ્ત્રી છે જે ન લાભ પહોંચાડે, ન નુકસાન. હલાલ જંગલી જાનવરોના બચ્ચાંઓ જો સ્વપ્નમાં જુએ તો તા'બીર પણ બચ્ચાંઓ છે. કદી એમને સ્વપ્નમાં જોવાની તા'બીર લોંડીઓથી દેવામાં આવે છે. જો જુએ કે જંગલી જાનવરોનો માલિક છે કે તે એનો આજ્ઞાપાલક છે કે જે તરફ ઈચ્છે છે લઈ જાય છે કે એને થોડાક જાનવર મળ્યાં છે તો જાણે કે તે એક કૌમ પર હુકૂમત કરશે.

જંગલી જાનવરોનાં ચામડાં, દૂધ અને ચરબીની તા'બીર એમના માટે માલ છે જેનાથી તે સંબંધિત છે અને એમના માટે મુસીબત છે જેને એ ચીજો મળી અને અલ્લાહ તઆલા બધાથી અધિક જાણનાર છે.

### ★ હાથી અને ખતરનાક જંગલી જાનવરોનું જોવું ★

હાથીની તા'બીર પ્રકોપ, આતંક અને મહાનતાવાળા ગૈરઅરબ વ્યકિત છે. કોઈએ સ્વપ્નમાં જોયું કે તે હાથી પર સવાર છે, એનો માલિક છે કે



એને ઘેરી રહ્યો છે કે ખેતીવાડીના કામના સિવાય એને ઉપયોગમાં લાવી રહ્યો છે તો એને સામર્થ્ય અને શક્તિ અને દબદબો પ્રાપ્ત થશે. જો જોયું કે હાથીનો ગોશ્ત ખાઈ રહ્યો છે તો જેટલો ગોશ્ત ખાધો એટલો માલ એને બાદશાહથી મળશે. એ પ્રકારે હાથીના વાળ, હાડકાં, ચામડું કે કોઈ અન્ય અંશથી કોઈ વસ્તુ લીધી તો એ જ માલ કરવાની તા'બીર થશે. જો જુએ કે જંગમાં હાથી પર સવાર છે તો તે હાથીવાળાઓને પરાજિત કરશે.

**હિકાયત :** કહેવામાં આવે છે કે સકલીયા ટાપુમાં રહેનારી એક જમાઅતના બાદશાહે મુસલમાનોથી જંગના ઈરાદાથી એક મોટું સમુદ્ર જહાજ બનાવ્યું પછી સ્વપ્નમાં જોયું કે હાથી પર સવાર છે અને નગારાં એની સામે વાગી રહ્યાં છે. જાગ્યો તો પાદરીઓથી પોતાનું સ્વપ્ન સંભળાવ્યું. એમણે એને વિજય અને ગેબી મદદની શુભ સૂચના આપી. બાદશાહે એ તા'બીરની દલીલ ચાહી તો એમણે બતાવ્યું કે જંગલી જાનવરોમાં તાકાત અને રૂઆબના હિસાબથી હાથી બધાંથી મોટો છે જેથી એનો સવાર પણ પ્રકોપ અને રૂઆબનો માલિક હશે અને નક્કારા એ વાતની દલીલ છે કે ખુશીઓ અને ખ્યાતિ અને બાદશાહીનો શોર થશે, કેમ કે નગારાં હર્ષ અને ઉલ્લાસના અવસર પર જ બાદશાહોના સામે વગાડવામાં આવે છે.

બાદશાહ આ વાતો સાંભળીને ખુશ થયો. એણે એમને વિદાય કર્યા, પછી યહૂદના ઉલમાને બોલાવ્યા. એમણે પણ આ જ શુભ સૂચના સંભળાવી. એણે એમને પણ પાછા કર્યા, પછી મુસલમાનોના ઉલમાના એક ટોળાને બોલાવીને સ્વપ્ન સંભળાવ્યું. એમના બુઝુર્ગની તરફ ઈશારો કરવામાં આવ્યો તો એમણે પોતાની જાનની સુરક્ષા ચાહી જેથી સ્વપ્નની તા'બીર બતાવે. બાદશાહે જાનની જમાનત આપી અને કસમ ખાધી ત્યારે શૈખે કહ્યું કે તારા આ ઈરાદા અને સેનાના હુમલામાં કોઈ ભલાઈ કે લાભ નથી. સેના ન મોકલવામાં આવે કેમ કે જો એવું થયું તો આ માત્ર પરાજીત થઈને જ પાછી આવશે. શૈખે કહ્યું કે તારા સ્વપ્નની તા'બીર આ જ છે ! આ આરોપ સાચો નથી કે હું મુસલમાન હોવાના કારણથી એવું કહી રહ્યો છું. બાદશાહે દલીલ પૂછી તો એમણે કહ્યું કે એની દલીલ અલ્લાહની કિતાબની આ આયત છે : **(અર્થ)** "શું આપે નથી જોયું કે અલ્લાહ તઆલાએ

હાથીવાળાઓની સાથે શું કર્યું ?'' એમણે આખી સૂરહ પઢી. બાદશાહે કહ્યું કે આ તો હાથીની વાત થઈ. નગારાંઓના વિશે શું કહો છો ? શૈખે અલ્લાહનો ઈર્શાદ પઢીને સંભળાવ્યો. ''જ્યારે સૂર ફૂંકવામાં આવશે તો તે દિવસ કાફિરો પર ઘણો જ ભારે હશે. આસાન નહીં હશે.'' બાદશાહ આ સાંભળીને ડરી ગયો અને ગભરાયો અને કહેવા લાગ્યો : ''અય શૈખ ! જો તું મુસલમાન ન હોત તો હું તારી વાતને સાચી સમજતો. અસલમાં તને અમારું મુસલમાનોથી લડવું સારું નથી લાગતું.'' બુઝુર્ગે કહ્યું કે જલ્દી જ તને અસલ હકીકત ખબર થઈ જશે. પછી તે શૈખ ત્યાંથી આપના સાથીઓ સાથે ચાલ્યા ગયા.

બાદશાહે એ વાતો પર વિચાર કર્યો તો એની નિય્યત ડામાડોલ થઈ ગઈ. જ્યારે વાત ઈસાઈઓના સાલારો, પાદરીઓ અને રાહિબો સુધી પહોંચી તો તે બાદશાહથી આવીને બોલ્યા કે તારું માન, સન્માન અમર રહે, તને વિજય પ્રાપ્ત થાય. તું એક મુસલમાનની વાત પર કાન ધરે છે ! અને અમને બુરા જાણે છે અને મુસલમાનોથી જંગને બુરું સમજવા લાગ્યો છે. આપ અમને રજા દો કે અમે એ મુસલમાનના ટૂકડે ટૂકડા કરી દઈએ.

બાદશાહે એમને આ વાતથી રોક્યા, પછી તે એના જમણા હાથ તરફ ઊભા થયા અને એનું સાહસ વધાર્યું. એમના આગ્રહ પર બાદશાહ માની ગયો અને કમાન પોતાના પુત્રને સોંપી દીધી અને એમને પાછા મોકલી દીધા. સોનેરી જહાજો દ્વારા એમણે દરિયામાં સફર શરૂ કરી. રસ્તામાં કીરવાનના લશ્કરે દરિયો પાર કરીને એમને ઘેરી લીધા. જંગ થઈ અને ત્રણ દિવસ પછી તેઓ એ રીતે ખતમ કરી દેવામાં આવ્યા કે કોઈ એક વ્યકિત પણ બચી ન શકયો અને બધા જહાજ મુસલમાનોએ ઝૂંટવી લીધા. જ્યારે બાદશાહ સુધી આ ખબર પહોંચી તો એણે મુસલમાન આલિમને કાસિદ મોકલીને બોલાવ્યા. એણે ક્ષમા યાચના કરી અને નારાજ ન થવાની વિનંતી કરી. છુપી રીતે એમના હાથ પર ઈમાન લઈ આવ્યો અને એમના પર મોટું એહસાન કર્યું. એમનાથી વિનંતી કરી કે રાત દિવસ એની પાસે રહીને એને કુર્આન મજીદની તાલીમ આપે અને આ ખબર સકલિયહ્‌વાળાઓમાં આમ થઈ ગઈ. કિરમાની કહે છે કે જો કોઈએ



દિવસમાં સ્વપ્ન જોયું અને જોયું કે હાથી પર સવાર છે તો એની પત્નીને તલાક થઈ જશે.

સિંહની તા'બીર અને પ્રભુત્વ અને લડાયક દુશ્મનથી કરવામાં આવે છે. જેણે સ્વપ્નમાં જોયું કે સિંહથી જંગ કરી રહ્યો છે તો જાણો કે તે શક્તિશાળી દુશ્મનથી લડશે. મેં જોયું કે સિંહ પર સવાર છે અને તે એના કાબૂમાં છે તે એને જે તરફ ઈચ્છે છે વાળી દે છે તો સ્વપ્ન જોનારને દબદબો અને માન સન્માન મળશે અને તે તાકાતવર દુશ્મન પર છવાઈ જશે. જો જોયું કે સિંહ સ્વાગત કરી રહ્યો છે પરંતુ એનાથી મલતો જુલતો નથી તો એને બાદશાહથી કે કોઈ બીજા તાકાતવર માણસથી ગભરાહટ અને બેચૈની તો થશે પણ નુકસાન નહીં થાય.

જેણે સ્વપ્નમાં જોયું કે સિંહનો એની સાથે મેળમિલાપ છે, તે એની પાસે આવ જા કરી રહ્યો છે કે સિંહ એના ઘરમાં દાખલ થઈ ગયો છે તો એની તા'બીર એ જ વ્યક્તિ છે જેની વિશેષતા ઉપર બયાન થઈ ચૂકી છે. જો જુએ કે સિંહનો ગોશ્ત કે એના અંગોમાંથી થોડુંક ખાઈ રહ્યો છે તો બાદશાહ કે કોઈ બીજી વ્યકિતથી માલ મળશે અને સિંહના ચામડાથી સારાંશ તાકતવર, સન્માનિત માણસનો વારસો અર્થાત જો સ્વપ્નમાં સિંહનું ચામડુ મળ્યું હોય તો કોઈ મોટા માણસનો વારસો મળશે.

સિંહણની તા'બીર સિંહની જેમ છે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે સિંહણના માથાનો ગોશ્ત કે આખુ માથુ ખાઈ રહ્યો છે કે એનો માલિક છે કે તે એની પાસે છે તો એની તા'બીર એક મહાન દેશ છે. સ્વપ્નમાં સિંહણનું દૂધ પીનારો રોજી અને ભલાઈ મેળવશે અને દુશ્મનના મુકાબલામાં વિજયી થશે.

★ **ચિત્તો** : એની તા'બીર સખત દુશ્મન રૂઆબ અને દબદબાવાળો ઘણો ખતરનાક દુશ્મન છે. જો જુએ કે ચિત્તાથી ઝઘડો કે જંગ કરી રહ્યો છે તો એ પ્રકારના માણસથી જંગ કરશે. જો જુએ કે ચિત્તા પર સવાર છે તો બુઝુર્ગી, હર્ષ અને ઉલ્લાસ પ્રાપ્ત થશે. તે એ રીતે કે માણસ પર છવાઈ જશે. જો સ્વપ્નમાં ચિત્તાનું દૂધ પીધુ કે દૂધ એના કબ્જામાં આવ્યું તો સખત દુઃખ અને ચિંતાની નિશાની છે જે સ્વપ્ન જોનાર આ ખતરનાક દુશ્મનથી

મેળવશે.

★ **ચિત્તો** : એની તા'બીર કદર ન કરનાર બેવકૂફ દુશ્મન છે જેથી એનાથી ચોર પણ મતલબ લેવામાં આવે છે અને એની તા'બીર જંગલી જાનવરોની તા'બીરની જેમ છે જેથી જેણે એનું દૂધ પીધું એને જલ્દી જ કોઈ બેહતરી નસીબ થશે.

★ **નોળિયો** : એની તા'બીર કદરૂપી અને બુરી સ્ત્રી છે અને એની તા'બીર એ રીતે થશે જેમ કે ઉપર બયાન કરવામાં આવી છે જેથી જો કોઈ સ્વપ્નમાં એનું દૂધ પીએ તો એની પત્ની એનાથી બેઈમાની કરશે, નર નોળિયાની તા'બીર બેઈજ્જત દુશ્મનની છે.

★ **વરૂ** : એની તા'બીર જાલિમ બાદશાહ જૂઠ્ઠો, સાહસી અને જૂઠી કસમ ખાનાર ચોર અને કદી આ ગુણોવાળાથી ઝઘડો કરનાર દુશ્મન થાય છે. એની તા'બીર પણ આ પ્રકારે થશે, જેમ કે અમે પહેલાં વાત કરી ચૂક્યા છીએ. પરંતુ વરૂનું દૂધ પીધું તો અધિક ભલાઈ મેળવશે. દુઃખી હોય તો અલ્લાહ દુઃખને દૂર કરશે, મોહતાજી દૂર થશે.

★ **બિલાડી** : એની તા'બીર ચોર ડાકૂ છે. જો કોઈએ સ્વપ્ન જોયું કે બિલાડી એના કે કોઈ બીજા વ્યકિતના ઘરમાં દાખલ થઈ છે તો જાણો કે એ જગા ચોર દાખલ થશે. જો જોયું કે બિલાડી કોઈ ચીજ લઈ ગઈ છે તો ચોર ત્યાંથી કાંઈ લઈ જશે. જો જુએ કે એણે બિલાડીને કતલ કે ઝબહ કરી દીધી તો એને દુશ્મન પર સફળતા પ્રાપ્ત થશે. જો જુએ કે બિલાડી એનાથી લડી રહી છે તો તા'બીર એ છે કે તે તુરત જ બીમાર થઈ જશે. જો બિલાડી હારી ગઈ તો જલ્દી ઠીક થઈ જશે. જો બિલાડીએ એને કરડયું તો એની બીમારી લાંબી હશે અને જંગલી બિલાડીની તા'બીર ઘરની બિલાડીથી અધિક સખત છે. નોળીયાની તા'બીર બિલાડીની જેમ છે, જેથી આ એનાથી કમજોર છે.

★ **વાંદરો** :– દબાયેલ અને હારેલ દુશ્મનની નિશાની છે, કેમ કે એના ગુનાહો અને ગંદી ટેવોના કારણે અલ્લાહની નેઅમત એનાથી બદલાઈ ગઈ છે. એની તા'બીર જંગલી જાનવરોની જેમ થાય છે.

★ **ભૂંડ** :– ભૂંડની તા'બીર મોટા માનવાળો વ્યકિત છે જે તબિયત



અને દીનદારીના હવાલાથી ખબીષ હોય, ખબીષ જોનારને ભૂંડનો ગોશ્ત, લોહી, વાળ કે કોઈ બીજી ચીજ નજર આવી તો એની તા'બીર હરામ માલ છે, જેમ કે પહેલાં બતાવવામાં આવ્યું છે. હા, જો સ્વપ્નમાં ભૂંડનું દૂધ પીધું તો તા'બીર એ છે કે પોતાની અક્કલ અને માલ દ્વારા અલ્લાહનો નાફર્માન થશે.

★ **કૂતરો** : એની તા'બીર દુશ્મનથી કરવામાં આવે છે. એવો દુશ્મન જો અતિવાદી ન હોય જેથી પછીથી દૌલતમંદ બની જાય તો બદમાશ થઈ જાય. જો જુએ કે કૂતરો એના પર ભસી રહ્યો છે તો કોઈ કમ મુરવ્વત વ્યક્તિથી અપ્રિય વાતો સાંભળશે. જો જુએ કે કૂતરો એનાથી ઝઘડી રહ્યો છે તો કોઈ અપ્રિય વાતના સિવાય બીજી પરેશાની પણ મેળવશે.

જો કૂતરાએ એને કરડયું અને એનાં કપડાં ફાડી નાખ્યાં તો તે વ્યકિત એની ઈજ્જત પર હુમલો કરશે અને જેટલાં કપડાં ફાટયાં છે એટલાની તકલીફ મેળવશે. જો કોઈએ જોયું કે એણે કૂતરાનો ગોશ્ત ખાધો છે તો એને પોતાના દુશ્મનથી માલ મળશે અને દુશ્મન પર વિજયી થશે. જેણે સ્વપ્નમાં જોયું કે કૂતરાને પકડેલ છે કે એના દ્વારા બીજા કોઈને કાબૂમાં કરી રહ્યો છે તો એ સ્વપ્નમાં કૂતરાની તા'બીર દુશ્મનની નથી પરંતુ એવા માણસની છે જેનાથી એને પોતાના કામોમાં મદદ મળશે. જો કૂતરાનું દૂધ સ્વપ્નમાં પીધું તો સ્વપ્ન જોનારને ઘણો ડર લાગશે અને અણીદાર દાંતવાળાં બધા જાનવરોની તા'બીર આ છે કે તેઓ પોતાની શકિતના મુજબ ઈન્સાનના દુશ્મન છે.

## સાપ, વીંછી અને બીજા કીડા, મકોડાને જોવા

સાપ જેટલો મોટો હશે એની શકલ જેટલી ભયાનક હશે એટલો જ તે પાકો દુશ્મન થશે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે તે સાપથી લડી રહ્યો છે તો દુશ્મનથી લડશે, જો જોયું કે સાપ પર વિજયી થયો તો દુશ્મન પર વિજયી થશે. જો સાપ એનાથી જીતી ગયો તો દુશ્મન એના પર ભારે પડી જશે. જો જોયું કે સાપે એને કરડી લીધું છે તો તે પોતાના દુશ્મનથી એટલી જ તકલીફ મેળવશે જેટલું સાપે એને કરડયું છે. જેણે સ્વપ્નમાં સાપને મારી નાખ્યો તે

દુશ્મન પર ભારે પડશે. જો સાપના બે ટૂકડા કરી દીધા તો એવી રીતે દુશ્મનના બે ટૂકડા કરી દેશે.

જો ચાર હાથ પગ વાળો સાપ જોયો તો તા'બીર એ છે કે દુશ્મન મોટા માન સન્માનવાળો છે. જો કોઈએ જોયું કે જોયા વગરના સાપથી ડરી રહ્યો છે. તો તા'બીર એ છે કે એના દુશ્મનથી એને અમન મળી રહ્યું છે. જો સાપ નજર પણ આવ્યો તો એનો ડર એના માટે હાનિકારક નહીં થશે. દરેક વણજોયેલી ચીજથી ડરવાનું સ્વપ્ન અમન અને સુરક્ષાની નિશાની છે. જો જે ચીજથી ડરી રહ્યો છે તે નજર પણ આવી જાય તો તા'બીર એ છે કે કોઈ ઘટના બનશે. જો કોઈએ જોયું કે સાપ એના ઘરમાં દાખલ થયો છે અને એણે સાપને ઘરમાં જોયો છે તો એનાથી સારાંશ એ છે કે કોઈ સ્ત્રી કે કોઈ એનો સગો એનો દુશ્મન છે. જો જોયું કે એના ઘરેથી સાપ નીકળ્યો છે તો કોઈ દૂરનો વ્યકિત એનો દુશ્મન કાનથી કે પેટથી નીકળ્યો છે. તો તા'બીર એ છે કે કોઈ એના સંતાનમાંથી એનો દુશ્મન છે અને એનાથી અલગ થઈ જશે.

જો કોઈ સ્વપ્નમાં સાપનો માલિક બની ગયો અને ડર્યો નથી તો એના માટે સાપ દુશ્મન નથી પરંતુ જેટલો મોટો સાપ છે એટલી જ એને દૌલત મળશે. જો સાપ કાળો જોયો તો તે સેનાપતિ થશે. જો સાપ સફેદ હતો તો સ્વપ્ન જોનારનું ભાગ્ય અને નેક કામ દલીલ છે. સ્વપ્નમાં ચીકણા અને નરમ સાપનો માલિક બનનાર માટે બુરાઈ નથી, પરંતુ એને શાહી કોષથી કોઈ ખજાનો મળશે.

### ★ વીંછી, ભમરો, કીડી ★

વિછીની તા'બીર ધોકાબાઝ, દુશ્મન છે જેનો કોઈ નિયમ નથી. જે દોસ્ત અને દુશ્મન બધાને નુકસાન પહોંચાડે છે. જો કોઈએ જોયું કે એને વિછીએ ડંખ ભર્યો છે તો એનો કોઈ દુશ્મન એની ગીબત કરશે અથવા એવી વાત કરશે જે એને બુરી લાગે. જો સ્વપ્નમાં વિછી મારી નાખ્યો તો એને દુશ્મનના મુકાબલામાં સફળતા મળશે. જો જુએ કે હાથમાં વિછી લીધેલ લોકોને ડંખાવી રહ્યો છે તો એવું સ્વપ્ન જોનાર લોકોની ગીબત કરશે. જો સ્વપ્નમાં વિછીનો ગોશ્ત ખાઈ લીધો તો એને દુશ્મનથી માલ મળશે. જો



વિછી સ્વપ્ન જોનારના પેટમાં, ઘરમાં કે ખમીસ કે લિહાફ (કવર)માં ઘુસી જાય તો તા'બીર એ છે કે એના સાથીઓમાં એક એનો દુશ્મન છે અને એની વાતો સાંભળીને લોકોને પહોંચાડે છે. એના સિવાય બાકી વાતોમાં વિછીની તા'બીર સાપની જેમ હશે.

ભમરાની તા'બીર માખી છે અર્થાત માન, સન્માનવાળો વ્યકિત. જેણે સ્વપ્નમાં જોયું કે ભમરાઓએ એના પર હુમલો કર્યો તો એનાથી સારાંશ એ છે કે તે લોકોનો શોર અને બુરા ઈન્સાનોની જીભથી પોતાના વિશે વાતો સાંભળશે. કીડીની તા'બીર એવી વ્યક્તિ છે જે અધિક કમાવાવાળી, બરકતવાળી અને પોતાના સાથીઓને લાભ પહોંચાડનાર હોય અને એની તા'બીર એ જ હશે જે પહેલાં આવી ગઈ છે. માંકડ કે મચ્છર અને પતંગિયાઓની પરિભાષા કમજોર અને લાચાર ઈન્સાન છે. જેણે મચ્છર કે માંકડને પોતાના ઘર, મહોલ્લા કે કોઈ સ્થાન પર જોયો તો તા'બીર એ છે કે એ જગાના રહેવાસી એમના કુટુંબો અને શાખો અધિક થશે. જો જોયું કે મચ્છર કે માંકડ એ જગાએથી નીકળી રહ્યા છે તો ત્યાંના રહેનારા મોત કે બીજા કોઈ કારણથી તે જગા છોડી દેશે. માખીની તા'બીર પણ એ જ છે પણ તે કમજોર લોકો થશે.

તીડ અને માખીની તા'બીર સિપાહી અને સૈનિક છે જે એ જગાએ આવશે અને નુકસાન તીડોની સંખ્યાના મુજબ થશે. જો કોઈએ સ્વપ્ન જોયું કે સૈનિક દળના જાણીતા સ્થાન પર કે જમીનના ઉપર ચાલી રહ્યા છે તો સમજો કે એ સ્થાન પર તીડોનો હુમલો થશે. છાણ અને ગંદકીથી પેદા થનાર કીડા, મકોડા અને દરેક પ્રકારની માંખોની તા'બીર કમજોર અને બુરા લોકો છે જો કે કરોળિયાની તા'બીર ઈબાદત કરનાર પાક દામન પોતાના કામોનું સ્થાન રાખનાર અને તૌબા કરનાર માણસ છે.

પગોના નિશાન પર ચાલનારા કીડાની તા'બીર કરોળિયાની તા'બીરથી ઊલટી હશે. અર્થાત એનાથી સારાંશ તે વ્યકિત થશે જે અવજ્ઞા કરનાર અને લોકોને એકબીજાના વિરૂધ્ધ કરીને એમનામાં ફિત્ના ફસાદ કરનાર હોય. ઉંદરડી અને ઉંદરની તા'બીર ફસાદ કરનારી બુરી સ્ત્રી છે. જો કોઈએ સ્વપ્નમાં જોયું કે એણે ઉંદર કે ઉંદરડીનો શિકાર કર્યો તો એને એ પ્રકારની

સ્ત્રી મળશે. બાકી લોકોની તા'બીર ગુજરી ગયેલ રીતના મુજબ થશે.

### ★ થોડીક હિકાયતો ★

એક માણસ હઝરત મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવ્યો અને જણાવ્યું કે મેં પોતાની જાતને સ્વપ્નમાં પોતાની પીઠ પર કોથળી ઊંચકેલ જોઈ જે સાપો અને વિછીઓથી ભરેલી હતી. આપે એને કહ્યું કે બુરા લોકોને તેં પોતાના દુશ્મન બનાવીને દુશ્મની ખરીદી લીધી છે, તેઓ તને હરાવી દેશે. એણે કહ્યું કે હું આપના પર સદકે જાઉં, બાદશાહે મને અરબોથી સદકાઓ વસૂલ કરવા પર નિયુકત કરી રાખ્યો છે એટલા માટે લોકો મારા દુશ્મન બની ગયા છે.

એક બીજા માણસે આપની સેવામાં હાજર થઈને સ્વપ્ન બયાન કર્યું કે સાપને સ્વપ્નમાં મારા ઘરે જોયો અને એણે મારા હાથ અને કમરમાં ડંખ માર્યો છે જેનાથી મને દુઃખ થયું છે. શૈખે એને પૂછયું કે તારા ભાઈ બહેન છે ? એણે હા ! માં જવાબ આપ્યો તો આપે ફર્માવ્યું કે તારા ઘરમાં તારા કોઈ રિશ્તેદારના દિલમાં તારા વિરૂધ્ધ બુરાઈની ભાવના છે અને તને એનાથી ઘણા જલ્દી સખત નુકસાન પહોંચશે. એ માણસે જણાવ્યું કે મારો એક ઓરમાયો ભાઈ હતો જે બાપની બધી દૌલત જમા કરીને ત્રણ દિવસ પહેલાં નાસી છૂટયો.

એક વ્યકિત હઝરત જાફર સાદિક رضی اللہ عنہ ની પાસે હાજર થયો અને જણાવ્યું કે મારી પાસે શીશાનો એક પ્યાલો છે જેમાં ખાવા ખાઉં છું. મેં સ્વપ્નમાં જોયું કે એમાં કીડીઓ ભરેલી છે. ઈમામ સાહબે એમનાથી પૂછયું : "તારી પત્ની છે ?" કહ્યું : 'હા', કોઈ ગુલામ છે. જવાબ 'જી હા' આપે ફર્માવ્યું કે ગુલામને કાઢીને બહાર કર, કેમ કે એમાં કોઈ ભલાઈ નથી તે દુઃખી સૂરત બનાવી ઘરે પહોંચ્યો તો પત્નીએ એના દુઃખી હોવાનું કારણ પૂછયું. એણે ઈમામ જાફર સાદિકની વાત જણાવી. પત્નીએ પૂછયું : પછી શું ઈરાદો છે ? એણે કહ્યું : ગુલામને વેચી દઈશ. આ સાંભળતાં જ સ્ત્રીએ કહ્યું કે તને એને વેચવાથી પહેલાં મને તલાક દેવી પડશે. માણસે એક ઉસ્તાદની પાસે એ ગુલામને વેચી દીધો તો સ્ત્રી એ ગુલામની પાછળ નાસી



ગઈ. ઘરવાળાઓને એ વાતની ખબર પડી તો તેઓ એની શોધમાં નીકળ્યા. તે સ્ત્રી એમને શહેર હર્રાનમાં મળી જ્યાં એણે કોશિશ કરીને ગુલામને ખરીદી અને એની સાથે શાદી કરી લીધી.

## પાણીના જાનવરો અને માછલી વગેરેનું જોવું

**★ તાજી માછલી :** જો સ્વપ્નમાં તાજી માછલીઓ અધિક સંખ્યામાં નજર આવે તો એ બધાને કે એમાંથી થોડાકને જોનારને માલે ગનીમત મળવાની સંભાવના છે. જો માછલી તાજી હોય પણ નાની હોય તો તા'બીર દુઃખ અને ચિંતા છે. જો એક કે બે માછલીઓ જોવા મળે તો તા'બીર એક કે બે સ્ત્રીઓ છે. જે વ્યક્તિ સ્વપ્નમાં તાજી માછલીનો ગોશ્ત, ચરબી કે ચામડી ખાય અથવા એનો માલિક બની જાય તો તે માલે ગનીમત મેળવશે. આ માલ કે ગનીમત એને કોઈ બાદશાહ કે કોઈ સ્ત્રીથી મળશે. સૂકી ખારી માછલી સ્વપ્નમાં જોનાર ગુલામ, સેવક કે ભાઈની તરફથી દુઃખ ઉઠાવશે. એ વાતોમાં માછલી નાની હોય કે મોટી તા'બીર એ જ છે.

મગરની તા'બીર એવો ધોકાબાઝ દુશ્મન છે જે ચોર ડાકૂ છે જેનાથી ન દોસ્ત સુરક્ષિત હોય ન દુશ્મન. એનો ગોશ્ત, ચામડી, હાડકાં અને શરીરના બાકી અંગ બધા એના દુશ્મનના માલ છે, જેણે સ્વપ્નમાં એમાંથી કાંઈ મેળવ્યું એને એ હિસાબથી દુશ્મનનો માલ મળશે.

**★ દેડકો :** એક અથવા બે દેડકાની સ્વપ્નમાં જોવાની તા'બીર ઈબાદત કરનાર ન પોતાનું કામ પૂરી નિષ્ઠાથી કરનારથી છે, જો દેડકો અધિક હોય તો તે અલ્લાહનું લશ્કર અને એના બંદા છે. જો કોઈએ એમને કોઈ ઘર, મહોલ્લા કે કોઈ વિસ્તારમાં જોયા તો એ જગા રહેનારા પર અલ્લાહનો અઝાબ આવશે. કાચબાની તા'બીર પણ આબિદ અને દીનમાં ઈજતેહાદ કરનાર માણસ છે. જો કોઈએ કાચબાને જોયો કે એના પર અખત્યાર મેળવ્યો તો જાણો તે કોઈ ઈલ્મને પ્રાપ્ત કરશે અને એ બંનેના વચ્ચે સંબંધ પેદા થઈ જશે. જો જોયું કે કાચબાનો ગોશ્ત ખાઈ રહ્યો છે તો એને આ દુનિયામાં ઈલ્મ મળશે. જો કાચબાને રસ્તા પર કે ઉકરડા પર જોયો તો સારાંશ એ છે કે એ જગા ઈલ્મનું મહત્વ નથી. જો કાચબાને સુરક્ષિત

જોયો તો માનો કે એ જગા ઈલ્મનો મહેલ છે.

★ **કરચલો** : એનું સ્વપ્નમાં જોવું, આચરણવાળા, નિયમોના સખત, કોઈ વાતોમાં બે વાર વિચાર ન કરનાર અને નામુબારક ઈન્સાનની નિશાની છે. એની તા'બીર જેમ કે બયાન કરવામાં આવી ગયું છે ઘમંડ કરનાર વ્યકિત છે. દરિયાઓ અને નહેરોના બધા જાનવરોની તા'બીર એમની પેદાઈશ અને ગુણોના એતબારથી છે અને સૌ તમામ બાદશાહો, અમીરો અને સરદારોના મદદગાર થશે.

## ગીધ, બાજ, શાહીન અને શિકારા વગેરેને જોવા

શિકારી પક્ષીઓની તા'બીર એમની બુઝુર્ગી અને સન્માનના હિસાબથી કરવામાં આવે છે. જો કોઈને સ્વપ્નમાં ગીધ મળ્યું અને તે એનો આજ્ઞાંકિત છે તો એને માલ, સલ્તનત અને રાજ્ય મળશે. જો જોયું કે ગીધે એને ઉઠાવી લીધો છે, એને લઈને ઉડયું છે તો જો એની ઉડાન ઉપરની તરફ નથી તો તે ઉન્નતિ કરીને બાદશાહ સુધી જઈ પહોંચશે અને એને બુઝુર્ગી અને ઊંચાઈ નસીબ થશે. જો આસમાનની તરફ લઈને ઉડયું છે તો સ્વપ્ન જોનાર સફરમાં મરણ પામશે. કેમ કે ગીધની એ હાલતમાં મોતના ફરિશ્તાઓની નિશાની છે.

★ **શાહીન (બાજપક્ષી)** : એની તા'બીર જાલિમ અને અત્યાચારી, લડાયક બાદશાહ છે. એની તા'બીર બધી વાતોમાં ઉપર બયાન કરવામાં આવેલ બયાનની જેમ પહેલા બયાનના મુજબ છે. એ પ્રકારે શાહીન, બાજ અને બીજા બધા શિકારી પક્ષીઓને સ્વપ્નમાં જોવાની તા'બીર છે. ચીલની તા'બીર એવો બાદશાહ છે જે તાકતવર હોય, આગતાસ્વાગતા કરનાર હોય અને ઉલ્લેખનીય ન હોય.

ઉલ્લુની તા'બીર એવા કમજોર ચોરથી કરવામાં આવે છે કે એનો કોઈ સાથી હોય ન તે કોઈનો સાથી ન મદદગાર. કાગડી, જંગલી કાગડાને સ્વપ્નમાં જોવાની તા'બીર સખત જૂઠા, અવજ્ઞાકારી, બેદીન, વ્યકિતથી કરવામાં આવે છે. ઈમામ મુહમ્મદ બિન સીરીં رضي الله عنه એ ફર્માવ્યું કે જેણે દિવસના સ્વપ્નમાં એને જોયું તે કોઈ સખત બીમારીનો શિકાર થશે.



હુદહુદથી સારાંશ ઘણી જાણકારી રાખનાર સુલ્તાનનો સેવક છે જે બાદશાહને એવી વાતો જણાવતો હોય જે દેશની પ્રગતિના માટે હોય. એ પણ કહેવામાં આવે છે કે હુદહુદથી સારાંશ એવો હિસાબ લગાવનાર, સુઝબુઝનો માલિક, પ્રભાવશાળી, અકલમંદ અને દુનિયામાં સૈર કરનાર થશે કલિંગની તા'બીર મિસ્કીન અને મુસાફર છે. માદા શાહમૃગની તા'બીર ગામઠી મુસાફર સ્ત્રી છે. નર શાહમૃગથી મતલબ અજાણ ઈન્સાન છે.

મરઘીની તા'બીર ગૈરઅરબ માણસ કે ગુલામ છે. અમુક એની તા'બીર અઝાન આપનારથી પણ કરે છે, જેનો અવાજ લોકો હમેશાં સાંભળતા હોય, જેમ કે મુઅઝ્ઝિન વગેરે. મરઘીની તા'બીર બા બરકત સ્ત્રી છે. સ્વપ્નમાં અધિક મરઘીઓ દેખાય તો એમની તા'બીર લોંડીઓ અને કનીજો છે જે વિવાહ અને ખુશીના કોઈ અન્ય અવસર પર જમા હોય. માદા તેતરથી સારાંશ બેવફા, બેઅકીદા સ્ત્રી છે અને એમાં કોઈ ભલાઈ નથી. જંગલી કબૂતરની તાબીર એવી સ્ત્રી છે જે રમત ગમત અને હંસીખુશીને પ્રિય રાખે.

પોપટોની તા'બીર યતીમ છોકરો કે કનીજ છે. મોર (નર)ની તા'બીર માલ, સુંદરતા કે પેરવી કરનાર ગૈર અરબ ઈન્સાનથી કરવામાં આવે છે. કબૂતર સ્ત્રીની નિશાની છે, કદી પત્ની નહીં તો દીકરી. કબૂતર અધિક જોવા મળે તો ઔલાદ મતલબ છે. માસીની તા'બીર સુંદર અને આકર્ષક સ્ત્રી છે. જો મહોબ્બત કે ભરોસાના પાત્ર ન હોય તો મધની માખી (નર)ની તા'બીર મુબારક ચાલાક છોકરો થાય છે.

હોલાથી સારાંશ એવી સ્ત્રી છે જેમાં હયા અને દીનની કમી હોય. આ બધા પક્ષીઓની તા'બીર એક જ સરખી હોય છે. જો કોઈ જુએ કે એમને ખાઈ લીધાં છે કે એમનો માલિક થઈ ગયો છે તો ઉપરોકત પ્રકારની સ્ત્રી છે. જેણે સ્વપ્નમાં જોયું કે શિકારના થકી કે ફંદા કે જાળથી એ પક્ષીઓની પાંખો કે ઈંડાં પ્રાપ્ત કર્યાં તો એ એક ધોકો છે જે એણે સ્ત્રીના માટે તૈયાર કર્યો છે જો આ પક્ષીઓને તીરો કે પથ્થરોથી માર્યાં તો જાણો તે પત્ની પર આરોપ લગાડી રહ્યો છે.

બુલબુલની તા'બીર ભાગ્યશાળી ગુલામ છે. ચંડોળની તા'બીર ઘણો તાજો માજો વ્યક્તિ છે અને ચકલીઓની તા'બીર અપશુકન (મન્હૂસ) સ્ત્રી

છે. જો ઘણી બધી ચકલીઓનો શિકાર મળે તો માલે ગનીમત મળશે. એ પ્રકારે ઉપરોકત બયાનની નિશાની છે. સ્વપ્નમાં ચકલીઓની ચીં... ચીં... સાંભળવાની તા'બીર એ છે કે સારી ખબરો સાંભળશે. અબાબીલની તા'બીર એવી ઈબાદત કરનારો છે જે ભલાઈ અને બરકતના કામોમાં પ્રયત્નશીલ રહે છે.

મોતી અથવા બહુમૂલ્ય રત્નથી સારાંશ એવો માણસ છે જે ઊંટની જેમ અધિક સફર કરવાની ટેવવાળો હોય. લટૂરાને સ્વપ્નમાં જોનારને હિદાયત નસીબ થશે કેમ કે એ હઝરત આદમનો માર્ગદર્શક હતો. પાણીના પક્ષીઓને પાણીમાં જોવાની તા'બીર બાદશાહના મદદગારો અને સેવકોથી કરવામાં આવે છે. જો પાણીનાં પક્ષીઓ જમીન પર નજર આવી જાય જે ભલાઈ અને સારી પરિસ્થિતિની નિશાની છે. નીલ પક્ષીઓ જેમના પ્રકાર જાહેર ન હોય એમની તા'બીર ફરિશ્તાઓ છે. એમના વિશે પહેલાં બયાન કરવામાં આવી ગયું છે. ઈંડાંઓનો એ માલિક બન્યો કે એને અજ્ઞાત ઈંડાઓ મળ્યાં તો એમની તા'બીર સુંદર શકલવાળી સ્ત્રીઓ છે અને જો પકાવેલ, તળેલ અને ઉકાળેલ ઈંડાઓમાંથી થોડુક ખાઈ લીધું તો માલ અને પાક રોજીની નિશાની છે. જો બચ્ચાંઓ ઈંડાંઓ ખાય તો એની તા'બીર હરામ માલ છે. જો ઈંડાંઓની જર્દી ન ખાધી, એના છાણાંઓ કે સફેદી ખાધી તો તે કત્લ થનાર કે મુર્દાનો માલ ખાશે. એ પણ સંભવ છે કે કફન ચોર થાય.

## ★ કેટલીક હિકાયતો ★

બયાન કરવામાં આવી ગયું છે કે ઈમામ મુહમ્મદ બિન સીરીનની પાસે એક માણસ આવ્યોઅને જણાવ્યું કે મેં મદીનામાં મસ્જિદના મીનારા પર એક સફેદ કબૂતરી જોઈ છે જેના હુસ્નને જોઈને દંગ રહી ગયો. પછી એક બાજ આવ્યો અને એને ઉઠાવીને લઈ ગયો. ઈમામે કહ્યું કે જો તેં આ સ્વપ્ન જોયું છે તો હજ્જાજ બિન યૂસુફ હઝરત અબ્દુલ્લાહ બિન જાફર તય્યારની દીકરીથી શાદી કરશે. થોડાક દિવસોમાં આમ જ થયું તો એમને પૂછયું કે અય અબૂ અબ્દુલ્લાહ ! આપને આ તા'બીર કેવી રીતે ખબર પડી ? ઈબ્ને સીરીને ફર્માવ્યું કે કબૂતરીની તા'બીર સ્ત્રી છે, એની ચમક



એની સુંદરતા છે, મસ્જિદનો મીનાર એની શરાફત છે અને મેં મદીનામાં હઝરત અબ્દુલ્લાહ બિન જાફરની દીકરીથી અધિક સુંદરતામાં શ્રેષ્ઠ બીજા વંશ અને કુટુંબમાં શરીફ સ્ત્રી નથી જોઈ. જ્યાં સુધી બાજનો સંબંધ છે એની તા'બીર જાલિમ અને જાબિર બાદશાહ છે અને હજ્જાજ બિન યૂસુફથી અધિક જાલિમ કોઈને નથી જોયો. એ રીતે મેં આ તા'બીર કરી આપની વાત સાંભળીને બધા લોકો ચકિત રહી ગયા.

એક બીજી વ્યક્તિ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવી અને જણાવ્યું કે મેં એક અજ્ઞાત જાડુ પક્ષી જોયું. તે આસમાનથી ઉતર્યું, એક ઝાડ પર પડયું, ત્યાંથી એણે ફૂલ ચૂંટયાં અને પછી ઊડી ગયું. આ સ્વપ્ન સાંભળી ઈમામના ચેહરાનો રંગ બદલાઈ ગયો. એની તા'બીર એ છે કે આલિમો મરશે ! આથી એ વર્ષે હઝરત હસન બસરી અને ઈબ્ને સીરીં رضی اللہ عنہمانો ઈન્તેકાલ થઈ ગયો.

હઝરત ઉમર બિન ખત્તાબ رضی اللہ عنہ એ ફર્માવ્યું કે મેં સ્વપ્નમાં જોયું કે મને એક મરઘાએ એક કે બે ચાંચો મારી. આપને એ સ્વપ્નની તા'બીર પૂછવામાં આવી. આપે ફર્માવ્યું : મને એક ગૈર અરબ વ્યકિત મારી નાખશે. એ વાતને ચાર દિવસ પસાર થયા હતા કે જાલિમ અબૂ લૂલૂએ આપને શહીદ કરી દીધા.

એક વ્યકિત ઈમામ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવ્યો અને અર્ઝ કરી કે એક વ્યક્તિએ સ્વપ્નમાં જોયું કે તે ઈંડાંઓ તોડે છે. સફેદી લઈ લે છે, જર્દી છોડી દે છે. ઈમામે એને કહ્યું કે તે સ્વયં આવીને મારાથી તા'બીરની જાણ કરે. એણે કહ્યું કે એના તરફથી હું વિનંતી કરું છું જે તા'બીર આપ બતાવી દેશો હું એને બતાવી દઈશ. ઈમામે ફરી એને મના કરી દીધું. તે બરાબર આગ્રહ કરતો રહ્યો અને આપ મનાઈ કરતા રહ્યા. છેવટે એણે એ કબૂલી લીધું કે એ સ્વપ્ન પોતે એણે જોયું છે. મુહમ્મદ બિન સીરીને ફર્માવ્યું : મારી સામે કસમ ખાઈને કહે કે સ્વપ્ન પોતે તેં જોયું છે. એણે કસમ ખાધી. તો એમણે પાસે બેઠેલ લોકોને હુકમ દીધો કે એને પકડીને બાદશાહની પાસે લઈ જાઓ અને એને જણાવો કે આ વ્યકિત કબરોને ખોદીને મુર્દાઓનું કફન ચોરે છે. એના પર તે વ્યકિત બોલી કે આકા ! હું

આપના હાથ પર આ સમયે અલ્લાહ તઆલાથી તૌબા કરૂં છું અને જે ગુનાહ અત્યાર સુધી કરતો રહ્યો છું જીવનભર નહીં કરીશ.

એક બીજી વ્યકિત ઈમામ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ ની પાસે આવી અને અરજ કરી કે મેં સ્વપ્નમાં કોંજ જોઈ છે. એને પકડીને ઝબહ કરવા ઈચ્છતો હતો પણ જેવી એના ગળા પર છરી ફેરવવી ઈચ્છતો હતો તે પાછળ પલટાઈ જતી, ત્રણવાર આમ જ થયું. ચોથી વાર મેં એને ઝબહ કરી દીધી. ઈમામ બિન સીરીં رضی اللہ عنہ એ ફર્માવ્યું, તેં સારું સ્વપ્ન જોયું છે. એની તા'બીર એ છે કે તું એક લોંડી (કુંવારી)થી મળવાનું ઈચ્છતો હતો. ત્રણવાર નાકામ હોવા છતાં તેં એને પકડી લીધી. એણે અર્ઝ કરી : હઝરત ! આપે બિલ્કુલ સાચુ કહ્યું. વાસ્તવમાં પાંચ રાતોથી આ જ થતું રહ્યું.

મુહમ્મદ બિન સીરીન મુસ્કુરાયા અને થોડીવાર માથુ ઝુકાવીને રાખ્યા પછી એ વ્યકિતને કહ્યું : મારી નજીક આવ ! તે નજીક આવ્યો તો આપે કહ્યું કે સ્વપ્નનો એક ભાગ રહી ગયો છે. એણે પૂછયું તે શું ? તો આપે ફર્માવ્યું કે 'કનીજ'ની હવા અવાજની સાથે નીકળી હતી. એણે કહ્યું : ''આપે સાચું ફર્માવ્યું !'' અને શર્મિંદા થઈને ચાલ્યો ગયો.

## ★ ધંધો, હસ્તકળા અને રમતગમતની ચીજોને જોવી ★

તોલવા કે માપવાવાળા જો અજ્ઞાત હોય તો એમની તા'બીર કાઝીથી આપવામાં આવે છે. જો કોઈએ જોયું કે તે તાળીઓ પાડી રહ્યાં છે તો જાણો કાઝીનો ફેંસલો ન્યાય પર આધારિત નથી. જો જોયું કે તે બંને નાચી રહ્યા છે તો સારાંશ એ છે કે કાઝી સહી ન્યાય કરે છે. જો સ્વપ્ન જોનાર તોલી કે માપી રહ્યો છે તો તા'બીર એ છે કે તે કાઝી બનશે. જો સ્વપ્નમાં અજ્ઞાત કાઝી જોયો તો એની તા'બીર અલ્લાહ તઆલા છે.

વક્તા, ઉપદેશક અને અત્તારની તા'બીર દીનની સુઝબુઝ રાખવી છે. જૌહરીથી સારાંશ એવો વિદ્વાન છે જેનાથી સંસારિક સામાનના માટે અન્ય કોઈ લાભ ન હોય. કાપડીયો (કાપડ વેચનાર)ની તા'બીર ઉચ્ચ કોટીનો વ્યકિત કે કવિ છે. ખજાનચીથી સારાંશ લોકોનું સન્માન વેરવિખેર કરવાવાળા કવિથી કરવામાં આવે છે. દરજીથી સારાંશ તે વ્યકિત છે જે દુનિયાના માટે દીનને



છોડી દે અને એના હાથે દુનિયાના કામ પૂર્ણ થાય ચામડુ વેચનાર એક એવા વ્યકિતની નિશાની છે જે અત્યંત ધનવાન હોય અને એની કમાઈ હલાલ હોય.

રફૂગરને સ્વપ્નમાં જોવાથી સારાંશ ઝઘડાળુ વ્યકિત છે. મોચીની તા'બીર એવો માણસ છે જે લોકોના દિલોમાં હમદર્દી પેદા કરે. અપહરણકર્તાની તા'બીર તે વ્યકિત છે જે બાદશાહની હાલતોથી પરિચિત હોય. સુથારથી સારાંશ એવો વ્યકિત છે જે લોકો પર જુલ્મ કરે. લુહારને સ્વપ્નમાં જોવાથી સારાંશ એવો માણસ છે જે દેશમાં રાજ્ય અને તાકાત રાખતો હોય.

શરાબ પીનારની તા'બીર તે આદમી છે જે ભલાઈ અને બુરાઈ બંનેની પાછળ હોય. ધોબીથી સારાંશ એવો સારો વ્યકિત છે જે ગુનાહોના કારણે લોકોને બુરા સમજે અને એમને તૌબાના માટે પ્રોત્સાહિત કરે, બાવરચી અને ગોશ્ત શેકનાર, રોજી મેળવવાના માટે વાતો બનાવનાર અને અધિક માલ કમાનાર વ્યક્તિ છે.

અજ્ઞાત કસાઈની તા'બીર મોતનો ફરિશ્તો છે. કસાઈ ઓળખીતો હોય તો દુનિયાની પ્રાપ્તિની કોશિશમાં વ્યસ્ત માણસ મુરાદ છે. મલ્લાહની તા'બીર એવો માણસ છે જે બાદશાહો, સરદારો અને આમ લોકોના ઈલાજ અને દવાની રીતોને જાણતો હોય. સોની, જૂઠો, ધોકાબાજ અને એવો વ્યકિત જે વહેવારમાં સારો ન હોય. ખરાબ લોહી ચૂસનાર અને રૂ પીંજનારની તા'બીર કાતિબ લેખક છે. લેખકની તા'બીર ખરાબ લોહી ચૂસનાર જુએ તો સત્ય વચન કહેવા અને નેક કામ કરનાર જે સારા કે બુરામાં ભેદ કરી શકે. ઘંટી ચલાવનારથી સારાંશ ભાડૂતી જાનવર આપનાર છે અથવા કુલી છે. દારૂ અથવા પાણી પીવડાવનારથી સારાંશ એવો માણસ જેના મિત્રો અને સગાઓ અને ઓળખીતા ઘણા અધિક હોય. ઘોડાનું જિન વેચનારથી સારાંશ સ્ત્રી અને પુરૂષમાં જૂઠી વાતો અને આરોપ લગાવીને નુકસાન પહોંચાડનાર સારાંશ છે. રંગરેજની તા'બીર એવો માણસ છે જે જૂઠો આરોપ લગાવનાર, દેખાવો કરનાર તથા ખોટું કામ કરનાર છે.

★ **શાકભાજી વેચનાર** : એવો વ્યકિત જે લોકોની વાતોને

સમજતો હોય, દિલોની અસલિયતને જાણતો હોય અને બુરા સ્વભાવવાળો ન હોય.

★ **સિક્કા પાડનાર :** એની તા'બીર લોકોના ઝઘડાઓ અને એમની હાલતો અને ઘટનાઓ પર નજર રાખવાવાળાથી આપવામાં આવે છે.

★ **કાપવાવાળો :** વાળ કાપનારની તા'બીર એવો ધનવાન વ્યકિત છે જે લાભ પહોંચાડે તો ઘણું નુકસાન પહોંચાડે.

★ **ઢાલ બનાવનાર :** લોકોને એક જગાથી બીજી જગા પહોંચાડનાર અને ઉઠાવનાર.

★ **ઊંટને ઝબહ કરનાર :** ટોપલીઓ બનાવનાર, શીશાનું કામ કરનાર, તાંબાના વાસણ બનાવનાર અને ડૂબકી લગાડનાર આ બધાની તા'બીર વાળ કાપનારની તા'બીરમાં સામેલ છે. કેમ કે એની તા'બીર સ્ત્રીઓથી કરવામાં આવે છે.

★ **પઢાવનાર :–** બાળકોનો ઉસ્તાદ જો ભટકી ગયો તો બાદશાહ કે કોઈ મંત્રી છે. જો કોઈએ જોયું કે તે બાળકોની સાથે મદ્રસામાં છે તો એની ઉંમર અધિક થશે ત્યાં સુધી કે ૬૦ ઉપર જશે.

★ **માલ ભેગો કરનાર :–** એની તા'બીર એવો વ્યકિત છે જેના સંતાન અધિક અને કુટુંબ મોટું હોય પણ એને શોધમાં મોટી મુશ્કેલી હોય.

★ **રાજમિસ્ત્રી :–** થી સારાંશ તે વ્યકિત છે જેના હાથ પર લોકો તૌબા કરે, ઘા ચીરવા અને લગાવનારની તા'બીર સ્ત્રીઓના દલાલની છે.

★ **જ્યોતિષ, જાદૂગર :–** જો બાદશાહની નજીક ન હોય તો જૂઠો માણસ સારાંશ છે.

★ **તાવીઝ દોરા કરનાર :–** લાંબી જીભ, અને ચીકણી લપસણી વાતોથી લોકોને ધોકો દેનાર વ્યકિત છે.

★ **જાદૂગર :–** જાનવરોની સેવા અને દેખભાળ કરનાર એ સૌની તા'બીર હુકૂમતના મૂખીથી કરવામાં આવે છે.



★ **માછલી અથવા મુંડી (પાયા) વેચનાર :** એવો વ્યક્તિ જે બીજાના માથાઓનો માલિક છે.

★ **ફોટોગ્રાફર :** એવો વ્યકિત જે ખુદા પર બોહતાન બાંધે.

★ **તેલ વેચનાર :** પોતાની સાથે મળવા કે સારી રીતે વર્તાવ કરવાને માટે બનાવનાર સંવારનાર વ્યક્તિ.

★ **કફન ચોર :** જો શાંતિ અને ઈમાનદારીના કારણે મશ્હૂર હોય તો તા'બીર એ છે કે તે ઈલ્મ અને હિકમતમાં પૂરી રીતે દિલચસ્પી લેશે. જો ઝઘડાળુ અને બેઈમાન છે તો સારાંશ લાલચ અને ઈચ્છા રાખનાર વ્યકિત છે.

★ **કબર કે જમીન જોનાર :** જો જમીનને પોતાની જગાથી હટતી જુએ કે એનું જાનવર એને કચડી નાખે કે એનો મિમ્બર તૂટી જાય અને તે એનાથી પડી જાય અને અંતિમ ઘડીનો શિકાર હોય તો તા'બીર એ છે કે મરી જશે. જો એની પથારી વાળી લીધી કે એની મજલિસ પલટાઈ ગઈ કે પાઘડી ખુલી ગઈ કે ટોપી પડી ગઈ કે હાથ પડી ગયા, જીભ પડી ગઈ કે અંધ થઈ ગયો તો પોતાની નોકરીથી ક્યાં તો હટાવી દેવામાં આવશે અથવા મરી જશે.

## જુદી જુદી ચીજોને સ્વપ્નમાં જોવી

★ **નૂર (રોશની) :** એની તા'બીર હિદાયત છે અને અંધકારની ગુમરાહી છે. રસ્તાથી સારાંશ સચ્ચાઈનો રસ્તો છે અને એનાથી મોં ફેરવવાની તા'બીર સચ્ચાઈથી મોં ફેરવી લેવું અને અસત્ય અને ગુમરાહીની તરફ પલટી જવું છે.

★ **વેરાન જમીન :** જેણે જોયું કે તે વેરાન જમીનમાં છે એની તા'બીર ગુમરાહી છે. જો જોયું કે કિલ્લાની અંદર છે, જાણો દીનની સુરક્ષામાં છે.

★ લપેટાયેલ કિતાબોની તા'બીર છુપાયેલ ખબરો અને વિખરાયેલ

કિતાબોની તા'બીર ખુલ્લી ખબરો છે. મહોરથી સારાંશ કોઈ બાબતની શોધ છે. કહેવામાં આવે છે કે મહોર લાગેલ કિતાબોની તા'બીર માલ દૌલત છે, કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : (અય યહ્યા !) કિતાબને મજબૂતીની સાથે પકડી લો.''

ઈલ્મ અને ફિકહની કિતાબોથી ઈલ્મો તથા હિકમત મતલબ છે. શાયરીની કિતાબોની તા'બીર ગુમરાહી, ધોકો, ફરેબ અને જૂઠ છે.

★ કુર્આન મજીદની તા'બીર હિમ્મત અને અકલમંદી છે જે ઈન્સાનને પ્રાપ્ત થશે. જો જોયું કે પોતાના હાથથી કુર્આને પાક લખી રહેલ છે તો દીની ઈલ્મ અને માલ ભેગો કરીને લોકોને લાભ પહોંચશે. જેણે જોયું કે એણે કુર્આન મજીદને ફાડયું છે તો જાણો કુર્આન મજીદના ઈન્કારનું સાહસ કરી રહ્યો છે. જો સ્વપ્નમાં જોયું કે કુર્આને પાકનાં પાનાંઓને ખાઈ રહ્યો છે તો અલ્લાહના કલામથી મજાક કરી રહ્યો છે, એના નિયમોની મશ્કરી અને એનું અપમાન કરીને બેદીન થઈ જશે.

★ જો કોઈએ સ્વપ્નમાં પોતાના ખભ્ભા, પીંડીઓ કે કોઈ બીજા અંગોને કે પોતાનાં કપડાંઓ લોઢું બનેલ જોયાં તો તે લાંબી ઉંમર મેળવશે. જો જોયું કે ગુલામ કે કેદી બની ગયો છે તો એના પર તંગીનો હુમલો થશે, અપમાનિત થશે, માલ બરબાદ થઈ જશે, દુઃખ અને ચિંતા મળશે.

★ જો જોયું કે શરીરના થોડાક અંગ કાચનાં બની ગયાં છે તો એની ઉંમર ઓછી થશે. જેણે જોયું કે કોઈ ચીજ ભાડૂતી લીધી છે કે ભાડેથી આપી છે તો એનાથી સારાંશ એવો લાભ છે જે ન એનાથી લઈ શકાય છે ન એના માટે પ્રાપ્ત કરી શકાય છે. જેણે સ્વપ્નમાં ગુલામને વેચ્યો તો જાણો દુઃખ અને ચિંતાથી બચી ગયો. જેણે ગુલામ ખરીદ્યો જાણો દુઃખ અને ચિંતાને દા'વત આપી અને સ્વપ્નમાં લોંડી વેચવા, લોંડી ખરીદવાથી શ્રેષ્ઠ છે.

★ સ્વપ્નમાં મુશ્ક જોવી હર્ષોલ્લાસની નિશાની છે. સંદલની ખુશ્બુ અનુભવવી સારું ઝિક્ર છે. એવી રીતે દરેક ખુશ્બુદાર ચીજની તા'બીર પ્રશંસનીય છે. જાફરાનથી રંગી દીધું તો તા'બીર બીમારી છે. કુંભની તા'બીર પણ આ જ છે. લોબાનની તા'બીર કોઈ બરકતવાળા માણસથી દીનની સમજબુઝ મેળવવી છે. મધથી સારાંશ ભેગો કરેલ માલ કે દૌલત છે અને



જે ચીજ મધ અને હલવાથી તૈયાર હોય એની તા'બીર માલ અને હલાલ રોજી છે. જો સ્વપ્નમાં હલવો પોતે બનાવે તો પોતાની મેહનતથી રોજીમાં વૃધ્ધિ થશે. જો હલવો કોઈ બીજાએ એના માટે બનાવ્યો છે તો એની તા'બીર માલે ગનીમત, દૌલત અને આવક છે.

શહેરની તા'બીર ઈલ્મ અને કુર્આનનો ઈલ્મ છે. રોગથી છૂટકારાની શુભ સૂચના છે. જેણે સ્વપ્નમાં ખાંડ ખાધી અને એની મીઠાશથી આનંદ ઉઠાવ્યો તો એને રોકડ માલ મળશે. કદી એની તા'બીર મીઠી વાતોથી કરવામાં આવે છે.

★ **દવાઓ** : જો કોઈએ જોયું કે દવાઓ વાપરી રહ્યો છે કે પી રહ્યો છે તો એને તંદુરસ્તી, સુરક્ષા અને બરકત નસીબ થશે.

★ **બંને ઈદો** : સ્વપ્નમાં બે ઈદો જોવી એ વાતની નિશાની છે કે દુઃખ અને પરેશાનીથી છૂટકારો મેળવી લેશે. જે સ્વપ્નમાં બંને ઈદો જુએ એની રોજીમાં વૃધ્ધિ થશે. માતમ જોવાની તા'બીર ખુશી અને ખુશીને સ્વપ્નમાં જોવાની તા'બીર દુઃખ અને ચિંતા છે.

★ રમતની તા'બીર દુઃખ છે અને દુઃખની રમત છે. કૈદની તા'બીરમાં મતભેદ છે. આ અસલમાં મજબૂતીની દલીલ છે. જો કોઈએ જોયું કે તે કેદ છે અને એમાં ભલાઈ અને નેકી જોવા મળી જેમ કે મસ્જિદમાં કે નમાઝમાં કે ખુદાના રસ્તાઓમાં કેદ છે તો તા'બીર એ છે કે દીનમાં સાબિત કદમ થશે અને ગુનાહોથી બચશે.

જેણે સ્વપ્નમાં જોયું કે પોતાના ઘર કે શહેરમાં કેદ છે તો એની શાદી થશે. જેણે જોયું કે તે કેદ છે અને એ હાલતોમાંથી કોઈ હાલતમાં, તો તા'બીર એ છે કે તે પોતાની હાલતના મુજબ અડગ છે. જેમ કે જોયું કે એનો પગ જાળ કે ફંદામાં છે કે કૂવામાં કે ખાડામાં બંધાયેલ છે તો જાણો કોઈ મુસીબતવાળા મામલામાં ફસાયેલ છે અને શક્યતા પ્રમાણે એનાથી છૂટકારો મેળવવાની કોશિશમાં છે.

★ જીન અને ગધેડાના પાલાનને જાનવર પર મૂકેલ જોયું તો એની તા'બીર સ્ત્રી છે.

★ **શતરંજ** : એની તા'બીર ખોટી વાતો, જૂઠ અને તોહમત છે.

કદી એની તા'બીર વાતોથી અને લડાઈથી પણ થાય છે. ઈમામ મુહમ્મદ બિન સીરીં ફર્માવે છે કે શતરંજ કમજોર અને જાહેરી ખરાબીની નિશાની છે.

★ **મોહરો** : સ્વપ્નમાં મોહરો, નગીનાઓ અને અખરોટથી રમવાનો સારાંશ શોર અને ધમાલ અને લડાઈ ઝઘડાઓ છે.

★ **ખડિયો** : ખડિયાની તા'બીર સ્ત્રી છે. જો સ્વપ્નમાં કોઈએ જોયું કે ખડિયો તૂટી ગયો છે કે ચોરી થઈ ગયો છે તો તા'બીર એ છે કે એની પત્ની મરી જશે.

★ કલમને કુર્આને પાકની સાથે જોવાની તા'બીર ઈલ્મ અને હિકમતથી કરવામાં આવે છે. જો ખડિયો પણ સાથે હોય તો તા'બીર પુત્ર છે અને ઉદ્દેશ્ય પૂરું થઈ ગયું છે અને દુનિયામાં એણે જે ચીજને ઈચ્છી એને મેળવી લીધી તો તા'બીર એ છે કે એની હાલત બદલાઈ જશે અને એને નુકસાન થશે.

અલ્લાહનો ઈર્શાદ છે : (અર્થ) ''છેવટે તેઓ એ નેઅમતોથી પ્રસન્ન થઈ ગયા જે એમને પ્રદાન કરવામાં આવેલ હતી તો એમને અમે અચાનક પકડી લીધા અને બેખબર જ રહ્યા.''

આ ભાવને એક કવિ થકી આ રીતે પ્રગટ છે :–

**''જ્યારે કામ પૂરું થઈ ગયું તો સમજ કે નુકસાન શરૂ થઈ ગયું છે. બપોરની એ ઘડીની પ્રતિક્ષા કર જ્યારે કહેવામાં આવશે કે ઉદ્દેશ્ય પૂરું થઈ ગયું.**

અને આ પણ સારી રીતે સમજી લો કે સ્વપ્નમાં જૂઠ મિલાવવું સ્વપ્નને ખરાબ કરે છે અને એના નિયમો, રીતો, કાયદાઓને નુકસાનમાં બદલી દે છે. નબી صلی اللہ تعالیٰ علیہ وسلم એ એની સખ્તીથી મનાઈ કરી છે. આથી નબી صلی اللہ تعالیٰ علیہ وسلمનો ઈર્શાદ છે કે જેણે જાણી જોઈને મારાથી ખોટી વાત સંબંધિત કરી એને જન્નતની ખૂશ્બૂ નહીં મળશે.

આપ صلی اللہ تعالیٰ علیہ وسلم એ એ પણ ફર્માવ્યું કે કિયામતના દિવસે ત્રણ પ્રકારના લોકો કઠોર દંડના શિકાર થશે, એક તે જેણે જૂઠું સ્વપ્ન બયાન કર્યું, એને



હુકમ થશે કે જવના બે દાણાઓમાં તાળુ લગાડે અને તે નિષ્ફળ થશે. બીજો તે માણસ જે તસ્વીરો (ફોટો) બનાવતો હતો, એને કહેવામાં આવશે કે એમાં રૂહ નાખે અને તે એવું નહીં કરી શકે. ત્રીજો એ વ્યકિત જેને લોકો પસંદ ન કરતા હતા અને તે જબરદસ્તી એમનો ઈમામ બનીને રહ્યો.

બેહતર તો એ છે કે જો કોઈ વ્યકિત સ્વપ્નમાં કોઈ અપ્રિય વાત જુએ અથવા ગભરાય જાય તો ઉંઘથી જાગતાં જ પોતાની ડાબી બાજુ ત્રણ વાર થૂકે અને શૈતાન મર્દૂદની બુરાઈથી અલ્લાહની પનાહ માંગે, કેમ કે નબી صلی اللہ تعالیٰ علیہ وسلم અને આપના સહાબીઓથી આ જ નકલ થયેલ છે અને એટલે સુધી જે કાંઈ લખવામાં આવ્યું છે કે હઝરત ઈમામ મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ થી પણ નકલ થયેલ છે.



# કુર્આનની સૂરતોને સ્વપ્નમાં પઢવી

હઝરત શેખ رحمۃ اللہ علیہ ફર્માવે છે : અલ્લાહ એનાથી અમને અને બધા મુસલમાનોને લાભ પહોંચાડે.

★ **સૂરએ ફાતિહા** : એને આખી કે એનો થોડોક ભાગ સ્વપ્નમાં પઢનાર એવી દુઆઓ કરશે જે કબૂલ થશે અને એનાથી ખુશી પ્રાપ્ત થશે. એ પણ કહેવામાં આવ્યું છે કે આ સૂરતને પઢનાર સાત સ્ત્રીઓથી નિકાહ કરશે જે જુદા જુદા સ્થાનોથી સંબંધિત હશે. એવા વ્યકિતની દુઆઓ કૂબૂલ થશે અને આ કબૂલિયત નબી صلی اللہ علیہ وسلم ની બરકતથી હશે, કેમ કે આપ દરેક દુઆથી પહેલાં અને પછીથી **અલ્હમ્દુલિલ્લાહિ રબ્બિલ આલમીન** પઢતા હતા.

★ **સૂરએ બક઼રહ્** : જો કોઈએ આખી કે એનો થોડો ભાગ ચાહે એનો એક અક્ષર પણ પઢયો કે કોઈ બીજાએ સ્વપ્ન જોવા પર પઢયો તો તા'બીર એ છે કે એની ઉંમર લાંબી થશે અને દીનની સુઝબુઝ પેદા થશે. ક્યારેક એની તા'બીર એ થાય છે કે એને પઢનાર એક સ્થાનથી બીજી જગા ચાલ્યો જશે અને એને ઈજ્જત અને નેકનામી મળશે. એની એક તા'બીર એ પણ છે કે જો કાઝી આ સ્વપ્ન જુએ તો એની અવધિ નજીક હશે. આલિમ હોય તો લાંબુ આયુષ્ય અને સારી હાલત મેળવશે.

★ **સૂરએ ઈમરાન** : આખી કે થોડોક ભાગ સ્વપ્નમાં પઢનાર કુટુંબ પણ દુર્ભાગ્ય રહેશે પણ એને ઘડપણમાં ઘણી રોજી મળશે અને સફર અધિક કરશે.

★ **સૂરએ નિસાઅ** : એની સ્વપ્નમાં તિલાવત કરનારને અંતિમ ઉંમરમાં કોઈ સુંદર પત્ની મળશે અને એની સાથે બુરો વ્યવહાર કરશે, તે વ્યકિત શકિતશાળી સાબિતીઓ, જોરદાર વાત અને સારી શૈલીનો માલિક થશે.



★ **સૂરએ માઈદા** : એની તિલાવતની તા'બીર એ છે કે તે ખવડાવવા પીવડાવવામાં દાનવીર થશે. પણ તે એક જાલિમ કૌમથી કષ્ટ ઉઠાવશે.

★ **સૂરએ અનઆમ** : એની સ્વપ્નમાં તિલાવત કરનાર દીનની સુરક્ષાની તરફ પૂરેપૂરું ધ્યાન આપશે, સારી રીતે રોજી મેળવશે અને દીન અને દુનિયામાં પ્રતિષ્ઠિત હશે.

★ **સૂરએ અઅ્રાફ** : આ સ્વપ્નમાં પઢનારને દરેક ઈલ્મથી ફાયદો થશે. એ પણ સંભવ છે કે તે પરદેશમાં મરે.

★ **સૂરએ અન્ફાલ** : એની તિલાવત કરનારના માથા પર ઈજ્જત અને સફળતાનો તાજ હશે અને એને દીનમાં સલામતી નસીબ થશે.

★ **સૂરએ તૌબા** : એને સ્વપ્નમાં પઢનાર નેક માણસોથી મહોબ્બત કરશે.

★ **સૂરએ યૂનુસ** : સ્વપ્નમાં આખી સૂરહ કે થોડાક ભાગની તિલાવત કરનારના માલને થોડુંક નુકસાન થશે. એ તા'બીર પણ છે કે એવો માણસ સારી સૂચના સંભળાવવા અને ભલાઈ કરવા પર દરેક સમયે તત્પર રહેશે.

★ **સૂરએ હૂદ** : એને સ્વપ્નમાં પઢનારના ઘણા દુશ્મન હશે અને તે પરદેશને સારો સમજશે.

★ **સૂરએ યુસૂફ** : એની તિલાવત કરનારની તા'બીર એ છે કે એના ઘરના લોકો દુશ્મન થઈ જશે. અને સફરથી એને લાભ અને ખુશી પ્રાપ્ત થશે.

★ **સૂરએ રઅ્દ** : એને પઢનારો મોહતાજ રહેશે અને એ પણ કહેવામાં આવે છે કે એની મોત નજીક હશે.

★ **સૂરએ ઈબ્રાહીમ** : સ્વપ્નમાં એની તિલાવત કરનાર તસ્બીહ કરનારાઓ અને તૌબા કરનારાઓમાં સામેલ થશે.

★ **સૂરએ હિજર** : જેણે આ સૂરત પઢી તે પોતાના કુટુંબથી સુરક્ષિત અને મિસ્કીન રહેશે. જો તે સૂરહ બાદશાહે પઢી તો એની અવધિ નજીક

હશે. જો પઢનાર કાઝી છે તો સારી વર્તણૂંકવાળો હશે, જો વેપારી હોય તો એને આખા કુટુંબ પર પ્રમુખતા પ્રાપ્ત થશે, આલિમ છે તો ઈજ્જતની મોત પામશે.

★ **સૂરએ નહલ** : એને સ્વપ્નમાં પઢનાર રોજીને સુરક્ષિત મેળવશે અને નબી صلی اللہ تعالیٰ علیہ وسلم ની સંગતમાં પણ ન રહ્યો હોય તો પણ એમના પ્રેમીઓમાં માનવામાં આવશે.

★ **સૂરએ બની ઈસ્રાઈલ** : એને પઢનારા પર બાદશાહ જુલમ કરશે. એ તા'બીર પણ સંભવ છે કે એક કૌમની ધોકા અને ચાલબાજીથી બચી જાય અને એક ફિત્નાની ફોગટમાં ભયભીત રહે.

★ **સૂરએ કહફ** : એની સ્વપ્નમાં તિલાવત કરનારો લાંબી ઉંમર મેળવશે, એની હાલત ઠીક હશે અને જે કૌમમાં પનાહ લેશે એનાથી લાભ ઉઠાવશે.

★ **સૂરએ મરયમ** : એને પઢનારો પહેલાં તંગીનો શિકાર થશે પછી અલ્લાહ એને વધારો અતા કરશે અને એના મામલાઓને આસાન બનાવી દેશે.

★ **સૂરએ તાહા** : જેણે આ સૂરત પઢી તહજ્જુદ શોખથી પઢશે, નેક કામ કરશે અને દીનદારોની સંગતમાં રહેવાને સારું સમજશે.

★ **સૂરએ અંબિયા** : જેણે સ્વપ્નમાં પઢી લોકો એના વિશે સારા વિચાર રાખશે.

★ **સૂરએ હજ** : એને પઢનારને હજ અને ઉમરાની નેઅમત મળશે, જો બીમાર છે તો મરી જશે.

★ **સૂરએ મુ'મિનૂન** : જેણે સ્વપ્નમાં એની તિલાવત કરી તે રાતના સમયે ખુદાની ઈબાદત કરવા અને અલ્લાહથી વિનમ્રતા કરનારથી મહોબ્બત કરશે અને એને કોઈ ખતરનાક બીમારી થવાનો ખતરો છે.

★ **સૂરએ નૂર** : એની તિલાવત કરનારો ભલાઈઓની તબ્લીગ કરનારો અને બુરાઈઓથી રોકનારાઓમાંથી હશે. એની દોસ્તી અને દુશ્મની અલ્લાહના જ માટે હશે અને દુનિયામાં એને કોઈ બીમારી લાગી જશે.



★ **સૂરએ ફુર્કાન** : એની તિલાવત કરનાર હક્કને પસંદ અને નાહક્કને નાપસંદ કરશે.

★ **સૂરએ શુઅરા** : એને પઢનારો રોજી મેળવવામાં પરેશાન હશે એને કોઈ ચીજ મુસીબતના વગર નહીં મળે. સફર એને સારી લાગશે પણ ફાયદો ઓછો મેળવશે.

★ **સૂરએ નમલ** : એને પઢનારાના માટે હક્ક પ્રિય અને અસત્ય અપ્રિય છે તો પોતાની કૌમનો સરદાર અને ઈલ્મ તથા સરદારીથી સુશોભિત થશે.

★ **સૂરએ ક઼સસ** : એને પઢનારો જંગલમાં હોય, શહેરમાં, કિબ્લા (મસ્જિદમાં) જ્યાં તે નમાઝ પઢે છે એને ખુદાની જમીનના કોઈ ભાગના હવાલાથી આજમાઈશ (પરીક્ષા)નો શિકાર બનાવશે.

★ **સૂરએ અ઼ન્કબૂત** : અલ્લાહ તઆલા એ સૂરતને સ્વપ્નમાં પઢનારાને બશારત આપશે (ખુશ ખબરી) અને એને એકાંતની મુસીબત કદી ન આવશે.

★ **સૂરએ રૂમ** : એને પઢનારાના દિલમાં કપટ છે. જો આ સૂરહ સ્વપ્નમાં બાદશાહે પઢી તો તે આલિમ થઈ જશે, કાઝી કે વેપારીએ પઢી તો એને મોટો લાભ મળશે.

★ **સૂરએ લુકમાન** : એને પઢનારો કિતાબ અને અક્કલ મેળવશે.

★ **સૂરએ સજદા** : જેણે એની તિલાવત કરી એનો તૌહીદનો અકીદો ઘણો પાકો હશે અને વિશ્વાસ ઠીક રહેશે.

★ **સૂરએ અહઝાબ** : એને પઢનાર પોતાના ખાનદાનના ગુણ ગાશે, લાંબી ઉંમર મેળવશે અને દોસ્તોની સાથે ચાલબાજી કરનાર થશે.

★ **સૂરએ સબા** : એને જેણે પઢી તે ઘણો બહાદુર છે અને હથિયાર બંધ રહેવાનો ઈચ્છુક છે.

★ **સૂરએ ફાતિર** : એને પઢનાર અલ્લાહના દીનનો પૂરો માહિતગાર અને પાકો થશે.

★ **સૂરએ યાસીન** : જેણે એની તિલાવત કરી એને હલાલ રોજી મળશે અને એના બે પુત્રો પુદા થશે.

★ **સૂરએ સ઼ાદ** : એની સ્વપ્નમાં તિલાવત કરનાર ઘણો સ્વાભિમાની થશે, એને સ્ત્રીઓથી મહોબ્બત હશે અને તે એમની સંગતને પસંદ કરશે.

★ **સૂરએ ઝુમર** : જે સ્વપ્નમાં આ સૂરતની તિલાવત કરે તે એટલી લાંબી ઉંમર મેળવશે કે પોતાના પૌત્રોને જોશે, એની એ તાબીર પણ સંભવ છે કે તે એવી સફર કરે જેનાથી પાછું ફરવું નસીબ ન થાય.

★ **સૂરએ મુઅ્મિન** : (મોમિન) એને સ્વપ્નમાં પઢનારો સાચા અક઼ીદાવાળો છે.

★ **હા મીમ સજદા** : એને પઢનારના લીધે એક કૌમ હિદાયત મેળવશે અને ખુદાના હુકમના મુજબ શરીઅતના આદેશો પર ચાલશે.

★ **સૂરએ શૂરા** : એને પઢનારો ઈલ્મ અને અમલ બંનેથી લાભ ઉઠાવશે.

★ **સૂરએ ઝુખરૂફ** : શક્ય છે કે એની તિલાવત કરનારને રોજીની બાબતમાં પરેશાની હોય અને છેવટની ઉંમરમાં ગરીબ થઈ જાય અને દુનિયાથી પૂરી રીતે આનંદ ઉઠાવે.

★ **સૂરએ દુખાન** : એને સ્વપ્નમાં પઢનાર કબર અને આગના અઝાબ અને યકીનની કમજોરીથી બચેલ રહેશે.

★ **સૂરએ જાષિયહ્** : એને જેણે સ્વપ્નમાં પઢી તે ઝાહિદોમાંથી થશે.

★ **સૂરએ અહ્કાફ** : એને જેણે સ્વપ્નમાં પઢી તે માં બાપનો આજ્ઞાકારી નહીં હોય પરંતુ છેવટની ઉંમરમાં એને સારી તૌબાની તૌફીક થશે.

★ **સૂરએ મુહ્મ્મદ** : એને પઢનારાની પાસે ઘણી જ સારી સૂરતમાં ફરિશ્તો આવશે.

★ **સૂરએ ફતહ** : જે વ્યકિત એને સ્વપ્નમાં પઢશે, અલ્લાહ એને પ્રિય રાખશે.



★ **સૂરએ હુજુરાત** : એને સ્વપ્નમાં પઢવાની તા'બીર એ છે કે એને પઢનાર ખુદાના બંદાઓના દિલોમાં સલાહ અને હમદર્દી પેદા કરશે.

★ **સૂરએ કાફ** : એની તિલાવતની તા'બીર એ છે કે પઢનારો સારો આલિમ થશે, શહેરવાળા એના મોહતાજ થશે, એની છેવટની ઉંમર પહેલાંથી શ્રેષ્ઠ થશે અને તે ઘણો મજબૂત થશે.

★ **સૂરએ તૂર** : એની તિલાવતના સબબે અલ્લાહ તઆલા એના દીનની નિશાની છે અને અલ્લાહની રઝાના માટે મરશે અને તે વ્યકિત પોતે આલિમ અને પરહેઝગાર થશે.

★ **સૂરએ ક઼મર** : એની તિલાવતની તા'બીર એ છે કે એના પર જાદૂ થશે અને તે એનાથી છૂટકારો મેળવી લેશે. અલ્લાહના હુકમથી એને કોઈ હાનિ નહીં પહોંચાડશે.

★ **સૂરએ રહ્માન** : જેણે જોયું કે તે આ સૂરત પઢી રહ્યો છે એને દુનિયામાં નેઅમત અને આખેરતમાં રહમત નસીબ થશે.

★ **સૂરએ વાક઼િઆ** : એને સ્વપ્નમાં પઢનારો ભલાઈઓમાં અને પાલન કરનાર સારા પરિણામો અને સાચા દીનનો હિમાયતી છે.

★ **સૂરએ હ઼દીદ** : એની તા'બીર એ છે કે એને સ્વપ્નમાં તિલાવત કરનાર સારાં પરિણામો અને સાચા દીનનો હિમાયતી છે.

★ **સૂરએ મુજાદિલા** : એની તિલાવતની તા'બીર એ છે કે તે અસત્યવાળાઓથી લડશે અને એમને પરાજિત કરશે.

★ **સૂરએ હશ્ર** : એને સ્વપ્નમાં પઢનારા પર હશ્રના દિવસે અલ્લાહ રાજી થશે અને એના દુશ્મનોને હલાક (બર્બાદ) કરશે.

★ **સૂરએ મુમ્તહિના** : એને પઢનારો મુસીબતોમાં ફસાશે અને એને એનો સવાબ મળશે.

★ **સૂરએ સફ્ફ** :– એને સ્વપ્નમાં પઢનારો શહાદતનો દરજો પ્રાપ્ત કરશે.

★ **સૂરએ જુમ્આ** : એની તિલાવત કરનારો અલ્લાહની તરફથી દુનિયા અને આખેરતની ભલાઈઓથી નવાજવામાં આવશે.

★ **સૂરએ મુનાફિકૂન** : એને પઢનારો કપટથી બચેલ રહેશે. (કપટથી કામ નહીં લેશે.)

★ **સૂરએ તગાબુન** : જેણે આ સૂરત સ્વપ્નમાં પઢી તે ઈમાન અને હિદાયત પર મરશે.

★ **સૂરએ તલાક઼** : એની સ્વપ્નમાં તિલાવત એ વાતની નિશાની છે કે પતિ પત્નીમાં ઝઘડો થશે અને તલાક સુધી વાત પહોંચી જશે. પુરૂષ મહેર અદા કરશે.

★ **સૂરએ તહરીમ** : એની તિલાવત કરનારને હરામ કામોથી બચાવી લેવામાં આવશે.

★ **સૂરએ મુલ્ક** : જો એને સ્વપ્નમાં પઢશે એને ખુદા તઆલા બંને જહાનોમાં ભલાઈઓ પ્રદાન કરશે અને એની સંપત્તિ અને ખૈરાત અધિક થશે.

★ **સૂરએ કલમ** : જે વ્યક્તિ આ સૂરતને પઢશે એના પર ખુદાની કૃપા થશે, એને સફળતા અને કાઝીનું પદ મળશે.

★ **સૂરએ હાક્ક** : એની તિલાવત કરનારાને માર કાપનો ભય થશે અને તે હક્ક પર કાયમ રહેશે.

★ **સૂરએ મઆરિજ** : એને પઢનારો અમન અને સલામતીની સાથે સફળતા મેળવશે.

★ **સૂરએ નૂહ** : એની જેણે તિલાવત કરી તે સારી વાતોનો હુકમ દેવા અને બુરી વાતોથી મના કરનારાઓમાં હશે અને દુશ્મનોના મુકાબલામાં એને સફળતા મળશે.

★ **સૂરએ જિન્ન** : એની તિલાવત કરનારો જિન્નાતોથી બચેલ રહેશે.

★ **સૂરએ મુઝ્ઝમ્મિલ** : એને સ્વપ્નમાં પઢનાર સારી આદત અને સબર કરનાર છે.



★ **સૂરએ મુદ્દષ્ષિર** : એને સ્વપ્નમાં પઢનાર રોજીની તંગીનો શિકાર રહેશે અને એનાથી અલ્લાહ તઆલા એ તંગી દૂર કરી દેશે.

★ **સૂરએ ક઼િયામત** : આ સૂરતને સ્વપ્નમાં પઢનાર કસમથી બચેલ રહેશે. કદી કસમ ન ખાશે.

★ **સૂરએ દહર** : જે વ્યકિતએ એની સ્વપ્નમાં તિલાવત કરી એને દાનવીરતાની તૌફીક અને શુક્ર અદા કરવાની નેઅમત નસીબ થશે.

★ **સૂરએ મુર્સલાત** : જેણે સ્વપ્નમાં આ સૂરત પઢી એની રોજી વધી જશે અને અના દુશ્મનોની જીભો બંધ થઈ જશે.

★ **સૂરએ નબા** : એને પઢનારાના બધા દુઃખ દર્દ દૂર થઈ જશે, એની શાનમાં વૃધ્ધિ થશે અને એનું નામ ફેલાશે.

★ **સૂરએ નાઝિઆત** : એને સ્વપ્નમાં પઢનાર દિલની તમામ પરેશાનીઓ અને ગમથી છૂટકારો મેળવી લેશે.

★ **સૂરએ અબસ** : એને જેણે સ્વપ્નમાં પઢી તે અધિકતાથી સદક઼ા અને ઝકાત દેશે.

★ **સૂરએ તકવીર** : એને પઢનારો પૂર્વની તરફ સફર કરશે અને એ સફરમાં સફળતા પ્રાપ્ત કરશે.

★ **સૂરએ ઈન્ફિતાર** : એની તિલાવત કરનારાને બાદશાહોની નિકટતા પ્રાપ્ત થશે અને એનો આદર કરશે.

★ **સૂરએ મુતફ્ફીફીન** : એને પઢનારાને વફા અને ન્યાયની તૌફીક પ્રાપ્ત થશે.

★ **સૂરએ ઈન્શિક઼ાક઼** : જેણે આ સૂરતને પઢી, એની ઔલાદ અને નસલમાં વૃધ્ધિ થશે.

★ **સૂરએ બુરૂજ** : જેણે આ સૂરતને સ્વપ્નમાં પઢી એને અલ્લાહ તઆલા દરેક ચિંતાથી છૂટકારો આપશે અને જાતજાતના ઈલ્મથી નવાજશે.

★ **સૂરએ તારિક઼** : એને પઢનારો ખુદાની તરફથી ઝિક્ર તથા તસ્બીહમાં અધિક્તાથી લાગેલો રહેશે.

★ **સૂરએ આ'લા** : એને પઢનારાનાં કામ એના માટે આસાન થઈ જશે.

★ **સૂરએ ગાશિયહ્** : એની તિલાવત કરનારાનું મહત્વ વધી જશે અને એનું ઈલ્મ (જ્ઞાન) ફેલાશે.

★ **સૂરએ ફજ** : એને પઢનારાને યતીમોની દેખભાળ કરવા અને રોનકના લિબાસમાં ઢાંકી દેશે.

★ **સૂરએ બલદ** : એને પઢનારાને યતીમોની દેખભાળકરવા અને એમને ખાવા ખવડાવવાની તૌફીક પ્રદાન થશે અને તે બધા પર દયા કરશે.

★ **સૂરએ શમ્સ** : આ સૂરહને જેણે સ્વપ્નમાં પઢી એને સારી સુઝબુઝ અને તમામ બાબતોમાં અકલમંદીની દૌલત મળશે.

★ **સૂરએ લૈલ** : એને પઢનારાનો પર્દો સલામત રહેશે અને બદનામી નહીં મળશે.

★ **સૂરએ દુહા** : એની તિલાવત કરનારો યતીમો અને મિસ્કીનોનો આદર સન્માન કરશે.

★ **સૂરએ અલમ નશ્રહ્** : જે વ્યકિત એને સ્વપ્નમાં પઢે એના સીનાને અલ્લાહ તઆલા ઈસ્લામના માટે વિશાળ ફર્માવી દેશે અને એને તમામ બાબતોમાં આસાની ઉપલબ્ધ થશે.

★ **સૂરએ તીન** : એને પઢનારાઓની અલ્લાહ તઆલા હાજતો પૂરી કરશે અને એમને રોજીની પ્રાપ્તિમાં આસાની થશે.

★ **સૂરએ અલક** : એને જેણે સ્વપ્નમાં પઢી તે લાંબી ઉંમર મેળવશે અને એનો દર્જો વધી જશે.

★ **સૂરએ ક્દ્ર** : એને જે વ્યકિતએ સ્વપ્નમાં પઢી એને ભલાઈ નસીબ થશે અને એની સારી હાલત રહેશે.

★ **સૂરએ બય્યિનહ્** : એને પઢનારના સબબથી અલ્લાહ એક કૌમને હિદાયત નસીબ કરશે.

★ **સૂરએ ઝિલઝાલ** : એની તિલાવત કરનારાના દ્વારા અલ્લાહ તઆલા કાફિરોના કદમ ડગમગાવી દેશે.



★ **સૂરએ આદિયાત** : જેણે એની સ્વપ્નમાં તિલાવત કરી એને અલ્લાહ સારા ઘોડાઓ પ્રદાન કરશે એ ઘોડાઓના કારણથી એને લાભ થશે.

★ **સૂરએ ક઼ારિઆ** : એને પઢનારાની ઈબાદત અને તકવાના લીધે અલ્લાહ ઈજ્જત વધારશે.

★ **સૂરએ તકાષુર** : એને પઢનારો માલ ભેગો કરવાનું છોડી દેશે અને નેક બની જશે.

★ **સૂરએ અ઼સ્ર** : એને સ્વપ્નમાં પઢનારાને સબરનું સૌભાગ્ય પ્રાપ્ત થશે અને હક્ક પર એની મદદ ફર્માવવામાં આવશે.

★ **સૂરએ હુમઝહ્** : એની સ્વપ્નમાં તિલાવત કરનાર માલ ભેગો કરીને નેક કામોમાં ખર્ચ કરશે.

★ **સૂરએ ફીલ** : એને પઢનારાની દુશ્મનોની વિરુધ્ધ મદદ કરવામાં આવશે અને એના સબબથી ઘણી બધી ઈસ્લામી જીતો થશે.

★ **સૂરએ કુરૈશ** : જે માણસ સ્વપ્નમાં એની તિલાવત કરે તે મિસ્કીનને ખાવા ખવડાવશે.

★ **સૂરએ માઊન** : એના પઢનારને પોતાના વિરોધીઓ અને દુશ્મનો પર ભલાઈ નસીબ થશે.

★ **સૂરએ કૌષર** : જેણે સ્વપ્નમાં આ સૂરહને પઢી એને દુનિયામાં અને આખેરતમાં ભલાઈ નસીબ થશે.

★ **સૂરએ કાફિરૂન** : જેણે સ્વપ્નમાં તિલાવત કરી તે કાફિરોની સાથે જેહાદની તૌફીક મેળવશે.

★ **સૂરએ નસ્ર** : આ સૂરતને પઢનારાને ખુદા તઆલા એના દુશ્મનોના મુકાબલામાં મદદ કરશે. આ સૂરત એનું જલ્દી મરવાની સાબિતિ પણ છે કેમ કે એના ઉતરવાના પછી નબી صلی اللہ تعالیٰ علیہ وسلمની વફાત થઈ. એક વ્યકિતએ હઝરત ઈબ્ને સીરીં رضی اللہ عنہથી અર્ઝ કરી કે : મેં સ્વપ્નમાં સૂરએ નસ્ત્ર પઢી તો ઈમામે એને કહ્યું કે તારું મોત નજીક છે, વસિયત કર. એણે કારણ પૂછયું તો આપે ફર્માવ્યું : એટલા માટે કે નબી કરીમ

صلى الله تعالىٰ عليه وسلم પર આસમાનથી નાઝિલ થનારી છેલ્લી સૂરહ છે.

★ **સૂરએ લહબ** : એને સ્વપ્નમાં પઢનાર પોતાની મુરાદને મેળવશે. એનું નામ ફેલાશે. તે પોતાના તૌહીદના અકીદામાં સખત હશે. એનાં સંતાન ઓછાં હશે, એનું જીવન મજામાં પસાર થશે.

★ **સૂરએ ઈખ્લાસ** : જે વ્યકિતએ એને સ્વપ્નમાં પઢી એને તૌબા કરવાનું સદ્‌ભાગ્ય પ્રાપ્ત થશે. અને એનું બાળક જીવંત નહીં બચે, કેમ કે અલ્લાહનો ઈર્શાદ છે : ''ન એણે કોઈને જણ્યો અને ન તે કોઈનું સંતાન છે અને ન કોઈ એના બરાબર છે.'' થોડાક આલિમોએ અને ટીકાકારોએ ફર્માવ્યું છે કે જેણે આ સૂરહને સ્વપ્નમાં પઢી છે તે અલ્લાહની તૌહીદનો માનનારો છે અને એનો પુત્ર પણ એ સમય સુધી નહીં મરશે જ્યાં સુધી કે કુટુંબના બધા લોકો દફન ન થઈ જશે અને તે એકલો મરશે.

★ **સૂરએ ફલક** : એને સ્વપ્નમાં પઢનારો બુરાઈઓથી બચેલ રહેશે.

★ **સૂરએ નાસ** : જેણે સ્વપ્નમાં આ સૂરતની તિલાવત કરી તે બલાઓથી બચેલ રહેશે અને મર્દૂદ શૈતાનથી ખુદા તઆલાની પનાહમાં રહેશે.

આ બધી રિવાયતોનું જો મુહમ્મદ બિન સીરીં رضی اللہ عنہ અને બીજા બુઝુર્ગો رضی اللہ عنہم થી નકલ છે. હવે તમામ રિવાયતોનું સમાપન થાય છે.

## અંજુમને રઝાએ મુસ્તફા-દયાદરાને તમે કઈ રીતે સહાયરૂપ થઈ શકો ?

(૧) **અહલે સુન્નત વ જમાઅત**નું ઠોસ સાહિત્ય ફેલાવવા, **મસ્લકે આ'લા હઝરત**ની રોશનીને ચમકાવવા આપ કિતાબોના પ્રકાશનમાં આપના તથા મર્હૂમોના સવાબ અર્થે **સવાબે જારીઆ** કમાવા માટે **લિલ્લાહ રકમ** આપીને અપાવીને સહાય રૂપ થઈ શકો છો.

(૨) **કોઈ આખી કિતાબ છપાવવાની જિમ્મેદારી લઈને** સહાયરૂપ થઈ શકો છો

(૩) આપની **ઝકાત, સદકા, ફિત્રા, ખૈરાત, બુઝુર્ગોની ન્યાઝ, કુર્બાનીની ખાલોની રકમો, M.O., ચેક, D.D. થકી કિતાબો છપાવવા માટે** મોકલીને સહાયરૂપ થઈ શકો છો.

(૪) **રૂપિયા બસો (રૂા. ૩૦૦/-) ''વાર્ષિક મેમ્બર''** ફી તરીકે ભરીને, ભરાવીને મેમ્બરો બની બનાવીને સહાયરૂપ થઈ શકો છો.

**નોંધ** : દરેક **મેમ્બર** તથા **ડોનરને** વરસભર છપાતી સર્વ કિતાબો ફ્રીમાં ઘરબેઠાં પોસ્ટથી પહોંચાડવામાં આવે છે તો આ લાભ મેળવવાનું ચૂકશો નહીં.

**આજીવન મેમ્બર બનવા ઈચ્છનાર કેવળ પાંચ હજાર (રૂા. ૫૦૦૦/-) મોકલી બની શકે છે.**

(૫) કિતાબો મંગાવીને મિત્રો, સગામાં, લાયબ્રેરીઓમાં, મસ્જિદોમાં, દારુલ ઉલૂમોમાં વહેંચી તબ્લીગે દીનના કાર્યને વેગવંત બનાવી સહાયરૂપ થઈ શકો છો.

(૬) **ખાસ તો કિતાબો વાંચીને-વંચાવીને તેના પર અમલ કરી કરાવીને** સહકાર આપી શકો છો.

**આજે જ સંપર્ક કરો**

**અંજુમને રઝાએ મુસ્તફા**, C/o. ફયૂઝાને રઝા મંઝિલ,
મુ.પો. **દયાદરા**, તા. જિ. : ભરૂચ, ફોન નં. (૦૨૬૪૨) ૨૮૦૦૧૧,
૨૮૦૨૯૨, ૨૮૦૧૯૨, મો. ૯૪૨૭૪ ૬૪૪૧૧

**જરૂરી નોંધ** : જો તમે **મેમ્બર** કે **ડોનર** હોઉ અને તમને કોઈ કિતાબ ટપાલ ખાતાના વાંકે ન મળે તો અમને તમારો રસીદ નં. તથા રસીદ બન્યા તારીખ લખીને જણાવશો તો ફરીથી રવાના કરીશું. (ઈન્શાઅલ્લાહ !)